મિખાઇલ શોલોખોવ

મિખાઇલ શોલોખોવ

ઇન્સાન અને નસીબ

વાર્તાઓ

'રાદુગા' પ્રકાશન
મોસ્કો

અનુવાદકો — અતુલ સવાણી
ધનંજય વ્યાસ
ભાવના દવે
સંપાદક — અતુલ સવાણી

М. А. Шолохов
СУДЬБА ЧЕЛОВЕКА. РАССКАЗЫ
на языке гуджарати

Mikhail Sholokhov
THE FATE OF A MAN. STORIES
in Gujarati

© ગુજરાતી અનુવાદ, 'રાદુગા' પ્રકાશન, ૧૯૮૪

સોવિયેત સંઘમાં મુદ્રિત

Ш $\frac{4702010200-673}{031(01)-84}$ 322—84

અનુક્રમણિકા

દોનની વાર્તાઓ ૫
લાખું ૭
ગોવાળ ૧૯
અલ્લડ છોકરો ૩૪
નીલવર્ણ વગડો ૬૯
વછેરું ૮૧
પારકું લોહી ૯૧
ઈન્સાન અને નસીબ ૧૧૫

દૌનની વાર્તાઓ

"૧૯૦૫ની સાલમાં જનમ્યો... આંતરયુદ્ધ વખતે દોન પ્રદેશમાં હતો.

૧૯૨૦ની સાલથી દોનની ધરતી પર ભટકતો રહ્યો અને લશ્કરની સેવા બજાવી તે પછી ઘણા વખત સુધી અનાજ જપ્ત કરતી ટુકડીમાં જોડાઈ ગયો. બહારવટિયાની ટોળીનો પીછો કરતો, જેઓ ૧૯૨૨ પહેલાં દોન પર પોતાની સત્તા જમાવી બેઠા હતા. અને તેઓ અમારો પીછો કરતા..."

મિખાઈલ શોલોખોવ

'આત્મકથા'માંથી

લાખું

૧

મેજ ઉપર બળેલા દારૂગોળાની દુર્ગંધ મારતા ખાલી કારતૂસો, ઘેટાનું એક હાડકું, રણક્ષેત્રનો નકશો, કાર્યવાહી અહેવાલ, ઘોડાના પરસેવાની વાસ મારતી ચિતરામણવાળી લગામ અને બ્રેડનો ટુકડો પડેલો છે. ભેજવાળી દીવાલને કારણે ફૂગી ગયેલા અણઘડ બનાવટના બાંકડા ઉપર બારીની પાળને મક્કમ અઢેલીને યુવાન નિકોલાઈ કોશેવોઈ બેઠેલો છે, તે સ્કવૉડ્રન કમાન્ડર છે. તેની આંગળીઓ વચ્ચે પેન્સિલ મૂકેલી છે, કેટલાંક જૂના-પુરાણાં પૉસ્ટરો મેજ ઉપર પથરાયેલાં છે, અને તેની આગળ એક અધૂરું ભરેલું ફોર્મ પડ્યું છે. એ ખરબચડા કાગળમાં લખેલું છે: "કોશેવોઈ નિકોલાઈ, સ્કવૉડ્રન કમાન્ડર, ભૂમિકામદાર, યુવાન સામ્યવાદી."

પેન્સિલ ધીમેથી "વય" શબ્દ પાસે "૧૮"નો આંકડો લખે છે.

નિકોલાઈ પહોળા ખભાવાળો માણસ છે, અને તેની ખરી વય કરતાં વધુ ઉંમરનો લાગે છે. તેની આંખ પાસેની કરચલીઓ અને વૃદ્ધ વ્યક્તિની માફક વળી ગયેલી પીઠ તેની ઉંમરને જાણે વધારી દે છે.

તેની ટુકડીમાં બધા તેનો ઉલ્લેખ મશ્કરીમાં નાના બાળક કે ભોટ માણસ તરીકે કરે છે, પણ તેઓ ઉમેરે છે કે "એક પણ એવો માણસ ગોતી લાવો કે જેણે લુંટારાઓની બે ટોળકીનો, પોતાનો એક પણ જવાન ગૂમાવ્યા વગર, ખાતમો કર્યો હોય અને યુદ્ધમાં પોતાની સ્કવૉડ્રનની આગેવાની, એક પીઢ સેનાપતિની માફક, છ-છ મહિના સુધી સંભાળી હોય."

નિકોલાઈ ૧૮ જ વર્ષનો છે, અને એ વાતની તેને શરમ આવે છે. તેની પેન્સિલ હંમેશાં ધિક્કારમય શબ્દ "વય" પાસે આવીને અટકી જાય છે. અને તેના ગાલ ખીજમાં રાતા થઈ જાય છે. નિકોલાઈના પિતા એક કઝાક હતા.

અને તેણે પણ તેના પિતાનો વારસો સંભાળ્યો. તેના પિતાએ તેને પાંચથી ૬ વર્ષની ઉંમરે કેવી રીતે ઊંચકીને લશ્કરી ઘોડા ઉપર બેસાડ્યો હતો, એ તેને આવારનવાર યાદ આવ્યા કરે છે.

"કેશવાળીને વળગી રહેજે, બેટા!" એમ તેમણે બૂમ પાડી હતી. અને નિકોલાઈની મા રસોઈના દરવાજે ઊભી ઊભી તેમની સામે જોઈ હસી હતી. ઘોડાની પીઠના અણીદાર હાડકા ઉપર જડાઈ ગયેલા નાનકડા પગને, અને હાથમાં લગામ પકડીને બેઠેલા તેના પિતાને, તે ઉચાટમય ચહેરે અને ચિંતાતુર નજરે જોઈ રહી હતી.

તેને ઘણો સમય વીતી ગયો હતો. નિકોલાઈના પિતા જર્મનો સામેની લડાઈમાં અદૃશ્ય થઈ ગયા, જાણે કેમ દરિયાઈ મોજામાં ડૂબી ગયા હોય. તે પછી તેમની વિશે એક શબ્દ પણ સાંભળવા ન મળ્યો. તેની મા પણ મરી ગઈ. નિકોલાઈને ઘોડાઓ તરફનો પ્રેમ અને અસીમ હિંમત તેના પિતા પાસેથી વારસામાં મળ્યાં હતાં. તેના ડાબા પગે ઘૂંટીની ઉપર કબૂતરના ઈંડા જેવડું લાખું હતું. તેના પિતાના પગે પણ આવું લાખું હતું. પંદર વર્ષની વય સુધી તેણે ખેતરોમાં કામ કર્યું. ત્યારબાદ ગામમાંથી પસાર થતી લાલ રેજીમેંટમાં ભરતી થઈ ગયો અને લાંબો ઓવરકોટ પહેરીને વ્રાંગેલની સામે લડવા ચાલ્યો ગયો. ગયા ઉનાળામાં નિકોલાઈ દોન નદીમાં લશ્કરી વડા સાથે સ્નાન કરી રહ્યો હતો ત્યારે એ વડાએ તેને તોતડા અને અચકાતા અવાજમાં, તેમ જ નિકોલાઈના ખભા ઉપર ધબ્બો મારતાં, કહ્યું હતું:

"તું ન-ન-નસીબદાર છે, લોકો કહે છે, લા-લા-લાખું સારા નસીબની નિશાની છે."

નિકોલાઈએ પોતાના ચળકતા દાંત ઉઘાડા રાખીને પાણીમાં ડૂબકી મારી અને પછી તે છિંકોટા મારતો પાછો ઉપર આવ્યો.

"ચાલો, ભાઈ, બહાર નીકળીએ," એણે બૂમ મારી કહ્યું: "હું નાનો બાળક હતો ત્યારથી અનાથ છું અને મેં ત્યારથી ખેતમજૂરીનું કામ કરી પરસેવો પાડ્યો છે. એ પણ નસીબ?"

અને તે તરતો તરતો દોન નદીના કિનારાની પીળી રેતી તરફ જતો રહ્યો.

૨

નિકોલાઈ નદી સામેના ઊંચા ટેકરા પરના મકાનમાં રહેતો હતો. તેની બારીઓમાંથી દૂરના કિનારા વિસ્તારનો હરિયાળો પટ અને પાણીનો ચળકાટ

જોઈ શકાતો હતો. અંધારી રાતે પાણીનાં મોજાં કરાડના નીચેના ભાગ સાથે અથડાતાં. બારીઓ જાણે ઊંહકારા કરતી અને ડૂસકાં ભરતી, અને નિકોલાઈને લાગતું કે પાણી ભોંયપટની તિરાડો વાટે અંદર આવી રહ્યું છે અને તેના ઘરને હચમચાવી રહ્યું છે.

એણે અવારનવાર બીજા ઘરમાં રહેવા જવાનો મનસૂબો ઘડ્યો હતો પણ કોઈ કારણસર તેમ કરી શક્યો ન હતો, અને હવે પાનખર ઋતુ આવી ગઈ હતી. એક શીતળ સવારે તે તેના લોખંડની પટ્ટીઓવાળા બૂટથી ખટખટ અવાજ કરીને સૂમસામ વાતાવરણમાં ભંગાણ પાડતો, ઓટલાનાં પગથિયાં ઊતરીને ચેરીના બગીચામાં ગયો અને ત્યાં ઘાસ ઉપર આડો પડ્યો. ઘાસ 'ધોળું' થઈ ગયું હતું અને ઓસને કારણે જાણે આંસુ છલકાવતું હોય એવું લાગતું હતું. તે ઘરની માલિકણ છાપરીમાં, ગાયને શાંત રહેવા પટાવતી હતી તેનો, વાછરડાના ઊંડા અને તકાદો કરતા ભાંભરડાઓનો, અને બાલદીમાં પડતી દૂધની ધારનો અવાજ તેને સંભળાતો હતો.

દરવાજો ખૂલવાનો કિચૂડ-કિચૂડ અવાજ સંભળાયો અને રખેવાળી કરતા કૂતરાએ ભસવા માંડ્યું.

પ્લેટૂન સાર્જન્ટનો અવાજ આવ્યો.

"કમાન્ડર ઘરમાં છે?"

નિકોલાઈ કોણીના બળથી ઊભો થયો.

"અહીં છું. શું વાત છે?"

"ગામડેથી એક સંદેશવાહક આવ્યો છે. કહે છે કે એક ટુકડી સાલ્સ્ક જીલ્લાને પાર કરી ચૂકી છે અને તેણે ગ્રુશીનું રાજ્ય ખેતર કબજે કરી લીધું છે..."

"એને અહીં મારી પાસે મોકલ."

સંદેશવાહકે તેનો ઘોડો તબેલા તરફ દોરી જવાની કોશિશ કરી પણ ઘોડો પરસેવાથી રેબઝેબ થયેલો હતો અને તેથી તે રસ્તામાં જ પોતાના આગળના પગ ઉપર બેસી ગયો, અને ક્રોધે ભરાયેલા રખેવાળ કૂતરાની સામે અનિમેષ નજરે જોતાં તેણે પોતાનો છેલ્લો શ્વાસ લીધો. સંદેશવાહક જે પૅકેટ લાવ્યો હતો તેની ઉપર ત્રણ ક્રૉસ કરેલા હતા, અને તેણે ઘોડાને લગભગ ૩૦ માઈલ સુધી કોઈ પણ જાતના આરામ વગર પુરપાટ દોડાવ્યો હતો, તેથી ઘોડો મરી ગયો.

નિકોલાઈએ મદદ માટેની ગામના અધ્યક્ષની વિનંતી વાંચી, અને પોતાની તલવાર ઉપર હાથ ફેરવતો તે આગળના ઓરડામાં જઈને વિચારવા લાગ્યો.

“બીજી એક ટોળકી. હું કોઈક જગ્યાએ જઈને અભ્યાસ કરવાનો વિચારતો હતો, બરાબર એ જ વખતે... ઉપરી કહે છે કે મારે શરમાતું જોઈએ કહે છે કે ‘તું સ્કવૉડ્રન કમાન્ડર છે અને સાચી જોડણી પણ લખી શકતો નથી.’ પણ શું એ મારી ભૂલ હતી કે હું કદી શાળામાં ગયો જ નહીં? તે પણ એક વિચિત્ર માણસ છે, અને હવે અહીં બીજી ટોળકીના સમાચાર છે. વધુ રક્તપાત... હું આ જાતના જીવનથી હવે કંટાળી ગયો છું, બહું થઈ ગયું...”

બંદૂકમાં કારતૂસ ભરતો તે બહાર પગથિયે જઈ રહ્યો હતો ત્યારે તેના મગજમાં વિચારો, બહુ વપરાતા ચીલા ઉપર દોડતા ઘોડાઓ જેવી ઝડપે, દોડી રહ્યા હતા: “કોઈ રીતે શહેરમાં જવાનું બને... બસ જતો રહું અને ભાગું...”

તે મરેલા ઘોડાને વટાવીને તબેલા તરફ ગયો. જતાં જતાં ઘોડાનાં ધૂળ છવાયેલાં કાળી નસકોરાંમાંથી નીકળતી લોહીની કાળી પટ્ટી ઉપર નજર નાખીને તે બીજી તરફ ફરી ગયો.

૩

નાની ટેકરીઓ ઉપર ઉંદર જેવા છોડવાઓ કોકડાં વળીને ફેલાયેલા હતા. ગાડાના ચીલાના ખાડાની ધૂળમાટી પવનને લીધે સાફ થઈ ગઈ હતી. ચોમેર તરેહવાર ઘાસ અને છોડવા નજરે પાડતા હતા. આ ચીલાનો ઉપયોગ એક જમાનામાં વિસ્તારમાં થીજી ગયેલા કેરબામાં ધાબાંઓની માફક ઠેરઠેર આવેલા ગંજીઓના વાડાઓમાં ખડ પહોંચાડવા થતો હતો. મુખ્ય માર્ગ જ્યાં તારનાં થાંભલા હતા ત્યાં ગગનરેખામાં ખૂંપ જેવો પથરાયેલો હતો. શરદના ધોળાશ પડતા ઘેરા વાતાવરણમાં થાંભલા ફાળ ભરતા નાળાંઓ તથા કોતરોને પાર કરતા હતા, અને તેમની પાસેના ચળકતા ધોરીમાર્ગ પરથી દોન અને કુબાનના પચાસ જેટલા કઝાકોની ટોળકી પોતાના સરદારની પાછળ પાછળ જઈ રહી હતી. કઝાકો સોવિયેત સત્તાથી અસંતુષ્ટ હતા. ત્રણ-ત્રણ દિવસથી તેઓ, વરુ જેમ વાડાઓમાંથી બહાર નીકળે તેમ, માર્ગ ઉપરથી કે માર્ગવિહોણા ઊબડ-ખાબડ વિસ્તારોમાંથી પસાર થઈ રહ્યા હતા. નિકોલાઈ કોશેવોઈની ટુકડી તેમનો પીછો કરી રહી હતી, તેમને ગોતી કાઢવા ચાંપતી નજર રાખી રહી હતી.

ટોળકીના માણસો માથાભારે હતા, માજી સૈનિકો હતા, અનુભવી હતા, પણ છતાં સરદાર સતર્ક રહેતો હતો. તે પેંગડામાં ઊંચો થઈને ફફોળતા હાથ

જેવી નજર ફેરવતો અને વિસ્તાર ઉપર દોનની દૂરની બાજુએ ફેલાયેલા વનની નીલી કોર સુધીના માઈલો ગણતો.

તે વરુ જેવી પીછેહઠ કરતો હતો અને નિકોલાઈ કોશેવોઈની સ્કવૉડ્રન તેનો સખત પીછો કરી રહી હતી.

ઉનાળાના સુંદર દિવસોમાં દોન નદી પાસેનાં ખેતરોમાં ઘઉંનાં ડૂંડાં લહેરિયાં લઈ રહ્યાં છે, અને સ્વચ્છ આકાશ તળે શુદ્ધ ચાંદીની માફક રણકી રહ્યા છે. કાપણી પહેલાં એવું હોય છે, ગારનોવકા ઘઉંની ઊંચી સાંઠીઓમાં ડૂંડાંનાં ફુસળાં સત્તર વર્ષના છોકરાને ફૂટતી મૂછના દોરા જેવાં કાળાં હોય છે, અને વધતી સાંઠીઓ જાણે માણસની ઊંચાઈને પાર કરી જવાની હોય એમ લંબાતી જાય છે.

દાઢીવાળા કઝાક ખેડૂતો જવની વાવણી રેતાળ ઢાળની અને નદી નજીકનાં બીડોની કોરે પટ્ટી જેવાં ખેતરોમાં કરતા. તે કદાપિ સારા ઊગતા નહીં, અને પ્રતિ એકરે કદાપિ ૬ બુશલોથી વધારે પેદાશ મળતી નહીં, પણ તેનું વાવેતર તેઓ કરતા કારણ કે તેમાંથી તેઓ કુમારિકાનાં આંસુઓ કરતાં પણ વધુ સુસ્પષ્ટ દારૂ ગાળી શકતા, કારણ કે સદીઓથી આ રૂઢિ ચાલી આવતી હતી, કારણ કે તેમના દાદા અને પરદાદાઓ દારૂ પીવાનું પસંદ કરતા, અને કારણ કે દોનની કઝાક સેનાની મોટી મહોરમાં કમ્મર સુધી ઉઘાડા ડિલે દારૂના પીપ ઉપર બેઠેલા છાકટા કઝાકનું ચિત્ર કંઈ અમસ્તું જ દોરવામાં નહોતું આવ્યું. પાનખર ઋતુમાં ગામડાંઓ અને બીજી નાની વસ્તીઓમાં ગળાતો એ આકરો અને કેફી દારૂ એવો હતો કે તેને પીધા પછી કઝાકોના લાલ ટોચવાળા ઊંચા ટોપા જાણે નેતરની વાડો ઉપર અસ્થિર ડોલતા નજરે પડતા.

અને આથી જ સરદાર કદાપિ પૂરો હોશકોશમાં નહોતો રહેતો. આથી જ બધા ડ્રાઈવરો અને મશીનગન ચલાવનારાઓ તેમની મશીનગનની ગાડીઓમાં પીધેલી હાલતમાં સુસ્તની માફક પડ્યા રહેતા.

સાત વર્ષથી સરદારે એનું વતન નહોતું જોયું. જર્મનોના હાથમાં પકડાઈ ગયો, વ્રાંગેલ સાથે એણે કામ કર્યું, પછી કોન્સ્ટન્ટીનોપલમાં પરસેવો પાડ્યો, કાંટાળા તારની વાડ પાછળ નજર કેદ ભોગવી, સુસ્ત તુર્કી જહાજમાં ગાળ્યાં, પછી કુબાનનાં ઝાડીઝાંખરાં, અને હવે આ ધાડપાડુ ટોળકી.

સરદાર જો તેની જિંદગીનું સિંહાવલોકન કરે તો એવી હતી તેની જિંદગી. ધખધખતા ઉનાળામાં વગડાના વહેલા નજીક બળદોની ફાટવાળી ખરીઓનાં નિશાનો જેમ સખત થઈ જાય, તેમ એનું હૃદય સખત થઈ ગયું હતું. તેના હૃદય, મગજ ઈત્યાદિ જેવાં શરીરના મર્મ અવયવોમાં રહસ્યમય પીડા ઉપડતી

અને શરીરના દરેક સ્નાયુને નબળો પાડી દેતી. તેને લાગતું કે નશો કરીને પણ આ દરદને ભુલાવી શકાય એમ નથી છતાં તે દરરોજ પીએ છે, એક દિવસ પણ સંયમ જાળવતો નથી. દોન નદીને કાંઠે વગડાઉ જમીનનું ઢાળું લાલચુ પેટાળ ખોદાઈને સુરજ સામે પથરાયેલું હોય છે, તેમાં મોટા સુવાસિત દાણા ઊગે છે. જેમના પતિઓ દૂર દૂર જતા રહ્યા છે એવી રતુમડા ગાલવાળી સ્ત્રીઓ એટલો નિર્મળ દારૂ ગાળે છે કે જેને ઝરાના પાણીથી નોખો તારવી ન શકાય.

૪

પરોઢિયે હિમપ્રપાત થયો. કમળનાં પહોળાં પાંદડાંઓ ઉપર ચાંદીની જેમ ચમકતો બરફ છવાયેલો હતો. સવારે લુકીચે જોયું કે તેની ચક્કીના ચક્ર ઉપર પણ ટપકતું પાણી ઠરી જવાથી બરફની અબરખિયા રંગની લાંબી અણીદાર કણીઓ બની ગઈ હતી.

લુકીચ સવારથી જ માંદો પડ્યો હતો. તેના વાંસામાં દરદ થતું હતું અને તેના પગ તો એટલા ભારે થઈ ગયા હતા કે જાણે જમીન સાથે જડાઈ ગયા હોય. તે ચક્કીમાં આટા મારતો હતો, પ્રત્યેક હલનચલન સખત મહેનત જેવું બની રહેતું હતું, જાણે કેમ તેનું માંસ હાડકાંઓથી છૂટું પડી ગયું હોય. ઉંદરોનાં બચ્ચાં દાણા સાફ કરવાના સંચા નીચેથી નીકળ્યાં અને ભીની આંખે તેની સામે જોવા લાગ્યાં. એક વાળા ઉપર કબૂતર મંદ-મંદ અવાજ કરતું હતું. વૃદ્ધ માણસનાં નસકોરાં બોલતા હતા. જાણે વગડાની કાંપવાળી માટીથી ઘડાયેલા હોય એવાં નસકોરાં વડે વૃદ્ધ નદીના કીચડની ખાટી ગંધ અને દળાયેલા દાણાની વાસ શ્વાસમાં લેતો હતો, ઢગલાઓને ચૂસતા અને ચાટલતા પાણીનો અણગમતો ગડગડ અવાજ સાંભળતો હતો, અને વિચારમાં ગરકાવ થઈને દાઢીના ગૂંચવાયેલા વાળ ખેંચતો હતો. લુકીચે બગીચામાં જ્યાં મધમાખીઓ રાખી હતી ત્યાં આરામ કરવા લંબાવ્યું. તે ખુલ્લા મોં સાથે ચામડાંના પાથરણા ઉપર સૂઈ ગયો અને બાજુમાં થૂંકદાની મૂકી. તેની નાનકડી ઝૂંપડી ઉપર સમી સાંજનું અંધારું ફરી વળ્યું અને મિલ ઉપર ઝાકળનું આચ્છાદન...

તે જાગ્યો ત્યારે બે ઘોડેસવારો જંગલમાંથી તેની તરફ આવતા જણાયા વૃદ્ધ માણસ મધમાખીઓના ઉછેરની જગ્યા તરફ જવા લાગ્યો ત્યારે તેમાંના એક માણસે ઘાંટો પાડ્યો:

"અહીં આવો, દાદા!"

લુકીચ તેની સામે શંકાની નજરે જોઈને અટકી ગયો. પરેશાનીઓનાં એ વર્ષોમાં તેણે આવા શસ્ત્રધારી માણસો ઘણા જોઈ નાખ્યા હતા, તેઓ પૂછ્યાગાછ્યા વગર અનાજ અને ઘાસચારો લઈ જતા. કશા ભેદભાવ વગર એવા બધા માણસો તરફ તેને ખરા દિલનો અણગમો હતો.

"ઝટ પગ ઉપાડ, બુઢ્ઢા મૂળા!"

લુકીચ હાથે બનાવેલા મધમાખીઓના પૂડા વચ્ચે. પોતાના નિસ્તેજ હોઠ ચાવતો ચાવતો, આગળ વધ્યો, અને માણસો સામે સાવધાન નજરે જોતો તેમનાથી થોડાક અંતરે ઊભો રહ્યો.

"અમે લાલ સિપાહીઓ છીએ. તમારે અમારાથી જરા પણ ગભરાવાની જરૂર નથી, દાદા." સરદારે શાંતિથી કહ્યું. "અમે એક ટોળકીનો પીછો કરી રહ્યા છીએ અને અમારા કેટલાક માણસો વિખૂટા પડી ગયા છે, તમે અહીંથી કોઈને પસાર થતા જોયા છે?"

"કેટલાક લોકો ગયા છે?"

"કઈ બાજુ ગયા છે, દાદા?"

"મોત આવે મારું, મને ખબર હોય તો."

"ચક્કીની પાછળ તો કોઈ નથી ને?"

"ના, અહીં કોઈ નથી," લુકીચે તોછડાઈથી જવાબ આપીને પીઠ ફેરવી લીધી.

"એક મિનિટ, ડોસા," સરદાર ઘોડાના જીન પરથી ઊતર્યો અને પીધેલી હાલતમાં વાંકા પગના બળે ડોલતો ઊભો રહ્યો. એના શ્વાસમાંથી ઘરે બનાવેલા દારૂની જોરદાર વાસ આવતી હતી. એ બોલ્યો:

"દાદા, અમે સામ્યવાદીઓનો ખાતમો કરી રહ્યા છીએ... એ ધ્યાનમાં રાખો! અમે કોણ છીએ, એ તમારે જાણવાની જરૂર નથી!" એ ગબડ્યો અને તેના હાથમાંથી ઘોડાની લગામ છૂટી ગઈ. "તમારું કામ સિત્તેર જેટલા અશ્વો માટે પૂરતા દાણા તૈયાર કરી ચુપ બેસી રહેવાનું છે... અને જલ્દી! સમજ્યા? તમારું અનાજ ક્યાં છે?"

લુકીચે નજર બીજી તરફ વાળતાં કહ્યું:

"અહીં કશું નથી."

"પેલા કોઠારમાં શું છે?"

"નકામી ચીજો... મારી પાસે અનાજ નથી."

"બહુ સારું, મારી સાથે આવો!"

સરદારે આ વૃદ્ધ વ્યક્તિને તેના કોલરથી ઝાલ્યો અને પગના ઘૂંટણ વતી તેને ગોદો મારી જીર્ણશીર્ણ કોઠાર તરફ દોર્યો, અને બારણું ખોલ્યું. કોઠારમાં ઘઉં અને જવનાં પીપડાં ભરેલાં હતા.

"આ શું અનાજ નથી, બુઢ્ઢા બદમાશ?"

"હા બેટા, અનાજ છે. મારી આખા વરસની બચત છે. અને તમે ઘોડાઓને ખવડાવી દેવા માંગો છો..."

"તો અમારા ઘોડા ભૂખે મરે, તમને પરો નથી, એમને? કોની તરફેણમાં છો, કોમ્યુનિસ્ટોની? શું તારે ગોળીથી વીંધાઈ જવું છે?"

"દીકરા, મારી ઉપર દયા કર! મેં શું કર્યું છે?" લુકીચ જૂની ટોપી માથેથી ઉતારીને ઘૂંટણિયે પડી ગયો અને સરદારના વાળ છવાયેલા હાથ પકડીને ચૂમવાની કોશિશ કરવા લાગ્યો.

"બોલ, તું સામ્યવાદીઓને ચાહે છે?"

"મને માફ કર, મારા દીકરા! મારા મૂર્ખામીભર્યા શબ્દો માફ કરી દે, મારી ઉપર દયા કર મને જીવતો રહેવા દે," સરદારના પગે પડીને વૃદ્ધ કરગર્યો.

"સોગંદ લે કે તું સામ્યવાદીઓને ટેકો નથી આપતો... ના, ક્રૉસની નિશાની નથી કરવાની! ધૂળ ખા!"

વૃદ્ધે ખોબો ભરીને ધૂળ લીધી અને પોતાની વહેતી અશ્રુધારાથી તેને ભીની કરી, અને બોખા મોંમાં મૂકીને તેને ચાવવા માંડયો.

"ભલે, હવે હું તારી વાત માનું છું. ઊભો થઈ જા, ડોસા!"

અકડાઈ ગયેલા પગ પર ઊભા થવાની વૃદ્ધની લાચારી ભરી મહેનત જોઈને સરદાર હસી પડયો. બીજા ઘોડેસવારો કોઠારો તરફ ગયા અને તેમણે ઘઉં તથા જવનાં પીપડાં તેમના ઘોડાના પગની નીચે ફેંદી નાખ્યાં. અનાજ ઘોડાઓની ખરીઓ તળે વીખરાઈ ગયું. આંગણમા જાણે સોનેરી અનાજની જાજમ પથરાઈ ગઈ.

૫

પરોઢિયે વરસાદ અને ધુમ્મસનું નિરાશાજનક વાતાવરણ હતું.

લુકીચ સંત્રીને ઊંઘતો જોઈ ઝાડીઓ અને જંગલને રસ્તે ગામ તરફ જવા ચાલી નીકળ્યો. આ માર્ગ તે એકલો જ જાણતો હતો. પરોઢિયાં થતાં પહેલાં વાતાવરણ ચોમેર સૂમસામ હતું.

તે પવનચક્કી સુધી ખોડંગાતો ચાલ્યો જાહેર રસ્તાને પાર કરીને બાજુએ ફંટાતી કેડીએ વળવા જતો હતો એટલામાં તેને ઘોડેસવારોનો અવાજ સંભળ્યો.

"કોણ છે?" નીરવતામાં થયેલા પડકારમાં તાકીદીનો રણકાર હતો.

"એ તો હું છું..." લુકીચ ગણગણ્યો, સાવ ઢીલો પડી ગયો, અને તેનું શરીર ધ્રૂજવા લાગ્યું.

"'હું' એટલે કોણ? પાસ ક્યાં છે? અહીં શા માટે રખડી રહ્યો છે?"

"હું પેલી જળચક્કીવાળો છું. મારે ગામમાં થોડુંક કામ છે."

"શું કામ છે? ઠીક, ચાલ કમાન્ડર પાસે! આગેકદમ!" લુકીચ સામે આગળ વધી એક અશ્વસવાર બરાડયો.

લુકીચને ઘોડાના ગરમ હોઠ જાણે ગરદને અડતા હોય એમ લાગ્યું. તે લંગડાતા પગે બને તેટલી ઝડપથી ચાલતો ગામમાં દાખલ થયો.

તેઓ એક ઝૂંપડાની બહાર ચોગાન પાસે અટક્યા. ઘોડેસવાર ઘોડાની જીન પરથી ઊતર્યો, અને ઘોડાને વાડે બાંધીને, તલવારનો ખણખણાટ કરતો પગથિયાં ચઢી ગયો.

"મારી પાછળ આવ!" બારીઓમાં પ્રકાશ દેખાતો હતો. તેઓ અંદર દાખલ થયા.

તમાકુના ધુમાડાથી લુકીચને છીંક આવી. તેણે ટોપી ઊતારીને ઓરડાના સામા ખૂણા તરફ ઊતાવળમાં ક્રૉસની નિશાની કરી.

"અમે હમણાં જ આ ડોસાને રસ્તેથી લઈ આવ્યા છીએ, ગામ તરફ જતો હતો."

નિકોલાઈએ સાવ વીખરાઈ ગયેલા વાળવાળું માથું ટેબલ પરથી ઊંચું કર્યું અને નીંદરઘેરા પણ કડક અવાજે પૂછ્યું:

લુકીચ ખુશીનો શ્વાસ લેતો આગળ આવ્યો.

"ક્યાં જતા હતા?"

"અરે દીકરા, તું છે? તું તો આપણી તરફનો! અને મને થયું કે વળી પેલા કાફરોનો પાલો પડયો... હું તો એટલો ગભરાઈ ગયો હતો કે પૂછવાની પણ હિંમત ન કરી શક્યો. ચક્કીવાળો છું. તું મિત્રોખીના જંગલમાંથી પસાર થઈ રહ્યો હતો ત્યારે મારી ચક્કીએ રોકાયો હતો. મેં તને થોડુંક દૂધ પીવા આપેલું, બેટા! ભૂલી તો નથી ગયો ને, કે ભૂલી ગયો?"

"એ તો ઠીક, પણ અમને આપવા જેવી ખબર શું છે તમારી પાસે?"

"ખબર આમ છે, બેટા. ગઈકાલે સાંજે પેલી ત્રણ ટોળકીઓ આવીને ચક્કીએ રોકાણી, અને બધું અનાજ અશ્વોને ખવડાવવા લઈ લીધું. તેઓ

મને મારી નાખવા માંગતા હતા. તેમના સરકારે મને કહ્યું 'સોગંદ લે કે તું અમારામાંનો જ એક છે, અને પછી મને પરાણે ધૂળ ખવડાવી.”

“હાલમાં તેઓ ક્યાં છે?”

“તેઓ હજુ પણ ચક્કીએ જ છે. સારામાં સારા ઓરડાનો કબજો જમાવી દુષ્ટો ત્યાં વોદ્કા ઢીંચી રહ્યા છે, તેથી નામદાર હું તમને માહિતી આપવા દોડી આવ્યો. બનવાજોગ છે કે તમે કદાચ એ લોકોનો મામલો પતાવી નાખો.”

“આપણા સૈનિકોને ઘોડા સાબદા કરવાનું કહો!..” નિકોલાઈ વૃદ્ધ માણસ તરફ સ્મિત ફરકાવતો પોતાની બેઠક ઉપરથી ઊભો થયો અને ઓવરકોટ પહેરવા માંડયો.

૬

બીજા દિવસનું પરોઢ થયું. ઘણાં દિવસની ઊંઘ વગરની રાતો ગાળી હોવાથી ફિક્કો પડી ગયેલો નિકોલાઈ ઝડપભેર ઘોડો દોડાવતો મશીનગનની ગાડી પાસે ગયો.

“આપણે જેવો હુમલો કરીએ કે તરત જ તેમને જમણે પડખે ઝડી વરસાવી દેજો. આપણે એ લોકોનું પડખું ફેરવી નાખવું પડશે.”

તે ઘોડાને પાછો સ્કવોડ્રન તરફ હાંકી ગયો. ટુકડીઓ ફેલાયેલી કતારોમાં ગોઠવાયેલી હતી.

કુંઠિત ઓકવૃક્ષોની પેલી પાર ધોરીમાર્ગ ઉપર અશ્વસવારો આવતા દેખાય, મશીનગનનાં વાહનો વચ્ચે હતાં.

નિકોલાઈએ બૂમ પાડી કહ્યું: “હલ્લો શરૂ કરો!”

પાછળથી ખરીઓની ધડધડાટી વરતાઈ આવતાં જ તેણે ઘોડાને દોડાવ્યો.

ઝાડીની કોરેથી મશીનગન જોરથી તડતડાટી બોલાવવા લાગી, અને ધોરીમાર્ગના અશ્વસવારોએ પણ વળતા હુમલા માટે કવાયતના મેદાનની ઝડપે કતારો ગોઠવી દીધી.

ટેકરીની બાજુની ઝાડીઓમાં એક વરુ નીકળી આવ્યું. ભારે ઘોંઘાટને લીધે તેના ડિલની ચામડી પરના વાળ ખડા થઈ ગયા હતા. કાન સરવા કરીને તેણે આ ગગન ભેદી અવાજ સંભળવાની કોશિશ કરી. ગોળીબારના ધડાકા બહુ દૂર નહોતા થઈ રહ્યા, અને માનવગર્જનાઓ પવનના મોજાંને કારણે પડઘા પાડતી હતી.

બંદૂકના ધડાકાનો અવાજ ટેકરીની સામી બાજુએથી વચ્ચેના વૃક્ષોને વીંધતો આવતો હતો, અને તેનો વળતો પડઘો પણ પડતો હતો.

આ જાતના ધડાકા સામ-સામે થતા રહ્યા.

વરુ થોડી વાર ત્યાં રોકાયું પછી ધીમે-ધીમે પીળા પાનવાળી ઝાડીઓમાં સંતાઈ ગયું.

“ટકી રહેજો! મશીનગનો છોડતા નહીં! જંગલમાં! જંગલમાં! હમબખી લોહી તમારી માનું!” ઘોડાના જીનમાં ઊભા થઈ જતાં સરદારે રાડ નાખી.

પણ ડ્રાઈવરો અને બંદૂકબાજો ક્યારના પટ્ટા કાપવા મંડી ગયા હતા, મશીનગનની એકધારી ઝડીથી પીંખાઈ ગયેલી ધાડપાડુઓની કતારો બેકાબૂ નાસભાગ કરવા લાગી હતી.

સરદારે પોતાનો ઘોડો વાળ્યો અને જોયું કે કોઈ એકલ ઘોડેસવાર તલવારને ગોળ-ગોળ ફેરવતો તેની તરફ ધસી રહ્યો છે. તેના કોટના છેડા પાંખોની જેમ ફેલાયેલા દેખાતા હતા. તેની છાતી પર લટકતું દૂરબીન અને તેણે પહેરેલા બકરાની ખાલના જામા ઉપરથી સરદારે અનુમાન કર્યું કે પોતાની તરફ ધસી આવતો આદમી લાલ સેનાનો કોઈ સાધારણ જુવાન નથી, અને એણે પોતાના ઘોડાની લગામ ખેંચી. થોડાક અંતરેથી તેણે પવનના સુસવાટા સામે આંખો ચોળતા, ક્રોધે ભરાયેલા, દાઢી વગરના આ યુવાનનો ચહેરો નિહાળ્યો. સરદારે પોતાના કમરપટામાં રાખેલી પિસ્તોલ જોરથી ખેંચી કાઢી.

“આવી જા, વાળ વગરના ગલૂડિયા! તારો હિસાબ કરી નાંખું” એવો સાદ નાંખ્યો કે તરત જ તેનો ઘોડો પાછલા પગે ઊંચો થવા માંડયો.

“હિસાબ તો હું તારો કરીશ!” સામેથી જવાબ આપ્યો.

નિકોલાઈ નજીક આવવાનો જેવો તેને આભાસ થયો કે તરત જ તેણે કાળા જામામાં ગોળી છોડી. નિકોલાઈનો ઘોડો વીસેક વાર આગળ ફાળ ભરીને ઢળી પડયો, પણ નિકોલાઈ જામો કાઢી નાખીને સરદાર તરફ ગોળીબાર કરતો આગળ વધ્યો. નજીક ને નજીક...

વૃક્ષોની પેલી પાર કોઈ પશુની માફક ચીસ નાખીને ચુપ થઈ ગયું. સૂર્ય વાદળામાં સંતાઈ ગયો અને આ મેદાની વિસ્તાર ઉપર અંધકાર પથરાયો. પાનખરને કારણે આમ પણ સમગ્ર વિસ્તાર ઉજ્જડ જણાતો હતો.

“આ તો ખાલી નાનકું નવતર મિજાજી ગલૂડિયું છે, અને મોત એને ભરખી જશે!” સરદાર સ્વગત ગણગણ્યો, અને તેણે આ તરવરિયા જુવાનની

બધી ગોળીઓ ખતમ થઈ ત્યાં સુધી રાહ જોઈ, પછી ઘોડાની લગામ ઢીલી કરીને તે બાજની માફક તેની ઉપર તૂટી પડ્યો.

જીનમાંથી નમીને એણે પોતાની વાંકી તલવાર વીંઝી, અને તેણે જોયું કે તેના ઘાથી શરીર જમીન ઉપર ઢળી પડ્યું.

સરદાર ઘોડા ઉપરથી ઊતર્યો, તેણે મૃત વ્યક્તિનું દૂરબીન દૂર કર્યું, અને તેના પગ તરફ વળ્યો. પગ પીડાથી હજુ પણ કંપતા હતા, તેણે ચોમેર જોતાં તે મૃત વ્યક્તિના ક્રોમચર્મના બૂટ કાઢવાની કોશિશ કરવા લાગ્યો. મૃત વ્યક્તિના ઘૂંટણ સાથે જડાઈ ગયેલા આ બૂટમાંથી એકને તેણે ખૂબ જ કુશળતાથી કાઢ્યો.

પણ બીજા પગમાં બૂટ-મોજાં એટલાં સજ્જડ બાઝી ગયેલાં હતાં કે નીકળ્યાં નહીં. ભારે આવેશથી તેણે ફરી પ્રયત્ન કર્યો અને બૂટ-મોજાં કાઢ્યાં. ઘૂંટીની સહેજ ઉપર તેણે કબૂતરના ઈંડા જેટલું મોટું એક લાખું જોયું. જુવાનિયા સાથે વાત કરતાં જાણે કરતો હોય તેમ ધીમે-ધીમે તેણે પોતાનો નિસ્તેજ ચહેરો તેની તરફ વાળ્યો. મોઢામાંથી નીકળતા લોહીથી તેના હાથ ખરડાયેલા હતા. થોડી વાર સુધી તે તેને અનિમેષ નજરે જોતો રહ્યો અને પછી કઢંગી રીતે ભેટી પડ્યો.

તે બોદા અવાજે પોકારી ઊઠ્યો. "બેટા! નિકોલાઈ, મારું સંતાન!.. મારું જ લોહી!.."

તેનો ચહેરો કાળો પડી ગયો. તેણે કહ્યું:

"બોલ બેટા, એક વેણ તો બોલ! આ બધું કેવી રીતે અને શાથી બન્યું?"

તે નિકોલાઈની મૃત બનતી આંખોમાં તાકી રહ્યો. તેણે લોહિયાળ પોપચાંને ઊંચાં કર્યાં, અને તેને ઢંઢોળ્યો, પણ નિકોલાઈના દાંત સજ્જડ રીતે ભિડાઈ ગયા હતા, જાણે તે અતિ મહત્ત્વનું ગુપ્ત રહસ્ય છતું કરતાં ગભરાતો હોય એમ.

સરદાર એના દીકરાને ભેટ્યો, અને તેના ઠંડાગાર હાથ ઉપર તેણે અસંખ્ય ચુંબનો કર્યાં, પછી પોતાની પિસ્તોલની નાળ પોતાના દાંત વચ્ચે મૂકી અને ઠંડી ઠંડી લોઢાની નાળ ભીની થવા લાગી ત્યારે પોતાના જ મોઢામાં ગોળીબાર કર્યો.

અને સાંજે જ્યારે અશ્વસવારોએ દેખા દીધી, અને ઘોડાના છીંકોટા તેમ જ લોઢાની જીનોનો ખણખણાટ સંભળાયો, ત્યારે સરદારના બરછટ મસ્તક ઉપરથી એક મડદાખાઉ સમડી કમને ઊડીને સડસડાટ ઊંચે જતી પાનખરના નિસ્તેજ ભૂખરા આકાશમાં અદૃશ્ય થઈ ગઈ.

૧૯૨૪

ગોવાળ

૧

સોળ દિવસથી પૂર્વમાંથી, સૂર્યના તાપથી શેકાયેલા ભૂખરા બદામી વૃક્ષવિહીન મેદાની વિસ્તારથી, સફેદ તરાડીયા મીઠાના અગરોમાંથી ગરમ પવન ફૂંકાતો હતો.

ભૂમિ તરડાઈ ગઈ હતી. ઘાસ કરડાયેલું અને પીળાશ પડતું હતું. ધોરીમાર્ગ ઉપર નજીક-નજીક પથરાયેલા કૂવાઓ સુકાઈ ગયા હતા, અને પાંદડાંઓમાં વીંટળાયેલાં ધાન્યનાં ઠૂંઠાં, વળી ગયેલા વૃદ્ધ માણસની માફક, ચીમળાઈને લચી પડ્યાં હતાં.

બપોરે ઊંઘતા ગામડા ઉપર ઘંટનો પિત્તળિયો રણકાર ગુંજી ઊઠ્યો.

હજી પણ ઘણી ગરમી છે; સાવ નીરવતા છે. પણ વાડની ફરતે ઢસડાતા પગે ચાલવાનો, ધૂળ ઊડવાનો, અને સાવચેતીમાં રસ્તા ઉપર લાકડી ઠોકતા વૃદ્ધ માણસોના ચાલવાનો અવાજ કાને પડે છે.

આ ઘંટારવ તેઓને એક ગામસભામાં નિમંત્રે છે. એક ગોવાળને મહેનતાણું આપીને રાખવા અંગેનો વિષય ચર્ચાનાર છે.

કારોબારી સમિતિની કચેરીમાં વાતચીતનો અવાજ ગુંજી રહ્યો છે અને ધુમ્રપાનના ગોટેગોટા નીકળી રહ્યા છે.

અધ્યક્ષ મેજ ઉપર પૅન્સિલનું બટકું ઠપઠપાવે છે.

"નાગરિકો, આપણો જૂનો ગોવાળ કહે છે કે હવે તે વધુ વખત માટે ધણની કાળજી રાખવાનો નથી. પગાર પૂરતો નથી—એમ તેનું કહેવું છે. તેથી અમારી કારોબારી સમિતિ ફ્રોલોવ ગ્રીગોરીયનું નામ એના સ્થાને સૂચવે છે. તે આપણામાંનો જ એક છે. તે અનાથ છે અને યુવાન સામ્યવાદી છે... તમે સૌ જાણો છો તેમ, એનો બાપ મોચી હતો. હાલમાં તે તેની બહેન સાથે રહે

છે; અને તેઓ પાસે ગુજરાનું કોઈ સાધન નથી. તેથી, બિરાદરો, હું આશા રાખું છું કે તમે હમદર્દી બતાવશો અને તેને ધણની સંભાળનું કામ દેવાની મંજૂરી આપશો."

બુઢ્ઢા નેસ્તેરોવને આ વાત ભારે પડી અને તરત જ તે બેઢંગી પૂંઠને ટેકે વળ ખાવા તથા ઊંચોનીચો થવા લાગ્યો.

"તે આપણા માટે કામ નહીં કરી શકે. આપણું ધણ મોટું છે, તેને સંભાળી નહીં શકે. આસપાસ કોઈ ગોચર નથી તેથી ધણને દૂરના ચરાણે લઈ જવું પડશે, અને તે આ કામથી ટેવાયેલો નથી. પાનખર ઋતુ સુધીમાં તો આપણાં અડધોઅડધ વાછરડાં ખોવાઈ જશે."

"બરાબર છે," એવું એક તરકટી ડોસો, ઇગ્નાત ચક્કીવાળો તીણાં અનુનાસિક અવાજમાં રાગદ્વેષથી બોલ્યો. "આપણે કારોબારી સમિતિની મદદ વગર જ ગોવાળને શોધી શકીશું. એ આપણું કામ છે. આપણને એવા વૃદ્ધ માણસની જરૂર છે કે જે વિશ્વાસપાત્ર હોય અને પશુઓ જેણે જોડે કામ કર્યું હોય."

"તદ્દન સાચી વાત, દાદા!.."

"તમે જો વૃદ્ધ વ્યક્તિને આ કામ સોંપશો તો તમારાં વાછરડાં ખોવાઈ જવાની શક્યતા વધુ જ રહેશે. સમય હવે બદલાયો છે. દરેક ઠેકાણે શક્તિશાળી ચોરોનો સમૂહ ફરે છે..." અધ્યક્ષ દૃઢપણે અને જાણે કશીક અપેક્ષામાં આમ બોલી રહ્યા હતા, અને એકાએક ઓરડાના પાછલા ભાગમાંથી એમને કોઈકે ટેકો આપ્યો.

"ના, વૃદ્ધ માણસ નહીં કરી શકે. ધ્યાનમાં રાખો કે આ કંઈ ગાયો નથી. આ તો એક વર્ષની વયનાં વાછરડાં છે. તેમની સાથે ચાલવા માટે કૂતરાની ઝડપે દોડવું પણ પડે. જો વાછરડાંઓનું ધણ દોડવા માંડે તો તેમને પાછા ભેગાં કરતાં પહેલાં તમારા વૃદ્ધનાં બધાંય આંતરડાં બહાર નીકળી જાય."

ઓરડામાં હાસ્યનું મોજું ફરી વળ્યું. પણ વૃદ્ધ ઇગ્નાતે પાછળથી થતી ગુસપુસ વચ્ચે પોતાનો કક્કો ચાલુ રાખ્યો.

"આ બાબતને સામ્યવાદીઓ જોડે જરાય લેવાદેવા નથી... તે કેટલો ઘરડો છે, તે સવાલ પણ નથી. આ કામ ભક્તિપૂર્વક કરવાનું છે," વૃદ્ધ વ્યક્તિએ ટાલ ખંજવાળી.

પણ અધ્યક્ષે આનો કડકાઈથી જવાબ આપ્યો. "હવે આવો વાદવિવાદ નહીં ચાલે. આમ થશે તો મારે તમને આ સભાની બહાર કાઢી મૂકવા પડશે."

ત્યાર બાદના પરોઢિયે ચીમનીઓમાંથી ચીકણા રૂની પૂણીઓ જેવો ધુમાડો નીકળવા માંડ્યો અને ચોક ઉપર ફેલાવા માંડ્યો ત્યારે ગ્રીગોરીએ દોઢ સો જેટલા વાછરડાંઓનું ધણ સંભાળ્યું અને ગામમાંથી સડસડાટ પેલે પાર થીંગળ ટેકરીયાળ વિસ્તારમાં તેને લઈ ગયો.

વૃક્ષવિહીન મેદાનમાં મર્મટોનાં* રાખોડી દરો હતાં. મર્મટો લાંબી ચિચિયારીઓ કરતાં હતાં. ઘોડાર પક્ષીઓ સાંકડા ખીણ પ્રદેશોમાંના કુંઠિત ઘાસમાં દેખા દેતાં અને તેમનાં પીંછા ચાંદની માફક ચળકતાં.

ધણ શાંત હતું. વાછરડાંઓની ફાટવાળી ખરીઓનો ધરતીના તિરાડોવાળા પટ પરનો તમતમાટ એકધારા વરસાદની માફક સંભળાઈ રહ્યો હતો.

ગ્રીગોરીની સાથે એની બહેન દુન્યાત્કા હતી. તે તેની સાથીદાર હતી. તેના રતાશીયા ગાલ, હોઠ અને આંખો હસું-હસું થઈ રહ્યાં હતાં. તે સત્તર જ વર્ષની હતી અને મોહક દેખાઈ રહી હતી, તેને તેના ભાઈનો નિસ્તેજ વાછરડાંઓના નાના-નાના કાન, રસ્તામાં આવતાં નકામા છોડવાઓને નીંદી નાખવાનું કામ, અને ગઈકાલે કે આજે તેમની પાસે ખાવા માટે પાંઉનો ટુકડો ન હતો કે નથી, આ બધી બાબતો રમૂજી લાગતી હતી. તમે સત્તર વર્ષના હો ત્યારે આવું જ થાય.

પણ ગ્રીગોરી ગંભીર હતો. ચીંથરેહાલ ટોપીમાં તેના સીધા કપાળ ઉપર કરચલીઓ પડી હતી અને તેની આંખોમાં થાક વર્તાતો હતો. એવું લાગતું હતું જાણે તે ઓગણીસ વર્ષથી ઘણી મોટી ઉંમરનો હોય.

ધણ શાંતિથી ઝડપભેર ચાલ્યું જતું હતું અને આખા માર્ગ ઉપર પથરાયેલું હતું. પાછળ પડી ગયેલા ધણને સીટી મારી ગ્રીગોરી તેની બહેન તરફ વળ્યો.

"દુન્યા, પાનખર ઋતુ સુધીમાં આપણે શહેર જઈ શકીએ તેટલું ધન કમાઈ લઈશું. હું ત્યાં કામદારોની શાખામાં જઈશ અને તને પણ કોઈ શૈક્ષણિક સંસ્થામાં દાખલ કરીશ. આપણને શહેરમાં જોઈતાં તમામ પુસ્તકો મળી રહેશે. દુન્યા, શહેરના લોકો સારી રોટી ખાય છે, આપણા જેવો ઘાસપાંદડાંનો ખોરાક તેઓ લેતા નથી."

"પણ આપણને ત્યાં જવાના પૈસા ક્યાંથી મળશે?"

"મૂર્ખ ન બન! આપણને વીસ પૂડ** અનાજ મળશે, એમાંથી પૈસા

---

*મર્મટ—ખિસકોલી જેવું એક જનાવર.

**૧ પૂડ—૩૬ રતલ.

ઊભા કરીશું. એક રૂબલના પૂડના હિસાબે વેચીશું. આપણી પાસે વેચવા માટે બાજરો અને છાણાં પણ હશે."

ગ્રીગોરી રસ્તામાં અધવચ્ચે રોકાયો અને રેતીમાં પોતાની લાઠી વડે આંકડાઓ લખી એનો સરવાળો કરવા માંડ્યો.

"પણ આપણે હમણાં શું ખાઈશું, ગ્રીશા? આપણી પાસે પાંઉ તો છે નહીં..."

"મારી પાસે એળીમાં નાની સૂકી ડબલરોટી છે."

"આપણે તે ખાઈ જઈશું તો કાલે શું ખાઈશું?"

"અધ્યક્ષે વચન આપ્યું છે કે ખેતરમાંથી કાલે કોઈ આવીને આપણને આટો આપી જશે."

બપોરથી ધખતો સૂરજ અસ્ત થવા માંડ્યો. ગ્રીગોરીનું પહેરણ પરસેવાથી રેબઝેબ થઈ ગયું હતું અને તેના ખભાઓને ચોંટી ગયું હતું.

વાછરડાંઓનું ધણ બેચેનીમાં ચાલતું જઈ રહ્યું હતું. તેમને બગાઈઓ પજવતી હતી. બફારો ઉપજાવતી ગરમ હવામાં ઢોરના ભાંભરડા તથા માખીઓના બણબણાટનો અવાજ ભળેલો હતો.

સૂર્યાસ્ત થતા પહેલાં તેઓ ધણને વાડામાં લઈ ગયા. તેનાથી થોડેક જ દૂર એક તળાવ અને ઘાસફૂસથી બાંધેલું ઝૂંપડું હતું. વરસાદના પાણીથી તે જીર્ણ થયેલું હતું.

ગ્રીગોરી દોડ્યો અને પોતાના ધણને સંભાળીને તેણે વાડાને વાંસ અને વેલાથી બનાવેલો ઝાંપો ખોલ્યો. ધણના એક પછી એક ઢોરને તેણે કાળા ચોરસ ઝાંપા વાટેથી અંદર જવા દીધા અને તેમને ગણતો ગયો.

૨

તેઓએ ટેકરા ઉપર નવું ઝૂંપડું બાંધ્યું, જે તળાવમાંથી જોતાં કશુંક કદાવરું ઊપસી આવ્યા જેવું દેખાતું હતું. તેઓએ ભીંતોને છાણથી લીંપી અને ગ્રીગોરીએ ઘાસફૂસ અને ખડનું છાપરું બનાવ્યું.

બીજે દિવસે અધ્યક્ષ ઘોડા ઉપર સવાર થઈને આવ્યો. તે તેની સાથે આઠ કિલો મકાઈનો આટો અને બાજરાની એક થેલી લાવ્યો હતો. ઠંડા ઝૂંપડામાં બેસીને તેણે સિગરેટ સળગાવી.

"ગ્રીગોરી, તું સારો છોકરો છે. તું ધણને સંભાળજે અને પાનખર ઋતુમાં આપણે જીલ્લાકેંદ્રે જઈશું. ત્યાંથી તું કદાચ ક્યાંક ભાણવા જઈ શકીશ. જાહેર શિક્ષણ ખાતામાં એક ભાઈને હું ઓળખું છું, જે તને મદદ કરશે..."

ગ્રીગોરીનો ચહેરો ખુશીથી ખીલી ઊઠ્યો અને અધ્યક્ષે જ્યારે વિદાય લેવા કહ્યું ત્યારે તેણે પેંગડો સંભાળ્યો અને ખૂબ જ ઉષ્માભેર હાથ મિલાવ્યો. ઘોડાના દાબડાથી ઊડતી ધૂળની ડમરીઓને તે ઘણા લાંબા સમય સુધી જોતો રહ્યો.

વૃક્ષવિહીન મેદાની વિસ્તાર સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી બપોરની ગરમીને લીધે હંમેશાં રતાશીયો બની જતો. ગ્રીગોરીએ પાછળ ફરીને ધુમ્મસિયા ટેકરી તરફ એકીટશે જોયું તો તેને લાગ્યું કે આખો વિસ્તાર જીવંત હતો. આ ભૂમિ ઉપર ગામડાંઓ અને શહેરોનો અમાપ બોજ હોવો જોઈએ, આ ધરતી ઉપર ભારે દબાણ હોવાનું જણાતું હતું, અને નીચે કોક ઠેકાણે જાડા ખડકાળ થરો હેઠળ ભારે ધબકારમય અને ભિન્ન પ્રકારનું જીવન હોવું જોઈએ, જે તેની જાણ બહાર હતું.

અને ધોળે દિવસે તેને ડર લાગ્યો. તે દૂર સુધીની ટેકરીઓ ઉપર દૃષ્ટિપાટ કરીને કદી ન મપાયેલી ટેકરીઓને માપવા લાગ્યો. તે કંપતા ધુમ્મસની અને રતૂમડા ઘાસમાં ઠેરઠેર ફેલાયેલા ધણની સામે જોઈને બબડ્યો કે પાઉંરોટીમાંથી અળગા કપાઈ ગયેલા પાતળા ચોરસ ટુકડાની જેમ પોતે બાકીના વિશ્વથી સંપૂર્ણપણે વિખૂટો પડી ગયો છે.

શનિવારે સાંજે ગ્રીગોરી ધણને રાબેતા મુજબ વાડામાં લાવ્યો. દુન્યાત્કાએ ઝૂંપડા નજીક આગ સળગાવીને બાજરો બાફવા મૂક્યો હતો અને તે ખાટા સ્વાદવાળી ખુશબોદાર ભાજી બનાવી રહી હતી.

ગ્રીગોરી અગ્નિ પાસે બેઠો અને આકરી ગંધવાળાં છાણાંને લાકડી વડે સંકોરવા લાગ્યો.

"ગ્રીશાકાનું વાછરડું માંદું પડ્યું છે. આપણે તેના માલિકને જણાવવું જોઈએ..."

દુન્યાત્કાએ ઉદાસીન અવાજે કહ્યું:

"હું એ ગામડામાં જઉં?"

"ના, તારે નથી જવાનું, હું એકલો આપણા ધણને નહીં સંભાળી શકું. તને અહીં એકલું-એકલું લાગે છે?" એમ પૂછીને તેણે સ્મિત કર્યું.

"હા, ગ્રીશા વહાલુડા ભાઈ આપણે આ વિસ્તારમાં એક મહિનાનું રહેઠાણ પૂરું કર્યું છે ને આ એક મહિનામાં માત્ર એક જ માણસ આવ્યો છે. જો આખો

ઉનાળો આપણે અહીં ગાળ્યો તો હું તો ગાંડી થઈ જઈશ અને બોલવાનું પણ ભૂલી જઈશ.”

“દુન્યા, ફિકર ન કર, આપણે પાનખરમાં શહેરમાં જઈશું. આપણે બન્ને શાળામાં જઈશું અને અહીં ચોમેર અજ્ઞાન સિવાય કશું નથી અને લોકો જાણે ઊંઘમાં પડ્યા છે. કોઈ લખી કે વાંચી શકતું નથી અને તેથી પુસ્તકો પણ નથી...”

“પણ આપણને કોણ સાથ આપશે? આપણે પણ બીજાના જેટલાં જ અજાણ છીએ...”

“તેઓ આપશે. હું જ્યારે ગામડામાં હતો ત્યારે એક સેક્રેટરી પાસેની લેનિનની ચોપડી મેં વાંચી હતી. તેમાં લખ્યું હતું કે શ્રમજીવીઓનું, કામદારોનું, રાજ હોવું જોઈએ. શિક્ષણ વિશે તેમાં લખ્યું હતું કે ગરીબોને શિક્ષણ આપવું જ જોઈએ.”

ગ્રીગોરી ઘૂંટણના બળે ઊભો થયો અને સૂર્યાસ્તનો ત્રાંબાવર્ણો ચળકાટ તેના ગાલ ઉપર પડ્યો.

“આપણા પ્રજાસત્તાકના વહીવટ ચલાવવા આપણે શિક્ષણ મેળવવું જ પડશે. શહેરોમાં કામદારો રાજ કરે છે, જ્યારે આપણા ગામમાં અધ્યક્ષ કુલાક છે. બીજાં ગામડાંઓમાં પણ મોટા ભાગના અધ્યક્ષો ધનવાન ઘરોના માણસો જ છે...”

“તું ભણીશ ત્યારે હું પૈસા કમાવા લોકોને ત્યાં તેમનાં મકાનોના ઓરડાઓની સફાઈ અને કપડાં ધોવાનું કામ કરીશ...”

છાપરાંમાંથી ધુમાડો નીકળ્યો અને એકાએક સળગી ઊઠ્યાં. વૃક્ષવિહીન વિસ્તાર સૂમસામ પડ્યો હતો, જાણે અરધો ઊંઘમાં હતો.

૩

એક જીલ્લા કેંદ્રે જતો મિલિશિયાનો એક માણસ પક્ષીય જૂથના સચિવ પોલીતોવ પાસેથી સંદેશો લાવ્યો કે ગ્રીગોરી ગામમાં આવીને તેને મળી જાય.

ગ્રીગોરી પરોઢિયું થતાં પહેલાં નીકળી ગયો અને બપોરે ખાણાના સમયે એક ટેકરી ઉપરથી ગામડાના ટાવર અને તેની પાસે આવેલા પતરાના કે ઘાસના પૂળાના છાપરાવાળા મકાનોને જોવા લાગ્યો.

પગનાં સુજી ગયેલાં તળીયાં ઘસડતો તે ધીમે ધીમે ગામના ચોગાનમાં પહોંચ્યો.

ક્લબ પાદરીના મકાનમાં હતી. તે તાજા પરાળની સાદડી ઉપર ચાલતો એક મોટા ખંડમાં ગયો.

બારીઓ બંધી હતી અને ઓરડો અર્ધ અંધારી હાલતમાં હતો. બારી પાસે પોલીતોવ ફ્રેમ બનાવવા માટે કાષ્ઠકામમાં વ્યસ્ત હતો.

તેણે સ્મિત વેરતાં કહ્યું:

“હા, જુવાનિયા, મેં તારા વિશે ઘણું સાંભળ્યું છે.” ને તેણે પસીનાવાળો હાથ ગ્રીગોરી સામે લંબાવ્યો.

“ફિકર ન કરીશ, મેં જીલ્લાકેંદ્રે તપાસ કરાવી છે. તેઓને ત્યાંની તેલ મીલ માટે થોડાક જુવાનિયાઓની જરૂર છે પણ તેમને જોઈએ તે કરતાં વધુ અરજદારો છે. તારે પાનખર સુધી ધણ સંભાળવું પડશે, પછી અમે તને અભ્યાસ અર્થે બહાર મોકલીશું.”

“હું આ નોકરી કરવા ધણ સંભાળવાનું કામ છોડી દઈશ. મારા ગામડામાં કુલાકો મને ગોવાળ તરીકે રાખવાના સખત વિરોધી છે. તેઓ કહે છે કે ‘આ એક યુવાન સામ્યવાદી છે અને ગમાર નાસ્તિક માણસ છે. તે વાછરડાંઓને સંભાળતી વખતે ભગવાનની પ્રાર્થના નહીં કરે...’” અને ગ્રીગોરી હસી પડ્યો. તેમાં જાણે થાકની છાયા હતી.

પોલીતોવે બાંયથી લાકડાનો છોલ દૂર કર્યો અને બારીની પાળે બેસીને ભીનાં અને ગૂંચવાયેલાં ભવાં તળેથી ગ્રીગોરીને જોવા લાગ્યો.

“ગ્રીગોરી, તું તો ખૂબ જ સૂકલો છે... ત્યાં ખાવાનું કેટલુંક મળે છે?”

“મને જોઈતું મળી રહે છે.”

થોડોક સમય બન્નેમાંથી કોઈ ન બોલ્યું.

“ભલે, ચાલો આપણે મારે ઘેર જઈએ. હું તને કેટલુંક તાજું સાહિત્ય આપીશ. અમને હમણાં જ જીલ્લા-કેંદ્રથી કેટલાંક પુસ્તકો અને છાપાંઓ મળ્યાં છે.”

તેઓ એક શેરીમાં ચાલી નીકળ્યાં. આ રસ્તો સ્મશાન તરફ જતો હતો. મરઘીઓ રાખના ઢગલામાં તેમના પીછાં ફફડાવતી હતી, કોક ઠેકાણે કિચૂડ-કિચૂડ અવાજ થતો હતો, અને પીડાકારી નીરવતા કાનોમાં રણકતી હતી.

“તું થોડોક સમય રોકાઈ કેમ નથી જતો? અમારી એક સભા મળવાની છે. છોકરાઓ તારા વિશે પૂછપરછ કરતા હતા. તેઓ કહેતા: ‘ગ્રીશા ક્યાં છે? શું કરે છે?’ તું તેમને બધાને મળી શકીશ. હું સભામાં આંતરરાષ્ટ્રીય

પરિસ્થિતી વિશે વ્યાખ્યાન આપવાનો છું. આજની રાત મારી સાથે રોકાઈને કાલે તું પાછો જતો રહેજે.”

“હું રાતવાસો અહીં કરી શકું એમ નથી. દુન્યાત્કા એકલી નહીં સંભાળી શકે. અલબત્ત હું સભા પૂરતો રોકાઈ જઈશ અને જેવી તે પૂરી થઈ કે તરત જ હું જઈશ.”

પોલીતોવની પરસાળમાં ઠંડક હતી. સુકાં સફરજનની મીઠી સુગંધમાં ભીંત ઉપર ટાંગેલા જોતરના પટ્ટાઓમાંથીના આવતી ઘોડાના પરસેવાની ગંધ ભળેલી હતી.

ખૂણામાં ક્વાસનું* એક પીપ પડ્યું હતું અને તેની પાસે લબડી ગયેલી એક પથારી હતી.

“આ મારું નાનકડું વિશ્રાંતિસ્થાન છે. ઘરમાં મને ખૂબ જ ગરમી લાગે છે...”

પોલીતોવે નીચે વળીને ભારે કાળજીથી ‘પ્રાવ્દા’ છાપાના પાછલી તારીખના અંકો અને બે ચોપડીઓ કાઢી.

તેણે એ બધું ગ્રીગોરીના હાથમાં મૂક્યું અને પછી એક સારો સીવેલો નાનકડો કોથળો કાઢી તેનું મોં ખોલી તેને ઝાટક્યો.

“આને પકડ...”

ગ્રીગોરીએ કોથળો ઝાલ્યો પણ તેની નજર વારંવાર છાપેલા કાગળો તરફ સરકી જતી હતી.

પોલીતોવે અડધો કોથળો ભરાયો ત્યાં સુધી તેમાં આટો નાખ્યો અને પછી તેને ઠપકાર્યો. ત્યાર બાદ તે ઘરના આગળના ઓરડામાં ગયો.

ડુક્કરની ચરબી બે મોટા કટકા લઈને તે પાછો આવ્યો અને તેને કોબીજના પાનમાં લપેટીને લોટના કોથળામાં મૂક્યા.

“જ્યારે તું પાછો જાય ત્યારે આને લેતો જજે,” એણે કર્કશ અવાજે કહ્યું.

ગ્રીગોરીનું મોં રાતું થઈ ગયું. તેણે કહ્યું: “પણ આ બધું હું નહીં લઈ જઈ શકું...”

“ના, તારે લઈ જવું પડશે.”

“નહીં લઈ જાઉં.”

પોલીતોવ બરાડ્યો: “શું માથાકૂટ છે?” ક્રોધિત ચહેરે તેણે ગ્રીગોરી સામે

* ક્વાસ—જવ અને ઘઉં પ્રકારના અનાજમાંથી બનતું રશિયન પીણું.

જોઈને કહ્યું: “અને તું પોતાને કોમરેડ ગણાવે છે? કોઈની પણ મદદ લીધા વિના ભૂખે મરી જવું છે. આ સામગ્રી લઈ જા, નહીં તો તું મારો મિત્ર નથી...”

“તમારી પાસે છેલ્લું છે, તે મારે નથી લેવું.”

“છેલ્લું મારી જૂતી,” ગ્રીગોરીને ચડેલા મોંએ કોથળો બાંધતો જોતો પોલીતોવ આ વખતે હળવાશથી બોલ્યો.

સભા પરોઢિયું થાય તેના થોડાક સમય પહેલાં પૂરી થઈ.

ગ્રીગોરી વૃક્ષવિહીન વિસ્તારમાં રસ્તે પડ્યો. તેના ખભે કોથળો ભરાવેલો હતો, તેના સૂજી ગયેલા પગમાં અગન બળતી હતી પણ રજાળવ પરોઢિયામાં હામ ભીડતો તે ફાળ ભરતો રહ્યો.

૪

પરોઢિયું થતાં દુન્યાત્કા આગ પેટાવા માટે તેના ઝૂંપડાની બહાર છાણાં લેવા આવી ત્યારે તેણે ગ્રીગોરીને ઢોરના વાડા પાસેથી દોડતો આવતો જોયો. તેને થયું કે કશુંક ખરાબ બન્યું છે.

“શું કંઈ માઠું બન્યું છે?”

“ગ્રીશાકાનું વાછરડું મરી ગયું... અને બીજાં ત્રણ માંદા પડ્યાં છે,” ગ્રીગોરીએ ઊંડો શ્વાસ લેતા કહ્યું: “ગામડામાં જા, દુન્યા, અને ગ્રીશાકાને તેમ જ અન્યને અહીં બોલાવી લાવ. તેમને કહેજે કે તેઓનાં વાછરડાં બિમાર પડ્યાં છે...”

દુન્યાત્કા શાલ ઓઢીને ટેકરાળ વિસ્તારમાં ચાલી નીકળી. સૂર્યોદય ધીમે-ધીમે થઈ રહ્યો હતો.

ગ્રીગોરીને જ્યારે દુન્યાત્કા દેખાતી બંધ થઈ ત્યારે તે ધીમે-ધીમે વાડા તરફ ગયો. વાછરડાંઓ પોલાણની જગ્યામાં છૂટાંછવાયાં સરકી ગયાં હતાં. માંદાં પડેલાં ત્રણ વાછરડાંઓ વાડ પાસે પડ્યા હતા. બપોર સુધીમાં તે પણ મરી ગયાં.

ત્યાર પછી ગ્રીગોરી ધણ અને વાડા વચ્ચે દોડધામ કરવા માંડ્યો. વધુ બે પશુઓ માંદાં પડ્યાં હતાં. આમાંનું એક તળાવ નજીકના કાદવમાં ચિચિયારીઓ કરતું પડ્યું. એની ઊપસેલી આંખો આંસુને લીધે કાચ જેવી લાગતી હતી, ગ્રીગોરીની આંખમાંથી પણ ખારી અશ્રુધારા ગાલ ઉપર વહેવા લાગી.

સાંજ સુધીમાં દુન્યાત્કા પશુઓના માલિકો સાથે આવી પહોંચી.
સાંજ સુધીમાં દુન્યાત્કા પશુઓના માલિકો સાથે આવી પહોંચી.

વૃદ્ધ પુરુષ આર્તેમિચે હલનચલન વિનાના તેના વાછરડાને લાકડીનો ગોદો
માર્યો અને કહ્યું:

"અરે, આ તો પ્લેગની બિમારી છે. હવે આખું ધણ તેનો શિકાર થશે..."

તેઓએ પ્રાણીઓની ચામડી ઉતારી લીધી અને તેમનાં મડદાં તળાવથી દૂર
નહીં એવા સ્થળે દાટી દીધાં. ત્યાં સૂકી કાળી માટીનો નવો ટીંબો બની ગયો.

બીજે દિવસે સાત વાછરડાં એકીસાથે માંદાં પડ્યાં, એટલે દુન્યાત્કા ફરીથી
ગામડામાં ગઈ.

દરરોજ નવો ગમગીન દિન ઊગવા લાગ્યો. પશુઓનો વાડો ધીમે-ધીમે ખાલી થવા લાગ્યો. ગ્રીગોરીને પોતાનું હૈયું જાણે ખાલીખમ થઈ ગયું હોય એમ લાગ્યું. દોઢસો જેટલાં પશુઓમાંથી માત્ર પચાસ પશુઓ રહ્યાં, માલિકો તેમના ગાડામાં આવતા, મૃત પશુઓની ચામડી ઉતારી લેતા, પોલાણવાળી જગ્યામાં છીછરા ખાડા ખોદતા, લોહિયાળ મડદાંને તેમાં નાખતા, અને તેની ઉપર માટી ચઢાવી ચાલ્યા જતા. ધણને વાડામાં પૂરવાનું મુશ્કેલ બનતું જતું હતું. અદૃશ્ય રીતે ફેલાતી રહેતી લોહી અને મોતની ગંધથી દહેશતમાં પડી ગયેલાં વાછરડાં ભાંભરતાં હતાં.

પરોઢિયે ગ્રીગોરી ઉદાસ ચહેરે વાડાનો કિચૂડ-કિચૂડ અવાજ કરતો ઝાંપો ખોલવા જતો ત્યારે તેને કબરોની જમીન પરથી અચૂક પસાર થવું પડતું. કબરોની માટી હજુ પૂરેપૂરી સુકાઈ ન હતી. વાડાનો ઝાંપો ખોલી, ગ્રીગોરી પશુઓને ચરવા છૂટાં મૂકી દેતો.

આખો દિવસ સડેલા માંસની દુર્ગંધ આવતી, જાનવરોના એકાએક ભાગવાથી ધૂળ ઊડતી, લાચાર ભાંભરડા અણથંભ ચાલતા રહેતા, અને હંમેશની માફક તપતો સૂરજ આ વિસ્તાર ઉપર હળવે હળવે સરકતો રહેતો.

ગામડામાંથી શિકારીઓ આવ્યા અને ખોફનાક રોગને ડરાવીને વાડાઓમાંથી ભગાડી મૂકવા તેમણે વાડ પાસેથી બંદૂકો ફોડી, પણ વાછરડાંઓનાં મરણ થતાં રહ્યાં અને ધણ દિવસે-દિવસે નાનું થતું ગયું.

ગ્રીગોરીએ જોયું કે થોડીક કબરો ચૂંથાઈ ગયેલી હતી. થોડેક દૂર તેને કોતરી કાઢેલાં હાડકાં દેખાયાં. ધણ રાતે અસ્વસ્થ થઈ જતું અને હવે તો કાયર થવા માંડ્યું હતું. પશુઓના ભડકવાથી એકાએક શાંતિભંગ થતો અને ધણ વાડ તોડીને વાડાની બહાર નીકળી જતું. વાડાની બહાર આવી તે સમૂળમાં ગ્રીગોરીના ઝૂંપડા પાસે ઝડપભેર શ્વાસ લેતું અને વાગોળતું બેસી રહેતું.

ગ્રીગોરીને એક રાતે ભસતાં કૂતરાઓએ ઉઠાડ્યો ત્યાં સુધી તેને ખબર જ નહોતી પડી કે શું ગડબડ હતી. તે ઝડપભેર કોટ પહેરીને બહાર નીકળ્યો ત્યારે તેણે જોયું કે વાછરડાંઓ બેઠેલાં છે. તેઓએ નાક ઘસીને હેત કરવા માંડ્યું એટલે તેણે તેમની ઉપર હાથ ફેરવ્યા.

તે પોતાના ઝૂંપડાના બારણા પાસે થોડી વાર ઊભો રહ્યો અને તેણે કૂતરાઓને સિસોટી વડે સંકેત આપ્યો. સાપ નાળું નામે ઓળખાતા નજીકના કોતરમાંથી વરુઓના તરેહવાર અને તીણા રાગડા સંભળાયા. ટેકરી ફરતે આવેલી કાંટાળી ઝાડીઓમાંથી વધુ એક રાગડો સંભળાયો.

તે પાછો ઝૂંપડામાં ગયો અને તેણે તેલનો દીવો સળગાવ્યો.

"દુન્યા, સાંભળ્યું તેં?"

પરોઢિયું થતાં, આકાશમાંથી તારા અદૃશ્ય થવા લાગ્યા ત્યારે રાગડા બંધ થઈ ગયા.

૫

સવારે ચક્કીવાળો ઇગ્નાત અને મિખેઈ નેસ્તેરોવ આવ્યા. ગ્રીગોરી ઝૂંપડામાં બૂટ ઠીક કરી રહ્યો હતો. વૃદ્ધ માણસોએ પ્રવેશ કર્યો. ઇગ્નાતે પોતાની ટોપી ઉતારી અને ઘરમાં આવતાં સૂર્યના કિરણો સામે આંખો સંકોડી, અને ખૂણામાં ટાંગેલા લેનિનના ફોટા સામે ક્રોસની નિશાની કરવા હાથ ઊંચો કર્યો. પણ વખતસર તેના ધ્યાનમાં આવી ગયું કે કોનો ફોટો છે, એટલે તેણે હાથ સંકેલીને ઝડપભેર ગજવામાં સરકાવી દેતો તે ઝનૂનમાં થૂંક્યો.

"તો તારે ત્યાં કોઈ પવિત્ર છબી નથી, હેં?"

"ના..."

"પેલા ખૂણામાં કોની છબી છે?"

"લેનિનની."

"હવે તમામ મુશ્કેલીઓનું કારણ સમજાયું! જ્યાં ભગવાનની મૂર્તિ ન હોય ત્યાં હંમેશાં માંદગી રહે. આ જ કારણ છે કે આપણાં બધાં વાછરડાં મરી ગયાં. અરે, ભગવાન, અમારા રક્ષક, તારણહાર..."

"દાદા, વાછરડાં મર્યાં કારણ કે કોઈએ પશુઓના ડૉક્ટરને ન બોલાવ્યો."

"અમે તારા આ ડૉક્ટર વગર પહેલાં પણ ચલાવ્યું છે. તું હવે વધારે પડતો હોશિયાર થતો જાય છે. તારે તારું આ પાપી કપાળ વારંવાર કૂટવું જોઈએ, પછી કોઈ પશુના ડૉક્ટરની જરૂર નહીં પડે."

મિખેઈ નેસ્તેરોવે આંખો ચોળી અને બરાડો પાડ્યો:

"પેલી આદરની જગ્યાએથી ભગવાનની નહીં એવી આ અસભ્ય તસ્વીર ઉતારી લે. તારી નાસ્તિકતાને કારણે જ બધાં ઢોર મરી ગયાં."

ગ્રીશ્કાનો ચહેરો ફીકો થઈ ગયો.

"તમારા પોતાના ઘરમાં હુકમો છોડો, મારી સામે બરાડો નહીં. એ તો શ્રમજીવીઓના નેતાની તસ્વીર છે!"

મિખેઈ રાતો-પીળો થઈ ગયો. તેણે બરાડો પાડ્યો:

"તારે જો અમારી નોકરી કરવી હોય તો અમે કહીએ તેમ કરવું પડશે. અમે તારા જેવાને ઓળખીએ છીએ. ધ્યાન રાખજે, નહીંતર અમે થોડા વખતમાં જ તારો નિકાલ કરી નાખીશું."

તેઓ ટોપીઓ પહેરીને વધુ કશું પણ કહ્યા વિના ચાલ્યા ગયા.

દુન્યાત્કા ગભરાટથી અનિમેષ નજરે તેના ભાઈ સામે જોવા લાગી.

બીજે દિવસે લુહાર તીખોન તેના વાછરડાની ખબર લેવા ગામડેથી આવ્યો.

તે ધુમાડા કાઢતો ગ્રીગોરીના ઝૂંપડા પાસે બેઠો અને ચહેરા ઉપર કટાણા તથા કડવા મલકાટ સાથે બોલવા લાગ્યો.

"આપણે કંગાલ જીવન જીવીએ છે. તેઓએ જૂના અધ્યક્ષને કાઢી મૂક્યો છે અને મિખેઈ નેસ્તેરોવનો જમાઈ હવે અધ્યક્ષ બન્યો છે. તેઓ તેમને અનુકૂળ આવતું બધુ કરે છે. ગઈકાલે ભૂમિનું વિતરણ થયું હતું. પણ કોઈ ગરીબને ફાળે સારી જમીનનો ટુકડો આવે તો વિતરણ નવેસરથી કરવામાં આવે છે. આપણે ખૂબ જ નજીકના ભવિષ્યમાં ભારે વેઠ મજૂરી કરવાનો વારો આવવાનો છે, તેઓએ બધી જ સારી જમીન પચાવી પાડી છે. ગ્રીગોરી, આપણા માટે ખાલી નકામી રેતાળ જમીન બાકી રહી છે. આજકાલ આમ જ ચાલી રહ્યું છે..."

ગ્રીગોરી મોડી રાત સુધી તાપણા પાસે બેસી રહ્યો. તેણે મકાઈનાં મોટાં કેસરી રંગનાં પાંદડાંઓ ઉપર બળેલા લાકડાના અણીદાર ટુકડાથી કાંઈક લખ્યા કર્યું. તેણે ભૂમિના ગેરવાજબી વિભાજન વિશે, અને વાછરડાં બિમાર પડયાં ત્યારે પશુઓના ડૉક્ટરને બોલાવવાને બદલે પ્લેગને નસાડવા વાડામાં બંદૂકો ફેડવામાં આવી હતી તે વિશે, લખ્યું. આ પાંદડાંઓનો જથ્થો તેણે તીખોનને આપ્યો.

"જો તું કોઈ વાર જીલ્લા કેંદ્રે જાય તો 'ક્રાસનાયા પ્રાવ્દા' છાપું ક્યાં છપાય છે તેની તપાસ કરજે, અને તેમને આ લખાણ આપી દેજે. મેં શક્ય તેટલા સ્પષ્ટ શબ્દોમાં લખ્યું છે. આ પાંદડાંઓને વાળતો નહીં, તેમ કરતાં લખાણ ભૂંસાઈ જશે."

તીખોને જખમનાં ચાઠાંવાળી અને કોલસાથી કાળી થઈ ગયેલી આંગળીઓ વડે કાળજીપૂર્વક પાંદડાં હાથમાં લઈને ખમીસના આગળના ભાગ નીચે તેને સરકાવી દીધાં. જાણે આ પાંદડાંઓને તે હૃદય સરસાં ચાંપીને લઈ જતો ન હોય! જતાં જતાં તે બોલ્યો:

"હું જીલ્લા કેંદ્ર સુધી ચાલી નાખીશ. કદાચ મને ત્યાં સોવિયેત શાસન જોવા મળે... ત્રણ દિવસમાં હું દોઢસો વર્સ્ટ* ચાલી શકીશ. લગભગ એક અઠવાડિયામાં પાછો ફરીશ ત્યારે તને મળવા આવીશ."

૬

પાનખર ઋતુમાં વરસાદ આવ્યો અને નિરાશાજનક અંધારું થયું.

દુન્યાત્કા એક દિવસે વહેલી સવારે અનાજ લેવા ગામડામાં ગઈ.

વાછરડાંઓ ટેકરીની પેલી પાર ચરી રહ્યાં હતાં. ગ્રીગોરીએ એનો કોટ ખભે નાંખેલો હતો. રસ્તે ઉપાડી લીધેલી કાંટાળી ડાળખી હથેળીઓમાં મસળતો અને કશુંક વિચારતો તે ધણની પાછળ-પાછળ સૂમસામ રસ્તા ઉપર ચાલ્યો જતો હતો. થોડીક વારમાં અંધારીયા વાતાવરણમાં બે ઘોડેસવારોએ ટેકરી ઉપર દેખા દીધી.

તેઓ ખરીઓના ડાબલા બોલાવતા રવાલ ચાલે ગ્રીગોરી તરફ આવ્યા.

ગ્રીગોરીએ તેમને ઓળખ્યા, એમાંનો એક મિખેઈ નેસ્તેરોવનો જમાઈ એટલે કે નવો અધ્યક્ષ હતો અને બીજો ચક્કીવાળો ઈગ્નાતનો દીકરો હતો.

ઘોડાઓના મોઢામાંથી ફીણ નીકળી રહ્યું હતું.

"કેમ છે, ગોવાળ!"

"સારું છે."

"અમે તને મળવા આવ્યા છીએ..."

અધ્યક્ષ જીનમાં પોતાનો ભાર બીજી તરફ સરકાવીને બહેર મારી ગયેલી આંગળીઓ વડે ઓવરકોટનાં બટન ખોલવાનો પ્રયાસ કરવા લાગ્યો. ત્યાર બાદ તેણે છાપાનું પીળું પડી ગયેલું પાનું પાનું કાઢ્યું અને પવનમાં તેને ખોલ્યું.

---

*૧ વર્સ્ટ એટલે આશરે ૧૦૬૬.૮ મીટર.

"તેં લખેલું?"

ગ્રીગોરીએ મકાઈનાં પાંદડાંઓ ઉપર ભૂમિ વિભાજન અને વાછરડાંઓના મરણ વિશે લખેલા શબ્દો તેની આંખો સામે તરવરવા લાગ્યા.

"અમારી સાથે આવ!"

"ક્યાં?"

"પેલા કોતરમાં... અમારે તારી સાથે વાતચીત કરવી છે..." અધ્યક્ષના ભૂરા હોઠ ફરકી રહ્યા હતા અને આંખોમાં કપટ અને લાલાશ હતાં.

ગ્રીગોરી હસ્યો.

"અહીં કહો."

"તને જો એમ પસંદ હોય તો હું તને અહીં કહીશ..."

તેણે ગજવામાંથી રિવૉલ્વર કાઢી અને ઉછાળા મારતા ઘોડાને અંકુશમાં રાખતો તે બરાડયો.

"છાપાંમાં લખવું છે, એમ ને, ગંધારા સૂવર?"

"પણ શા માટે?.."

"હું તને જણાવીશ કે શા માટે... તારે લીધે મારી સામે હવે ખટલો ચાલશે, ચુગલીખોર! કોમ્યુનિસ્ટ હરામજાદા!"

અને ગ્રીગોરીના જવાબની રાહ જોયા વગર તેણે રિવૉલ્વરમાંથી સીધી તેના અબોલ મુખ સામે ગોળી છોડી.

ગ્રીગોરી ઊછળતા ઘોડાઓની ખરીઓ નીચે પડયો, તેણે એકાદ વખત શ્વાસનું ડચકું ભર્યું, આંગળીઓ વડે ભીના રતૂમડા ઘાસનું ઝૂમખું ઉખેડી નાખ્યું, અને તેનું પ્રાણપંખેરું ઊડી ગયું.

ઈગ્નાતનો દીકરો ઘોડા ઉપરથી ઠેકડો મારતો ઊતરી ગયો, અને તેણે કાળી માટીનું ઢેફું ઉપાડીને અને ગ્રીગોરીના મોંમાં ખોસી દીધું. મોઢામાંથી ફીણવાળું લોહી વહેવા લાગ્યું હતું...

વૃક્ષવિહીન મેદાન ખૂબ જ વિશાળ હતું. કોઈએ તેને માપ્યું ન હતું. તેને ઘણા માર્ગો અને કેડીઓ હતી. પાનખરની રાત ઘોર અંધારી અને સૂમસામ હતી, અને ખરીઓનાં વરસાદના પાણીથી ધોવાઈને સાફ થઈ જાય એમ હતા...

૭

સાંજનો સમય. ઝરમર-ઝરમર વરસાદ. વૃક્ષવિહીન મેદાનનો રસ્તો. પણ જવાની એક રોટી ઝોળામાં નાખીને અને હાથમાં લાકડી લઈને ચાલનાર વ્યક્તિ માટે રસ્તો કાપવો મુશ્કેલ કામ ન હતું.

દુન્યાત્કા આ માર્ગે જઈ રહી છે. તેના ફાટેલા પોલકાની કિનારી ઉપર જોરદાર પવન ઝપાટા મારી રહ્યો છે, અને તેને પાછળથી ધકેલી રહ્યો છે.

આજુબાજુનો વિસ્તાર ઘેરો અને સૂમસામ છે. અંધારું થતું જાય છે.

રસ્તા પરથી ટેકરી હવે બહુ દૂર જણાતી નથી. તેની ઉપર ગ્રીગોરીનું ઝૂંપડું છે. પવનમાં ઘાસપુસનું છાપરું ઊડી ગયેલું દેખાય છે.

દુન્યાત્કા જેવી તેના તરફ વળે છે કે તરત જ તેની ચાલ પીધેલા માણસ જેવી થઈ જાય છે. તે દબાઈ ગયેલી કબર ઉપર ઊંધી ઢળી પડે છે.

રાતનો સમય...

દુન્યાત્કા રેલ્વે સ્ટેશન તરફ જતા ધોરીમાર્ગે પહોંચે છે, રસ્તામાં પૈડાંના ચીલા પડી ગયેલા છે. પંથ કાપવાનું સહેલું છે કારણ કે તેની થેલીમાં જવની એક રોટી છે, ફાટી ગયેલું પુસ્તક છે, પુસ્તકનાં પાનાંઓમાંથી આ વિસ્તારની કડવી ધૂળની ગંધ આવે છે. થેલીમાં તેના ભાઈનું કંતાનનું ખમીસ પણ છે.

પણ તેના દિલમાં વેદના છલકાઈ જાય અને આંસુઓ તેની આંખોને દઝાડે છે ત્યારે તે દૂરથી દેખાય નહીં એવી જગ્યા શોધી કાઢે છે, થેલીમાંથી ધોયા વગરનું બરછટ પહેરણ કાઢે છે, અને તેમાં મોં દબાવીને ભાઈના પરસેવાની વાસ પીવા લાગે છે. તે લાંબા સમય સુધી નિશ્ચલ પડી રહે છે.

અંતર કપાતું જાય છે. ઝાડીઓમાં વરુઓ રાગડા તાણી રહ્યાં છે, કંગાલ જીવનની ફરિયાદ કરે છે, પણ દુન્યાત્કા ચાલતી જાય છે. હવે તે શહેરમાં જઈ રહી છે, ત્યાં સોવિયેત શાસન છે, ત્યાં શ્રમજીવીઓ ભણી રહ્યા છે, જેથી ભવિષ્યમાં તેઓ પોતાના પ્રજાસત્તાકનું શાસન ચલાવી શકે.

લેનિનનું પુસ્તક કહે છે કે એમ છે.

૧૯૨૫

અલ્લડ છોકરો

મિશ્કાને સ્વપ્નું આવ્યું કે ફળવાડીમાં ચેરીના ઝાડમાંથી કાપેલી લાંબી સોટી ખીજમાં વીંઝતા દાદા નજીક આવી રહ્યા છે.

"અહીં આવ, અહીં આવ, ભિખાઈલો ફોમીચ," દાદા સખતાઈથી બોલ્યા. "તને સરસ મેથીપાક ચખાડવાનો છે."

"શા માટે, દાદા?" મિશ્કાએ પૂછ્યું.

"શા માટે! કારણ કે તું રૂંછાંદાર મરઘીના માળામાંથી બધા ઈંડા ચોરીને લઈ ગયો અને પૈસા ચકડોળની મોજમાં ઉડાવી નાખ્યા."

"પણ દાદા, હું તો આખા ઉનાળામાં ક્યારેય ચકડોળ નજીક જ ગયો જ નથી," મિશ્કાએ ડરતાં ડરતાં કહ્યું.

દાદાએ દાઢી પર હાથ ફેરવ્યો અને પગ પછાડીને કહ્યું:

"ચાલ, અહીં આવ, પાટલૂન નીચે ઉતારી દે, મવાલી ક્યાંનો!"

મિશા નીંદરમાં ચીસ પાડીને જાગી ગયો. તેનું હૈયું એવા ધડકારા કરતું હતું કે ખરેખર સોટીના ફટકા ખાધા હોય. હળવેથી એક આંખ ખોલી, આસપાસ નજર નાખવા પૂરતી જ. અજવાળું થઈ ગયું હતું. બારીની બહાર ઉષાકિરણોનો ફૂંફાળો ચળકાટ ફેલાઈ રહ્યો હતો. બહાર પરસાળમાંથી અવાજો સંભળાતા હતા. મિશાએ માથું ઊંચું કર્યું. તેને માનો અવાજ કાને પડ્યો, તીણો, ઉત્તેજના ભરેલો, હસવામાં અરધો રૂંધાઈ ગયેલો. દાદા લગાતાર ઉધરસ ખાતા હતા. બીજો કોઈ માણસ પણ હતો, રણકતા અવાજવાળો.

મિશા આંખો ચોળીને ઊંઘને સાફ કરી નાખે છે. બહારનું બારણું ખૂલીને બંધ થાય છે. દાદા ઉતાવળી ચાલે ઓરડામાં આવે છે,—તેમનાં ચશ્માં ઊંચાંનીચાં થતાં રહે છે. પહેલાં તો મિશાને લાગ્યું કે પાદરી ગાયકોને સાથે

લઈને આવ્યો હશે, કારણ કે ઈસ્ટરના તહેવારે એ લોકો આવેલા ત્યારે પણ દાદાએ બરાબર એવી જ રીતે ધમાલ કરી હતી. પણ દાદાની પાછળ આવતો માણસ પાદરી નહોતો એ તો કોઈ અજાણ્યો આદમી હતો, કદાવર બાંધાનો ફોજી હતો, તેણે કાળો ઓવરકોટ પહેર્યો હતો, માથે અણી વગરની રીબનવાળી ટોપી હતી. મા તેની ગરદન ફરતે હાથ વીંટાળીને ઉત્તેજનામાં ચીસાચીસ કરતી હતી.

આદમીએ માને આઘી હડસેલી દેતાં ઘાંટો પાડ્યો:

"મારી ઓલાદ ક્યાં છે?"

મિશા ભયથી ધ્રૂજી ઊઠ્યો અને રજાઈની અંદર સંતાઈ ગયો.

"દીકરા, મિન્યુશ્કા, ઊઠ, જો તારા બાપુ જંગમાંથી પાછા આવ્યા છે."

હજી તો મિશાને ખબરેય પડે તે પહેલાં તો ફોજીએ તેને બિસ્તરમાંથી ઉપાડીને છત સુધી ઊંચે ઉછાળ્યો, પાછો પકડી લીધો, અને પછી છાતીએ ભીંસીને લાલ મૂછના અણીદાર વાળ મિશાના હોઠ, ગાલ, અને આંખોમાં ભોંકી દીધા. વળી મૂછ ભીની હતી અને તેમાં મીઠા જેવો ખારો સ્વાદ હતો. મિશાએ વળ ખાઈને છૂટવાની કોશિશ કરી પણ તે ફાવ્યો નહીં.

"મારો દીકરો કેવો મોટો બોલ્શેવિક થઈ ગયો છે," બાપુ ગરજતા બોલ્યા. "થોડા વખતમાં બાપથીયે મોટો થઈ જશે!.. હા-હા-હા!.."

તેણે મિશા જોડે રમવાનું બંધ ન કર્યું. ઘડીક હથેળી પર બેસાડીને ગોળગોળ ફેરવે, અને પછી છતની વળીઓ સુધી ઊંચે ઉછાળે.

બિચારો મિશા ધીરજ રાખીને બન્યું ત્યાં સુધી સહન કરતો રહ્યો. પણ આખરે તેણે દાદાની જેમ મોં કરડું બનાવી દીધું, ભવા તણીને ભેગાં કરી દીધાં, અને બન્ને હાથ વડે બાપુની મૂછ પકડી લીધી.

"છોડો મને, બાપુ."

"ના, નહીં છોડું."

"છોડો, હું કંઈ હવે નાનો ગીગલો નથી કે મને લઈને રમત કર્યા કરો."

બાપુએ બેસી જઈને મિશાને પોતાના ગોઠણ પર બેસાડ્યો અને હસતાં હસતાં પૂછ્યું:

"તો મારા છોકરા, કેટલાં વર્ષ થયાં તને?"

"આઠમું ચાલે છે,"—મિશ્કાએ રીસમાં જવાબ આપ્યો.

"દીકરા, યાદ છે તને, પરારના વર્ષે મેં તને આગબોટો બનાવી આપેલી? અને પછી આપણે એને તળાવમાં તરતી મૂકેલી?"

"યાદ છે,"—મિશા બોલી ઊઠ્યો, અને તેના હાથ જાણે અચડાતા અચડાતા બાપુની ગરદન ફરતે વીંટાઈ ગયા.

પછી તો ગમ્મત શરૂ થઈ ગઈ. બાપુ મિશાને પોતાના ખભા પર સવારી કરાવીને રુઆબથી ઓરડામાં આમથી તેમ દોડાદોડી કરવા લાગ્યા, ખરા ઘોડાની જેમ ક્યારેક અચાનક લાત મારે અને ક્યારેક હણહણે. મિશા એટલો ઉત્તેજિત થઈ ગયો કે શ્વાસ પણ માંડમાંડ લઈ શકતો હતો. માં એની બાંય વારંવાર ખેંચતી બોલી.

"મિશા, જા, બહાર ફળિયામાં જઈને રમ. ભાગ અહીંથી, બદમાશ!" પછી બાપુની તરફ ફરીને તેણે કહ્યું—"ફોમા આકીમિચ, હવે છોડો છોકરાને, હેઠો ઉતારી દો!.. મારે નિરાંતે ધરાઈને તમને જોઈ લેવા છે, મારા વહાલુડા! આખાં બે વર્ષ આપણે એક બીજાને જોયા પણ નથી, અને તમે બધો વખત એની સાથે રમ્યા કરો છો!"

બાપુ મિશાને નીચે ઉતારી દેતા બોલ્યા: "જા, હમણાં જઈને છોકરાઓ ભેગા રમ. પછી હું તને બતાવીશ કે તારા માટે શું શું લાવ્યો છું."

બારણું બહારથી બંધ કરતી વેળા મિશાને પહેલાં તો ત્યાં પરસાળમાં જ ઊભો રહીને સાંભળવાનું મન થયું કે મોટેરાં શેની વાતચીત કરે છે. પણ પછી એને ખ્યાલ આવ્યો કે હજી ગામના એકેય છોકરાને ખબર નથી કે બાપુ પાછા આવી ગયા છે. એટલે તે સીધો ફળિયું પાર કરતો અને શાકભાજીના વાડામાં બટેટાના રોપાઓને ખૂંદતો તળાવે પહોંચી ગયો.

તે થોડી વાર ગંધારા બંધિયાર પાણીમાં છબાછબ કરતો રહ્યો, પછી રેતીમાં આળોટીને તળાવમાં છેલ્લી ડૂબકી મારી આવ્યો. પહેલા એક અને પછી બીજા પગે ઠેકડા મારતાં મારતાં તેણે પાટલૂન પગમાં ભરાવી લીધું. હજી તે ઘરે જવાની તૈયારીમાં હતો એટલામાં પાદરીનો દીકરો વીત્યા આવી પહોંચ્યો.

"ઊભો રહે, મિશા, ચાલ એક ડૂબકી મારીએ અને પછી મારે ત્યાં જઈને રમીએ. માએ રજા આપી છે."

મિશાએ ડાબા હાથે પાટલૂન ઊંચું ખેંચી લીધું અને બાકી બચેલો એક પટ્ટો ખભે ભરાવી દીધો.

"મારે તારી સાથે નથી રમવું. તારા કાનમાંથી ગંદી વાસ આવે છે," તેણે કહ્યું.

"કંઠમાળને લીધે,"—વીત્કાએ ગૂંથેલું ખમીસ દૂબળા ખભા પરથી ખેંચીને કાઢી નાખતાં કહ્યું. પછી ખારમાં એક આંખ ગોળ સંકોડીને તે આગળ બોલ્યો:

"તું કાંઈ કઝાક નથી. તારી માને તું ગટરમાંથી મળેલો."

"જાણે કેમ તને બધીય ખબર હોય?"

"અમારી રસોયણે માને વાત કરેલી, હું સાંભળી ગયેલો."

મિશાના ઉઘાડા પગના અંગૂઠા રેતીમાં દબાઈ ગયા. તેણે ચડિયાતી ઊંચાઈએથી વીત્કા ઉપર નજર ઠેરવીને કહ્યું:

"તારી મા જૂઠાબોલી છે. મારા બાપુ તો જંગમાં લડ્યા છે, પણ તારા બાપુ બીજાનું લોહી ચૂસે છે અને પારકા રોટલા પચાવી પાડે છે."

"અને તું હરામજાદો છે," પાદરીના દીકરાએ રડું રડું થઈ જતું વળતો જવાબ દીધો.

મિશાએ નીચે વળીને એક મોટો લીસો કાંકરો ઉપાડ્યો. પણ પાદરીનો દીકરો આંસુ રોકીને મધઝરતો મલકાટ કરતો બોલ્યો.

"ગુસ્સે નહીં થા, મિશા. લડવાની કંઈ જરૂર નથી. હું તને મારું ખંજર આપીશ, તારે જોતું હોય તો. મેં લોઢાના કકડામાંથી બનાવ્યું છે."

મિશાની આંખો ચમકી ઊઠી. એણે કાંકરો ફેંકી દીધો. પણ પછી બાપુ યાદ આવી જતાં તેણે તુચ્છકારથી કહ્યું:

"મારા બાપુ લઈ આવ્યા છે એક, જંગમાંથી. તારા ખંજર કરતાં ઘણું બહેતર છે."

"જૂઠું બોલે છે," વાત માની ન શકતો વીત્યા લંબાતા અવાજે બોલ્યો.

"તું જૂઠું બોલે છે. એક વાર કહ્યું કે બાપુ લાવ્યા છે, એટલે લાવ્યા જ છે... અને ખરી બંદૂક પણ."

"તું સમજે છે કે મોટો અમીર બની ગયો એમને!" વીત્યાએ કટાણું અદેખું મલકાતાં ઘુરકાટ કર્યો.

"વળી એમની પાસે એક ટોપી છે, ટોપીમાં સરસ મજાની ફીતો ટાંકેલી છે, અને ફિતોમાં સોનેરી અક્ષરો છે, તારી ચોપડીમાં છે એવા જ!"

વીત્યાને જવાબ ઘડી કાઢવામાં થોડીક મિનિટો લાગી ગઈ. તેના કપાળમાં કરચલીઓ વળી ગઈ અને તે વિચારમાં ખોવાઈ જઈને પેટની સફેદ ચામડી ખજવાળતો રહ્યો.

"મારા બાપુ આજકાલમાં બિશપ બની જવાના છે," તે આખરે બોલ્યો "પણ તારા બાપુ તો ખાલી ભરવાડ છે. સમજ્યો ને!"

મિશા એક જ જગ્યાએ ઊભો રહીને જીભાજોડી કરતો કંટાળી ગયો હતો. તે પાછો વળીને ઘર તરફ ચાલવા માંડ્યો. પાદરીના દીકરાએ સાદ પાડ્યો.

"મિશા! મિશા! તને એક વાત કહેવી છે."

"બોલ."

"નજીક આવ!"

મિશા નજીક ગયો. શંકામાં તેની આંખો ગોળ સંકોડાઈ ગઈ.

"બોલ, શું છે?"

પાદરીનો દીકરો વળી ગયેલા સુકલકડી પગને ટેકે રેતીમાં નાચતો અને મનમાં ફુલાઈને મલકાટ કરતો બોલ્યો:

"તારો બાપ તો કોમ્યુનિસ્ટ છે. તું મરી જઈશ અને તારો જીવ આકાશમાં ઊડીને જશે ત્યારે ભગવાન તને કહેશે: 'તારો બાપ કોમ્યુનિસ્ટ હતો એટલે તારે સીધા નરકમાં જવાનું છે.' અને ત્યાં ભૂતો તને ગરમ તવામાં તળશે."

"ઠીક, પણ તનેય તળશે."

"મારા બાપુ તો પાદરી છે તું સાવ અબુધ છે, તું કંઈ નહીં સમજે."

મિશા ગભરાઈ ગયો. તે મૂંગોમૂંગો પાછો વળીને ઘર તરફ દોડી ગયો. વાડ પાસે પહોંચીને તેણે પાછળ નજર નાખી અને પાદરીના છોકરા સામે મુક્કો હલાવ્યો.

"દાદાને પૂછીશ. તારી વાત ખોટી નીકળી તો પછી તારે અમારા આંગણાથી દૂર જ રહેવામાં સારાવાટ છે!"

તે વાડ પર ચડીને ઘેર દોડી ગયો. તેને આંખો સામે ધગધગતો તવો દેખાયો. તેમાં પોતે, મિશા, તળાઈ રહ્યો હતો. તેની આસપાસ ઊકળતી ખાટી મલાઈમાં પરપોટા થતા હતા અને ફીણ વળતું હતું. તેને ફફડાટ થઈ ગયો. તરત જ દાદા પાસે જઈને બધું પૂછી લેવું જોઈએ.

એટલામાં તેને ભૂંડણ નજરે પડી. ભૂંડણનું માથું ફાટકમાં ભરાઈ ગયું હતું અને બાકીની કાયા બહાર હતી. તે નાનકડી પૂંછડી હલાવતી અને દહેશતમાં ચીસો પાડતી પૂરું જોર લગાવીને ફાટકને ધકેલી રહી હતી. મિશા વહારે દોડી ગયો. તેણે ફાટક ખોલવાની કોશિશ કરી તો ભૂંડણ ઘુરઘુરાટ કરવા લાગી. મિશા તેની ઉપર સવાર થઈ ગયો. ભૂંડણે આખરી જોર લગાવીને ફાટકને મજાગરેથી તોડી નાખ્યું, અને તે બને એટલી ઝડપથી આંગણામાં દોડવા લાગી. મિશાએ પગ તેના પડખાંમાં ભરાવી દીધા. ભૂંડણ તેને લઈને એટલા વેગે ધસી ગઈ કે તેના વાળ હવામાં ફરફરવા લાગ્યા. તે ખળા નજીક ઠેકડો મારીને ભૂંડણ

ઉપરથી ઊતરી ગયો. તેણે આસપાસ જોયું તો દાદા ઓટલે ઊભા ઊભા તેને બોલાવી રહ્યા હતા.

"અરે જુવાનિયા, અહીં આવ!"

મિશાને જરાપણ ખ્યાલ ન આવ્યો કે દાદાનો શું ઇરાદો છે. ફરી પાછી તેને નરકના તવાની વાત યાદ આવી એટલે તેણે સીધી દાદા તરફ દોટ મૂકી.

"દાદા, દાદા, સ્વર્ગમાં ભૂત હોય ખરાં?"

"હમણાં બતાવું કે ભૂત ક્યાં હોય. જરાક ઊભો રહે. તારાં હાડકાં ખોખરાં કરવાની જરૂર છે, નાનકો મવાલી ક્યાંનો! ભૂંડણ ઉપર સવારી કેમ કરી?"

દાદાએ મિશાના વાળ પકડી લીધા. એટલે તે છટકી ન શક્યો. પછી દાદાએ અંદરથી માને બોલાવી.

"જો, તારા ડાહ્યા દીકરાનાં પરાક્રમ!"

માએ બહાર આવીને પૂછ્યું.

"કેમ, શું કર્યું છે એણે?"

"શું નથી કર્યું! હમણાં મેં જોયું. ભૂંડણની સવારી કરી, પાછળ ધૂળના ગોટા ઊડ્યા એટલા જોરથી."

"પેલી વિયાવાની છે એની ઉપર?"

ખોફમાં માના હાથ ઊંચા થઈ ગયા. મિશા બચાવમાં એક શબ્દ પણ બોલી શકે તે પહેલાં તો દાદાએ પટ્ટો કાઢી લીધો હતો, અને ડાબા હાથે પાટલૂન પકડી રાખીને જમણા હાથ વાડે મિશાનું માથું પોતાના ગોઠણો વચ્ચે ભરાવ્યું. મિશાને ધડાધડ ફટકા પડ્યા. ભેગા દાદાના કરડા રાગડા ચાલતા રહ્યા:

"એ ભૂંડણાની સવારી કરતો નહિ ફરી ક્યારેય! એ ભૂંડણની સવારી કરતો નહિ!"

મિશ્કા ભેંકડા તાણવા લાગ્યો પણ દાદાએ તેના ભેંકડા તરત બંધ કરાવી દીધા.

"બદમાશ, તને તારા બાપની દયા નથી આવતી? હમણાં જ ઘેર પાછો આવ્યો છે, થાકેલો છે, જરાક આડો પડ્યો છે, અને તું આવા રાગડા તાણે છે!"

એટલે મિશાને મૂંગા રહેવું પડ્યું. તેણે દાદાને પાટુ મારવાની કોશિશ કરી, પણ પગ ત્યાં સુધી પહોંચી શક્યો નહીં. માએ તેને પકડીને અંદર ધકેલ્યો:

"બેસ ત્યાં ચુપચાપ, સો શેતાનની ઓલાદ! એક વાર મારો હાથ ઊપડશે તો દાદાના હાથ જેવો હળવો નહીં હોય!"

દાદા રસોડાના બાંકડા પર બેઠાબેઠા થોડી થોડી વારે મિશ્કા તરફ જોઈ લેતા હતા. મિશ્કા દીવાલ તરફ મોં રાખીને ઊભો હતો. તે છેલ્લાં આંસું મૂઠી વડે લૂછી નાખતો દાદા તરફ ફરી ગયો અને વાંસો ભીંતે ટેકવતો બોલ્યો:

"જો-જો... જોઈ લઈશ તમને."

"તું દાદાને ધમકી આપે છે એમ કે?"

મિશ્કાએ જોયું કે દાદા ફરી પટ્ટો ઢીલો કરી રહ્યા છે. તેણે બારણાને હડસેલો માર્યો. બારણું જરાક ખૂલી ગયું.

"મને ધમકી આપે છે એમ કે?" દાદાએ દોહરાવ્યું.

મિશા બારણાં પાછળ ગાયબ થઈ ગયો. પણ ફરી ડોકિયું કરીને દાદાની દરેક હલચલનું ધ્યાન રાખતાં તેણે બરાડો પાડયો:

"જોઈ લેજો, દાદા! તમારા બધાય દાંત નીકળી જાય ત્યારે હું તમારા માટે ખાવાનું ચાવી દેવાનું કહેતા નહીં મને, હું નહીં ચાવી દઉં!"

દાદાએ ઓટલે પહોંચીને જોયું તો વાડામાં બરછટ શણમાં ફક્ત મિશાના માથાનો અને ભૂરા પાટલૂનનો ખાલી ઝબકારો નજરે પડયો. ડોસાએ ધમકીમાં લાકડી હલાવી, પણ દાઢીની ઓથમાં પડેલા હોઠ મલકાઈ રહ્યા હતા.

બાપ તેને 'મિન્કા' કહીને બોલાવતો, મા 'મિન્યૂશ્કા' કહેતી. દાદાના મનમાં શાંતિ જેવું હોય ત્યારે મવાલી કહીને બોલાવે, પણ ગુસ્સામાં સફેદ ભવાં તણાઈને ભેગાં થઈ ગયાં હોય ત્યારે તો—"મિખાઈલો ફોમીચ, અહીં આવ, તારા કાન ખેંચવાની જરૂર છે."

બીજા બધાં—પંચાતિયા પાડોશીઓ, છોકરાં, આખું ગામ—તેને 'હરામજાદો' કહીને ન બોલાવે ત્યારે 'મિશ્કા' કહેતાં.

મિશ્કાનો જન્મ થયો ત્યારે તેની મા હજી પરણી નહોતી. ખરી વાત કે માત્ર એક જ મહિના પછી તેનું લગ્ન [મિશાના બાપ ભરવાડ ફોમા સાથે થઈ ગયું હતું. પણ આકરું હુલામણું નામ 'હરામજાદો' હંમેશ માટે મિશાને વળગી ગયું હતું.

મિશ્કાનું કદ નાનું હતું. વસંતના આરંભમાં તેના વાળ સૂર્યમુખીની પાંખડીઓ જેવા રંગના હતા. પણ જૂન મહિનાના તડકામાં એ રંગ ઊડી ગયો હતો. અને વાળ બરછટ કૂચાની ઝૂડીઓ જેવા થઈ ગયા હતા. તેના ગાલમાં ચકલીના ઈંડા જેવા ડાઘા હતા. સૂર્યના તાપને લીધે અને વારંવાર તળાવમાં ડૂબકીઓ મારવાથી તેના નાકની ચામડી કાયમ ઊખડતી રહેતી. વાંકડા પગવાળા

મિશાની કાયામાં ફક્ત એક જ લક્ષણ સારું હતું: તેની આંખો, ટચૂકડાં કાણાંમાંથી ડોકિયાં કરતી ભૂરી અને તોફાની આંખો, નદીના અરધા ઓગળેલા બરફના ટુકડાઓ જેવી લાગતી.

મિશાના બાપુને તે એવી આંખોને કારણે અને તેના ચંચળ બેચેન સ્વભાવને કારણે વહાલો લગતો. બાપુ જંગમાંથી દીકરા માટે મધની કેક લાવ્યા હતા, લાંબો વખત વીતી જવાથી તે પથ્થર જેવી સખત થઈ ગઈ હતી, અને જરાતરા ઘસાઈ ગયેલા મોટા જોડા પણ લાવ્યા હતા. જોડા તો માએ કપડામાં વીંટીને સંદૂકમાં મૂકી દીધા હતા, અને મધની કેકને મિશાએ એ જ સાંજે હથોડી વડે ભાંગી નાખી હતી, અને તેનો છેલ્લામાં છેલ્લો કણ પણ પેટમાં પધરાવી દીધો હતો.

બીજા દિવસે સૂર્યોદય થતાં મિશા ઊઠી ગયો. તેણે લોઢાની બાલટીમાંથી થોડુંક નવસે પાણી લઈને મેલા મોં પર છાંટયું, અને પછી મોં સુકાવવા એ બહાર દોડી ગયો.

મા ફળિયામાં ગાયના કામમાં લાગી ગઈ હતી. દાદા ઘર ફરતી માટીની વંડી પર બેઠા હતા. મિશાને જોતાં જ એમણે સાદ દીધો:

"અરે, નાનકા મવાલી,—જા, કોઠાર નીચે સરકીને જો, મરઘીનું કૂક... કૂક... કાને પડેલું, ઈંડું મૂક્યું હશે."

મિશ્કા દાદાનો હુકમ બજાવવા હંમેશાં તૈયાર રહેતો. તે કોઠાર નીચે સરકી ગયો, સરકતો સરકતો બીજી તરફ બહાર નીકળી ગયો, અને મોજથી દોડવા લાગ્યો, દાદા જોતા હોય તો તપાસ કરી લેવા વારંવાર પાછળ નજર નાખતો શાકભાજીના વાડને પાર કરી ગયો. તે વાડ સુધી પહોંચ્યો ત્યાં સુધીમાં તેના પગમાં બધે કૌવચના કાંટા વાગી ગયા હતા. દાદાએ ઘણી વાર સુધી એની રાહ જોઈ અને પછી કંટાળીને પોતે સરકીને કોઠાર નીચે ગયા. તેમને આખા શરીરે મરઘીની ચરક ચોંટી ગઈ, તે ભેજવાળા અંધારામાં અરધા આંધળા થઈ ગયા, અને બીજે છેડે પહોંચતાં પહેલાં માથું ભોંયપટની વળીઓ સાથે ભટકાતું રહેવાની પીડાના ભોગ બનતા રહ્યા.

"તું તો મૂરખ છો, મિશા, નાનકડું ઈંડું ગોતવામાં આટલી વાર! જાણે કેમ મરઘી ત્યાં ઈંડું મૂકતી હોય! ઈંડું તો બરાબર આ પથરા નજીક હોવું જોઈએ. મિશા! આખર તું છો ક્યાં?"

દાદાને કશો જવાબ ન મળ્યો. પાટલૂન ઉપરથી ગંદવાડ ઝાટકતા તે સરકીને કોઠાર નીચેથી બહાર નીકળ્યા અને ઝીણી આંખે તળાવ તરફ જોવા લાગ્યા. મિશા બેશક ત્યાં હતો. તે ખભા હલાવીને બીજી તરફ ફરી ગયો.

તળાવ પાસે ગામનાં છોકરાં મિશ્કાને ઘેરી વળ્યાં અને પૂછવા લાગ્યાં:

"તારા બાપુ શું લડાઈમાં ગયા હતા?"

"હા."

"શું કરતા હતા?"

"લડતા હતા, બીજું શું?"

"રહેવા દે! ખાલી ટોલાની સામે લડતા, અને બાકીનો વખત રસોડા પાસે બેસીને હાડકાં ચાવતા રહેતા."

છોકરાં હસતાં હસતાં રાડારાડી કરવા લાગ્યાં, ઠેકડા મારવા લાગ્યાં, અને મિશાની સામે આંગળી ચીંધવા લાગ્યાં. સખત ખીજથી મિશાની આંખોમાં આંસુ આવી ગયા. અધૂરામાં પૂરું, પાદરીના દીકરા વીત્કાએ ટોણો માર્યો:

"તારા બાપુ કોમ્યુનિસ્ટ છે, નહિ કે?"

"ખબર નથી..."

"મને ખબર છે. કોમ્યુનિસ્ટ છે. મારા બાપુ આજે જ કહેતા હતા કે એણે પોતાનો આત્મા શેતાનને વેચી દીધો છે. હા વળી, બહુ થોડા વખતમાં બધા કોમ્યુનિસ્ટોને ફાંસીએ લટકાવી દેવામાં આવશે!"

છોકરાંઓમાં એકદમ ચુપકી છવાઈ ગઈ. બીકને લીધે મિશાનું તો જાણે કાળજું બેસી ગયું. "મારા બાપુને ફાંસીએ લટકાવશે? કયા ગુના બદલ?" તેણે જોરથી દાંત ભીડીને વળતો જવાબ દીધો:

"મારા બાપુ પાસે ભારે મોટી બંદૂક છે. બધા માલદારોને ગોળીઓ ઉડાવી દેશે."

વીત્યાએ જાણે ફતેહની શાનથી કહ્યું:

"અરે ના, નહીં ઉડાવી દે. મારા બાપુ એને ભગવાનની આશિષ દેશે જ નહીં, અને આશિષ વગર એ કંઈ પણ નહીં કરી શકે."

દુકાનદારનો દીકરો પ્રોશ્કા મિશ્કાને છાતીમાં મુક્કો મારીને નસકોરાં ફરકાવતો બોલી ઊઠ્યો:

"રહેવા દે, તારા બાપુની બહુ મોટીમોટી વાતો ન કર! ક્રાંતિ થઈ ત્યારે એણે મારા બાપુનો બધોય માલ બથાવી પાડ્યો હતો. મારા બાપુ તો કહે છે કે 'જરાક થોભી જા, મામલો પલટાઈ જાય ત્યાં લગી. પહેલું કામ એ ભરવાડ ફોમાને મારી નાખવાનું કરવાનો છું.'"

પ્રોશ્કાના બહેન નતાશાએ પગ પછાડીને બરાડો પાડ્યો:

"છોકરાઓ, વાટ શાની જુઓ છો? પકડીને મારો એને!.."

"મારો કોમ્યુનિસ્ટની ઓલાદને!.."

"હરામજાદો!.."

"પ્રોશ્કા, કરી દે પાંસરો એને!"

પ્રોશ્કાએ લાકડી વીંઝીને મિશ્કાના ખભા ઉપર ફટકારી. પાદરીના દીકરા વીત્કાએ મિશ્કાના પગમાં આંકડી મારીને તેને જોરથી રેતીમાં ચત્તોપાટ પછાડી દીધો.

છોકરાઓ રાડારાડ કરતા તેની ઉપર તૂટી પડ્યા. નતાશાએ તીણા અવાજે ચીસો પાડતાં અણીદાર નખ વડે તેની ગરદનમાં ઉઝરડા પાડી દીધા. કોઈકે તેને જોરથી પેટમાં લાત મારી.

મિશ્કાએ પ્રોશ્કાને ધકેલીને અળગો કરી દીધો, પછી તે મહેનત કરીને પગને ટેકે ઊભો થઈ અને શિકારી કૂતરાથી બચવા ભાગતા સસલાની જેમ વાંકોચૂકો દોડતો ઘર તરફ રવાના થઈ ગયો. એની પાછળ છોકરાઓએ જોરજોરથી સીટીઓ વગાડી, અને કોઈએ પથરો ફેંક્યો. પણ કોઈ પાછળ દોડ્યું નહીં.

તે શાકભાજીના વાડામાં કાંટાળા લીલા શણના આશરામાં પહોંચી ગયો ત્યારે જ શ્વાસ લેવા ઊભો રહ્યો. તે સુવાસવાળી ભીની જમીનમાં ફસકી પડ્યો, અને ગળાના ઉઝરડાઓનું લોહી લૂછતો રહી પડ્યો. સૂર્યપ્રકાશ પાંદડાંના ભરાવામાંથી માર્ગ કરીને તેની આંખોમાં ડોકિયું કરવાની પૂરી કોશિશ કરતો હતો. તેણે મિશ્કાના ગાલ ઉપરથી આંસુ સુકાવી નાખ્યા, અને મા ક્યારેક ક્યારેક કરતી એવી રીતે તેના વાંકડિયા વાળવાળા રતુમડા માથાને વહાલથી બચીઓ ભરી.

મિશ્કા શણના છોડવાઓમાં ઘણી વાર સુધી બેઠો રહ્યો. આખરે આંસુ વહેતાં બંધ થઈ ગયાં. પછી તે ઊભો થઈને ધીરે ધીરે ચુપચાપ ઊઠીને અંદર આંગણામાં ગયો.

બાપુ ત્યાં જ હતા, છાપરીમાં ગાડાનાં પૈડાંને ડામર લગાવી રહ્યા હતા. ટોપી માથા પાછળ સરકી ગઈ હતી અને ટોપીની પટ્ટીઓ ઊખડીને લટકી રહી હતી. તેમણે નીલી અને સફેદ પટ્ટીઓની ભાતવાળું ખમીસ પહેર્યું હતું. મિશા સરકતો ગાડા પાસે પહોંચી ગયો અને લાંબા ચુપચાપ ઊભો રહીને જોતો રહ્યો. થોડી વાર પછી તેણે હિંમત કરીને બાપુના હાથને અડતાં હળવા અવાજે પૂછ્યું:

"બાપુ, તમે લડાઈમાં શું કરતા હતા?"

બાપુએ રાતી મૂછમાં વચ્ચે હસતાં જવાબ દીધો:

"કેમ, લડેલો, બેટા..."

"પણ છોકરાઓ... છોકરાઓ કહે છે કે તમે ખાલી ટોલાની સામે લડેલા."

ફરી આંસુઓથી મિશાનું ગળું રૂંધાઈ ગયું. પિતાએ હસીને મિશ્કાને હાથમાં તેડી લીધો.

"જૂઠું બોલે છે, દીકરા! હું તો જહાજમાં હતો. મોટું જહાજ હતું, સાત સાગરોની સફર ખેડતું. અને પછી હું લડાઈમાં લડેલો."

"કોની સામે લડેલા?"

"માલિકોની સામે, બેટા. આમ જો, તું હજી બહુ નાનો છે, એટલે મારે તારે ખાતર જઈને લડાઈમાં લડવું પડ્યું. અરે એના વિશે તો એક ગીત પણ ગવાય છે."

બાપુએ ફરી મોં મલકાવ્યું, અને મિશ્કા તરફ નજર કરી, પગથી તાલ દેતાં ગાવાનું શરૂ કર્યું:

અરે, મિશા, નાનકા મારા,
જતો ના જંગમાં, જવા દે બાપુને તારા!
બાપુ છે બુઢ્ઢા, જિંદગી એણે જીવી લીધી,
નાનો તું બહુ, વાર છે લગનને હજી!

મિશ્કા બધી પરેશાનીઓને ભૂલી ગયો, અને ખડખડાટ હસી પડ્યો, બાપુની રાતી મૂછના વાળને ખડા થઈ ગયેલા જોઈને અને મૂછ નીચે હોઠના બચકારા થતા જોઈને હસી પડ્યો. મા જે છોડવાઓની સળીઓ વડે સાવરણી બનાવતી હતી તેની જેમ જ બાપુની વાળ ખડા થઈ ગયા હતા, અને તેમના મોંના કાળા કાણા ફરતે હોઠ ઉઘાડબંધ થઈ રહ્યા હતા.

"હવે ભાગી જા, મિન્કા," બાપુએ કહ્યું. "મારે ગાડું સરખું કરી લેવાનું છે. રાતે તું સૂવા જાય ત્યારે હું તને લડાઈની વાત કરીશ."

દિવસ અફાટ વગરના સૂમસામ રસ્તાની જેમ લંબાઈ રહ્યો હતો. આખરે સૂર્યાસ્ત થયો. ધણ ધસમસાટ ગામમાં પહોંચીને ફેલાઈ ગયું. ધૂળની ડમરીઓ થમી ગઈ, અને અંધારઘેરા આકાશમાંથી પહેલા તારાઓ જાણે શરમાતી નજર નીચે ધરતી પર નાખવા લાગ્યા.

મિશા વાટ જોતો જોતો સખત કંટાળી ગયો. માએ દોહવામાં અને દૂધ ગાળવામાં કેટલી બધી વાર લગાડી? પછી નીચે ભંડકિયામાં જઈને આખો કલાક થઈ ગયો હશે એટલી બધી વાર નકામાં કામ કરતી રહી. અધીરાઈમાં આકળો થઈને તેની આસપાસ ચકરાવા લેતો રહ્યો.

"મા, વાળુનો વખત નથી થયો હજી?"

"ભૂખ લાગી છે? વાટ જોવી પડશે."

પણ મિશ્કાએ તેને જરાય ચેન ન લેવા દીધું. તે બધે માની પાછળ પાછળ ગયો, ભંડકિયામાં અને પાછો, ઉપર રસોડામાં, તેના સ્કર્ટનો છેડો પકડીને તેને જળોની જેમ વળગી રહ્યો.

"મા... વાળુ ..."

"હટ અહીંથી, નાનકી બલા જેવો છો! બહુ ભૂખ લાગી હોય તો રોટીનો ટુકડો લઈ લે." પણ મિશ્કા કાંઈ રીતે ચુપ ન થયો. છેવટે માની થપ્પડનીયે કંઈ અસર ન થઈ.

વાળુ પીરસાયું કે તરત ઉતાવળમાં ખાવાનું ગળી જઈને તે સડસડાટ બીજા ઓરડામાં જતો રહ્યો. પાટલૂન સંદૂકની પાછળ ફગાવી દઈને સીધો પથારીમાં ઠેકડો મારતો તે માની રજાઈમાં ભરાઈ ગયો. ચમકીલી રજાઈ જુદા જુદા રંગનાં કાપડના ટુકડાઓ સીવીને બનાવેલી હતી. તે ચુપચાપ પડ્યો પડ્યો વાટ જોતો રહ્યો કે બાપુ આવીને લડાઈની વાત કરે.

દાદા દેવચિત્રોની સામે ઘૂંટણ ટેકવીને પ્રાર્થના ગણગણતા છેક ભોંયપટ સુધી નમતા હતા. મિશ્કાએ જોવા માટે માથું ઊંચું કર્યું. દાદાએ ડાબો હાથ ભોંયપટ ઉપર ટેકવીને કષ્ટાતાં કષ્ટાતાં કાયા આગળ નમાવી, કપાળ ભોંયપટ જોડે ભટકાયું ત્યાં સુધી નમાવી. એ જ ક્ષણે મિશાએ દીવાલ પર કોણી મારી. વળી દાદા પ્રાર્થના ગણગણવા લાગ્યા, વળી તેમણે માથું નીચે નમાવ્યું—ઠપ! અને મિશ્કાએ કોણી દિવાલ પર ઠપકારી—ઠપ! દાદા ખિજાઈ ગયા.

"સીધો કરી દેવાનો તને, શેયતાન ક્યાંનો, ભગવાન મને માફ કરે! ફરી દીવાલ ઠપકારી છે તો તને ઠપકારીને ખોખરો કરી નાખીશ!"

ચોક્કસ આફત વરસી હોત, પણ એટલામાં બાપુ ઓરડામાં આવ્યા.

"અહીંયાં શું કરે છે, મિન્કા?"

"હું તો રોજ મા ભેગો સૂઉં છું."

બાપુ ખાટલાની કોર પર બેસી ગયા. થોડી વાર કંઈ બોલ્યા નહિ, બેઠા બેઠા મૂછને વળ ચડાવતા. આખરે તેમણે કહ્યું:

"મને એમ કે તું દાદા ભેગો સૂવાનો, રસોડામાં."

"મારે દાદા ભેગા નથી સૂવું."

"કેમ નહીં?"

"કારણ કે એમની મૂછોમાંથી તમાકુની બદબો આવે છે."

બાપુએ નિસાસો નાખીને ફરી મૂછને વળ ચડાવ્યા.

"તોયે દાદા ભેગો સૂઈ જ જા તો સારું, બેટા."

મિશ્કાએ રજાઈ ખેંચીને માથા ઉપર ઢાંકી દીધી, પછી વળી ડોકું બહાર કાઢીને તે રીસમાં બબડ્યો:

"ગઈકાલે તમે મારી જગ્યાએ સૂઈ ગયા હતા, હવે આજે પણ સૂવું છે... તમે જ જઈને દાદા ભેગા સૂઈ જાઓ!"

તે એકાએક બેઠો થઈ ગયો અને બાપુનું માથું નીચે ખેંચી લઈને તેમના કાનમાં બોલ્યો:

"બહેતર છે કે તમે જઈને દાદા સાથે સૂઈ જાઓ કેમ કે માની તો આમેય મરજી નહિ હોય કે તમે અહીં સૂઓ. તમારા મોઢામાંથી પણ તમાકુની બદબો આવે છે."

"ઠીક છે. હું દાદા પાસે સૂઈ જઈશ, પણ તો તને લડાઈની વાત નહીં કરું."

બાપુ ઊભા થઈને રસોડા તરફ જવા લાગ્યા.

"બાપુ!"

"શું છે વળી?"

"તમારું મન હોય તો ભલે, અહીં સૂઈ જાઓ..." મિશ્કા પથારીમાંથી નીકળી જતો લાચાર અવાજે બોલ્યો. "હવે તો લડાઈની વાત કરશો ને?"

"હા, હવે કરીશ."

દાદા મિશા માટે બહારની તરફ જગ્યા રાખીને પહેલાં પથારીમાં લાંબા થઈ ગયા. થોડી વાર પછી બાપુ રસોડામાં આવ્યા અને બાંકડો પથારી નજીક ખેંચીને બેસી ગયા. તેમણે બદબોવાળી સિગરેટ સળગાવી દીધી હતી.

"હા, તો વાત એમ છે કે... તને યાદ છે કે આપણા ખળાની અડોઅડ દુકાનદારનું ખેતર હતું?"

હા, મિશ્કાને યાદ હતું... તેને યાદ આવ્યું કે ઘઉંના મહેકતા ઊંચા ઊંચા છોડવાઓની કતારો વચ્ચે આમથી તેમ દોડવામાં કેવી મજા આવતી. ખળાની પથ્થરની વાડ પરથી કૂદીને એ રોજ ખેતરમાં પહોંચી જતો. ઘઉંના છોડ એનાથી પણ ઊંચા હતા, તેને આખે આખો છુપાવી દેતા. જાણે કાળી દાઢીવાળા ભારે કણસલાં તેના ગાલમાં ગલગલિયાં કરતા, અને ધૂળની તથા ડેઝીનાં ફૂલોની વાસ આવતી રહેતી, મહેકતી વગડાઉ પવન ફૂંકાતો રહેતો.

મા પાછળથી સાદ પાડીને કહેતી:

"મિન્યુશ્કા, ઘઉંના પાકમાં બહુ દૂર જતો નહીં. ક્યાંક રસ્તો ભૂલી જઈશ."

થોડી વાર પછી બાપુએ મિશ્કાને માથે હળવે હાથ ફેરવતાં ફરી કહ્યું:

"યાદ છે, આપણે, તું ને હું, રેતીની ટેકરી પાર કરીને ખેતરમાં ગયેલા, જ્યાં આપણા ઘઉં ઊગેલા હતા?"

મિશાને એ પણ યાદ હતું: રેતીની ટેકરીની પાર રસ્તા નજીક નાનકડો વાંકોચૂંકો પ્લોટ, અને તે બાપુ ભેગો ત્યાં ગયેલો એ દિવસ, તેમણે જોયું તો કોઈનાં ઢોરે બધો પાક ખૂંદી નાખ્યો હતો. ડૂંડાં વગરની દોડીઓ પવનમાં હલતી હતી, તૂટેલાં કણસલાં જમીન પર જ્યાંત્યાં માટીમાં રગદોળાયેલાં પડ્યાં હતાં. બાપુનો ચહેરો ભયાનક રીતે મરડાઈ ગયો હતો, અને તેમના ધૂળ છવાયેલા ગાલ ઉપરથી થોડાંક આંસુ નીચે દડી પડ્યાં હતાં—બાપુના ગાલ ઉપરથી, મિશાના કદાવર અને જોરાવર બાપુના ગાલ ઉપરથી! બાપુનાં આંસુ જોઈને મિશ્કા પણ રડી પડ્યો હતો.

ઘરે પાછા ફરતી વખતે બાપુએ તરબૂચના વાડાના ચોકીદાર ફેદોતને પૂછ્યું હતું:

"ફેદોત, તને ખબર છે કોણે મારા ખેતરના ભૂંડા હાલ કરી નાખ્યા?"

ફેદોતે થૂંકીને જવાબ આપ્યો હતો:

"દુકાનદાર કેટલાંક ઢોરને હાંકીને બજારે જતો હતો, એણે જાણીજોઈને ઢોરને તમારા ખેતરમાં થઈને હાંક્યાં હતાં."

...બાપુએ બાંકડો વધુ નજીક ખેંચીને કહ્યું:

"દુકાનદાર અને બીજા મોટી મોટી ફાંદવાળાઓએ બધી જમીન બથાવી પાડી, અને ગરીબ લોકો પાસે અનાજ ઉગાવવાની જગ્યા જ ન રહી. આપણા ગામમાં જ નહીં પણ બધે જ એવી હાલત હતી. અમારા બહુ જ ભૂંડા હાલ કર્યા હતા એ લોકોએ. ગુજારો કરાય એવું કંઈ જ નહોતું અમારી પાસે, એટલે મેં ગામનાં ઢોરને ચરાવવાનું કામ લીધું. પછી મને ફોજમાં ભરતી કરવામાં આવ્યો. ફોજમાં પણ એવી જ હાલત હતી. અફસર લોકો નાની નાની વાતોમાં હાથ ઉપાડવા લાગતા. પણ પછી તો બોલ્શેવિકો આવી ગયા. એમના લેનિન નામે નેતા હતા. દેખાવમાં તો મોટા નહોતા, પણ બહુ જ વિદ્વાન, તોયે પાછા કિસાનોમાંથી જ આવેલા, તારી ને મારી જેમ જ. અને પેલા બોલ્શેવિકો. એ કહેતા કે ખેડૂતો એવી કરે કે અમે તો બસ ડાચાં ફાડીને ઊભા જ રહેતા. અને મજૂરો, શું વિચારમાં પડી ગયા છો? હાથમાં ઝાડુ લઈને તમામ ઉમરાવો ને અમલદારોને સાફ કરી નાખો, કાયમને માટે હાંકી કાઢો! બધું તમારી માલિકીનું છે.

"એવી રીતે વાત કરતા અમારી જોડે, અને અમે તો કંઈ બોલી જ નહોતા શકતા. પછી વિચાર કરતાં અમને લાગ્યું કે સાચું જ કહે છે. એટલે અમે જમીન અને જાગીરો માલિકો પાસેથી લઈ લીધી. પણ માલિકોને ગમ્યું નહીં. એ લોકોને પોતાની જમીન વગર સુખ ન લાગે. એ તો બસ ભયંકર પાગલ થઈ ગયા, અને અમારી સામે લડવા લાગ્યા, પડયા અમારા પર... ખેડૂતો અને મજૂરોની સામે. સમજ્યો ને, દીકરા!

"અને એ જ લેનિન, બોલ્શેવિકોના નેતા, એમણે લોકોને ખડા કરી દીધા, જાણે કે હળ ચાલે ત્યારે માટીનાં ઢેફાં જેવી રીતે ફૂટી નીકળે એમ. એમણે ફોજીઓ અને મજૂરોને ખડા કરી દીધા, અને એ સૌ માલિકોની ઉપર એવા તૂટી પડયા કે બસ! એવાં પીંછાં ઊડયાં કે વાત જ નહીં! આ ફોજીઓ અને મજૂરો લાલ સંત્રી દળ તરીકે ઓળખાવા લાગ્યા. હું પણ એમાંથી એક હતો. અમે એક મોટા ઘરમાં રહેતા હતા. એનું નામ હતું સ્મોલ્ની. કેવી મોટી ઇમારત હતી! મોટા મોટા લાંબા ખંડ જોવા જેવા હતા, બેટા, અને ઓરડાઓ તો એટલા બધા, એટલા બધા, કે માણસ એમાં ભૂલો પડી જાય.

"એક વાર એમ થયું કે હું રાતના વખતે ચોકી કરતો હતો, આગળને બારણે. બહાર સખત ટાઢ હતી, અને મારી પાસે ગરમાવા માટે ફક્ત એક ફોજી કોટ હતો. પવન જાણે શરીરની આરપાર નીકળી જતો હતો. એટલામાં બે માણસો બારણેથી બહાર નીકળ્યા. તેઓ મારી પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે મેં જોયું કે એમાંથી એક લેનિન હતા. સાવ નજીક આવીને એમણે બહુ જ પ્રેમપૂર્વક પૂછ્યું:

'સાથી, તમને ટાઢ નથી વાતી?'

મેં એમને કહ્યું:

'ના, સાથી લેનિન... ટાઢ અમને હરાવી ન શકે, અને દુશ્મન પણ અમને હરાવી ન શકે. અમે કંઈ સત્તા એટલા માટે હાથમાં નથી લીધી કે મૂડીદારો એને પાછી ઝૂંટવી લે.'

એમણે હસીને હેતથી મારી જોડે હાથ મિલાવ્યો, અને પછી દરવાજા તરફ જવા લાગ્યા."

બાપુ ચૂપ થઈ ગયા. ખીસામાંથી તમાકુની થેલી અને કાગળને કાઢીને તેમણે નવી સિગરેટ વાળી. પછી સિગરેટ સળગાવવા દિવાસળી પેટાવી ત્યારે મિશાને તેમની બરછટ રાતી મૂછ ઉપર આંસુનું ચળકતું ટીપું નજરે પડ્યું, પરોઢિયે કોવચમાં પાંદડાને વળગેલાં ઝાકળનાં ટીપાં જોવા મળે એવું.

"તો એવા છે લેનિન. એ બધાની કાળજી રાખતા. દરેક ફોજી માટે એમનો જીવ બળતો. એ દિવસ પછી મને ઘણી વાર જોવા મળતા. મારી પાસેથી પસાર થતા, મને આઘેથી ઓળખી લેતા, મોં મલકાવીને કહેતા:

'તો મૂડીદારો આપણને હરાવી નહીં શકે, હેં?'

'એ લોકો નહીં, સાથી લેનિન' હું એમને કહેતો.

અને એમની વાત સોળ આના સાચી નીકળી, દીકરા. અમે જમીન અને કારખાનાં કબજે કરી લીધાં, મોટી મોટી ફાંદવાળા અને લોહી ચૂસનારાઓને ફગાવી દીધા. જ્યારે તું મોટો થાય ત્યારે કોઈ દિવસ ભૂલતો નહીં કે તારા બાપુ ખલાસી હતા અને કમ્યૂન ખાતર ચાર ચાર વરસ સુધી લડયા હતા. હું તો એક દિવસ મરી જવાનો, અને લેનિન પણ નહીં રહે, પણ અમે જેને ખાતર લડયા છીએ એ તો સદા જીવતું રહેશે. તુંયે મોટો થઈને બાપુની જેમ જ સોવિયેતોને ખાતર લડીશ ને?"

"લડીશ," મિશ્કા બોલી ઊઠયો, પથારીમાંથી ઊભો થઈને તેણે હાથ બાપુની ગરદન ફરતે વીંટાળી દીધા. પણ તે સાવ ભૂલી ગયો કે બાજુમાં દાદા સૂતા છે. તેનો પગ ઘરડા આદમીના પેટમાં વાગ્યો.

દાદાએ ખોફનાક ચીસ પાડી. તેમણે મિશાના વાળ પકડી લેવાની કોશિશ કરી પણ બાપુ મિશ્કાને હાથમાં તેડીને બીજા ઓરડામાં લઈ ગયા.

મિશ્કા થોડી વાર પછી બાપુના હાથમાં જ સૂઈ ગયો. પણ પહેલા તો તે અદ્ભુત માનવી લેનિન, બોલ્શેવિકો, યુદ્ધો, અને જહાજો વિશે ઊંડા વિચાર કરતો રહ્યો. તેને ઝોકાં ખાતાં ખાતાં ધીમા અવાજ સંભળાતા રહ્યા, અને શ્વાસમાં પરસેવાની તેમ જ દેશી તમાકુની મીઠાશ પડતી વાસ આવતી રહી. અને પછી તેની આંખો એવી સખત મિચાઈ ગઈ કે ઊઘડે જ નહિ, જાણે કેમ કોઈએ આંખો ઉપર હાથ દબાવી દીધો હોય.

હજી તો મિશ્કાને બરોબર ઊંઘ આવી પણ ન હતી ત્યાં તો એ સ્વપ્નમાં એક શહેર જૂએ છે. લાંબા પહોળા રસ્તા અને જ્યાં જુઓ ત્યાં રાખના વેરવિખેર ઢગલાઓમાં આળોટતાં મરઘાં. ઘેર ગામડે ઘણાંબધાં મરઘાં હતાં, પણ શહેરમાં તો એથીયે ઘણાંબધાં વધારે હતાં, અને મકાનો—બરાબર બાપુએ કહેલું એવા જ. ભારે મોટું મકાન દેખાય, ઉપર તાજા બરુનું છાપરું હોય, તેના ધુમાડિયા ઉપર બીજું મકાન, અને તેના ધુમાડિયા ઉપર વળી ત્રીજું. અને સહુથી ઉપરનું ધુમાડિયું છેક આકાશમાં પહોંચી જાય.

મિશ્કા વધારે સરખી રીતે જોવા માથું પાછળ નમાવીને રસ્તે ચાલ્યો જાય છે. એટલામાં એક કદાવર ઊંચો આદમી મોટાં ડગલાં ભરતો તેની પાસે આવે છે, તેણે લાલ ખમીસ પહેર્યું છે.

"અરે મિશ્કા, તું કેમ નકામો રખડે છે?" આદમીએ બહુ હેતાળ અવાજે પૂછ્યું.

"દાદાએ કીધું કે રમવું હોય તો જઈને રમ," મિશાએ જવાબ આપ્યો.

"ઠીક ખબર છે હું કોણ છું?"

"ના, નથી."

"હું સાથી લેનિન!.."

મિશ્કાના તો ભયથી ઘૂંટણ થરથરવા લાગ્યા. તેને થયું કે સીધી દોટ મૂકે પણ લાલ ખમીસવાળા માણસે એના બાંય પકડી લીધી અને કહ્યું:

"તારામાં ઈમાન જેવું કંઈ નથી, એક ટકાની કિંમતનુંયે નહીં! મિશ્કા, તું સારી રીતે જાણે છે કે હું ગરીબ લોકોને ખાતર લડું છું, તો પછી તું કેમ મારી ફોજમાં જોડાઈ નથી જતો?"

"મને દાદા નહીં જોડાવા દે," મિશ્કાએ બચાવ કરતાં કહ્યું.

"એ ભલે ગમે તેમ હોય," સાથી લેનિને કહ્યું, "પણ તારા વિના કાંઈ ઠેકાણે આવે એમ નથી, તારે મારી ફોજમાં જોડાવું જ પડશે, બસ, વાત એટલી જ છે."

મિશ્કાએ લેનિનનો હાથ ઝાલી લીધો અને એકદમ મક્કમ અવાજે કહ્યું:

"તો ભલે, હું દાદાને પૂછ્યા વગર જ તમારી ફોજમાં જોડાઈ જઈશ, અને ગરીબ લોકો માટે લડીશ. પણ દાદા મને ચાબખા ફટકારવાની કોશિશ કરે તો તમારે મારો બચાવ કરવો પડશે."

"જરૂર, જરૂર હું તારો બચાવ કરીશ." આટલું કહીને સાથી લેનિન રસ્તે ચાલતા જતા રહ્યા, મિશા તો અપાર ખુશીને કારણે શ્વાસ પણ નહોતો લઈ શકતો. તેને ઘાંટો પાડવાનું મન થયું, પણ તેની જીભ જાણે સુકાઈ ગઈ અને મોંમાં તાળવે ચોંટી ગઈ.

મિશા એકાએક પથારીમાં સળવળી ઊઠ્યો, દાદા જોડે ભટકાઈ ગયો, અને જાગી ગયો.

દાદાના હોઠ હલતા હતા, તે ઊંઘમાં કંઈક બબડતા હતા. મિશાને બારીની બહાર તળાવની પાર આકાશનો આછો નીલો રંગ નજરે પડ્યો, અને તેમાં પૂર્વ તરફથી વાદળોનું ગુલાબી ફીણ તરતું પસાર થઈ રહ્યું હતું.

એ દિવસથી રોજ સાંજે બાપુ મિશ્કાને લડાઈ વિશે, લેનિન વિશે અને જે જગ્યાઓમાં એ લડ્યા હતા, એમના વિશે વાતો કરતા.

એ દિવસે શનિવાર હતો. આજે ગામની કાર્યકારિણી સમિતિનો ચોકીદાર એક અજાણ્યા માણસને લઈને આવ્યો બેઠી દડીના આદમીએ ફોજી ઓવરકોટ પહેર્યો હતો અને તેના હાથ નીચે ચામડાની થેલી દબાવેલી હતી. ચોકીદારે કહ્યું:

"દાદા, સોવિયેતના અમલદાર સાથી છે, શહેરથી આવ્યા છે, રાત્રે તમારી સાથે રોકાશે. એમને માટે રાત્રે કંઈક ખાવાનો બંદોબસ્ત કરી દેજો."

"એ તો બધું થઈ જાશે," દાદાએ કહ્યું. "પણ ભાઈ સાથી, તમારી પાસે ઓળખપત્ર છે?"

દાદાનું પાંડિત્ય જોઈને ચકિત થઈ ગયેલો મિશા મોઢામાં આંગળી નાખીને એમની વાતો સાંભળવા ઊભો રહી ગયો.

"હા, દાદા, ઓળખપત્રો તો જેટલા જોઈએ એટલા છે," ચામડાની થેલીવાળા માણસે હસીને કહ્યું, અને પછી તે ઘરમાં જવા લાગ્યો.

દાદાએ તેની પાછળ પાછળ ચાલ્યા, અને મિશા ચાલ્યો દાદાની પાછળ પાછળ. દાદાએ પૂછ્યું:

"તમે શું કામે ગામમાં આવ્યા છો?"

"હું નવી ચૂંટણી કરાવવા આવ્યો છું. ગામમાં સોવિયેતના સદસ્યો અને અધ્યક્ષની નવી ચૂંટણી થશે."

થોડી વાર પછી બાપુ પણ ખળામાંથી પાછા આવી ગયા. એમણે એ અજાણી વ્યક્તિ સાથે હાથ મિલાવ્યો અને માને વાળુ તૈયાર કરવા કહ્યું. જમ્યા પછી બાપુ અને એ અજાણ્યા માણસ રસોડાના બાંકડા પર બેઠા. એ વ્યક્તિએ ચામડાનો પોર્ટફોલિયો ખોલીને એમાંથી કાગળોની થોકડી કાઢી અને કાગળો બાપુને બતાવ્યા. મિશ્કા તો ક્યારનો ઊંચોનીચો થતો હતો, એ કાગળો પર એક નજર નાખવાની તાલાવેલીમાં હિંમત થાય એટલો નજીક જઈને ઊભો રહેતો હતો. બાપુએ એક કાગળ લઈને મિશ્કાની સામે ધરતાં કહ્યું:

"જો મિન્કા. આ છે લેનિન!"

મિશ્કાએ છબી ઝડપી લીધી, અને તેને તાકીને જોતાં એનું મોં આશ્ચર્યથી ખૂલી ગયું. છબીનો માણસ મધ્યમ કદનો હતો. એણે લાલ ખમીસ પણ નહોતું પહેર્યું, ખાલી સાદો કોટ પહેર્યો હતો. એક હાથ પાટલૂનના ખીસામાં નાખેલો હતો અને બીજો સામે લંબાવેલો હતો, જાણે કેમ રસ્તો બતાવતો હોય. મિશ્કા આતુર નજરે છબી જોવા લાગ્યો. કમાન જેવાં ભવાં, આંખો અને હોઠોમાં

છપાયેલો મલકાટ, છબીના ચહેરાની દરેકે દરેક વિગત, બધું કોઈ દિવસ ન ભૂંસાય એવી રીતે એના માનસમાં અંકિત થઈ ગયું.

અજાણી વ્યક્તિએ હાથ લંબાવીને છબી લઈ લીધી, પોર્ટફોલિયામાં મૂકીને તાળું લગાવી દીધું, અને પછી તે સૂવા બીજા ઓરડામાં ચાલ્યો ગયો. તેણે કપડાં બદલાવીને પથારીમાં લંબાવ્યું અને ઓવરકોટ ઓઢી લીધો. તેને નીંદર આવવા લાગી હતી. એટલામાં એકાએક બારણાનો ચૂં... ચૂં... અવાજ આવ્યો. તેણે માથું ઊંચું કરીને પૂછ્યું:

"કોણ છે?"

ભોંયપટ પરથી ઉઘાડા પગની ચાલનો અવાજ આવ્યો.

"કોણ છે?" એણે ફરી પૂછ્યું, અને પછી જોયું તો મિશા હતો, ખાટલા પાસે ઊભો હતો.

"શું છે, છોકરા?"

મિશ્કા એક ક્ષણ ચુપચાપ ઊભો રહ્યો, પણ આખરે હિંમત કરીને ધીમેથી બોલ્યો:

"જુઓ, ભાઈ, છે ને... તમે મને... તમારો લેનિન આપી દો."

અજાણ્યો માણસ ચુપ રહ્યો, પથારીમાંથી એકધારી દૃષ્ટિએ મિશ્કાને જોતો રહ્યો.

મિશ્કાને ભયંકર બીક લાગી. ધારો કે માણસ કંજૂસ હોય તો? ના પાડી દે તો? આતુરતાની હાલતમાં શબ્દો ગોતવાનાં ફાંફાં મારતાં અને ધ્રૂજતા અવાજને કાબૂમાં રાખવાની સખત કોશિશ કરતાં તેણે ધીમા સ્વરે કહ્યું:

"મને આપી દો, કાયમ રાખવા. હું તમને... મારો ટીનનો ડબ્બો આપીશ, ખરેખર બહુ સરસ છે, વળી મારી પાસે પાસા છે એ પણ બધાય આપી દઈશ..." પછી હતાશામાં હાથ ફંગોળીને તેણે ઉમેર્યું:

"અને હા, બાપુ મારે માટે બૂટ લાવ્યા છે એ પણ આપીશ!"

અજાણી વ્યક્તિએ હોઠ મલકાવતાં પૂછ્યું:

"પણ તને લેનિન શા માટે જોઈએ છે?"

"નહીં જ આપે"—મિશ્કાને થયું. આંસુને છુપાવી રાખવા માથું નીચે નમાવીને તે ભારે અવાજે બોલ્યો:

"બસ, જોઈએ છે!"

અજાણ્યો માણસ હસી પડ્યો. ઓશીકા નીચેથી પોર્ટફોલિયો કાઢીને તેણે છબી મિશ્કાની સામે ધરી દીધી. મિશ્કા ચિત્રને ખમીસ નીચે હૈયા સરસું જોરથી

ચાંપીને દોડતો પાછો રસોડામાં ચાલ્યો ગયો. દાદાની આંખો ખુલી ગઈ અને તે બબડ્યા:

"તને થયું છે શું? અડધી રાતે દોડાદોડી કેમ કરે છે? તને કીધેલું કે સુવા ટાણે દૂધ ન પીતો. પેશાબ બહુ જોરથી લાગી હોય તો ગંદવાડના ડબલામાં કરી લે. હું તને બહાર લઈ જવા ઊઠવાનો નથી."

મિશ્કા કશો જવાબ આપ્યા વગર પથારીમાં લાંબો થઈ ગયો. છબી ચોળાઈ જવાની બીકે તે સાવ નિશ્ચલ પડ્યો રહ્યો. તેણે છબીને હજી બન્ને હાથ હૈયા સરસી ચાંપી રાખી હતી. તે પડખું ફેરવ્યા વગર જ થોડી વારમાં એને ઊંઘી ગયો.

સવારના પહોરમાં જ મિશ્કાની આંખો ઊઘડી ગઈ. માએ હજી હમણાં જ ગાયને દોહીને ધણ ભેગી ચરવા મોકલી દીધી હતી. મિશ્કાને જોતાં જ તે એકદમ હાથ ઊંચા કરી દેતી બોલી ઊઠી:

"શું દુખ છે તને તે આટલો વહેલો ઊઠી ગયો?"

મિશ્કા છબીને ખમીસ નીચે સખત દબાવી રાખતો મા પાસેથી નીકળી ગયો અને ખળું પાર કરીને કોઠાર નીચે સરકી ગયો.

કોઠારની ચારે તરફ બરછટ બરડોકના છોડ ઊગેલા હતા અને કૌવચની કાંટાળી લીલી ભીંત હતી. મિશાએ કોઠાર નીચે ધૂળ અને મરઘાંની ચરક હઠાવીને થોડી જગ્યા સાફ કરી. પછી તેણે છબીને બરડોકના પીળા પડી ગયેલા મોટા પાંદડામાં સાફ જગ્યામાં મૂકી દીધી, અને પવનમાં ઊડી ન જાય એટલા માટે તેની ઉપર એક પથરો ગોઠવી દીધો.

સવારથી સાંજ સુધી વરસાદ વરસતો રહ્યો. આકાશમાં ભૂરાં વાદળો છવાયેલાં હતાં. ફળિયામાં બધે ખાબોચિયાં ભરાઈ ગયાં હતાં, અને શેરીમાં પાણીનાં નાનકડાં વેગીલાં વહેણોની જાણે દોડ ચાલી રહી હતી.

મિશ્કાને ઘરે બેસી રહેવું પડ્યું. પણ સાંજે બાપુ અને દાદા ગામની સભામાં ભાગ લેવા સોવિયેત તરફ રવાના થઈ ગયા ત્યારે મિશ્કા દાદાની ટોપી પહેરીને એમની પાછળ પાછળ ચાલતો થઈ ગયો. સભા દેવળની ચોકીદારીના ઓરડામાં ભરાઈ. મિશ્કા ઓટલીનાં જર્જર અને કાદવિયાં પગથિયાં મુશ્કેલીથી ચઢીને અંદર ગયો. જગ્યા ખીચોખીચ ભરેલી હતી. તમાકુનો ધુમાડો છાપરાં સુધી પહોંચી રહ્યો હતો. અજાણ્યો માણસ બારી પાસે ટેબલ નજીક બેઠો હતો, ભેગા થયેલા કઝાકોને કંઈક સમજાવી રહ્યો હતો.

મિશ્કા ચોરપગલે પાછળના ભાગમાં સરકી ગયો અને છેલ્લા બાંકડા પર બેસી ગયો.

"સાથીઓ! તમારામાંથી કોણ ફોમા કોર્શુનોવને સોવિયેતના અધ્યક્ષ તરીકે ચૂંટવાની તરફેણમાં છે? મહેરબાની કરીને હાથ ઊંચા કરો!"

બરાબર મિશ્કાની આગળ જ બેઠેલો પ્રોખોર લિસેન્કોવ, દુકાનદારનો જમાઈ, જોરથી વિરોધ દર્શાવતા બોલ્યો:

"નાગરિકો... મારી અરજી છે કે એ વ્યક્તિની ઉમેદવારી રદ કરી નાખવામાં આવે. તે પ્રમાણિક માણસ નથી. ઘણા વખત પહેલાં ગામનું ધણ ચરાવતો ત્યારે જ અમને ખબર પડી ગયેલી."

પછી બારીની પાળ ઉપર બેઠેલો મોચી ફેદોત ઠેકરો મારીને ઊભો થઈ ગયો, અને તેણે પણ ઉત્તેજનામાં હાથ હલાવતાં ઘાંટો પાડ્યો:

"સાથીઓ! સીધોસાદો ગોવાળ ફોમા સોવિયેતનો અધ્યક્ષ ચૂંટાય એ હકીકત આ ખાધેપીધે સુખી અમીર લોકો સહન નહીં કરી શકે. પણ એ પ્રોલેટેરિયન છે એટલે સોવિયેત સત્તાનો બચાવ કરશે..."

બારણા પાસે ઊભા રહેલા માલદાર કઝાકો, હજી તો મોચી ફેદોતની વાત પૂરી થાય એ પહેલાં જ આવેશથી પગ પછાડવા અને સીટી વગાડવા લાગ્યા. ઓરડામાં ઘોંઘાટ મચી ગયો.

"ગોવાળિયો મુર્દાબાદ!"

"ફોજમાંથી પાછો આવ્યો છે તો વળી ભલે ગોવાળિયાનું કામ કરે!"

"દોજખમાં જાય ફોમા કોર્શુનોવ!"

મિશ્કાએ બાપુને ગોતવા આસપાસ નજર ફેરવી. સાવ બાજુમાં જ ઊભા હતા. તેમનો ચહેરો ધોળો પડી ગયા હતો. તેમના સંબંધમાં બીકને લીધે મિશાનો ચહેરો પણ ધોળો પડી ગયો.

"શાંતિ, સાથીઓ, શાંતિ! નહીંતર ધાંધલખોરોને સભામાંથી કાઢી મૂકવામાં આવશે," અજાણ્યા માણસે ટેબલ પર જોરથી મૂક્કો મારતાં ઘાંટો પાડ્યો.

"અમને ખરો કઝાક અધ્યક્ષ તરીકે જોઈએ!.."

"ફોમા મુર્દાબાદ!"

"મુર્દાબાદ!.."

હવે બધા અમીર કઝાકો દેકારો કરવા લાગ્યા હતા, અને દુકાનદારનો જમાઈ પ્રોખોર સહુથી વધુ જોરદાર રાડો પાડી રહ્યો હતો.

કોઈ લાલ દાઢીવાળો કદાવર કઝાક કૂદીને બાંકડા પર ઊભો થઈ ગયો. તેના કાનમાં કડી હતી અને તેણે ફાટેલો ભરપૂર થીગડાંવાળો ચીંથરેહાલ કોટ પહેર્યો હતો.

"ભાઈઓ!" તેણે ઘાંટો પાડ્યો. "જુઓ, આ લોકો શું કરવા માગે છે! આ ફાંદાળા અમીરોને પોતાનો માણસ અધ્યક્ષની જગ્યાએ જોઈએ છે... ફરી અગાઉના જેવા જ હાલ કરી દેવા..."

કાનમાં કડીવાળો કઝાક ઘાંટા પાડતો રહ્યો, કોલાહલમાં અમુક છુટાછવાયા શબ્દો જ સમજી શક્યો.

"જમીન... ફરી ભાગલા... કસ વગરની અને રેતાળ જમીન આપણને ગરીબ લોકોને, અને સરસ ઉપજાઉ કાળી જમીન પોતાને..."

"પ્રોખોરને અધ્યક્ષ બનાવો!" બારણા નજીકનું ધાડું ઘાંટા પાડતું હતું.

"પ્રો...ખો...ર! ખો...ર! ખો...ર!"

દેકારા બંધ કરાવવામાં બહુ વાર લાગી. અજાણ્યો માણસ ભવાં ચડાવીને ઘાંટા પાડતો રહ્યો, તૂટક તૂટક કંઈક બોલતો રહ્યો. મિશાને થયું કે ઘણું કરીને ગાળો ભાંડતો હશે.

શાંતિ છવાઈ ગઈ એટલે અજાણ્યા માણસે મોટા અવાજે પૂછ્યું:

"ફોમા કોર્શુનોવની તરફેણમાં કોણ છે?"

ઘણાબધા હાથ ઊંચા થયા. મિશ્કાએ પણ હાથ ઊંચો કર્યો. કોઈ માણસ મોટાં ડગલાં ભરતો એક પછી એક બાંકડા પાસે જઈને ગણવા લાગ્યો હતો:

"ત્રેંસઠ... ચોસઠ..."—અને મિશ્કાના હાથ તરફ આંગળી ચીંધીને—"પાંસઠ."

અજાણ્યો માણસ કાગળ પર કંઈક લખીને ઊંચા સ્વરે બોલ્યો:

"હવે જે પ્રોખોર લિસેન્કોવના પક્ષમાં હોય એ હાથ ઊંચા કરે!"

સત્યાવીસ અમીર કઝાકો અને વધુમાં ચક્કીવાળા યેગોરે હાથ ઊંચા કરી દીધા. મિશ્કાએ પણ હાથ ઊંચો કરી દીધો. પરંતુ ગણતરી કરનારા માણસે આ વેળા છેલ્લા બાંકડા પાસે પહોંચતાં નીચે નજર નાખી. તેણે મિશાનો કાન દુખે એટલા જોરથી બરાડો પાડ્યો:

"અરે, બદમાશ ક્યાંનો!.. ભાગી જા અહીંથી, નહીંતો ઠેકાણે લાવું છું તને!.. મત આપવો! કેવી વાત!"

આસપાસ બેઠેલા લોકો હસવા લાગ્યા. ગણતરી કરનારા માણસે મિશ્કાને બારણા સુધી ઢસડી જઈને બહાર ધકેલી દીધો. લપસણાં પગથિયાં ઉપર ગોથાં ખાતા મિશાને બાપુના શબ્દો, તેમણે એક વાર દાદા જોડે દલીલ કરતી વેળા કહેલા શબ્દો, યાદ આવી ગયા.

"તમને જરાય હક નથી આમ કરવાનો!" તેણે બરાડો પાડ્યો.

"આવ્યો મોટો હકની વાત કરવાવાળો!"

મિશ્કાને અપમાનનો કડવો ઘૂંટડો પીવો પડ્યો.

ઘેર આવી મિશ્કાએ રડીને માને ફરિયાદ કરી, પણ માએ કંઈ દાદ ન દીધી અને ખિજાઈને કહ્યું.

"તારી જરૂર ન હોય ત્યાં જવું જ નહિ તારે! બધે કામમાં માથું મારતો ફરે છે!.. ખરી બલા છો તું!"

બીજે દિવસે બધાં નાસ્તો કરવા બેઠાં હતાં ત્યારે દૂરથી સંગીતના સૂર સંભળાવા લાગ્યા. બાપુએ ચમચો ટેબલ પર મૂકીને મૂછ લૂછતાં કહ્યું:

"ફોજી બેંડ છે."

મિશ્કા હવાની જેમ પલાયન થઈ ગયો. બારણું એની પાછળ ધડાક કરતું બંધ થયું, અને ફળિયામાંથી તેના હળવાં પગલાંના ટપ-ટપ-ટપ અવાજ સંભળાતો રહો...

બાપુ અને દાદા બન્ને બહાર નીકળી આવ્યા અને માએ પણ બારીમાંથી બહાર ડોકાઈને જોયું.

રસ્તાના ખૂણેથી લાલ સેનાની લીલાં મોજની જેમ લહેરાતી કતારો ચાલી આવતી હતી. આગળ બેંડવાળાઓ જોરથી વાજું વગાડતા ચાલતા હતા, ઢોલ ઢમાઢમ વાગતો હતો, અને આખા ગામમાં બેંડનો અવાજ ગુંજી રહ્યો હતો.

મિશ્કાના મનમાં ઉત્તેજના છલકાવા લાગી. તે એડીઓને જોરથી ઘુમાવીને ફરી ગયો અને કૂચ કરતા સિપાહીઓની સામે ચાલ્યો. તેના હૃદયમાં જાણે મીઠો ઝણઝણાટ થતો હતો અને ગળા સુધી પહોંચી જતો હતો... મિશ્કા એ ધૂળ છવાયેલા હસમુખ ચહેરાવાળા લાલ ફોજીઓને અને ભારે ગર્વથી રાતા થઈ ગયેલા ચહેરાવાળા સંગીતકારોને જોતો રહ્યો. એણે હંમેશ માટે નિર્ણય કરી લીધો:

"હું પણ એમની સાથે લડાઈમાં લડવા જઈશ!.."

એને સ્વપ્નું યાદ આવી ગયું. કોણ જાણે ક્યાંથી એનામાં હિંમત આવી ગઈ અને એણે લાલ સેનાના એક ફોજીની કારતૂસની પટ્ટી હલાવતાં પૂછ્યું:

"ક્યાં જઈ રહ્યા છો? લડાઈમાં લડવા?"

"બીજે ક્યાં જઈએ? બેશક લડાઈમાં."

"કોને ખાતર લડવાના?"

"સોવિયેતોને ખાતર, બટુક! ચાલ, કતારમાં ગોઠવાઈ જા!"

એણે મિશ્કાને કતારમાં ખેંચી લીધો. એક જણે હસતાં હસતાં એના વિખેરાયેલા વાળવાળા માથામાં ટાપલી મારી, બીજાએ ખીસામાંથી એક ગંદો

સાકરનો ટુકડો કાઢીને મિશ્કાનાં મોંમાં ઠાંસી દીધો. ચોકમાં પહોંચતા જ પહેલી કતારમાંથી કોઈએ મોટા સાદે કહ્યું:

"થંભી જાઓ!.."

લાલ સેનાના ફોજીઓ વિખેરાઈ જઈને નિશાળની ઇમારતની વંડીના શીતળ છાંયડામાં આડા પડ્યા. એક લાંબો, સાફ દાઢી કરેલો માણસ મિશ્કા પાસે આવ્યો. એના પટ્ટામાં તલવાર લટકી રહી હતી. આછા મલકાટમાં હોઠ મરડાવતાં એણે પૂછ્યું:

"તું ક્યાંથી અહીં આવી ગયો?"

મિશ્કાએ મોટપમાં ખભા ટટ્ટાર કરીને પાટલૂન ઊંચું કરતાં કહ્યું:

"હું પણ તમારી સાથે લડાઈમાં જવાનો છું!"

"સાથી બટેલિયન કમાન્ડર, તમારા મદદનીશ તરીકે રાખી લો!" લાલ સેનાના એક ફોજી સાદ પાડીને બોલ્યો.

બધા ખડખડાટ હસવા લાગ્યા મિશ્કાએ માંડમાંડ આંસુ ખાળી રાખ્યાં. પણ જેને 'બટેલિયન કમાન્ડર' કહીને બોલાવવામાં આવ્યો હતો એ આદમીએ શોર સાંભળીને ભવાં ચડાવતાં કરડા અવાજે જવાબ દીધો:

"હસવાનું શું છે, મુરખાઓ? બેશક ભેગો લઈ જઈએ, પણ એક શરતે શરતે..." એણે મિશ્કા તરફ વળીને કહ્યું: "જો તારા પાટલૂનનો ફક્ત એક જ પટ્ટો છે. આમ નહીં ચાલે, અમારી ફજેતી થાય! જો, મારા પાટલૂનને બે પટ્ટા છે, બીજાં બધાને પણ બે છે, જા, દોડતો બને એટલી ઝડપથી ઘેર જઈને મા પાસેથી ઝટ બીજો પટ્ટો સિવડાવી આવ. અમે અહીં તારી રાહ જોઈએ છીએ..." પછી એણે વંડીના છાંયામાં આરામ કરતા સિપાહીઓ તરફ આંખ મિચકારીને સાદ પાડ્યો:

"તેરેશ્ચેન્કો, જા લાલ સેનાના નવા ફોજી માટે તરત બંદૂક અને ફોજી કોટ લઈ આવ!"

એક ઊભો થયો અને ટોપીની અણીને હાથ અડાડીને સલામી આપતો બોલ્યો:

"જેવો હુકમ!.." અને તે ઝડપથી કૂચ કરતો ચાલ્યો ગયો.

"અચ્છા, તું હવે હડી કાઢ, અને મા પાસેથી ઝટપટ પટ્ટો સિવડાવી આવ!" બટેલિયન કમાંડરે મિશ્કાને કહ્યું.

મિશ્કાએ કડક નજરે તેની સામે જોઈને કહ્યું:

"બોલ પાળશો ને? ફરી તો નહિ જાઓ ને?"

"ફિકર રહેવા દે!"

ગામના ચોક અને ઘર વચ્ચે ખાસ્સુ અંતર હતું. ઘરના ફાટક સુધી દોડતાં
મિશ્કા એકદમ હાંફી ગયો. તેણે દોડતાં દોડતાં જ પાટલૂન કાઢી નાખ્યું અને
ઉઘાડા પગે ઘરમાં ઘૂસી જતાં સાદ પાડ્યો:

"મા! પાટલૂન! પટ્ટો સીવી દે!"

ઘરમાં બિલ્કુલ શાંતિ હતી. ઉપર માખીઓનું કાળું ધાડું ભઠ્ઠી ઉપર
બણબણતું હતું. મિશ્કાએ દરેક ઠેકાણે તપાસ કરી—આંગણાંમાં, ખળામાં,
શાકભાજીના વાડામાં—પણ ક્યાંય કોઈ નહોતું, મા નહીં, બાપુ નહીં, દાદા
પણ નહીં. તે પાછો દોડતો ઘરમાં ગયો. આસપાસ તપાસ કરતાં નજર એક
ખાલા કોથળા ઉપર પડી. તેણે ચાકુ લઈને કોથળામાંથી લાંબી પટ્ટી કાપી લીધી.
સીવવાની કોને ફુરસદ હતી! અને પાછું સીવતાં એને આવડતુંયે નહોતું. એણે
ઝટપટ પટ્ટી પાટલૂનમાં પાછળ બાંધી લીધી, ખભા ઉપરથી સરકાવીને બીજી તરફ
ગાંઠ મારી દીધી. કામ પતાવીને તે દોડતો ગયો અને કોઠાર નીચે સરક્યો.

હજી હાંફતાં હાંફતાં તેણે પથરો ખસેડીને છબી ઉપર નજર ફેરવી. લેનિનનો
લંબાયેલો હાથ સીધો મિશા તરફ ઇશારો કરતો હતો.

"લો! હવે હું તમારી ફોજમાં જોડાઈ ગયો છું!.."

એણે બહુ જ કાળજીપૂર્વક તસ્વીર બરડોકનાં પાંદડામાં લપેટી લીધી, ખમીસ
નીચે દાબી દીધી, અને તે કૂદતો કૂદતો રસ્તા પર આવી પહોંચ્યો. એક હાથે
તસ્વીરને જગ્યાએ સલામત રાખે છે, અને બીજા હાથે પાટલૂન ઉપર તાણે છે.
દોડતાં દોડતાં પાડોશીની વાડ પાસેથી પસાર થતાં એણે સાદ કર્યો:

"આનીસિમોવ્ના!"

"શું છે?"

"ઘરે કહી દે જે કે જમવા મારી વાટ ન જુએ!"

"તું ક્યાં ઊપડ્યો, નાનકા પાજી?" આનીસિમોવ્નાએ પૂછ્યું.

"લડાઈમાં!" મિશ્કા વિદાયમાં હાથ હલાવતાં જવાબ દીધો.

એ ચોકમાં પહોંચતાં જ એકદમ થંભી ગયો, સાવ જડ થઈ ગયો ચોકમાં
માણસનું નામોનિશાન નહોતું. વંડીની આસપાસ સિગરેટનાં ઠૂંઠા, ખાલી ડબ્બાઓ,
અને કોઈનો ફાટેલો પટ્ટો પડ્યો હતો. બૅન્ડ દૂર ગામને બીજે છેડેથી વાગી
રહ્યું હતું, અને માટીના સખત રસ્તા પર કૂચ કરતા પગનો ધમ-ધમ અવાજ
સંભળાતો હતો.

મિશ્કા હતાશનો પોકાર પાડીને પગ દોડી શકે એટલી ઝડપથી તેમની પાછળ
દોડ્યો. એ જરૂર એમને આંબી ગયો હોત, પણ ચામડાના કારખાના નજીક

મોટો પીળો કૂતરો બરાબર રસ્તા આડો લંબાવીને પડ્યો હતો, અને દાંતિયાં
કરતો ઘૂરકી રહ્યો હતો. એનાથી બચવા મિશ્કાએ ચકરાવો લીધો એટલામાં તો
સંગીતના સૂર અને પગલાનો ધમ-ધમ અવાજ ઓસરી ગયા હતા.

એક બે દિવસ પછી ગામમાં કોઈ ચાલીસેક ફોજીઓની એક ટુકડી આવી.
એ સિપાહીઓ ગણવેશમાં નહોતા. એમણે નમદાના મેલા ઊંચા બૂટ અને તેલનાં
ધાબાંવાળાં કામનાં કપડાં પહેરેલાં હતાં. બાપુ ગામની સોવિયેતમાંથી જમવા
ઘેર આવ્યા ત્યારે તેમણે દાદાને કહ્યું:

"કોઠારમાં અનાજ તૈયાર રાખજો. ખોરાકની ટુકડી વધારાનું અનાજ ભેગું
કરવા આવી છે."

ફોજીઓ દરેક ઘરમાં જતા, છાપરીઓના માટીના ભોંયપટોને બેયોનેટ વડે
તપાસી જોતા, દાટેલું અનાજ ખોદી કાઢતા, અને તેને સામુદાયિક કોઠારમાં
પહોંચાડવા ગાડાંમાં લાદી દેતા.

એ લોકો ગામની સોવિયેતના અધ્યક્ષનાં ઘેર પણ ગયા. એમાંથી હોકલીમાંથી
ધુમાડા કાઢતા એક સિપાહીએ દાદાને પૂછ્યું:

"બોલો દાદા, સાચી વાત કહી દો, કેટલું દાટી રાખ્યું છે?"

દાદાએ દાઢી પર હાથ ફેરવતાં ગર્વથી કહ્યું:

"શું વાત કરો છો, મારો દીકરો કોમ્યુનિસ્ટ છે!"

બધા કોઠારમાં પહોંચ્યા. હોકલીવાળા ફોજીએ કોઠીઓ ઉપર નજર નાખીને
મોં મલકાવતાં કહ્યું:

"અચ્છા, દાદા, આમાંથી એક કોઠીનું અનાજ સામુદાયિક કોઠારમાં
પહોંચાડી દો, અને બાકીનું તમારું, ખોરાક અને બિયાં માટે."

દાદાએ વૃદ્ધ ઘોડા સાવરાસ્કાને ગાડે જોડ્યો. તે એકબે વાર નિસાસો
નાખીને મનમાં કંઈક બબડ્યા, પણ પછી ઘઉં લાદી દીધા, અનાજની આઠ
બોરીઓ થઈ, અને લાચારીમાં ખભા ઊંચા કરીને ગાડું સામુદાયિક કોઠારે હંકારી
ગયા. માને અનાજ આ રીતે ઘરમાંથી જતું જોઈ દુખ થયું, થોડુંઘણું રડી.
પણ મિશ્કાએ અનાજની બોરીઓ ભરવામાં દાદાને મદદ કરી, અને પછી તે
વીત્કા સાથે રમવા પાદરીને ઘેર ચાલ્યો ગયો.

મિશ્કા અને વીત્કા હજી તો કાગળના ઘોડા કાપીને રસોડામાં ભોંયપટ
ઉપર રમવા બેઠા જ હતા એટલામાં ફોજીઓ પાદરીને ત્યાં આવી પહોંચ્યા.
મિશ્કાને ત્યાં આવેલું એ જ જૂથ હતું. પાદરી લાંબો ઝભ્ભો હાંફળોફાંફળો

ચાલતો, બેચેનીભરી ઉતાવળમાં પગમાં ભરાઈ જવાથી લથડતો, એમને મળવા સામે ગયો. તેણે ફોજીઓને પરસાળમાં આવીને બેસવા બોલાવ્યા. પણ હોકલીવાળા ફોજીએ કરડા અવાજે કહ્યું:

"કોઠારમાં ચાલો, અનાજ ક્યાં રાખ્યું છે?"

પાદરીની પત્ની ઉતાવળી રસોડામાં આવી. એના વાળ સાવ વિખેરાયેલા હતા. તે ખંધો મલકાટ કરતી બોલી:

"ભલા ભાઈઓ, અમારો ભરોસો કરો, અમારા ઘરમાં તો અનાજનો એક દાણો પણ નથી. મારા પતિએ તો હજુ અનાજ ઉઘરાવવાના ફેરા કર્યા જ નથી."

"ભંડકિયું છે તમારા ઘરમાં?"

"ના, ભંડકિયું નથી. અમે તો હંમેશાં કોઠારમાં જ અનાજ રાખીએ છીએ."

મિશ્કાને બરાબર યાદ હતું કે પોતે વીત્કાની સાથે મોટા ભંડકિયામાં રમેલો. તેમાં જવાની જગ્યા રસોડામાં હતી. પાદરીની પત્ની તરફ ફરીને એણે કહ્યું:

"હું અને વીત્કા ઘણી વાર ભંડકિયામાં રમેલા અને એ રસોડામાંથી અંદર ઊતરેલા. ભૂલી ગયા કે શું?"

પાદરીની પત્નીનો ચહેરો ફીકો પડી ગયો પણ એ હસીને બોલી:

"ખોટા તરંગ તારા મનના, બચ્ચું છો ને એટલે! વીત્કા, તમે લોકો બહાર બગીચામાં જઈને રમો!.."

હોકલીવાળા ફોજીએ આંખો ઝીણી કરીને મિશ્કાની તરફ જોતાં મોં મલકાવ્યું.

"છોકરા, ક્યાં છે ભંડકિયામાં જવાની જગ્યા?"

પાદરીની પત્નીએ એટલા જોરથી મુઠ્ઠીઓ વાળી દીધી કે ટચાકડા ફૂટવા લાગ્યા. તેણે કહ્યું:

"શું તમે પણ... આ બેવકૂફ છોકરાની વાત પર ભરોસો કરો છો? હું તમને ખાતરીથી કહું છું કે અમારા ઘરમાં ભંડકિયું છે જ નહીં!"

પાદરી ઝભ્ભાના સરખા કરતો બોલ્યો:

"અંદર આવો ને, થોડુંક ખાવાનું..."

પાદરીની પત્નીએ મિશ્કા પાસેથી પસાર થતાં એને જોરથી ચૉંટિયો ભર્યો, પણ એકદમ માયાળુ મલકાટ કરીને કહ્યું:

"જાઓ, છોકરાઓ, બગીચામાં રમો, અહીં ગડબડ ન કરો!"

ફોજીઓએ આંખોથી એકબીજાને ઇશારા કરીને રસોડાની કાળજીભરી તપાસ

શરૂ કરી દીધી. તેમણે બંદૂકના કુંદા ભોંયપટ ઉપર ઠપકાર્યા, ભીંત પાસેથી ટેબલ હઠાવ્યું, અને તેની નીચે પડેલું કંતાન આઘું ખસેડ્યું. હોકલીવાળા ફોજીએ ભોંયપટનું એક પાટિયું ખેંચી કાઢ્યું અને નીચે ભંડકિયામાં નજર નાખીને માથું ધુણાવતાં કહ્યું:

"શરમ નથી આવતી તમને લોકોને? કહી દીધું કે અનાજ બિલકુલ નથી, અને ભંડકિયામાં છલો છલ ઘઉં ભરેલા છે..."

પાદરીની પત્નીએ મિશ્કા તરફ એવી નજર નાખી કે મિશ્કા દહેશતમાં પડી ગયો. તેને બને એટલી ઝડપથી ઘેર પહોંચી જવાનું મન થયું. તે ઊઠીને બારણા તરફ જવા લાગ્યો. પાદરીની પત્ની પરસાળમાં તેને આંબી ગઈ અને વાળ ખેંચીને તેને હલાવવા લાગી. તે રડી રહી હતી.

મિશ્કા આંચકો મારીને છૂટો થઈ ગયો અને પછી તેણે સીધી ઘર તરફ દોટ મૂકી. આંસુથી રૂંધાતા અવાજે તેણે માને બધી વાત કહી સંભળાવી. માએ ખોફમાં હાથ ઊંચા કરી દીધા.

"હે ભગવાન, તારું તે શું કરવું મારે?" તેણે બરાડો પાડ્યો. "ભાગી જા મારી નજર સામેથી, નહીં તો મારીમારીને હાડકાં ભાંગી નાખીશ..."

એ દિવસથી જ્યારે મિશ્કાની લાગણીઓ દુભાય ત્યારે એ સીધો કોઠાર નીચે સરકી જતો, પથરો હઠાવી દેતો, બરડોકના પાંદડામાંથી લેનિનની છબી કાઢતો, અને તેની ઉપર આંસુ ટપકાવતો પોતાની બધી પરેશાનીઓ લેનિનને કહી સંભળાવતો.

એક અઠવાડિયું વીતી ગયું. મિશ્કાને બહુ એકલું લાગતું હતું. સાથે રમનારું કોઈ નહોતું. પાડોશનો છોકરાઓએ એની સાથે વાતચીત કરવાનું તથા રમવાનું બંધ કરી દીધું હતું. હવે તે ખાલી 'હરામજાદો' નહોતો રહ્યો. છોકરાઓએ મોટેરાં પાસેથી સાંભળેલાં બીજાં નામો તેમાં જોડી દેવામાં આવ્યાં હતાં. છોકરાઓ તેને જોઈને બૂમબરાડા પાડતા:

"કોમ્યુનિસ્ટની ઓલાદ! ગંધારો કોમ્યુનિસ્ટ!"

એક દિવસે મિશ્કા સાંજ પહેલાં જ તળાવેથી ઘેર આવ્યો ત્યારે તેને ઘરમાંથી બાપનો બહુ જોરદાર અને કરડો અવાજ કાને પડ્યો. મા એવી રીતે વિલાપ કરી રહી હતી કે જાણે કોઈ મરી ગયું હોય. મિશ્કાએ બારણેથી અંદર દાખલ થતાં જોયું તો બાપુ બૂટ પહેરી રહ્યા હતા, અને વીંટો કરી રાખેલો એમનો ફોજી કોટ બાજુમાં પડ્યો હતો.

"બાપુ, ક્યાં ચાલ્યા?"

બાપુએ હસીને જવાબ આપ્યો:

"બેટા, તું માને જરા સમજાવ... એ રડીને મારું હૈયું ભાંગી નાખે.

મારે ફરી લડાઈમાં જવું પડે એમ છે, પણ એ છે જવા નથી દેતી."

"હું પણ તમારી સાથે આવું છું, બાપુ!"

બાપુએ પટ્ટો ખેંચીને બાંધ્યો અને ફીતાવાળી ટોપી પહેરી લીધી.

"લે, તું તે કેવો મૂરખ છો! આપણે બન્નેથી એક સાથે કેવી રીતે જઈ શકાય? હું પાછો આવી જઉં ત્યારે તું જજે. નહીંતો ઘઉંની કાપણી કોણ કરશે? મા તો ઘરનાં કામકાજમાંથી ઊંચી નથી આવતી, અને દાદાની તો હવે ઉંમર થઈ છે..."

બાપુને વિદાય આપતી વેળા મિશ્કાએ આંસુ ખાળી રાખ્યાં અને ગમે તેમ કરીને મલકાટ પણ કરી લીધો. બાપુ આવેલા ત્યારે જેમ કરેલું એવી જ રીતે માએ આ વેળા હાથ બાપુની ગરદન ફરતે વીંટાળી દીધા. બાપુએ તેને માંડમાંડ આઘી કરી. દાદાએ નિસાસો નાખ્યો અને બાપુને વિદાયની લડાઈ પર બચી ભરતાં તેમના કાનમાં ધીમેથી કહ્યું:

"ફેમુશ્કા... ઘેર જ રોકાઈ જા ને? એ લોકો તારા વગર... નહીં ચલાવી શકે? તું મરી જાય તો અમારું શું થાય?"

"રહેવા દો, બાપા. નકામી વાત છે. બધા જ પોતપોતાની બૈરીઓના ઘાઘરા પાછળ લપાઈ જાય તો પછી સોવિયેતોને ખાતર કોણ લડે?"

"ઠીક... તો જા... જે ખરું છે તેને ખાતર લડવા જતો હોય તો ભલે જા..."

દાદાએ બીજી તરફ ફરી જઈને છાની રીતે આંસુ લૂછી નાખ્યાં. બાપુને વિદાય આપવા બધાં ગામની સોવિયેત સુધી ગયાં. ત્યાં આંગણાંમાં વીસેક માણસો બંદૂક લઈને ભેગા થઈ ગયા હતા. બાપુએ પણ બંદૂક ઉપાડી લીધી. ફરી વાર મિશ્કાને બચી ભરીને તે બીજા લોકોની સાથે કૂચ કરતા ગામની બહાર જતા રસ્તે રવાના થઈ ગયા.

મિશ્કા દાદાની સાથે ઘેર પાછો ફર્યો. મા એમની પાછળ લથડતી ચાલે પગ ઘસડતી ચાલતી હતી. ઠેકઠેકાણે ગામનાં કૂતરાં ભસી રહ્યાં હતાં, અને ક્યાંક ક્યાંક કોઈની બારીમાં અજવાળું દેખાતું હતું. કોઈ ડોશી કાળી શાલ લપેટી લે એવી રીતે ગામે પોતાની ફરતે રાતના અંધારાને લપેટી લીધું હતું. ઝરમર વરસાદ વરસી રહ્યો હતો, વગડામાં ક્યાંક વીજળી ચમકી ઊઠતી હતી અને પછી વાદળો ગરજી ઊઠતા હતા.

તેઓ ઘર નજીક આવી પહોંચ્યાં. મિશ્કા આખે રસ્તે ચુપ રહ્યો, પણ દરવાજા પાસે એણે દાદાને પૂછ્યું:

"દાદા, બાપુ કોની સામે લડવા ગયા છે?"

"બસ હવે, હેરાન ન કર!"

"દાદા!.."

"શું છે?"

"કોની સામે લડશે મારા બાપુ?"

દાદાએ ફાટકની સાંકળ ચઢાવતાં જવાબ આપ્યો:

"આપણા ગામડાની પાસે અમુક દુષ્ટ લોકો ભેગા થયા છે. લોકો એમને 'ટોળકી' કહે. પણ મારા ખ્યાલમાં તો સાફ લૂંટારા જ છે... તારા બાપુ એ જ લોકોની સામે લડવા ગયા છે."

"એવા લોકો કેટલા છે, દાદા?"

"સાંભળ્યું છે કે લગભગ બસો જેટલા છે. જતો રહે! તારે સૂવાનો વખત થઈ ગયો."

રાત્રે મિશ્કા અવાજો સાંભળીને જાગી ગયો. તેણે દાદાનો જગાડવા હાથ લંબાવ્યો. પણ દાદા પથારીમાં નહોતા.

"દાદા! ક્યાં છો તમે?"

"ચુપ! છાનોમનો પડ્યો રહીને સૂઈજા!.."

મિશ્કા ઊઠીને અંધારા રસોડામાં ફંફોળતો બારી પાસે ગયો. દાદા ફક્ત અંદરનાં કપડાં પહેરીને બાંકડા પર બેઠા હતા, અને ખુલ્લી બારીમાંથી માથું બહાર ડોકાવીને સાંભળી રહ્યા હતા. મિશ્કા પણ ધ્યાનથી સાંભળવા લાગ્યા. રાતની ઘેરી નીરવતામાં ગામની પાર ક્યાંકથી ગોળીબારનો અવાજ સાફ સંભળાતો હતો. છૂટાછવાયા ગોળીબાર અને પછી રીતસરની ઝડીનો અવાજ કાને પડ્યો.

ધડાક!.. ધડાક-ધડાક!..

કોઈ જોરથી ખીલા ઠોકી રહ્યું હોય એવો અવાજ હતો.

મિશ્કા ગભરાઈ ગયો. તેણે દાદાની પાસે સરકીને પૂછ્યું:

"મારા બાપુ ગોળાઓ ચલાવી રહ્યા છે ને?"

દાદાએ કંઈ જવાબ ન આપ્યો. માનું રડવાનું ફરી શરૂ થઈ ગયું.

આખી રાત ગોળીબાર થતા રહ્યા. સવાર પડતાં બધે ઘોર શાંતિ છવાઈ ગઈ. મિશ્કા ત્યાં બાંકડા પર જ ટૂંટિયાં વાળીને બોઝલ અને તાજગી વગરની

ઊંઘમાં પડી ગયો. થોડી વારમાં ઘોડેસવારોનું એક જૂથ રસ્તે પૂરપાટ ધસતું ગામની સોવિયેત તરફ ગયું. દાદા મિશ્કાને જગાડીને ઉતાવળા ફળિયામાં ગયા. ગામની સોવિયેતમાંથી ધુમાડાના ગોટા કાળા થાંભલાની ઊંચે ચડતા હતા. અગ્નિની જ્વાળાઓ આસપાસનાં મકાનોને આંબી રહી હતી. ઘોડેસવારો રસ્તા પર આમથી તેમ ધસી રહ્યા હતા. તેમાંથી એકે ઘાંટો પાડીને દાદાને પૂછ્યું:

"ડોસા, ઘોડો છે?"

"હા."

"તો જોડીને તારા કોમ્યુનિસ્ટોને લઈ આવ... ઝાડીમાં પડ્યા છે, ઢગલામાં... સગાંવહાલાંને કહી દેજે કે દફનાવી દે..."

દાદાએ તરત સાવરાસ્કાને ગાડે જોડ્યો, ધ્રૂજતા હાથો વડે લગામ પકડી, અને ગાડાને દોડાવી મૂક્યું.

ગામમાં દેકારા અને રાડારાડીની ધમાલ મચી ગઈ. ડાકુઓ ખળાઓમાંથી ખડ ખેંચી કાઢતા હતા અને ઘેટાંઓને કતલ કરી રહ્યા હતા. એમાંથી એક જણ આનીસિમોવ્નાની વાડ પાસે ઘોડેથી ઊતરીને અંદર ધસી ગયો. મિશ્કાને આનીસિમોવ્નાની ચીસ કાને પડી. ડાકુ બહાર નીકળ્યો, તેની તલવાર બારણે ભટકાતાં ખણખણાટ થયો. તેણે ઓટલા પર બેસી જઈને જોડા કાઢ્યા, પગે વીંટાળેલાં ગંદા ચીંથરાં ફગાવી દીધાં, અને આનીસિમોવ્નાની વારતહેવારની ચમકીલી શાલને આડેધડ બે ભાગમાં ફાડીને પગે વીંટાળી દીધી.

મિશ્કા માની પથારીમાં ભરાઈ ગયો અને એણે માથું ઓશીકા નીચે છુપાવી દીધું. ફાટકનો ચું... ચું... અવાજ સંભળાયો ત્યાં સુધી તે એમ જ પડ્યો રહ્યો. પછી તે ઊઠીને બારણા બહાર દોડી ગયો. દાદા ઘોડાને દોરીને અંદર લાવી રહ્યા હતા. તેમની દાઢી આંસુમાં તરબોળ થઈ ગયેલી હતી.

ગાડામાં એક માણસ પડ્યો હતો. તેના પગ ઉઘાડા હતા અને પહોળા ફેલાયેલા હતા. એનું માથું વારે વારે ગાડામાં ભટકાતું હતું, અને પાટિયાં પર ઘેરા લોહીનાં મોટાં ખાબોચિયાં ભરાઈ ગયાં હતાં...

મિશ્કા જરાક લથડતો લથડતો ગાડા નજીક ગયો અને એણે આદમીના ચહેરા પર નજર ફેરવી. તેમાં તલવારના આડાઅવળા કાપા પડેલા હતા. દાંત ઉઘાડા હતા. એક ગાલ કપાઈ ગયો હતો અને ચામડીને તાંતણે લટકી રહ્યો હતો. ઊપસી આવેલી લાલચોળ એક આંખ ઉપર મોટી લીલી માખી બેઠી હતી.

મિશ્કા ભયભીત થઈને ધ્રૂજી રહ્યો હતો, પણ તેને તરત તો કશી જ સમજણ ન પડી. તેણે બીજી તરફ ફરી જવાની કોશિશ કરી, પણ એટલામાં તેની નજર ખલાસીના નીલી અને સફેદ પટ્ટીઓવાળા ખમીસ ઉપર પડી. ખમીસમાં બધે લોહીના ડાબા હતા. તે સફાળો જોરથી ચોંકી ગયો, જાણે કેમ કોઈએ ફટકો લગાવી દીધો હોય. તે વળી ફરી જઈને ઘેરા, નિશ્ચલ ચહેરાને ફાટેલે ડોળે તાકી રહ્યો, અને પછી એકદમ ગાડામાં કૂદી પડતો બોલી ઊઠ્યો:

"બાપુ! ઊઠો બાપુ! બાપુ!"

તે ગાડામાંથી નીચે પડી ગયો. તેણે ભાગી જવાની કોશિશ કરી પણ પગ ફસકી પડ્યા. તે ચારેય હાથપગ ટેકવીને સરકતો સરકતો ઓટલા સુધી ગયો પણ ત્યાં પાછો ભોંયે ઢળી પડ્યો.

દાદાની આંખોની આજુબાજુ ઊંડા ખાડા પડી ગયા હતા. તેમનું માથું હલતું રહેતું અને હોઠ કશા અવાજ વગર ફરકતા રહેતા.

દાદા લાંબા વખત સુધી મૂંગામૂંગા મિશ્કાને માથે હાથ ફેરવતા રહ્યા. પછી તેમણે ખાટલા પર લાંબી પડેલી મા તરફ જોઈને ધીમેથી કહ્યું:

"ચાલ બેટા, બહાર આંગણામાં જઈને બેસીએ..."

દાદા મિશ્કાનો હાથ પકડીને બહાર લઈ ગયા. તેઓ બીજા ઓરડાના ખુલ્લા બારણા પાસેથી પસાર થયા ત્યારે મિશ્કાને કંપારી છૂટી ગઈ. તેણે આંખો નીચે ઢાળી દીધી. ત્યાં ટેબલ ઉપર બાપુ પડ્યા હતા, કરડા અને નિશ્ચલ. એમના લોહીના ડાઘા ધોઈ નાખવામાં આવ્યા હતા, પણ ઊપસેલી, લાલચોળ, અને કાચ જેવી આંખને અને તેની ઉપર બેઠેલી મોટી લીલી માખીને મિશ્કા ભૂલી નહોતો શકતો.

ઘણી વાર સુધી દાદા કૂવા પાસે ડોલનું દોરડું ખોલતા રહ્યા. પછી સાવરાસ્કાને છાપરીમાંથી બહાર લઈ આવ્યા, બાંય વડે ઘોડાના હોઠેથી ફીણ લૂછી નાખ્યું, અને લગામ ભરાવી દીધી. તે થોડી વાર કાન માંડીને સાંભળતા રહ્યા. ગામમાં દેકારા અને હસાહસનો અવાજ ગુંજી રહ્યો હતો. બે ડાકુઓ ઘોડા દોડાવતા પસાર થયા, તેમની સિગરેટોના છેડા અંધારામાં ચળકતા હતા. તેમાંથી એક કહેતો હતો:

"જોયું ને, આપણે એમને બરાબર પાઠ ભણાવી દીધો! હવે બીજી દુનિયામાં પહોંચીને યાદ રાખશે કે લોકોનું અનાજ છીનવી લેવાનો અંજામ કેવો આવે છે!.."

ઘોડાના ડાબલાનો અવાજ શમી ગયો ત્યારે દાદાએ નીચે નમીને મિશ્કાને કાનમાં ધીમેથી કહ્યું:

“જા બેટા, હું તો બહુ બુઢ્ઢો થઈ ગયો છું ઘોડા ઉપર ચડવાનું મારા ગજા બહાર છે. હું તને ઘોડે બેસાડી દઉં છું, તું સીધો પ્રોનિન ખેતરમાં પહોંચી જા. રસ્તો હું તને બતાવીશ. ત્યાં સિપાહીઓ છે, નગારાંને તુરાઈ વગાડતા ગામમાંથી પસાર થયેલા એ. એમને કહેજે કે તરત આપણા ગામે આવે, કેમ કે ડાકુઓ અહીંયાં અડ્ડો નાખીને પડયા છે. યાદ રહેશે ને શું કહેવું તે?”

મિશ્કાએ માથું હલાવીને હા પાડી. દાદાએ એને ઘોડા ઉપર બેસાડયો. તેના બન્ને પગ ડોલના દોરડા વડે જીન સાથે બાંધી દીધા, જેથી એ પડી ન જાય, અને ઘોડાને દોરતા ખળા તથા તળાવની પાર ડાકુઓના ચોકીદારોની પાર, ખુલ્લા વગડામાં લઈ ગયા.

“જા બેટા, પેલી ટેકરીને કાપતું નાળું જાય છે તું એને કાંઠે કાંઠે જ ઘોડો લઈ ચલાવજે, ક્યાંય વળતો નહીં. સીધો ખેતરે પહોંચી જઈશ. ઠીક, જા હવે, તારું નસીબ સારું રહે, મારા દીકરા!”

દાદાએ મિશ્કાને બચી ભરી અને પછી ઘોડાને પૂંઠે હળવી થપાટ મારી.

ચાંદની રાત હતી. વાતાવરણ સાફ હતું. સાવરાસ્કા થોડી થોડી વારે છીંકોટા કરતો રવાલ ચાલે દોડતા રહ્યો. જીનમાં બેઠેલા સવારનો ઊંચો થઈને પછડાતો ભાર એટલો ઓછો હતો ઘોડાની ચાલ ઘણી વાર ધીમી થઈ જતી. ત્યારે મિશ્કા લગામ હલાવતો અથવા ગરદન ઉપર થપાટ મારતો.

ખેતરોમાં પાકતા અનાજના ગીચ અને લીલાછમ છોડવાઓ લહેરાતા હતા. લાવરીઓ ખુશાલ રવ કરતી હતી. નાળામાંથી પાણીનો ખળખળ અવાજ સંભળાતો હતો. હવામાં શીતળતા હતી.

મિશ્કાને વગડામાં એકલા જતાં ભય લાગ્યો. એણે બન્ને હાથ સાવરાસ્કાની ડોક ફરતે વીંટી દીધા. ટચૂકડી ધ્રૂજતી માનવકાયા ઘોડાના ઉષ્માભર્યા દેહને વળગી રહી હતી.

કેડી ઊંચે સરકતી હતી, પછી થોડીક નીચે, અને વળી ઊંચે. મિશ્કાને પાછળ ફરીને જોતાં ડર લાગતો હતો, કશો વિચાર કરતાંયે બીક લાગતી હતી. એ મનમાં ને મનમાં કંઈક ફુસફુસ કરતો રહ્યો. એણે આંખો બંધ કરી લીધી, અને સન્નાટો જાણે એના કાનોમાં ભરાઈ ગયો.

સાવરાસ્કાએ માથું ફંગોળ્યું, છીંકોટો કર્યો, અને ગતિ વધારી દીધી.

મિશ્કાએ આંખો ખોલીને નીચેની તરફ જોયું. ટેકરીની તળેટીમાં બત્તીઓનો ઝાંખો ટમટમાટ દેખાતો હતો. હવાની લહેરોમાંથી સાથે કૂતરાંના ભસવાનો અવાજ સંભળાતો હતો.

મિશ્કાના ભયથી થીજી ગયેલા હૃદયમાં એક પળ માટે ખુશીને કારણે ગરમી આવી ગઈ. એણે સાવરાસ્કાનાં પડખાંમાં મારી અને ડચકારો કર્યો.

“ડચ!..”

કૂતરાંના ભસવાનો અવાજ નજીક આવતો ગયો. રાતના અંધારામાં ઢોળાવ ઉપર પવનચક્કીની ધૂંધળી રેખા દેખાઈ.

“કોણ જઈ રહ્યું છે?” પવનચક્કીમાંથી અવાજ આવ્યો.

મિશ્કાએ ચુપચાપ ફરીથી ડચકારો કર્યો. કૂકડા કૂકડે-કૂક કરવા લાગ્યા.

“ઊભા રહો! કોણ જાય છે? થંભો, નહીં તો ગોળી ચલાવીશ!”

મિશ્કાએ ગભરાઈને લગામ ખેંચી. પણ સાવરાસ્કાને નજીકમાંથી ઘોડાઓની ગંધ આવી, એ જોરથી હણહણ્યો અને ધસમસાટ દોડવા લાગ્યો.

“ઊભો રહે!..”

પવનચક્કી નજીકથી ગોળીઓની તડાતડી સંભળાઈ. ઘોડાના ડાબલાના અવાજમાં મિશ્કાની ચીસ દબાઈ ગઈ. સાવરાસ્કા જોરથી શ્વાસ ખેંચીને પાછલા પગ ઊંચો થઈ ગયો, અને ભારે પછડાટ ખાતો જમણી બાજુ નીચે ઢળી પડયો.

મિશ્કાને જમણા પગે પીડાનો સણકો થયો. એકદમ ભયાનક, અને તદ્દન અસહ્ય પીડાને લીધે તે ચીસ પણ ન પાડી શક્યો. ઘોડાનો ભાર જાણે લગાતાર વધતો જતો ભાર, દુખતા પગ ઉપર દબાતો હતો.

ઘોડાના ડાબલાનો અવાજ વધારે ને વધારે નજીક આવતો ગયો. લાંબી તલવારોવાળા બે ઘોડેસવારો નજરે પડયો. તેઓ તલવારોનો ખણખણાટ કરતા ઘોડા ઉપરથી ઊતર્યા વાંકા વળીને મિશ્કાને જોવા લાગ્યા.

“અરે, આ તો નાનકો છોકરો છે!”

“મરી તો નથી ગયો ને?”

કોઈકે મિશ્કાના ખમીસની અંદર હાથ ભરાવ્યો. તમાકુની ગંધવાળો શ્વાસ તેના મોં ઉપર ફેલાયો. કોઈએ ખુશી અને નિરાંતનો દમ ખેંચતા કહ્યું:

“જીવતો છે!” પહેલો બોલનારનો અવાજ સંભળાયો. તેમાં રાહત દેખાઈ આવતી હતી. “લાગે છે કે ઘોડાએ એને પગમાં વગાડ્યું છે...”

અરધી બેહોશીમાં મિશ્કા ધીમા અવાજે બોલ્યો:

"ગામમાં ડાકુઓની ટોળી છે... બાપુને મારી નાખ્યા... સોવિયેતનું કાર્યાલય બાળી નાખ્યું... દાદાએ કહ્યું છે કે તમે તરત ત્યાં પહોંચી જાઓ, બને એટલી ઝડપથી..."

મિશ્કાની ધૂંધળી થતી આંખોની સામે રંગીન ચકરડાં ગોળ ફરવા લાગ્યાં... બાપુ રાતી મૂછને વળ ચડાવતા, હસતા હસતા, પસાર થઈ ગયા. એમના ડોળા ઉપર એક મોટી લીલી માખી ડગમગ ડોલીને સ્થિર થઈ ગઈ. પછી દાદા નારાજગીમાં માથું હલાવતા આવ્યા. પછી મા. અને છેવટે નાના કદનો પહોળા કપાળવાળો માણસ દેખાયો. એનો હાથ સીધો મિશ્કા તરફ લંબાયેલો હતો.

"સાથી લેનિન!.." મિશ્કા રૂંધાયેલા અવાજે પોકારી ઊઠયો. એણે મહામહેનતે માથું ઊંચું કર્યું, અને હસીને બન્ને હાથ લેનિન તરફ લંબાવી દીધા.

૧૯૨૫

નીલવર્ણ વગડો

ઝખારદાદા અને હું દોન નદીને કાંઠે આવેલી ટેકરી ઉપર સૂર્યના તડકામાં સુકાઈ ગયેલી જંગલી બ્લેકથૉર્નના ઝાંખરા નીચે આડા પડ્યા હતા. ટેકરી તડકામાં સુકાઈને જાણે સફાચટ ટાલ જેમ થઈ ગઈ. વાદળની ભીંગડાંવાળા ધાર નીચે એક બદામી સમડી ઊડી રહી હતી. પક્ષીઓની ચરકથી ખરડાયેલાં ઝાંખરાનાં પાંદડાં અમને છાંયડો આપી શકતાં ન હતાં. મારા કાનોમાં ગરમીને કારણે ગુંજારવ થઈ રહ્યો હતો અને દોન નદીના વાંકાચૂકા તથા લહેરીયાં લેતા પટ ઉપર તેમ જ પગ પાસે પડેલી તરબૂચની કરમાયેલી છાલ ઉપર નજર નાખતાં મારા મોંમાં ચીકણું ઘાટું થૂંક ભરાઈ જતું હતું અને તેને થૂંકી કાઢવામાં બહુ ઝાઝી મુશ્કેલી પડી રહી હતી.

ઘેટાં અડધા સુકાયેલા વહેલા નજીક આવેલા પોલાણમાં એકબીજાને લપાઈ ગયાં છે. તેઓ સુસ્તીમાં લબડતી ગંઠાઈ ગયેલી પૂંછડીઓ હલાવે છે અને ધૂળમાં જોસથી છીંકો ખાઈ રહ્યાં છે. વહેલા આડા બંધ નજીક એક અડતલ ઘેટો પાછલા પગ ભોંયે ટેકવીને ગંદી પીળી ઘેટીના આંચળને જોરથી ચૂસી રહ્યો છે. તે અવારનવાર માના અડમાં ઢીંક મારે છે. ઘેટી ઊંહકારો કરે છે અને બચ્ચાને વધુ દૂધ આપવા પીઠને કમાનની જેમ વાળી દે છે. હું જાણે તેની આંખોમાં યાતના જોઈ શકું છું.

ઝખારદાદા સળવળે છે અને મારી બાજુમાં બેઠા થઈ જાય છે. તે પોતાનું ગૂંથેલું ગરમ ખમીસ કાઢીને તેમાં ઝીણી નજરે જુએ છે અને તેના સળ તથા સાંધાઓમાં કશુંક ફંફોળે છે. દાદાને સિત્તરે વર્ષ થવામાં એક વર્ષ જ બાકી રહ્યું છે! એમની ઉઘાડી પીઠ ઉપર ભાતભાતની કરચલીઓ જોઈ શકાય છે અને ખભાનાં હાડકાં ચામડી હેઠેથી એકદમ ઉપસી આવ્યાં છે, પણ આંખો હજુયે

મળી અને ભરાવદાર ભમ્મરો નીચેની નજર વેગીલી
ભૂરી અને યુવાન દેખાય છે અને
તથા તીક્ષ્ણ છે.

તેમણે ઝડપી લીધેલી જૂને કઠણ ધ્રૂજતી આંગળીઓ વચ્ચે થોડીક મુશ્કેલીથી
પકડી રાખી છે. તેને જમીન ઉપર જેટલી દૂર મૂકી શકે એટલી દૂર મૂકવાનો
પ્રયાસ કરે છે, પછી આંગળી વડે હવામાં નાના ક્રૉસની નિશાની કરીને ઘોઘરા
અવાજે ગણગણે છે:

"હડ અહીંથી, પાજી! તારે જીવતા રહેવું છે, ખરું ને? હા, મને એમ
જ લાગેલું... તેં ધરાઈને લોહી ચૂસી લીધું છે, એ કહેવું પડે, બાઈ મારી!"

ડોસાએ ઉધરસ ખાતાં અને ઘુરઘુરાટ કરતાં ખમીસ પાછું પહેરી લીધું
અને મોઢું ઊંચું કરીને લાકડાની કૂપીમાંથી થોડુંક કોકરવરણું પાણી પીધું. દરેક
ઘૂંટડે તેનો હૈડિયો હડપચીના બે ઢીલા સળ વચ્ચેથી ઊંચો સરકીને ગળા સુધી
પહોંચી જતો હતો, પાણીનાં ટીપાં તેની દાઢી ઉપર પડી રહ્યાં છે. અને નીચે
નમેલી કેસરી પાંપણો તડકામાં લાલ થઈ જાય છે.

તે કૂપીને બુચ વાસતાં આંખને ખૂણેથી જોઈને તેમની ઉપર મંડાયેલી મારી નજરને પકડી પાડે છે, સૂકા હોઠ ચાવે છે, અનિમેષ નજર વગડામાં ઠેરવી દે છે. પોલાણવાળી દૂરની જગ્યા કંપતા આછા ધુમ્મસમાં જાણે બળી રહી છે. ધખતી ધરા ઉપર થઈને ફૂંકાતા પવનમાં જંગલી થાઈમના છોડની મીઠી સુવાસનો મઘમઘાટ છે. વૃદ્ધ વ્યક્તિ થોડીક વાર શાંત થઈ જાય છે, પછી પોતાની ભન ભરવાડની વાંકા છેડાવાળી લાકડી હડસેલી દઈને ધુમાડાના ડાઘવાળી આંગળી મારી પાર દૂર ચીંધે છે.

"નાળાને સામે કાંઠે પોપ્લરનાં નેતર ઝાડવાંની ટોચ દેખાય છે? એ તોપોલેવ્કા છે, તોમીલિનની જાગીર હતી. ત્યાં જે ગામડું છે એનું નામ તોપોલેવ્કા છે. ત્યાંની આખી વસ્તી ખેતમજૂરોની હતી. એમાં એક મારા બાપુ હતા, જીવ્યા ત્યાં સુધી યેવગ્રાફ તોમીલિનના ગાડીવાન હતા. હું નાનો બાળક હતો ત્યારે તેમણે મને કહ્યું હતું કે માલિક તેમને પાડોશી પાસેથી પાળેલા બગલાના બદલામાં કેવી રીતે ખરીદી લાવ્યો હતો. બાપુ ગુજરી ગયા પછી મેં તેમનું ગાડીવાનનું કામ સંભાળી લીધું. એ વેળાએ માલિકની ઉંમર સાઠેક વર્ષની હતી, અને તે ખૂબ જ ખડતલ અને લાલ ટમેટા જેવો હતો. તે યુવાન હતો ત્યારે રક્ષકદળમાં હતો, અને નિવૃત્ત થયો ત્યારે જિંદગીના બાકીનાં વર્ષો તેણે દોન નદીના કાંઠે ગાળવાનો નિશ્ચય કર્યો. કઝાકોએ કુટુંબની દોનના વિસ્તારની જમીન લઈ લીધી હતી પણ તેમને સારાતોવ પ્રાંતમાં ૬ હજાર એકર કરતાં વધુ જમીન વળતરમાં

મળી હતી. તોમિલીન સારાતોવના લોકોને જમીન પટ્ટે આપતો અને પોતે તોપોલેવ્કામાં રહેતો.

"વિચિત્ર માણસ હતો. તે હંમેશાં ઉત્કૃષ્ટ ઊની કાપડનું લાંબું જ્યોર્જીઅન લશ્કરી જાકીટ પહેરીને નીકળતો, કમ્મરે પટ્ટો બાંધતો અને તેમાં કટાર ભરાવી રાખતો. તે બહાર કોઈને મળવા જાય ત્યારે અમે તોપોલેવ્કા ગામની બહાર હંકારી જતા. તે મને હુકમ કરતો:

"'જોરથી હંકાર, કાળમુખા!'

"હું ઘોડાઓને ચાબુક ફટકારતો, અને પવન અમારાં આંસુઓને લૂછી શકે તેનાથી વધુ ઝડપે અશ્વો દોડતા. ટૂંક સમયમાં અમે માર્ગ આડા વહેળા નજીક પહોંચી જતા, વસંતના પૂરને લીધે એવા કેટલાય વહેળા બની જતા. આગળ બેસીને આગળનાં પૈડાંઓનો અવાજ ન સંભળાતો, પણ પાછળનાં પૈડાંઓમાં ખખડાટ થતો—ખટાક! અમે બીજા અડધા માઈલ જેટલું જતા, અને તે બરાડતો: 'પાછો વળ!' અમે પુરઝડપે પાછા પેલા વહેળા પાસે પહોંચી જતા... અમે ત્રણેક વાર એ કાળમુખા વહેળામાં ખાબકતા, આખરે કાં તો કમાન તૂટી જતી કે પૈડું નીકળી જતું. પછી માલિક બડબડતો ઘોડાગાડીમાંથી ઊતરતો અને બાકીને રસ્તે પગપાળો જતો. હું ઘોડાઓને દોરતો તેની પાછળ ચાલતો. તેને બીજી પણ એક વિચિત્ર આદત હતી. ઘણીવાર જ્યારે હું ઘોડાગાડી હાંકતો હોઉં ત્યારે તે મારી પાસેની જગ્યાએ આવતો અને મારી પાસેથી ચાબુક ખૂંચવી લેતો. તે બરાડતો 'જોરથી પહેલા ઘોડાને દોડાવ!' હું પૂરું જોર લગાવીને પહેલા ઘોડાને દોડાવતો, ઊંધ જાણે બંદૂકની ગોળીની માફક સડસડાટ સરકતી, અને તે બીજા ઘોડાને ચાબુક ફટકારતો એ દિવસોમાં અમારી પાસે ત્રણ ઘોડા હતા, તેમાંથી પહેલા સિવાયના દોન વિસ્તારના જાતવાન ઘોડા હતા, સાપ જેવા, ગરદન નીચે નમાવી દેતા, જાણે કેમ જમીનને બચકું ભરવા માગતા હોય.

"તે એકને એટલો ફટકારતો કે બિચારાના મોંમાંથી ફીણ નીકળવા લાગતું. પછી તે કટાર કાઢીને અને નમી જઈને પટ્ટા કાપી નાખતો, અસ્ત્રા વડે વાળ કાપતો હોય એમ. ઘોડો બિચારો આશરે પાંચ વાર જેટલી છલાંગ મારી જતો અને પછી ધડાક કરતો ફસકી પડતો. તેના નાકમાંથી લોહી વહેવા લાગતું, બસ એમ જ! પછી તે બીજા ઘોડાની પણ એવી જ દશા કરી નાખતો... પહેલો ઘોડો દોડતો દોડતો આખરે મરીને ઢળી પડતો, પણ માલિકનું રુંવાડુંયે ફરકતું નહીં, સિવાય કે તે ખુશ થઈ જતો અને તેના ગાલોમાં લોહી ભરાઈ મઝા આવતું.

“એ જ્યાં જતો ત્યાં કશુંને કશું જરૂર બનતું. કાં તો વાહન તોડી નાખતો કે પછી ઘોડાઓને મારી નાખતો. પછી બાકીનો માર્ગ પગે ચાલીને કાપતો. . . મોજીલો હતો મારો માલિક... પણ એ તો બધું ખતમ થઈ ગયું, ભગવાન અમારો ન્યાય કરે!.. મારી વહુ ઘરના નોકરચાકરો ભેગી કામવાળી હતી. માલિક એને છેડતો રહેતો, એ દોડતી અમારા નોકરોના રહેઠાણમાં રડારોળ કરતી આવતી અને એનું પોલકું ફાટેલું દેખાતું. એની છાતીમાં બધે ઉઝરડા અને બટકાંનાં નખુરિયાં નિશાન નજરે પડતાં... એક દિવસની વાત છે. સાંજે માલિકે મને ડોક્ટરને બોલાવવા મોકલ્યો. મને ખબર હતી કે ડોક્ટરની કંઈ જરૂર નથી. એની ચાલ હું સમજી ગયો. એટલે હું વગડામાં જ રોકાઈ ગયો અને અંધારું થયું એટલે પાછો ફર્યો. હું જાગીરમાં પાછલે રસ્તેથી દાખલ થયો. ઘોડાઓને ફળવાડીમાં રહેવા દઈને ચાબુક લઈ લેતો હું સીધો નોકરોના રહેઠાણની અમારી નાનકડી ઓરડીમાં ગયો. મેં બારણું ખેંચીને ઉઘાડ્યું. મીણબત્તી જાણીજોઈને નહોતી સળગાવી. ખાટલામાં કશીક બાઝાબાઝી થઈ રહી હતી... માલિક ઊભો થયો કે તરત જ મેં એને ચાબુક ફટકાર્યો ચાબુકની દોરીને છેડે સીસાની ટોટી જડેલી હતી.... મેં એને બારી તરફ જતો જોયો અને બીજો ફટકો એના કપાળમાં ઝીંકી દીધો. પછી એ બારીમાંથી બહાર કૂદી ગયો. વહુને પણ થોડાક ફટકા લગાવીને હું સૂઈ ગયો. લગભગ પાંચ દિવસ બાદ અમે ગામમાં ગયા. હું ઘોડાગાડીમાં ગાલીચો ગોઠવી રહ્યો હતો ત્યારે માલિક ચાબુક ઉપાડી લઈને દોરીના છેડા ઉપર આંગળીઓ ફેરવવા લાગ્યો. એણે થોડી વાર એમ આંગળીઓ ફેરવીને સીસાની ટોટી ગોતી કાઢી અને પૂછ્યું: બોલ, નીચની ઓલાદ, ચાબુકમાં સીસું કેમ જડ્યું છે?

‘તમે જ કહેલું,’ મેં જવાબ આપ્યો.

એ પહેલા વહેળા સુધી એક શબ્દ પણ ન બોલ્યો, દાંત વાટેથી સીટી વગાડતો બેઠો રહ્યો. મેં ખભા ઉપરથી ઝડપભેર નજર નાખીને જોયું તો એના વાળ નીચે ઓળીને કપાળ ઉપર ફેલાવેલા હતા અને ટોપી માથે જોરથી દબાવી દીધેલી હતી.

બે વર્ષ બાદ એમને પક્ષઘાત થયો. અમે એને ઉસ્ત-મેદવેદીત્સા લઈ ગયા, ડૉક્ટરોને બોલાવ્યા, અને ડૉક્ટરો આવ્યા ત્યારે એ ભોંયપટ ઉપર પડ્યો હતો, એનો ચહેરો કાળો પડી ગયો હતો. એ માત્ર એટલું જ કરી શક્યો કે ગજવામાંથી ચલણી નોટોની થોકડીઓ કાઢીને અમારી તરફ ફેંકતો રાગડો તાણીને બોલ્યો:

‘મને સાજો કરો, સૂવરો! મારી પાસે જે કંઈ છે એ બધું તમને આપી દઈશ!’

“પણ એ તો પૈસા ભેગા, રાખીને જ મરી ગયો. ભગવાન એના આત્માને શાંતિ આપે! જાગીર એના અફસર અમલદાર દીકરાને મળી. જુવાન આદમી નાનો છોકરો હતો ત્યારે જીવતાં ગલૂડિયાંઓની ચામડી ઉતારી લેતો અને પછી તેમને વાડામાં દોડાવતો. દીકરો બાપ જેવો જ નીકળ્યો. પણ મોટો થયો ત્યારે એણે અટકચાળાં છોડી દીધાં. એ બહુ ઊંચો અને પાતળો હતો. એને હંમેશાં સ્ત્રીઓની માફક આંખોની નીચે ગોળ કૂંડાળાં રહેતાં... પાતળી દોરી સોનાનાં ચશ્માં નાકે મૂકી રાખતો, એને ઠેકાણે રાખવા નાનકડી દોરી બાંધેલી હતી, જર્મનો સામેની લડાઈમાં એને સાઈબેરીયામાં કેદીઓનો હવાલો સોંપાયો હતો. ક્રાંતિ પછી એ પાછો અમારા પ્રદેશમાં આવ્યો. ત્યાં સુધીમાં મારા પૌત્રો મોટા થઈ ગયા હતા અને તેમનો બાપ, મારો દીકરો, મરી પરવાર્યો હતો. મેં મોટા પૌત્ર સેમ્યોનને પરણાવી દીધો હતો, પણ આનીકીય હજુ કુંવારો હતો. હું તેમની સાથે રહેતો અને મારી જિંદગીના અંતિમ દિવસો વિતાવતો... વસંતમાં બીજી ક્રાંતિ થઈ. અમારા લોકોએ જુવાન માલિકને જાગીરમાંથી કાઢી મૂક્યો અને એ જ દિવસે સેમ્યોને ખેડૂતોને જમીન વહેંચી લેવા અને એની માલમિલ્કત પોતાના ઘરે લઈ જવા સમજાવી લીધા. ખેડૂતોએ એમ જ કર્યું. તેમણે મનગમતી ચીજો લઈ લીધી, જમીનના ભાગલા પાડી લીધા, અને ખેડવાનું શરૂ કરી દીધું. એક અઠવાડિયા પછી અફવા ફેલાઈ ગઈ કે માલિક કઝાકોના દળ સાથે દરેકને મારી નાખવા પાછો આવી રહ્યો છે. તરત જ ગામમાં સભા થઈ અને અમને અમે બે ગાડાં નજીકના સ્ટેશનેથી હથિયારો લઈ આવવા મોકલ્યાં. અમે ઈસ્ટરનાં તહેવાર દરમિયાન લાલ સંત્રીઓ પાસેથી હથિયારો મળી ગયાં. અમે તોપોલેવ્કાની બહાર છેક માલિકના તળાવ સુધી ખાઈઓ ખોદી.

“જો, પેલા નાળાની પાર થાઈમના છોડવાઓનું ઝુંડ દેખાય છે, ને? ત્યાં તોપોલેવ્કાના માણસો ખાઈઓમાં ગોઠવાઈ ગયેલા. તેમની સાથે મારા જુવાનિયાઓ સેમ્યોન અને આનીકીય પણ હતા, સ્ત્રીઓ તેમના માટે સવારે ભાતું લાવી અને બપોરે સૂર્ય બરાબર તપી રહ્યો હતો ત્યારે ટેકરી ઉપર અશ્વદળ દેખાયું. તેઓ ફેલાઈને હુમલો કરવા ગોઠવાઈ ગયા. તેમની વાંકી તલવારો ચમકારા મારી રહી હતી. મેં મારા વાડામાંથી સફેદ ઘોડા ઉપર સવારે એક આગેવાનને તેની તલવાર હલાવતો જોયો. પછી ટુકડી કોથળામાંથી દડતા વટાણાની જેમ ટેકરી પરથી ઝડપભેર નીચે સરકી ગઈ. મેં માલિકના સફેદ ઘોડાને તેની ચાલ ઉપરથી ઓળખી કાઢ્યો, અને એથી મને ખબર પડી ગઈ કે

તેમનો બે વાર પરાભવ કર્યો પણ પછી
સવાર કોણ છે... અમારા જુવાનોએ
ત્રીજી વાર તેમણે દગાબાજી કરીને પાછળથી હુમલો કર્યો અને કત્લેઆમ ચલાવી..
સંધ્યાકાળ સુધીમાં તો ખેલ ખતમ થઈ ગયો. હું બહાર નીકળ્યો અને
મેં જોયું કે અમારા લોકોના એક સમૂહને અશ્વસવારો જાગીર તરફ હાંકી
રહ્યા હતા. હું મારી લાકડી ઉપાડીને તેમની પાછળ ચાલવા લાગ્યો.

"ચોગાનમાં તોપોલેવ્કાના અમારા માણસો ઘેટાંના ધણની માફક એકબીજાને લપાઈને ઊભા હતા. તેમની આજુબાજુ કઝાકો હતા. મેં જઈને તેમને પૂછ્યું: 'મારા પૌત્રો ક્યાં છે, મને બતાવો.'

"તેઓ સમૂહની વચ્ચોવચ્ચ ઊભેલા હતા અને તેમણે જ મને જવાબ આપ્યો. મેં તેમની સાથે થોડીક વાતચીત કરી. પછી મેં જોયું કે માલિક બહાર ઓટલાનાં પગથિયાં ઉપર આવ્યો.

તેણે મને જોયો કે તરત ઘાંટો પાડ્યો: 'તમે છો, ઝખારદાદા?'

"'હા, નામદાર!'

'અહીં શું કરી રહ્યા છો?'

"હું પગથિયાં પાસે ગયો અને એની સામે ઘૂંટણિયે પડ્યો.

'મારા પૌત્રોને છોડાવવા આવ્યો છું. મારા માલિક, દયા કરો! મેં આખી જિંદગી તમારા પિતાની ખરા દિલથી સેવા કરી હતી. ભગવાન તેમના આત્માને શાંતિ આપે. મારા ખંતીલા કામને યાદ કરો, મારા માલિક, અને મારી વૃદ્ધ વયની દયા ખાઓ!..'

"અને તેણે મને જવાબમાં કહ્યું: 'ઝખારદાદા, સાંભળો. મારા પિતાની તમે જ સેવા કરી હતી તેના માટે મને ભારે માન છે, પણ હું તમારા પૌત્રોને માફ કરી શકું એમ નથી. તેઓ અવ્વલ દરજ્જાના વિદ્રોહીઓ છે. એ તો તમે માનશો, ઝખારદાદા.'

"હું પેટ ઘસડતો પગથિયાં ચડ્યો અને મેં એના પગ ચૂમ્યા: 'મારા માલિક, દયા કરો', મેં કહ્યું. 'યાદ કરો એ દિવસો, ઝખારદાદો કેવી રીતે આપને ખુશ કરવાની મહેનત કરતો. મને બરબાદ ન કરો, મારા પૌત્ર સેમ્યોનને નાનું બાળક છે, હજુ તેની માતાને ધાવે છે.'

"તે તેની સુવાસિત સીગરેટ સળગાવીને હવામાં ધુમાડાના ગોટેગોટા છોડતો કહે છે. 'ભલે, જાઓ અને તે બદમાશોને મારા ઓરડામાં મોકલો જો તેઓ માફી માંગશે તો સારું. તેમનાં હાડકાં ખોખરાં કરાવીને મારી ટુકડીમાં ભરતી કરી દઈશ. કદાચ સારું કામ આપીને તેમના દુષ્કૃત્યોનું પ્રાયશ્ચિત તેઓ કરી શકશે.'

"પછી હું ચોગાન તરફ ઝડપભેર ગયો. અને મારા પૌત્રોની બાંયો ખેંચીને મેં તેમને કહ્યું:

'જાઓ અને માફી માગી લો, પાગલો! જ્યાં સુધી તમને માફ ન કરે ત્યાં સુધી જમીન ઉપરથી ઊઠતા નહીં.'

"પણ સેમ્યોને તો માથુંયે ઊંચું ન કર્યું, ખાલી થાપાના બળે બેઠો રહ્યો અને એક ડાળખીથી જમીન ખોતરવા લાગ્યો. મારા આનીકીયે મારી સામે અનિમેષ નજરે જોયા કર્યું અને પછી એ બોલ્યો: 'જાઓ અને તમારા માલિકને કહી દો કે ઝખારદાદા આખી જિંદગી ઘૂંટણિયે પડતા રહ્યા અને એમના દીકરાએ પણ એમ કર્યું. પણ એના પૌત્રો હવે એમ કરવા તૈયાર નથી. જાઓ, એમ કહી દો જઈને!'

'તો તું નહીં જાય, એમ ને કૂતરીના?'

'ના, નહીં જઉં.'

'નીચ, તું મરે કે જીવે તારા માટે કોઈ ફરક પડતો નથી, પણ સેમ્યોનને તારી ભેગો શું કામ ઘસડે છે? એની પત્ની અને બાળકની સંભાળ કોણ રાખશે?'

"મેં જોયું કે ડાળખીથી જમીન ખોતરતાં સેમ્યોનના હાથ ધ્રૂજવા લાગ્યા. તે એક શબ્દ પણ બોલ્યો નહીં. બળદની માફક મૂંગો અને હઠીલો હતો.

'દાદા તમે અહીંથી જાઓ. અમને નાહિંમત ના કરો!' આનીકીય કરગર્યો.

'હું નહીં જઉં, તારી આંખોમાં કીડા પડે! સેમ્યોનને જો કશું થઈ ગયું તો તેની પત્ની આનીસ્યા આત્મહત્યા કરશે.'

"ડાળખી સેમ્યોનના હાથમાં કરડ કરડ અવાજ કરવા લાગી અને તેના ટુકડા જમીન ઉપર પડ્યા.

"મેં રાહ જોઈ પણ તે કંઈ બોલ્યો નહીં.

'સેમ્યોન, બેટા, મારા એકના એક આધાર, જરા બુદ્ધિ ઠેકાણે આણી દે! માલિક પાસે જા!'

'અમારી બુદ્ધિ ઠેકાણે આવી ગઈ છે, અને અમે નહીં જઈએ. તમે જાઓ અને ઘૂંટણિયે પડો!' આનીકીય મારી સામે બરાડ્યો.

"એટલે મેં તેમને કહ્યું: 'તો તમે મને માલિકની સામે ઝૂકવા બદલ ઠપકો આપો છો, ખરું ને? ભલે હું વૃદ્ધ વ્યક્તિ છું. મારી માનું ધાવણ ચૂસવાને બદલે મેં માલિકનો કોરડો ચૂસ્યો છે, અને મને મારા પોતાના પૌત્રો સામે ઝૂકવામાં પણ લાજ નથી આવતી.'

"અને હું ઘૂંટણિયે પડ્યો, મેં માથું ભોંયે ટેકવીને વિનવણી કરી. તેમની આજુબાજુ ઊભેલા લોકોએ જાણે પોતે જોતા નથી એવો ઢોંગ કરી મોઢાં ફેરવી લીધાં.

'દાદા, અહીંથી જતા રહો! નહીં તો હું તમારો જીવ લઈશ!' આનીકીય ઊંચે અવાજે બોલ્યો. એના મોઢામાં ફીણ આવી ગયું હતું, અને તેની આંખો બાંધેલા જંગલી વરુની આંખોની માફક ઘુરકિયાં કરી રહી હતી.

"પછી હું માલિક પાસે પાછો ગયો. મેં એના પગ એટલા જોસથી પકડી રાખ્યાં કે તે મને લાત મારી ન શકે. મારા હાથ જાણે ઝલાઈ ગયા, પણ હું કશું ન બોલી શક્યો.

'તમારા પૌત્રો ક્યાં છે?' તેણે પૂછ્યું.

'માલિક, તેઓ ગભરાઈ રહ્યા છે.'

'એમ, ગભરાઈ રહ્યા છે...' એ સિવાય બીજું કંઈ નહીં. બૂટની લાત સીધી મારા મોઢામાં મારીને પગથિયાં ઊતરી ગયો."

ઝખારદાદાનો શ્વાસ ઝડપભેર ચાલવા માંડ્યો. તેમના ચહેરા ઉપર પળવાર માટે કરચલીઓ પડી ગઈ અને તે નિસ્તેજ થઈ ગયો. ઘરડા માણસનું ટૂંકું ડૂસકું ભારે પ્રયત્નથી ખાળીને અને પોતાના સૂકા હોઠ હાથ વડે લૂછીને તે બીજી બાજુ ફરી ગયા. તળાવની પાર કોઈ સમડી પાંખો ત્રાંસી ફેલાવીને ઘાસમાં અચાનક શિકાર ઉપર ઝપટી અને સફેદ છાતીવાળા ઘોડાર પક્ષીને નહોરમાં પકડીને પાછી ઊડી. પીંછાં હિમકણોની માફક વીખરાયાં અને ઘાસ ઉપર તેમનો ચળકાટ અસહ્ય આકરો લાગ્યો.

ઝખારદાદાએ નાક સાફ કર્યું અને ખમીશની કોરે આંગળીઓ લૂછીને આગળ ચલાવી.

"હું માલિકની પાછળ પાછળ ગયો, અને આનીસ્યા બાળકને લઈને દોડતી આવી. પેલી સમડી તેના શિકાર ઉપર ઝપટી હતી તેમ આનીસ્યા તેના પતિને વળગી અને તેના બાહુઓમાં જકડાઈ ગઈ.

"માલિકે સાર્જન્ટ મેજરને બોલાવ્યો અને સેમ્યોન તેમ જ આનીકીય તરફ ઇશારો કર્યો. સાર્જન્ટ મેજર અને બીજા છ કઝાકો તેમને માલિકના બીડ તરફ લઈ ગયા. હું તેમની પાછળ ગયો પણ આનીસ્યા બાળકને આંગણામાં જ મૂકીને માલિકની પાછળ ચાલવા લાગી. સેમ્યોન સૌથી આગળ હતો. તબેલા પાસે પહોંચીને તે જમીન ઉપર બેસી ગયો.

'હવે તું શું કરવું છે તારે?' માલિકે પૂછ્યું.

'બૂટ કઠે છે. એને વધુ પહેરી શકું એમ નથી,' સેમ્યોને સ્મિત કરતાં કહ્યું.

"તેણે બૂટ કાઢી લીધા અને મને આપ્યા.

'દાદા, તમે પહેરજો, તંદુરસ્ત રહેજો, ડબલ તળિયાંવાળા સરસ બૂટ છે.

"મેં બૂટ લઈ લીધા અને અમે આગળ ચાલ્યા. અમે વાડ પાસે પહોંચ્યા ત્યારે કઝાકો તેમને વાડ સામે હડસેલીને બંદૂકોમાં કારતૂસ ભરવા માંડ્યા. માલિક નાની કાતર વડે પોતાના નખ કાતરતા બાજુમાં ઊભો હતો. મેં જોયું કે તેનો હાથ કેટલો ધોળો હતો.

'માલિક, તેમણે સારાં કપડાં પહેર્યાં છે. મને કાઢી લેવા દો. અમને ગરીબાઈમાં કામ આવશે. અમે પહેરીશું.' મેં કહ્યું.

'તેઓ કપડાં ઉતારી શકે છે.'

"એટલે આનીકીય પાટલૂન કાઢી નાંખ્યું અને વાડના એક થાંભલે ભરાવ્યું. પછી તેણે ગજવામાંથી સિગરેટ કાઢીને સળગાવી અને એક પગ આગળ રાખીને ઊભો ઊભો તે ધુમાડાના ગોટા કાઢતો વાડ ઉપર થૂંક્યો, સેમ્યોન નાગો થઈ ગયો. તેણે જાંઘિયો પણ કાઢી નાખ્યો. પણ તે ટોપી ઉતારવાની ભૂલી ગયો. મને લાગે છે કે પોતે શું કરી રહ્યો છે એનું એને ભાન જ ન હતું... હું થોડી વાર તો દિગ્મૂઢ થઈ ગયો અને પછી જાણે તાવ ચઢવા માંડ્યો. મેં મારા કપાળે હાથ મૂક્યો તો પરસેવો વસંતના પાણી જેટલો ઠંડો હતો. સેમ્યોનની છાતીએ ભરાવદાર વાળ ઊગેલા હતા અને એ ત્યાં માથે ટોપી પહેરીને તદ્દન નગ્ન દશામાં ઊભો હતો... આનીસ્યા તો ઓરત હતી, પતિને માથે ટોપી પહેરીને સાવ નાગો ઉભેલો જોતાં જ તેના બાહુઓમાં ફંગોળાઈ ગઈ ઓકવૃક્ષ ફરતે વીંટાયેલા હૉપના છોડવાઓની જેમ તેને વળગીને ઊભી રહી. સેમ્યોને તેને આઘી હડસેલી:

'દૂર હઠ, કુલટા! ભાનમાં આવ! જોતી નથી બીજા માણસો ઊભા છે ને? દેખાતું નથી કે નાગો છું? ધિક્કાર છે તને... શું તને લાજશરમ નથી?'

"પણ તેણે પોતાના વાળ છૂટા કર્યા અને તે આક્રંદ કરતી રહી:

'અમને બંનેને ઠાર કરો.'

માલિકે નાની કાતર ગજવામાં મૂકતાં પૂછ્યું: 'હવે કરીએ ગોળીબાર?'

'કરી દે ઠાર, ગંધારા હરામજાદા!'

"અને એમ માલિકને કહેવાયું હતું. તેણે હુકમ છોડ્યો: 'પતિ સાથે બાંધી દો.'

"આનીસ્યાને સમજાયું કે પોતે શું કર્યું હતું, અને તે પાછી ફરવા ગઈ, પણ ઘણું મોડું થઈ ગયું હતું. કઝાકો હસ્યા અને તેને પટ્ટા વડે સેમ્યોન સાથે

બાંધી દીધી, ત્યાર બાદ મુર્ખ સ્ત્રી પોતે પણ પડી અને પતિને પણ પાડયો. માલિક તેમની પાસે ગયો અને તેણે દાંત પીસીને પૂછ્યું: 'કદાચ નાના બાળકને ખાતર તું માફી માંગીશ?"

'હા માંગીશ,' સેમ્યોને ઊંહકારો કરતાં કહ્યું.

'બહુ સારું, પણ હવે તારે ભગવાનને આજીજી કરવી પડશે કારણ કે મારી માફી માગવામાં તો બહુ મોડું થઈ ગયું છે!..'

"અને તેઓ જે હાલતમાં જમીન ઉપર પડેલાં હતા, એ જ હાલતમાં તેમની ઉપર ગોળીબાર કરવામાં આવ્યા... તેમણે આનીકીય ઉપર ગોળીઓ છોડી ત્યારે તે તેના પગ ડગી ગયા પણ તે તરત પડયો નહી. પહેલાં તે ઘૂંટણભેર ફરીથી પડયો, પછી તેણે એકાએક ગોથું ખાધું અને મોઢું ઉપર રાખીને પડયો. માલિકે તેની પાસે જઈને અને હળકથી પૂછ્યું: 'તારે જીવવું છે? જીવવું હોય તો માફી માંગ. કોરડાના ખાલી પચાસ ફટકાની સજા કરીને હું તને મોરચે મોકલવા ભરતી કરી દઈશ.'

"આનીકીયના મોઢામાં થૂંક ભરાઈ ગયું હતું પણ થૂંકી કાઢવાની શક્તિ તેનામાં ન હતી. તે દાઢી ઉપર ટપકવા માડયું... એ ગુસ્સામાં ધોળો પડી ગયો હતો પણ તેનો કોઈ અર્થ ન હતો. બંદૂકની ત્રણ ગોળીઓ તેને વીંધી ગઈ હતી.

'તેને રસ્તા ઉપર જ પડયો રહેવા દો!'—માલિકે હુકમ આપ્યો.

"કઝાકોએ તેને ઉપાડીને વાડની પાર ફંગાવી દીધો. તે જઈને રસ્તા ઉપર પડયો. એ જ વખતે કઝાકોની એક ટુકડી ઘોડા દોડાવતી તોપોલેવ્કામાંથી જઈ રહી હતી. તેમની પાસે બે તોપો હતી, માલિકે મરઘડાની પેઠે ઠેકડો મારીને વાડ ઉપર ચઢી જતાં ઘાંટો પાડયો: 'ગાડીવાન, દડબડ હાંકી જા, ક્યાંય વળવાનું નથી!'

"મારા વાળ એકદમ ખડા થઈ ગયા. મેં સેમ્યોનના બુટ અને કપડાં પકડી રાખ્યાં હતા, પણ મારા પગે મને ટેકો ન આપ્યો, ફસકી પડયા... ઘોડાઓમાં પણ ભગવાનનો અંશ હોય છે. એક પણ ઘોડાએ મારા આનીકીય ઉપર પગ મૂક્યો નહીં, બધા તેને ઓળંગીને ચાલ્યા ગયા... હું વાડને વળગી રહ્યો હતો, મારી આંખોને બંધ કરી શકતો ન હતો, અને મારું મોઢું તો જાણે સિવાઈ ગયું હતું. તોપગાડીનાં પૈડાં આનીકીયના પગ ઉપર થઈને નીકળી ગયાં... પ્રથમ તો પાઉરોટીની પોપડી તુટતી હોય એવો કરડ કરડ અવાજ થયો, પછી પગ ચડ્ડાંની જેમ ચગદાઈને સપાટ થઈ ગયા... મને થયું કે આનીકીય જીવલેણ

પીડાથી જ મરી જશે, પણ તેના મોઢામાંથી તો અવાજ સરખો ન નીકળ્યો... તેણે રસ્તાની માટી હાથમાં લઈને મોંમાં ભરી દીધી... તે મોંમાં ધૂળને ચાવતો આંખનું પોપચુંયે હલાવ્યા વગર એકીટશે માલિકને જોઈ રહ્યો, અને તેની આંખો આકાશની માફક તેજસ્વી અને સ્વચ્છ હતી...

"તો આ હતી તે દિવસની ઘટના અમારા માલિક તોમીલિને તે દિવસે બત્રીસ માણસોને ગોળીએ દીધા. માત્ર એક આનીકીય તેના ગર્વને કારણે જીવતો રહ્યો..."

ઝખારદાદાએ રૂપીમાંથી બહુ તરસ્યા માણસની જેમ પાણી પીધું, પછી તેણે પોતાના નિસ્તેજ હોઠ લૂછયા અને આનાકાનીથી વાત પૂરી કરી.

"ખેર, ભૂતકાળ છેવટે ભૂતકાળ છે. હવે જે કંઈ રહી ગયું છે તે આ ખાઈઓ છે, જ્યાં અમારા માણસો પોતાને માટે થોડીક જમીન હાંસલ કરવા લડ્યા હતા. ત્યાં હવે ઘાસ અને નકામા છોડવા ઊગ્યા છે... આનીકીયને પગ કપાવી નાખવા પડયા. હવે તે હાથના બળે જમીન ઉપર સરકે છે. હજુ પણ તે આનંદી દેખાય છે. દરરોજ તે અને સેમ્યોનનો નાનકડો દીકરો બારસાખને ચોકઠે પોતપોતાની ઊંચાઈઓ માપે છે, સેમ્યોનનો દીકરો એનાથી ઊંચો થતો જાય છે... શિયાળામાં ઢોરઢાંખરને નદીએ પાણી પિવડાવવા લઈ જવામાં આવતા હોય ત્યારે તે બહાર નીકળે છે, પોતાના હાથ ઊંચા કરીને રસ્તાની વચ્ચોવચ્ચ બેસે છે, અને બળદો ભડકીને બરફ ઉપર દોડે છે અને લપસતા ઢસડાતા એકબીજા સાથે અથડાય છે. એ જોઈને તે ખડખડાટ હસી પડે છે... મેં માત્ર એક જ વાર જોયેલું... વસંતમાં અમારા સમુદાયનું ટ્રેક્ટર કઝાકોની સિમાને વટાવીને જમીન ખેડી રહ્યું હતું, તે ટ્રેક્ટરને વળગી ગયો અને ભેગો ગયો. હું ત્યાંથી થોડેક જ દૂર ઘેટાં ચરાવી રહ્યો હતો. મેં જોયું કે મારો આનીકીય ખેડાયેલી જમીન ઉપર ઘસડાઈ રહ્યો હતો. મને થયું કે હવે શું કરશે. આનીકીયે ચારે બાજુ જોઈને ખાતરી કરી લીધી કે કોઈ છે નહીં, પછી તેણે માથું જમીન તરફ નમાવ્યું અને ખેડાયેલી જમીનમાંથી માટીનું એક ઢેફું ઉપાડીને તેને હેતથી ચૂમવા લાગ્યો... તે પચીશ વર્ષનો છે, અને હવે ક્યારેય જમીન ખેડી શકશે નહીં. એ વાત તેને ઉદાસ બનાવે છે..."

નીલવર્ણો વગડો ધુમાડા જેવી ભૂરી સંધ્યામાં ઝોકાં ખાતો હતો. થાઈમના છોડવાઓનાં કરમાતાં ગોળ ફૂલો ઉપરથી મધમાખીઓ દિવસનું છેલ્લું મધ એકઠું કરી રહી હતી. ઊજળું અને બેતમા પીંછાંરૂપ ઘાસ ટોચના ગુચ્છા હાલવાથી ધ્યાન આકર્ષિત કરતું હતું. ઘેટાંનું ટોળું તોપોલેવ્કા જવા ટેકરી પરથી ઊતરી

રહ્યું હતું. ઝખારદાદા લાકડીના ટેકે તેની પાછળ ચુપચાપ ચાલતા હતા. રસ્તા પથરાયેલા જાણે કાળજીપૂર્વક વણેલા ધૂળના ઓછાડમાં બે જાતની નિશાનીઓ દેખાતી હતી: એક વરુનાં પગલાંની હતી, એકબીજાથી દૂર દૂર રીતસર પડેલાં પહોળાં પગલાંની નિશાનીઓ સાફ વરતાતી હતી; અને બીજી તોપોલેવ્કાના ટ્રેક્ટરનાં પૈડાએ પાડેલી રસ્તાને ચીરતી ત્રાંસી પટ્ટીઓની નિશાનીઓ હતી.

ઉનાળાનો ગાડાંનો ચીલો જ્યાં કઝાક સરદારના રાજમાર્ગને, હવે ભુલાઈ ગયેલા અને છોડવેલાથી છવાઈ ગયેલા રાજમાર્ગને, મળતો હતો ત્યાં નિશાનીઓ નોખી પડી જતી હતી. વરુનાં પગલાંની નિશાનીઓ ઢોળાવે ઝાડીઝાંખરાં અને બ્લેકથોર્નના છોડવાઓના દુર્ગમ ભરાવામાં વળી જતી હતી, અને રસ્તા ઉપર માત્ર એક જાતની નિશાનીઓ બાકી રહેતી હતી, એ નિશાનીઓ એકધારી તથા જાણે ભારેખમ હતી અને બળેલા તેલની ગંધ ફેલાવતી હતી.

૧૯૨૬

વછેરું

દિવસના ચળકતા અજવાળામાં બણબણતી ટોળાબંધ ઘેરી લીલી માખીઓવાળા ઉકરડા નજીક, વછેરું માની કાયામાંથી બહાર નીકળ્યું. પહેલાં માથું નીકળ્યું, પછી આગળ લંબાવેલા પગ. આ દુનિયામાં તેનો પહેલો અનુભવ ત્રાસનો હતો. ઉપર તોપનો છરાવાળો ગોળો ફાટ્યો, સુંવાળો અને ઝડપથી વિખેરાઈ જતો નાનકડો રાખોડી-ભૂરો વાદળગોટો પેદા થયો, ધડાકાના ખોફનાક રાગડાએ ભીના નવજાત પશુ બીકથી ટૂંટિયું વાળતું માના પગમાં ધકેલી દીધું.

છરાની ગંધ મારતી ઝડી તબેલાના છાપરાનાં નળિયાં ઉપર ખખડાટ કરતી વરસી પડી. કેટલાક છરા જમીન પર પડ્યા, વછેરાની મા, ત્રોફીમની બદામી બદામી ઘોડી, ઠેકડો મારતી ખડી થઈ ગઈ, પણ પછી હળવો ઊંહકારો કરતી પાછી ઢળી પડી. તેણે પરસેવે રેબઝેબ પડખું ઉકરડાની ઓથે અઢેલી દીધું.

પછી છવાઈ ગયેલી અસહ્ય નીરવતામાં માખીઓ જાણે પહેલાં કરતાંયે વધારે જોરથી બણબણવા લાગી. વાડ ઉપર ચડીને તોપોની ગોળાબારીનો સામનો કરવા જેટલી હિંમત ન ધરાવતા બરડોકના છોડવાઓની ઓથમાં એકબે વાર પાંખો ફફડાવીને થોડુંક ગૂંગળાયેલું પણ બેકાબૂ કૂકડે-કૂક પોકાર્યું.

ઘરમાં જખમી મશીનગન સિપાહી ઘૂરકતા ઊંહકારા કરતો હતો, થોડી થોડી વારે ઘોઘરા અવાજે ચીસો પાડતો અથવા ઝનૂની ગાળોની ઝડી વરસાવી દેતો. આગળની નાનકડી બગીચીમાં પૉપીનાં રેશમી લાલ ફૂલો પર મધમાખીઓ ગુંજારવ કરતી હતી.

ગામની પાર બીડમાં મશીનગન તડતડાટી કરતી હતી. છરાના તોપગોળાના

બે ધડાકા વચ્ચેની રાહતનો ફાયદો ઉઠાવીને બદામી ઘોડી મશીનગનના ઝડપી તડ-તડાટ તડ-તડાટ અવાજના સંગાથમાં પોતાના પહેલા જણ્યાને વહાલથી ચાટવા લાગી. વછેરાએ માના ફૂલેલા આંચળ ગોતી કાઢ્યા હતા અને તે પહેલી જ વાર જીવનનો છલકાટ અને માની મમતાની અપાર મીઠાશ પી રહ્યું હતું.

ખળાની પારથી બીજો ગોળો ફાટ્યો ત્યારે ત્રોફીમ ઘરમાંથી નીકળીને બારણું ધડાક બંધ કરી દેતો તબેલા તરફ જવા લાગ્યો. તેણે ઉકરડા ફરતો ચકરાવો લેતાં આંખોને તડકાથી બચાવવા હથેળી ઊંચી કરી દીધી. અને પછી તેની નજર બદામી ઘોડીના આંચળ ચૂસતા અને મહેનતને લીધે જોરથી ધ્રૂજતા વછેરા ઉપર પડી. તે સાવ આભો બની જઈને ખીસાં ફંફોળવા લાગ્યો. તમાકુની થેલી કાઢીને તેણે ધ્રૂજતી આંગળીઓ વડે સિગરેટ વાળી. છેવટે એના ગળામાંથી અવાજ નીકળ્યો:

"તો, તું વિયાણી, એમ ને... તેં વેળા તો મઝાની પસંદ કરી, કહેવું પડે!"

તેના અવાજમાં કડવા મનદુખનો રણકાર હતો.

ઘોડી ભૂંડી લાગે એટલી દૂબળી અને કમજોર હતી. તેની ગૂંચવાઈ ગયેલી રુવાંટીમાં લાદના ટુકડા અને ઘાસનાં તણખલાં ચોંટેલાં હતાં. પણ તેની એકદમ થાકેલી આંખોમાં, ગર્વ અને ખુશીની ચમક હતી, અને ઓછામાં ઓછું ત્રોફીમને તો તેનો ચળકતો ઉપલો હોઠ મલકાટમાં વળી ગયો હોય એમ લાગ્યું. તે ઘોડીને તબેલામાં લઈ ગયો, અને ઘોડી માથું ફગોળીને તથા છીંકોટા કરતી તોબરામાંથી ખાવા લાગી ત્યારે તે બારસાખને અઢેલીને ઊભો રહી ગયો અને તેણે વછેરા તરફ ખારીલી નજરે જોતાં ટાઢાબોળ અવાજે ઘોડીને સવાલ કર્યો:

"તો આ છે તારી મોજમસ્તીની પેદાશ, હું?"

ઘોડીએ કશો જવાબ ન આપ્યો.

"ઓછામાં ઓછું એટલું તો કરવું તું કે ઇંગ્લાતના ઘોડાની ઓલાદ પેદા કરતી! એને બદલે ભગવાન જાણે આ કોની છે. હવે મારે આ વછેરાનું શું કરવું?"

તબેલામાં ઢંકાયેલી ચુપકીમાં ચવાતા અનાજનો અવાજ સંભળાતો હતો. બારણાની તરડમાંથી સૂર્યનું કિરણ અંદર સરકી આવ્યું અને તેણે જ્યાં જ્યાં સ્પર્શ કર્યો ત્યાં બધે જાણે સોનું ઢોળી દીધું. તેણે ત્રોફીમના ડાબા ગાલને પાર કરીને રાતી મૂછ અને ખૂંપરાળી દાઢીને ચળકતા ત્રાંબામાં પલટાવી નાખી, અને તેના

ફરતે પડેલા ચાસને વધારે ઊંડા બનાવી દીધા. વછેરું લાંબા પાતળા પગને ટેકે ઊભું હતું અને બાળકના લાકડાના રમકડા જેવું લાગતું હતું.

"એને મારી નાખું?" ત્રોફીમે તમાકુના ડાઘવાળી વાંકી પહેલી આંગળી વછેરા તરફ ચીંધીને તકાદો કર્યો.

ઘોડીએ લાલચોળ ડોળા ફેરવ્યા, પલકારો કર્યો, અને માલિક તરફ ઉપહાસભરી નજર ફેંકી.

એ દિવસે સાંજે ત્રોફીમે ટુકડીના કામન્ડરની સાથે વાત કરી થઈ...

"આ મારી ઘોડી બહુ સાવચેત થઈ ગઈ. દડબડ ચાલે નહીં, ફાળ ભરીને દોડે નહીં. કાયમ હાંફી જાય. એટલે મેં એને તપાસી જોઈ. બેશક, ગાભણી હતી. એટલી સાવચેત થઈ ગઈ, એટલી સાવચેત, કે બસ! બદામી છે, નાનકું તો એમ છે," ત્રોફીમે વાત પૂરી કરી.

કમાન્ડરે હુમલો કરવા ઘોડો દોડાવતી વેળા તલવારની મહૂને જેવી રીતે પકડી રાખે એવી જ રીતે ચા પીવાના ત્રાંબાના પ્યાલાને પકડી રાખ્યો હતો. તે નિંદરઘેરી નજરે બત્તીને તાકી રહ્યો હતો. જ્યોતિના પીળા લબકારા ફરતે પતંગિયાં ગાંડાંતૂર થઈને નાચી રહ્યાં હતાં. તેઓ થોડી વાર નાચી લેવા ખુલ્લી બારી વાટેથી અંદર આવતાં, અને પછી ગરમ કાચ જોડે અથડાઈને મરી જતાં, તેમની જગ્યા લેવા બીજાં પતંગિયાં આવી પહોંચતાં.

"બદામી હોય કે કાળું, શું ફરક પડે છે? તારે એને ઠાર કરવાનું જ છે. આપણે કંઈ જિપ્સી થોડા જ છીએ કે આ વછેરાને સાથે લેતા ફરીએ."

"હા, તો હું કહેતો હતો કે આપણે કંઈ જિપ્સી છીએ? ધાર કે કમાન્ડર ટુકડીને તપાસવા આવે અને તારું આ વછેરું બધાંની વચ્ચે ગેલ કરતું હોય, આમ પૂંછડી ઊંચી કરીને. તો? આખી લાલ સેનામાં આપણી ફજેતી અને અપમાન થાય. મને સમજાતું નથી, ત્રોફીમ, કે તેં આવું કેવી રીતે થવા દીધું. આંતરવિગ્રહના કપરા સમયમાં આવી બદફેલી! તને શરમ આવવી જોઈએ! ઘોડાં રાખનારાઓને કડક હુકમ આપવામાં આવ્યો છે કે વાલીઘોડાઓને વેગળા રાખે."

સવારે ત્રોફીમ બંદૂક લઈને ઘરની બહાર નીકળ્યો. સૂર્ય હજી ઊગ્યો ન હતો. ઓસનાં ગુલાબી બિન્દુઓ ઘાસપર ચમકી રહ્યાં હતાં. પાયદળના બૂટ તળે ખૂંદાયેલું અને ઠેકઠેકાણે ખાઈઓવાળું બીડ કોઈ તરુણીના આંસુઓના

ડઘાવાળા અને વેદનાની રેખાઓવાળા ચહેરા જેવું લાગતું હતું. આંગણામાં રસોડાના નોકરચાકરો નાસ્તો બનાવી રહ્યા હતા. પગથિયાં પર ટુકડીનો સરદાર પરસેવાથી કડક થઈ ગયેલું ગંજી પહેરીને પગથિયાં ઉપર બેઠો-બેઠો નેતરનું વલોણું બનાવી રહ્યો હતો. થોડા વખતથી ઘરનાં રોજના કામકાજ કરતા બંદૂકની તાજગીબક્ષ ઠંડકથી વધારે ટેવાઈ ગયેલા એના હાથ ગોટાળે ચડી જતા હતા.

પાસેથી પસાર થતા ત્રોફીમે પૂછ્યું:

"શું બનાવો છો... વલોણું?"

સરદાર નેતરના ડાળખીને હાથા ફરતે વીંટાળતો બબડ્યો.

"અહીંની બાઈ, આખો દિવસ પીછો પકડતી રહે છે. પહેલા આવાં કામ સરસ કરતો, પણ હવે હથોટી ઓસરી ગઈ છે."

"મને તો બરોબર લાગે છે,"—ત્રોફીમ બોલ્યો.

સરદારે વધેલી ડાળખીઓ ખોળામાંથી ઝાટકતાં પૂછ્યું:

"વછેરાને ગોળીએ દેવા ચાલી જાય છે?"

ત્રોફીમ મૂંગોમૂંગો ખભા ઊંચા કરીને તબેલા તરફ ચાલ્યો ગયો.

ટુકડીનો સરદાર માથું નમાવીને બેઠો-બેઠો ગોળીબારની વાટ જોવા લાગ્યો. એક પછી એક મિનિટ વીતતી ગઈ, પણ ધડાકો ન થયો. પછી ત્રોફીમ તબેલાના ખૂણેથી વળીને પાછો આવતો દેખાયો. તે જરાક અકળાઈ ગયેલો લાગતો હતો.

"કેમ, શું થયું?"

"ધડાકાની કળ ખોટકાઈ ગઈ હોય એમ લાગે છે. ગોળીબાર ખાલી જાય છે."

"લાવ, જોવા દે મને!"

ત્રોફીમે અચકાતા અચકાતા બંદૂક તેને આપી. સરદારે કારતૂસનુ ખાનું ખોલીને જોયું:

"અરે, આમાં તો કારતૂસ જ નથી."

"બને નહીં!"—ત્રોફીમ જરાક વધુ પડતો ગંભીર થઈને બોલી ઊઠ્યો.

"બંદૂક ખાલી છે, હું કહું છું ને..."

"અરે! ઠીક, કહી જ દઉં. મેં જ બંદૂક ખાલી કરી નાખી છે. તબેલાની પાછળ."

સરદારે બંદૂક નીચે મૂકી દીધો, અને—પોતે હમણાં જ બનાવેલું વલોણું કંઈ બોલ્યા વગર થોડી વાર હાથમાં ફેરવતો રહ્યો. તાજી ડાળખીઓ ચિકણી અને સુવાસિત હતી, અને ખીલતા નેતરની ગંધ તથા તાજી ખોદાયેલી જમીનની વાસ, યુદ્ધની જ્વાળાઓમાં લાંબા વખતથી ભુલાઈ ગયેલી નવી માટીની વાસ, ફેલાવીને તેનાં નસકોરાંમાં ગલગલિયાં કરતી હતી.

"સાંભળ... ભાડમાં જાય બધું!" તેણે કહ્યું. "જીવતું રહેવા દે! કંઈ નહીં તો હાલ પૂરતું. લડાઈ પૂરી થઈ ગયા પછી કોઈક દિવસ કદાચ કોકનું હળ ખેંચવામાં કામ આવશે. અને કમાંડર એનીય સમજણમાં ઊતરશે. કેમ કે ધાવણું બચ્ચું જો. ધાવે નહીં તો બીજું શું કરે! આપણે બધાય ધાવતા, કમાંડર પણ. વાત પૂરી થઈ. અને તારી બંદૂકમાં કંઈ ખોટકો નથી."

એકાદ મહિના પછી, ઉસ્ત-ખોપેરસ્કાયા ગામની પાસે, ત્રોફીમની ટુકડીને કઝાકોની એક ટુકડી સાથે લડાઈ થઈ. દિવસ ઢળતાં પહેલા ગોળીબાર શરૂ થઈ ગયો. હુમલો શરૂ થયો ત્યારે સાંજ પડી રહી હતી. ત્રોફીમ પોતાની ટુકડીથી બહુ જ પાછળ રહી ગયો. તેણે કેટલાંય ફટકા માર્યા, કેટલીયે વાર લગામ ખેંચી, ઘોડીના હોઠમાંથી લોહી વહેવા લાગ્યું, પણ તે હુમલામાં સામેલ ન થઈ. માથું ઊંચું કરીને ઘોઘરા અવાજે હણહણતી બેચેનીમાં ઊભી ઊભી પગ પછાડતી રહી. વછેરું પૂંછડી પટપટાવતું દડબડ દોડીને તેની પાસે પહોંચી ગયું ત્યાં સુધી એવી જ હાલત રહી. ત્રોફીમ ઘોડી પરથી નીચે ઊતર્યો. તેનો ચહેરો ગુસ્સાથી તમતમતો હતો. તેણે તલવાર મ્યાનમાં નાખી અને બંદૂક વાંસા પરથી ખેંચી કાઢી. કરાડની કોર નજીક ટુકડીની જમણી પાંખ દુશ્મન સાથે ધિંગાણું કરવા લાગી હતી. ઘોડેસવારોનું ટોળું જાણે પવનથી ડોલી ઊઠતું હોય એમ એક બાજુથી બીજી બાજુ હિલોળા લઈ રહ્યું હતું અને ભીષણ નીરવતામાં હથિયારો વીંઝી રહ્યું હતું. નીરવતામાં કેવળ ઘોડાઓની ખરીઓના ધડધડાટથી ભંગ પડતો હતો. ત્રોફીમે એક ક્ષણ માટે ત્યાં નજર કરી અને વછેરાના જાણે કંડારેલા માથાનું નિશાન તાક્યું. કદાચ બંદૂકનો ઘોડો દબાવતી વખતે એનો હાથ જરા ધ્રૂજી ગયો હશે અથવા નિશાન ચૂકી જવાનું બીજું કોઈ કારણ હશે. ગમે તેમ પણ વાછરું તો રમતિયાળ થઈને લાતો મારતું અને તીણા અવાજે હણહણાટી કરતું, ચક્કર ચક્કર ધસીને ધૂળના રાખોડી ગોટા ઉડાડવા લાગ્યું. પછી થોડે દૂર જઈને તે નિશ્ચલ ઊભું રહી ગયું. ત્રોફીમે નાના શેતાન ઉપર કારતૂસની આખી પટ્ટી ફૂંકી દીધી, અને તે પણ લાલ ટોટીવાળી ગોળીઓ. કારતૂસના થેલામાંથી

સૌથી પહેલી એ જ તેનાં હાથમાં આવી હતી. પણ ગોળીઓથી વછેરાને બિલ્કુલ ઈજા ન થઈ. ઝનૂનમાં ગાળો બકતો ત્રોફીમ ફરીથી ઘોડી પર સવાર થઈને તે લઈ જાય એટલા વેગે ટુકડીના સરદાર અને તેના ત્રણ માણસો પાસે પહોંચ્યો. તેઓ દાઢીવાળા અને લાલ ચહેરાવાળા તથા જૂના ધરમમાં માનતા કઝાકોએ તેમને મુશ્કેલીમાં સપડાવી દીધા હતા.

તે રાત્રે ટુકડીએ વગડામાં એક છીછરા નાળાની બાજુમાં છાવણી નાખી. સિગરેટો ન સળગી, અને ઘોડાઓનાં હજી પલાણો ન ઉતારવામાં આવ્યાં. નદીને કિનારે ગશ્ત માટે મોકલાયેલી ટુકડીએ બાતમી આપી કે દુશ્મને ઓવારા પાસે સારી પેઠે સૈન્યોની જમાવટ કરી હતી.

ઉઘાડા પગ વરસાદી કોટની ગડીઓમાં ભરાવીને, ત્રોફીમ અરધો ઊંઘમાં પડ્યો પડ્યો દિવસના બનાવો વિશે વિચારવા લાગ્યો. ફરીથી તેને સરદાર ઢોળાવ પરથી નીચે કૂદતો દેખાયો, ચીળીના ડાઘાવાળો જૂનો શ્રદ્ધાળુ કમિસારની સામે તલવાર આડેધડ વીંઝી રહ્યો હતો, નાનકડા દુબળા કઝાક જુવાનના જેનાં કોઈએ ટુકડે ટુકડા કરી નાખ્યા હતા, કોઈનું જીન લોહીથી કાળું થઈ ગયેલું હતું. અને હા, પેલું વછેરું...

સવાર થવા આવી ત્યારે સરદાર ત્રોફીમ પાસે જઈને બેસી ગયો.

“ઊંઘે છે, ત્રોફીમ?”

“ઝોકાં ખાઉં છું.”

નજર ફેરવીને વિલાતા તારાઓ તરફ જોતાં સરદારે કહ્યું:

“તારા પેલા વછેરાને ઠાર કરી નાખ. જોશ ઢીલું કરી નાખે છે. એનો દેખાવ જ મને એવો ઢીલોપોચો કરી નાખે છે કે તલવાર વાપરવાનું બનતું જ નથી. માણસના મનમાં ઘરની યાદ તાજી કરાવી દે છે, પણ એવું લડાઈમાં સારું નહીં. મારું દિલને પથ્થરમાંથી લોચામાં પલટાવી નાખે છે. તેં જોયું ને, નાનકું શેતાન ઝપાઝપીની વચ્ચોવચ હતું, પણ એને ઉઝરડો સરખોયે ન પડ્યો.” સરદાર પળ વાર ચુપ થઈ ગયો. તેના હોઠ ઉપર જાણે સ્વપ્નનો મલકાટ ઝબકી ગયો. પણ ત્રોફીમે એ મલકાટ ન જોયો...

“એની પૂંછડી ત્રોફીમ! તેં જોયું છે કેવી રીતે ઊંચી કરી દે છે, પછી ઠેકડો મારે ત્યારે કેવી રીતે હવામાં લહેરાય છે! સાવ શિયાળની પૂંછડી જેવી, કસમ ખાઈને કહું છું! બહુ રૂપાળી પૂંછડી છે!..”

ત્રોફીમ ચુપ રહ્યો. તેણે કોટ ખેંચીને માથા ઉપર ઓઢી લીધો, ઓસની ભીનાશને લીધે તેને ધ્રુજારી છૂટી ગઈ અને તે જોતજોતામાં ઊંઘી ગયો.

એક જૂનાપુરાણા મઠની સામે, જમણે કાંઠે આગળ ધસી આવેલી ટેકરીને લીધે, નદીનો પટ સાંકડો થઈ ગયો હતો. દોન સંકડાશમાં ભારે ઝનૂનથી ધસમસાટ વહેતી હતી. વળાંક પાસે પાણી જાણે ઊકળતું હતું અને પરપોટા પેદા કરતું હતું, લીલાં. ટોચદાર મોજાં વસંતના ભૂપાતની જગ્યાના ચાકના ખડકો સાથે અથડાતાં હતાં.

સરદારે સામાન્ય પરિસ્થિતિમાં મઠની સામે નદી ઓળંગવાનો હુકમ ન આપ્યો હોત, તેને બદલે દોન જ્યાં વધુ પહોળી અને શાંત હતી અને વહેણ ધીમું હતું ત્યાં કાંઠો કઝાકોના કબજામાં હતો અને ટેકરી ઉપર એકધારો ગોળીબાર ચાલુ હતા.

નદી ઓળંગવાનું બપોરે શરૂ થયું. જેમતેમ બનાવી લેવામાં આવેલા તરાપામાં ઘોડાઓ અને માણસો સહિત મશીનગનની ગાડી રવાના કરવામાં આવી. અધવચ્ચે તરાપો વહેણની સામે એકદમ ગોળ ફરી ગયો અને એક બાજુ જરાક નમી ગયો. ડાબા પટ્ટાનો ઘોડો નદી ઓળંગવા ટેવાયેલો ન હોવાને કારણે ગભરાઈ ગયો.

ટુકડીની ઓથમાં ઘોડાનાં જીન ઉતારતી ટુકડીને ઘોડાની બેચેન હણહણાટી અને તરાપાની બાજુઓમાં ખરીઓના ખખડાટનો અવાજ સાફ સંભળાયો.

“જનાવર તરાપાને ડુબાવી દેશે!” ત્રોફીમ ગમગીન અવાજે બબડ્યો. ઘોડીની પરસેવે રેબઝેબ પીઠ પર ઊંચો થયેલો તેનો હાથ પાછો પડખા પાસે ઢળી ગયો. તરાપા ઉપર ભયભીત ઘોડો ભડકીને પાછલા પગે ઊંચો થઈ ગયો.

“વીંધી નાખો!” સરદારે બરાડો પાડ્યો.

ત્રોફીમે જોયું કે મશીનગન સિપાહીઓ ઊંચા થયેલા ઘોડાની ગરદન સુધી ઠેકડો મારીને તેના કાનમાં રિવોલ્વર ઘુસાડી દીધી. રમકડાની બંદૂકમાંથી નીકળે એવો સાવ ધીમો ધડાકો કિનારા પર સંભળાયો. તરાપા ઉપર બીજા બે ઘોડાઓ એકબીજાની નજીક દબાયા. તરાપાને સમતોલ રાખવા માટે મશીનગન સિપાહીઓએ મરેલા ઘોડાને ગાડીની પાછળના ભાગમાં હડસેલી દીધો. તેના આગલા ધીમે ધીમે પગ સંકોચાઈ ગયા અને માથું નીચે ઢળી ગયું.

દસેક મિનિટ પછી સરદારે પોતાના ભૂખરા ઘોડાને પાણીમાં ચલાવ્યો અને તેની પાછળ એકસો ને આઠ અર્ધનગ્ન સિપાહીઓ અને એટલી જ સંખ્યાના બહુરંગી ઘોડાઓ ખોફનાક છબકારા કરતા નદી ઓળંગવા લાગ્યા. બધાં જીન ત્રણ નાની હોડીઓમાં લાદવામાં આવ્યાં હતાં. ત્રોફીમ પોતાની ઘોડી જૂથના આગેવાન નેચેપુરેન્કોને સોંપીને તેમાંથી એક હોડી ચલાવવા લાગ્યો. દોનની અધવચ્ચે તેણે પાછળ ફરીને જોયું તો આગળના ઘોડાઓ ઘૂંટણ સુધી પાણીમાં ડૂબી ગયા હતા અને પાણી પીવા માટે અટકીને માથાં નીચાં કરી રહ્યા હતા. માણસો હળવા દબાયેલા અવાજે ઘોડાઓને આગળ ધપાવતા રહ્યા. થોડી વારમાં કાંઠાથી કેટલાક ગજના અંતરે નદીમાં હણહણતા ઘોડાઓનાં કાળાં માથાંનો જમાવ થઈ ગયો. માણસો પોતપોતાના ઘોડાઓની બાજુમાં કેશવાળી પકડીને અને બંદૂકો માથાથી ઊંચે ઝાલી રાખીને તરતા હતા. તેમણે કપડાં અને કારતૂસના થેલા બંદૂકો જોડે બાંધી લીધા હતા.

ત્રોફીમ હલેસું છોડીને હોડીમાં ઊભો થઈ ગયો. સૂર્ય સામે આંખો સંકોડીને તેણે પોતાની બદામી ઘોડીને પારખી કાઢવા ચિંતાતુર નજર બીજા ઘોડાઓ પર ફેરવી. અચાનક બંદૂકની ગોળી છૂટતાં બેબાકળા હંસો જેવી રીતે આકાશમાં ચારે દિશાઓમાં વેરવિખેર થઈ જાય, એવી દશા ટુકડીની થઈ ગઈ હતી. સરદારનો ભૂખરો ઘોડો સહુથી આગળ હતો. તેની ચળકતી પૂંઠ પાણીથી ઘણી ઊંચે હતી. તેની પૂંછડી પાછળ દેખાતાં બે રૂપેરીધાબાં કમિસારના ઘોડાનાં કાનનાં હતાં. તેમની પાછળ ઘોડાઓનો બહોળો કાળો સમૂહ આવી રહ્યો હતો. અને સાવ છેલ્લે, દરેક પળે વધારે ને વધારે પાછળ રહી જતો જૂથના આગેવાન નેચેપુરેન્કોનો ડીંથરિયો ઘોડો ડૂબકાં ખાતો આવી રહ્યો હતો. તેની ડાબી બાજુ ત્રોફીમની ઘોડીના અણીદાર કાન દેખાતા હતા. તેનીયે પાછળ ત્રોફીમે મુશ્કેલીથી વછેરાને પારખી કાઢ્યું. તે ગોથાં ખાતું હતું, ઘડીક અડધું પાણીની બહાર તો ઘડીક નાક સુધી પાણીમાં ડૂબી જતું.

અને પછી નદીની ઉપર ફૂંકાતા પવને પ્રાણીનો મદદનો આછો, જાળાના તાંતણા જેવો તીણો, "ઉ-ઉ-ઉ" પોકાર ત્રોફીમના કાન સુધી પહોંચાડી દીધો.

તલવારની અણી જેવા તીક્ષ્ણ અને સાફ પોકારે ત્રોફીમના હૃદયને ચીરી નાખ્યું, તેની ઉપર ચોંકાવી નાખતી અસર પાડી. તે લડાઈનાં પાંચ વર્ષ દરમિયાન બચી રહ્યો હતો, તે મોતની જોડે કેટલીયે વાર રમત રમી ચૂક્યો હતો, પણ તેણે મનનો કાબૂ ક્યારેય નહોતો ગુમાવ્યો. તેની દાઢીના રતાશ પડતા ખૂંપરાઓ

નીચે ચહેરા રાખ જેવો ફીકો થઈ ગયો. તેણે હલેસું ઉપાડી લઈને હોડીને ઓઘ પાર કરવા વાળી દીધી, વમળ તરફ થાકી ગયેલું વછેરું જ્યાં ગોથાં ખાતું એ વમળ તરફ વાળી દીધી. ઘોડી પણ ખોખરા અવાજે હણહણવા લાગી અને તરતી બચ્ચાની વહારે જવા લાગી. નેચેપુરેન્કોએ બહુ કોશિશ કરી પણ તેને અટકાવી ન શક્યો. હોડીમાં જીનના ઢગલા પર બેઠેલા ત્રોફીમના મિત્ર સ્તેશ્કા યેફ્રેમોવે ઘાંટા પાડ્યો:

"અરે, મૂર્ખાઈ ન કર! કાંઠા તરફ ચલાવ, આ સામે કઝાકો દેખાય છે!"

"મૂંગો મર!" ત્રોફીમ બંદૂક લેવા હાથ લંબાવતો શ્વાસમાં બોલ્યો.

વછેરું હેઠવાસ દૂર તણાઈ ગયું હતું અને નાનકડા વમળમાં સપડાઈ ગયું હતું. વમળ તેને ગોળ-ગોળ ઘુમાવી રહ્યું હતું અને લીલાં દાંતાળાં મોજાં ચાટી રહ્યું હતું. ત્રોફીમ જોરજોરથી હલેસાં મારતો રહ્યો. હોડી આંચકા ખાતી રહી. કઝાકો નદીને જમણે કિનારે ભેખડની ઓથમાંથી નીકળ્યા, "મક્સીમ" મશીનગનની ખાસ તડતડાટી શરૂ થઈ ગઈ. પાણીમાં ટકરાતી ગોળીઓ ફુત્કાર કરતી હતી. શણનું ફાટેલું ખમીસ પહેરેલો એક અફસર રિવોલ્વર હલાવતો કશુંક બરાડ્યો.

વછેરાની ચીસો હવે ઓછી થઈ ગઈ હતી, વધારે આછી પડી ગઈ હતી, પણ તેમાં માનવશિશુની ચીસો જોડે ખોફનાક સામ્ય હતું. નેચેપુરેન્કો ઘોડીને પડતી મૂકી દઈને ઝડપથી ડાબા કાંઠા તરફ જવા લાગ્યો. ત્રોફીમે ધ્રૂજતાં ધ્રૂજતાં બંદૂક ઊંચી કરી અને વછેરાનાં માથાથી જરાક નિશાન તાકીને વમળમાં ગોળી છોડી. પછી તે બોદો ઊંહકારો કરતો પગમાંથી બૂટ ફગાવી દઈને પાણીમાં કૂદી પડ્યો.

જમણે કિનારે શણનું ખમીસ પહેરેલા અફસરે ઘાંટો પાડ્યો:

"ગોળીબાર બંધ કરો!"

ત્રોફીમ પાંચ મિનિટમાં વછેરા પાસે પહોંચી ગયો અને તેણે ડાબો હાથ વછેરાના ઠંડાગાર પેટ નીચે ભરાવ્યો. તે ગૂંગળાતો અને પાણી થૂંકતો ડાબા કાંઠા તરફ તરવા લાગ્યો. જમણે કાંઠેથી દુશ્મનોની એક પણ ગોળી છૂટી નહીં.

આકાશ, ઝાડી અને રેતી—બધું લીલું અને છાયાદાર લાગતું હતું. ત્રોફીમ છેલ્લી અને લગભગ અતિમાનવીય જહેમત કરીને કિનારે પહોંચ્યો, અને તેણે પાણી નિતારતા વછેરાને બહાર ખેંચી કાઢ્યું. તે રેતીમાં ફંફોસતો અને પેટમાં

ભરાઈ ગયેલું. નદીનું લીલું પાણી ઓકી કાઢતો થોડી વાર ત્યાં પડયો રહ્યો. ઝાડીમાંથી તેનાં સાથીઓના અવાજો સંભળાતા હતા, અને દૂર વળાંકની પાર તોપો ધડાકા કરતી હતી. બદામી ઘોડી કાંઠે આવીને ત્રોફીમની પાસે ઊભી રહી ગઈ અને પાણી ખંખેરવા તથા વછેરાને ચાટવા લાગી. તેની ઢીલી પૂંછડીએથી દડતાં પાણીનાં ચળકતાં ટીપાં રેતી પર પડતાં હતાં.

ત્રોફીમ લથડતો ઊભો થયો, અને રેતીને પાર કરતો આગળ જવા લાગ્યો. પરંતુ એકબે ડગલાં ભરીને લથડિયું ખાતો ઢળી પડયો. કોઈ ગરમ ચીજે તેની છાતીને વીંધી નાખી હતી. તેણે પડતાં પડતાં ગોળીબારનો અવાજ સાંભળ્યો. એક ગોળીબાર, પીઠમાં, જમણે કાંઠેથી. ત્યાં જમણે કાંઠે શણનું ફાટેલું ખમીસ પહેરેલા અફસરે ધુમાડો છોડતા કારતૂસને બંદૂકમાંથી ઠંડે કલેજે સળગતી કાઢી નાખ્યો. વછેરાથી ફક્ત એકબે ડગલાં દૂર ત્રોફીમ રેતીમાં પડયો પડયો મરી રહ્યો હતો. લોહીવાળું ફીણ તેના નીલા સખત બિડાયેલા હોઠ ઉપર મલકાટનો અણસારો પેદા કરતું હતું. એ હોઠેએ પાંચ પાંચ લાંબાં વર્ષોથી તેનાં બાળકોને બચી નહોતી ભરી.

૧૯૨૬

પારકું લોહી

પહેલી હિમવર્ષા નાતાલ પૂર્વેના દિવસોમાં સેંટ ફિલીપની દાવત પછી શરૂ થઈ. રાતે દોન નદી પારથી ફૂંકાતો પવન, વગડામાં કરમાયેલા રાતા ઘાસમાં સરસર અવાજ કરતો હતો, હિમના ઢગલાઓની બરછટ કિનારીઓને જાણે ગૂંથીને સરખી કરતો હતો, અને રસ્તાઓની ગાંઠાળી સપાટીઓને ચાટીને સાવ ઉઘાડા કરી નાખતો હતો.

રાત્રિએ ગામને લીલાશ પડતી ઝાંખી નીરવતામાં લપેટી લીધું. ખેતરોની પાર ખેડાયા વગરનો વગડો આડેધડ ઊગેલાં ઝાડીઝાંખરાંમાં ઝોકાં ખાઈ રહ્યો હતો.

મધરાતે ખીણમાં કોઈ વરુ રાગડા તાણવા લાગ્યું. વળતા જવાબમાં ગામનાં કૂતરાંઓ ભસતાં હતાં. ઘરડો ગાવરીલા જાગી ગયો. તે ભઠ્ઠીની કોરેથી પગ લટકાવીને બેઠો અને છાજલીને વળગીને ઉધરસ ખાવા લાગ્યો. ઉધરસ ખાઈ લીધી એટલે તે થૂંકીને તમાકુની થેલી શોધવા લાગ્યો. ડોસો રોજ રાતે, પહેલા કૂકડે-કૂક પછી જાગતો, બેઠોબેઠો ધુમાડા કાઢતો અને ઉધરસ ખાતો, ઘુરઘુર શ્વાસ લઈને ફેફસાંમાંથી ગળફો છૂટો કરતો, અને ઉધરસના ગૂંગળાવનારા હુમલાઓ વચ્ચેના ગાળાઓમાં વિચારો રોજના જાણીતા માર્ગે થઈને તેના માથામાં પહોંચતા. આ બધા વિચારોના કેંદ્રમાં હતો દીકરો, જે યુદ્ધમાંથી પાછો નહોતો આવ્યો.

એકનો એક દીકરો હતો, પહેલો અને છેલ્લો. તેને ખાતર વૃદ્ધ ગાવરીલાએ દિનરાત તનતોડ મહેનત કરી હતી. તેને લાલિયા કોમ્યુનિસ્ટોની સામે લડવા મોરચે મોકલવાનો વખત આવ્યો ત્યારે તે બળદની એક જોડ બજારમાં લઈ ગયો હતો, અને તેના વેચાણના પૈસા વડે તેણે કોઈ કાલ્મિક પાસેથી એક ઘોડો

ખરીદી લીધો હતો. એ કંઈ સાદો ઘોડો નહિ પણ જાણે વગડાનો વંટોળિયો હતો. પછી તેણે કુટુંબની પટારીમાંથી પલાણ અને દાદાની રૂપાની ઝૂલવાળી લગામ કાઢી લીધાં હતાં વિદાયની વેળાએ તેણે કહ્યું હતું:

"સાંભળ, પેત્રો, મેં તને બરોબર તૈયાર કરી દીધો છે. તારા જેવા સાધનસરંજામમાં તો કોઈ અફસરનેય શરમ ન આવે. તારા પિતાની જેમ તું પણ કઝાક સેનાની સેવા કરજે અને ધ્યાન રાખજે કે ધીરે વહેતી દોનને ક્યાંક કલંક ન લગાવી દે. તારા દાદા અને પરદાદાએ ઝારની સેવા કરી છે, અને તારેય કરવાની જ છે!"

હવે વૃદ્ધ ગાવરીલા બારીની બહાર જોવા લાગ્યો. ચોમેર પથરાયેલી હરિયાળીમાં ચાંદનીની છાલકો નજરે પડતી હતી. આંગણામાં પવન કંઈક, તેનું નહોતું એવું કંઈક, શોધી રહ્યો હતો. તે સુસવાટા સાંભળતો રહ્યો અને સદાને માટે જતા રહેલા દિવસોને યાદ કરતો રહ્યો.

વિદાયની મહેફિલમાં કઝાકોએ એક જૂના ગીતના રણકારથી ગાવરીલાના ઘરના પરાળના છાપરાની વળીઓને હલાવી દીધી હતી:

અમે લડીએ, કતારો અમારી કદી ડગે ના,
અમલ હુકમનો કરીએ, બીજું કશું ના.
છૂટો ફરમાન, સરદાર કરું, એ જ ઘડીએ
થઈને સવાર, કાપતા ને ધસતા, અમે લડીએ.

પેત્રો ટેબલ પાસે બેઠેલો હતો. ખૂબ પીધેલો હતો, તેનો નિસ્તેજ ચહેરો લગભગ ભૂરો દેખાતો હતો. છેલ્લી પ્યાલી, વિદાયનો જામ, ગટગટાવીને તેણે થાકમાં આંખો મીંચી દીધી હતી. પણ તે ગમે તેમ કરીને ઘોડા પર સવાર થઈ ગયો હતો અને જીનમાં મક્કમ ગોઠવાઈ ગયો હતો. અને તલવાર બાંધી લીધા પછી તેણે નીચે વળીને માતૃભૂમિની થોડીક ધૂળ ભેગી લઈ જવા ઉપાડી લીધી હતી. હવે ક્યાં સૂતો હશે અને પરદેશી વિસ્તારોમાં તેના હૃદયને હૂંફ આપવા તેને કેવી જમીન મળી હશે?

વૃદ્ધને લાંબી અને સૂકી ઉધરસ આવી, તેની છાતીમાં ધમણ ઘુરઘુરાટ કરતી હતી અને ઊંચાનીચા અવાજે સીટી વગાડતી હતી. તે વચગાળાની ઘડીઓમાં ગળું સાફ કરે, અને વળેલી પીઠને ભઠ્ઠીની છાજલીએ ટેકવે ત્યારે તેના વિચારો રોજના જાણીતા માર્ગે થઈને માથામાં પહોંચી જતા.

ઘરડા ગાવરીલાએ દીકરાને વિદાય આપી ત્યાર પછી એક મહિને લાલ ફોજીઓ આવ્યા. તેમણે હુમલાખોર દુશ્મનની જેમ કઝાકોની સદીઓ પુરાણી પરંપરાઓમાં ભંગાણ પાડ્યું અને ડોસાની જિંદગીની રોજિંદી રીતને એક ખાલી ખીસાની જેમ ઉલટાવી નાખી. એમ, દોન નદીની પાર પેત્રો લડાઈમાં જેમથી સાર્જન્ટની પટ્ટીઓ કમાઈ રહ્યો હતો, અને ગામમાં ગાવરીલા, એક જમાનામાં જેવી રીતે પીળાશ પડતા વાળવાળા પેત્રોને ઉછેર્યો હતો એવી જ રીતે, લાલિયા કોમ્યુનિસ્ટો તરફના, મોસ્કોના લેભાગુઓ પ્રત્યેના ચિંતાઘેરા તિરસ્કારને પોષતો, પટાવતો, અને પાળતો રહ્યો.

તે ખાલી કીનાખોરી બતાવવાના આશયે જ અપશુકન ચિન્હ રૂપે તેણે કઝાક આઝાદીના પ્રતીક સમું તંગ પાયચાઓવાળું પાટલૂન પહેરતો. છૂટે હાથ વેતરેલા ગરમ કાપડના પાટલૂનમાં કાળા દોરાની પાકી સિલાઈવાળી લાલ પટ્ટીઓ રહેતી. લાંબો કઝાક ઝભ્ભો પહેરતો. તેમાં સંત્રીદળની નારંગી રંગની ગૂંથેલી દોરીઓની સજાવટ હતી, અને એક જમાનામાં ટાંકેલી સાર્જન્ટ-મેજરની પટ્ટીઓની નિશાનીઓ હતી. વફાદારીથી અને સરસ રીતે રાજાની સેવા બજાવવાને કારણે મળેલા પદકો અને ક્રોસ તે છાતી ઉપર લાદતો, અને રવિવારે ચાલતો દેવળે જાય ત્યારે એવી સજાવટ સૌને દેખાય એટલા ખાતર કોટ સાવ ઉઘાડો રાખતો.

એ કઝાક ગામમાં હવે સોવિયેતનું શાસન હતું. તેના અધ્યક્ષે એક વાર ગાવરીલાને મળી જતાં કહ્યું:

"દાદા, આ ચકરડાં કાઢી નાખો! હવે એનો ચાલ નથી રહ્યો!" ઘરડો ગાવરીલા દારૂગોળાની જેમ ધડાકો કરતો બોલી ઊઠ્યો:

"તું કોણ મને હુકમ કરનાર? તેં આપ્યા છે મને?"

"જેણે આપેલા એ તો કદાચ ક્યારનો જમીનમાં જીવડાઓનો ખોરાક બની રહ્યો છે."

"ભલે બનતો હોય... કંઈ જ નહીં કાઢી નાખું. અને તારાથીયે નહીં કઢાય, હું જીવતો છું ત્યાં લગી."

"વધારે પડતો ફાંકો રાખો છો, દાદા! હું તો ફક્ત મિત્રની જેમ સલાહ આપું છું. તમતમારે પથારીમાં પડો ત્યારેય બધું ભેગું રાખજો, મને શું? પણ પેલાં કૂતરાંઓનું શું કરવાના? તમારા પાટલૂનની પાછળ જ પડી જવાનાં, સમજ્યા ને! ભૂલી ગયાં છે કે તમારા જેવા માણસો કેવા કેવા દેખાય, એટલે પોતાના માણસનેય નહીં ઓળખે."

અપમાન ઝેરી વનસ્પતિ જેવું કડવું હતું. તેણે પદકો કાઢી નાખ્યાં, પણ ખીજ તેના દિલમાં નકામા છોડવાની જેમ વધતી રહી અને પહેલેથી જ મોજૂદ તિરસ્કારની જોડે ભળવા લાગી.

દીકરો તો ગયો હતો એટલે હવે કોઈને ખાતર કામ અને બચત કરવા જેવું કશું હતું જ નહીં. કોઠાર તૂટી પડવા લાગ્યા, ઢોરઢાંખરે વાડા તોડી નાખ્યા, અને તોફાનમાં ભાંગી પડેલા છાપરાની વળીઓને કોહવા લાગી. તબેલામાં ઘોડાઓની ખાલી જગ્યાઓ ઉંદરોએ કબજે કરી લીધી, અને છાપરામાં દાતરડાં કાટ ખાવા લાગ્યાં.

મોટા ભાગના ઘોડાઓ કઝાકો ભેગા ગયા હતા, બાકીના કોમ્યુનિસ્ટોએ લઈ લીધા હતા અને તેમણે બદલામાં રહેવા દીધેલી ફક્ત એક વાંકા ઢીંચણવાળી અને લાંબા કાનવાળી ઘોડીને શરદમાં માખ્નોના અરાજકતાવાદીઓ કોડીના ભાવે ઉપાડી ગયા હતા. વળતરમાં તેમણે ગાવરીલાને બ્રિટનમાં બનેલી પગે બાંધવાની પટ્ટીઓની એક જોડ આપી હતી.

"અમારું એ તમારું જ છે!"

માખ્નોના એક મશીનગન સિપાહીએ મિચકારો કરતાં કહેલું. "દાદા, અમારાં ખીસાં ખાલી કરાવીને અમીર થઈ જાઓ તમતમારે!"

તેણે આખી જિંદગી બચાવીને કરેલા સંઘરાનો ધુમાડો થઈ ગયો. તે કંઈ કરવા આંગળી પણ ઊંચી ન કરી શક્યો, પરંતુ વસંતમાં જ્યારે પડતર વગડો સુસ્ત તાબેદારીની હાલતમાં તેના પગ સામે પથરાયેલો હતો ત્યારે ધરતીએ ડોસાને લલચાવ્યો, અને રાતની વેળાએ તેનો દબાણ કરતો મૂંગો સાદ તેને સંભળાવા લાગ્યો. તે પ્રતિકાર ન કરી શક્યો, તેણે બળદોને હળે જોડીને વેરાન ધરતીમાં પોલાદ વડે ચાલ પાડ્યા અને કાળી જમીનના કદી ન સંતોષાય એવા પેટાળમાં સરસ ઘઉં વાળી દીધા.

કઝાકો દરિયાની સફરોમાંથી અને દરિયાપારથી પાછા ઘેર આવતા રહ્યા, પણ કોઈ પેત્રો વિષે માહિતી ન લાવી શક્યું. તેમણે જુદી જુદી ટુકડીઓમાં સેવા બજાવી હતી, તેઓ જુદા જુદા વિસ્તારોમાં લડ્યા હતા—રશિયા મોટો દેશ છે—અને કહેવાતું કે કુબાન પાસે ક્યાંક કોમ્યુનિસ્ટોની ટુકડી સાથેની ઝપાઝપીમાં પેત્રોની ટુકડી આખરી સિપાહી સમેત સાફ થઈ ગઈ હતી.

ગાવરીલા દીકરા વિશે જવલ્લે જ કોઈ વાર પત્ની સાથે વાત કરતો.

તેને રાતની વેળામાં ઓશીકામાં રડતી અને સિસકારા કરતી ઘરવાળીનો અવાજ કાને પડતો.

"શું છે, ડોશી?" તે ગળું ખોંખારતો બોલતો.

થોડી વાર ચુપ રહીને પછી તે બોલતી.

"આ ભઠ્ઠીમાંથી ધુમાડો નીકળતો હશે. મારું માથું દુખે છે."

અને તે જાણે ખરી પીડા જાણતો જ ન હોય એવો ઢોંગ કરીને કહેતો.

"મીઠાવાળી કાકડીનું પાણી પી લે થોડુંક. હમણાં ભંડકિયામાં જઈને લઈ આવું છું."

"સૂઈ જાઓ ને, હમણાં ઠીક થઈ જશે."

અને ફરી નીરવતાનું અદૃશ્ય જાળું ઘરમાં છવાઈ જતું. બારીમાંથી ચાંદો ઉદ્ધત નજરે તાકી રહેતો પારકી વેદના અને માનું હૃદય ભાંગી નાખતા ગમને જોવાની મોજ માણતો રહેતો.

પણ હજુ તેઓ એવી આશામાં વાટ જોતાં હતાં કે દીકરો જરૂર પાછો આવશે. ગાવરીલાએ ઘેટાની કેટલીક ખાલ કેળવવાનું નક્કી કર્યું ત્યારે પત્નીને કહ્યું:

"આપણે તો જેમ છીએ તેમ ચલાવી લેશું, પણ પેત્રો પાછો ઘેર આવે ત્યારે શું પહેરશે? શિયાળો નજીક આવી ગયો છે, એને માટે કોટ બનાવી રાખવો જોઈએ."

તેમણે પેત્રોના માપનો કોટ સીવીને સંદૂકમાં રાખી દીધો. ઢોરનું છાપરું સાફ કરતી વેળા પહેરવા માટે બૂટ પણ બનાવવામાં આવ્યા. બુઢ્ઢા આદમીએ પોતાનો ભૂરો ગણવેશ પણ બહુ જ કાળજીથી રાખી મૂક્યો, અને ઊધાઈથી બચાવવા તેમાં તમાકુ ભભરાવી દીધી. તેમણે બકરો કાપ્યો ત્યારે ગાવરીલાએ બકરાની ખાલમાંથી દીકરા માટે લાંબો ટોપો બનાવીને ખીંટીએ ટાંગી દીધો. આંગણામાંથી અંદર આવે ત્યારે ટોપો જોઈને થંભી જતો, જાણે કેમ તેના મનમાં ધારણા હોય કે હમણાંજ પેત્રો આગળના ઓરડામાંથી હસતો હસતો બહાર આવીને પૂછશે:

"કેમ, બાપુ, બહાર ટાઢ છે કે?"

બે દિવસ પછી તે સાંજ પહેલાં ઢોરનું છાપરું સાફ કરવા બહાર નીકળ્યો. ગભાણમાં થોડું ઘાસ ફેંકીને કૂવામાંથી પાણી ભરી લાવવા જતો હતો ત્યાં તેને યાદ આવ્યું કે હાથમોજાં તો ઘરમાં જ રહી ગયાં છે. એટલે તે પાછો ફરીને બારણું ખોલતાં જ જુએ છે કે ડોશી બાંકડા પાસે ભોંયપટ ઉપર ઘૂંટણ ટેકવીને બેઠી છે અને પેત્રોએ કદીયે ન પહેરેલા ટોપાને બચ્ચાની જેમ છાતીએ ચાંપીને ધવડાવી રહી છે.

તેની આંખો સામે અંધારું છવાઈ ગયું. તે જંગલી જનાવરની જેમ ડોશી
ઉપર તૂટી પડયો, અને તેને ભોંયપટ ઉપર પછાડી દઈને, હોઠે નીકળી આવતું
ફીણ પાછું ગળી જતો બરાડી ઊઠયો.
"રહેવા દે! રહેવા દે, ડાકણ ક્યાંની! આ શું માંડયું છે?!"
તેણે ટોપો આંચકી લઈને સંદૂકમાં મૂકી દીધો અને ઉપર તાળું મારી દીધું.
પછી તેના ધ્યાનમાં આવ્યું કે ડોશીની ડાબી આંખ ફરકવા લાગી હતી અને
મોઢું એક તરફ મરડાઈ ગયું હતું.

દિવસો અને અઠવાડિયાં દોન નદીના પાણીની જેમ વહેતાં રહ્યાં. શરદમાં
દોનનું જળ નિર્મળ, પારદર્શક, લીલું, અને ઝડપી રહેતું. એક દિવસે વહેળા
જામી ગયા. જંગલી હંસોનું એક ટોળું ગામ પરથી ઊડતું પસાર થઈ ગયું.
સાંજે પાડોશીનો છોકરો ગાવરીલા માટે સંદેશો લઈને આવ્યો. દેવચિત્રની સામે
ઝટપટ ક્રૉસની નિશાની કરી લઈને તે બોલ્યો:

"દાદા, કેમ છે?"

"ભગવાનની દયા છે."

"દાદા, વાત સાંભળી? પ્રોખોર લિખોવિદોવ તુર્કીથી પાછો આવ્યો છે. પેત્રોની જ ટુકડીમાં હતો."

ગાવરીલાએ ગલીમાં જાણે દોટ મૂકી. ઉધરસ અને દોડને લીધે તેને શ્વાસ ચડી ગયો. પણ પ્રોખોર ઘરમાં ન મળ્યો. તે પાડોશના ગામડામાં ભાઈને મળવા ગયો હતો. કહી ગયો હતો કે બીજે દિવસે પાછો આવશે.

ગાવરીલાને રાત્રે ઊંઘ ન આવી. તે બેચેનીમાં આખી રાત પડખાં ફેરવતો રહ્યો.

પરોઢ ઊગતાં પહેલાં જ તે છોડવાના ગરભનો દીવો સળગાવીને નમદાના બૂટની મરામત કરવા લાગ્યો.

સવાર—નિસ્તેજ અને ઢીલી—કાળા ભૂરી—રાખોડી પૂર્વ દિશામાંથી
ઝાંખું પરોઢ રેડી રહી હતી. ચંદ્ર આકાશની વચ્ચોવચ હજુ ઝોકાં ખાતો હતો,
તેનામાં એટલીયે શક્તિ નહોતી કે છેલ્લાં થોડાંક ડગલાં ભરીને બાજુના વાદળમાં
ભરાઈ જાય અને દિવસ પૂરતો આશરો લઈ લે.

સવારે નાસ્તા પહેલાં ગાવરીલાએ બારીમાંથી બહાર જોયું. કોણ જાણે કેમ પણ તે ધીમેથી બોલ્યો:

"પ્રોખોર આવી રહ્યો છે."

ઓરડામાં દાખલ થતો આદમી કઝાક જેવો બિલકુલ નહોતો લાગતો,

તેનો આખો દેખાવ કોઈ અજાણ્યા માણસ જેવો હતો. તેણે પગમાં ચીંચીં અવાજ કરતા, લોઢાની આણી જડેલા, બ્રિટિશ બૂટ પહેર્યા હતા. દેખીતી રીતે જ તેનો નહોતો એવો કઢંગો વેતરેલો કોટ કોથળાની જેમ તેના ખભા પર લટકતો હતો.

"કેમ છો, ગાવરીલા વાસીલિચ?"

"ભગવાનની દયા છે, સિપાઈ! અંદર આવ, બેસ!"

પ્રોખોર માથેથી ટોપી ઉતારીને ડોશીને દુવાસલામ કરતો આગળના ખૂણામાં બાંકડા પર બેસી ગયો.

"કેવું હવામાન છે! પવને તો આપણને હિમમાં ઢાંકી દીધા છે. ઢગલા પાર કરીને ક્યાંય જઈ ન શકાય."

"હા, આ વરસે હિમ વહેલું આવી ગયું છે. અગાઉ તો વરસની આ વેળાએ ઢોર હજી બહાર ચરતાં રહેતાં."

પછી ઉદાસ મૌન છવાઈ ગયું.

ગાવરીલા ઉપર ઉપરથી સ્વસ્થ અને મક્કમ રહીને બોલ્યો:

"જુવાન, પરદેશમાં તારી ઉંમર જાણે બહુ વધી ગઈ છે!"

"ગાવરીલા વાસીલિચ, ત્યાં કોઈની જુવાની ટકે એવું જેવું કંઈ છે જ નહિ", પ્રોખોરે મોં મલકાવતાં જવાબ આપ્યો.

ડોશીએ વચ્ચે બોલવાની કોશિશ કરી:

"અમારો પેત્રો..."

"તું મૂંગી રહે!" ગાવરીલાએ છણકો કર્યો. "માણસ હિમમાં ઠરી ગયો
છે. એને જરાક ગરમાવાનો વખત તો દે! તેને આરામ કરવા. પછી પૂછજે
તારે જાણવું હોય એ બધુંય."
મહેમાન તરફ વળીને તેણે પૂછ્યું:
"હા, તો પ્રોખોર ઇગ્નાતિચ, કેવી રહી છે જિંદગી તમારી?"
"શેખી મારવા જેવું કંઈ નહીં. પૂંછ ખસી ગઈ હોય એવા લંગડા કૂતરાની
જેમ ઘેર પહોંચ્યો. નસીબદાર કે એવોય પહોંચી ગયો."
"હં... તુર્કીઓ ભેગી હાલત બહુ ખરાબ હતી, એમ ને?"
"ખોળિયું ને જીવ માંડ માંડ ભેગાં રાખ્યાં છે," પ્રોખોર આંગળીઓ
વડે ટેબલ પર ટપટપાટ કરતો બોલ્યો. "પણ ગાવરીલા વાસીલિચ, તમેય જાણે
બહુ ઘરડા દેખાઓ છો. ઘણા વાળ સફેદ થઈ ગયા છે... સોવિયેત રાજમાં
કેવું લાગે છે જીવન તમને?"

7—185

"હું તો દીકરાની વાટ જોઉં છું કે ક્યારે આવે અને હવે અમને બુઢ્ઢાંને ખવડાવે."

ગાવરીલાએ કટાણો મલકાટ કર્યો. પ્રોખોરે ઝટપટ નજર ફેરવી લીધી. ગાવરીલાના ધ્યાનમાં આવી ગયું એટલે તેણે સીધો પ્રશ્ન કર્યો.

"પેત્રો ક્યાં છે?"

"તમે નથી સાંભળ્યું?"

"અમે જાતજાતની ઘણી વાતો સાંભળી છે."

પ્રોખોરે મેજપોશની ગંદી કોરને આંગળીઓ વડે વળ ચડાવ્યો. થોડી પળો વીતી ગઈ. પછી તે બોલ્યો:

"જાન્યુઆરીમાં... હા મને લાગે છે કે જાન્યુઆરીમાં જ, અમારી ટુકડી નોવોરોસિસ્ક પાસે રોકાઈ હતી. દરિયા નજીકનું શહેર છે. અમે રોજની જેમ જ આમ ઊભા હતા ત્યાં..."

ગાવરીલાએ આગળ નમીને એકદમ ધીમેથી હોઠ ફફડાવતાં પૂછ્યું:

"મરી ગયો છે?"

પ્રોખોર કંઈ બોલ્યો નહીં. તેણે આંખો ઝુકાવી રાખી, જાણે કેમ સવાલ સાંભળ્યો જ ન હોય.

"હા, તો અમે ત્યાં હતા અને લાલ ફોજીઓ ભંગાણ પાડીને પર્વત સુધી પહોંચવાની અને લીલી ટુકડી સાથે જોડાવાની કોશિશ કરતા હતા. એટલે અમારા દળના સરદારે એને, એટલે તમારા પેત્રોને, ગશ્તનું કામ સોંપ્યું. અમારો સરદાર હતો જુનિયર કેપ્ટન સેનિન... હા, તો બનવાનું ત્યારે બની ગયું..."

ભઠ્ઠી પાસે ધાતુનું વાસણ પડવાનો અવાજ થયો. ડોશી હાથ ફેલાવીને ફંફોસતી પથારી તરફ જઈ રહી હતી, તેના ગળામાં ચીસ ભરાયેલી હતી, પરંતુ તેને બહાર કાઢી નાખવાની હિંમત જ તેનામાં નહોતી.

"રાગડો તાણતી નહીં!'—ગાવરીલા ધમકીના અવાજે તડૂક્યો. પછી કોણીઓ ટેબલ પર ટેકવીને અને નજર સીધી પ્રોખોર ઉપર ઠેરવીને તે જાણે થાકમાં ધીરે ધીરે બોલ્યો.

"હા, તો બાકીનુંયે કહી દે!"

"એને વાઢી નાખ્યો!" પ્રોખોર બોલી ઊઠ્યો. તેનો ચહેરો સાવ ફીકો પડી ગયો હતો. તે ઊભો થઈને બાંકડા પરથી ટોપી શોધવા લાગ્યો.

"પેત્રોને વાઢી નાખ્યો... મારી નાખ્યો... અમે ઘોડાઓને વિસામો દેવા એક ઝાડી પાસે રોકાયા હતા. એણે હજી તો પલાણનો બંધ માંડ ઢીલો

કર્યો હશે ત્યાં તો ઝાડીમાંથી લાલ ફોજીઓ અમારી તરફ ધસી આવ્યા..." શબ્દો પ્રોખોરને જાણે ગૂંગળાવી દેતા હતા. તેણે ધ્રૂજતા હાથ વડે ટોપીને દબાવી. "પેત્રોએ પલાણ એટલા જોરથી પકડ્યું કે તે સીધું ઘોડાના પેટ નીચે સરકી ગયું. ઘોડો તીરની જેમ ભાગી ગયો... અને તેને રોકી ન શક્યા... પેત્રો પાછળ રહી ગયો. વાત એમ છે!"

"પણ હું ન માનું તો?" ગાવરીલા બહુ ધીરે ધીરે સાફ અવાજે બોલ્યો. પ્રોખોર આમતેમ ક્યાંય નજર નાખ્યા વગર ઝડપથી બારણા તરફ ગયો.

"જેવી તમારી મરજી, ગાવરીલા વાસીલિચ, પણ વાત સાચી છે. તમને સાચું કહ્યું છે, તદ્દન સાચું... મેં મારી નજરે જોયેલું..."

"પણ મારે ન માનવું હોય તો?!"

ગાવરીલા હાંફવા લાગ્યો. તેનો ચહેરો જાંબલી થઈ ગયો. આંખો લાલચોળ થઈ ગઈ તેમાં આંસુ છલકાઈ આવ્યા. તેણે ખમીસ ફાડી નાખીને વાળવાળી છાતી ઉઘાડી કરી નાખી, તે ઊંહકારા કરતો અને માથું પાછળ ફંગોળતો ભારે ડગલે પ્રોખોર તરફ જવા લાગ્યો. પ્રોખોર ગભરાઈ ગયો હતો. ગાવરીલા બરાડા પાડતો હતો:

"મારા એકના એક દીકરાને મારી નાખ્યો! અમારા એક જ આશરાને! મારા પેત્રોને! ખોટાડો! કૂતરાની ઓલાદ! જૂઠું બોલે છે, સાંભળે છે ને? ખોટાડો! હું નહીં માનું..."

તે રાતમાં, કોટ ખભે નાખીને આંગણામાં ગયો અને નમદાના ફેલ્ટના બૂટ નીચે હિમને કચરતો ખળામાં પહોંચીને ઘાસની ગંજી પાસે થંભી ગયો.

વગડામાંથી પવન ફૂંકાતો હતો, તેમાં ભૂકી જેવા હિમકણ ઊડી આવતા હતા. પાંદડાં વગરનાં ચેરીવૃક્ષો નીચે કાળા બિહામણા અંધકારનો ઢગલો ખડકાઈ ગયેલો હતો.

"દીકરા!" ગાવરીલાએ ધીમેથી સાદ પાડ્યો. થોડી વાર વાટ જોઈને પછી હલ્યા વગર કે માથું હલાવ્યા વિના તેણે ફરી સાદ પાડ્યો:

"પેત્રો! મારા દીકરા!"

પછી તેણે ઘાસની ગંજી નજીક ખૂંદાયેલા હિમમાં લંબાવીને પીડામાં આંખો મીચી દીધી.

ગામમાં અનાજની જપ્તિની અને દોનના હેઠવાસના વિસ્તારમાંથી ઉપર તરફ સરકી રહેલા ડાકુઓની વાતો ચાલતી હતી. કાર્યવાહક સમિતિમાં ખબરની

વાત માંહોમાંહે થતી રહેતી, પરંતુ ઘરડો ગાવરીલા સમિતિના જર્જર મકાનનાં પગથિયાં કદી ચડ્યો નહોતો, અને તેને જરૂર પણ ક્યારેય નહોતી લાગી. તેને સાંભળવા ન મળ્યું હોય અને તેની જાણમાં બિલકુલ ન હોય એવું તો ઘણુંબધું હતું. એટલે એક તેને ભોર રવિવારના દિવસે સવારની પ્રાર્થના પછી અધ્યક્ષ ઘેટાની ખાલના એકદમ તંગ બદામી કોટ પહેરેલા ત્રણ બંદૂકધારી માણસોને ભેગા લઈને તેને ત્યાં પહોંચ્યો ત્યારે તેને એ વાત ભારે જુલમની લાગી.

અધ્યક્ષે ગાવરીલા સાથે હાથ મિલાવ્યા, અને પછી માથામાં પાછળથી મારવામાં આવતા ફટકાની જેમ સવાલ સાફ અને સીધી રીતે ઝીંકી દીધો:

"બોલો દાદા, સાફ બતાવી દો, અનાજ છે તમારી પાસે?"

"તમે શું ધારો છો, અમે શાના આધારે જીવીએ છીએ, ખાલી પવિત્ર પાણીના આધારે, બીજું કંઈ નહીં?"

"ઘૂરકવાનું રહેવા દો! કહી દો કે અનાજ ક્યાં છે."

"કોઠારમાં, બીજે ક્યાં વળી!"

"દેખાડ!"

"મહેરબાની કરીને કહેશો કે મારા અનાજ સાથે તમને શું લાગેવળગે છે?"

લાંબા કદવાળો, ઊજળા વાળવાળો, અને દેખાવ જોતાં કોઈ ઊંચા પદનો લાગતો માણસ બરફમાં પગ પછાડીને બોલ્યો:

"અમે બધું વધારાનું અનાજ રાજ્ય માટે ભેગું કરીએ છીએ. ખોરાક કબજે લેવાની વાત છે, તમે સાંભળ્યું નથી, બાપા?"

"ધારો જરાય ન આપું તો?" ગાવરીલા ખીજે ભરાતો ઘોઘરા અવાજે બોલ્યો.

"તો અમે પૂછ્યા વગર જ લઈ લેશું."

અધ્યક્ષ અને તેનાં માણસો આપસમાં ઘુસપુસ કરવા લાગ્યા અને પછી અનાજની કોઠીઓમાં ઊતર્યા. સ્વચ્છ સોનેરી-બદામી ઘઉંમાં તેમના બૂટના હિમના લોચા ભરાઈ ગયા. ઊજળા વાળવાળા કદાવર માણસે સિગરેટ સળગાવી અને નિર્ણય કરી લીધો.

"વાવણી અને તેમની જરૂરિયાત પૂરતું રહેવા દઈને બાકીનું લઈ લો."

પછી માલિકીની નજરે અનાજના જથ્થાનો અંદાજ આંકીને તે ગાવરીલા તરફ ફરતો બોલ્યો.

"કેટલી જમીનમાં વાવણી કરવાના છો?"

"જરાય નહીં!" ગાવરીલા થૂંક્યો. તે ઉધરસ ખાવા લાગ્યો અને તેનો ચહેરો જોરથી મરડાઈ ગયો.

"લઈ લો! શીળી નીકળ તમને! લૂંટી લો અમારું બધું! તમારો જ માલ છે ને!.."

"ધીરા પડો! ધીરા પડો, દાદા! ગાંડા થઈ ગયા છો કે શું?" અધ્યક્ષે હાથમોજું ગાવરીલાની સામે હલાવતાં ઠપકો આપ્યો.

"ઠાંસો બીજાનો માલ ગૂંગળાઈ જાઓ એટલો ઠાંસો! પેટ ફાટી જાય એટલું ખાઓ!"

ઊજળા વાળવાળા માણસે મૂછ ઉપરથી બરફનો ભીનો કણો ખંખેરી નાખતો ગાવરીલા તરફ ખંધી વ્યંગભરી નજરે જોઈને શાંત મલકાટ કરતો બોલ્યો:

"જુઓ દાદા, લગામ ખેંચી રાખો! બરાડા પાડવામાં કંઈ ફાયદો નથી. ધાંધલ શાની કરો છો? કોઈએ તમારી પૂંછડી પર પગ મૂક્યો છે?" તેનાં ભવાં સંકોડાઈ ગયાં અને અવાજ એકાએ સખત બની ગયો. "જીભડાને તમારે માથે સવાર ન થઈ જવા દો! બહુ લાંબો હોય તો બહેતર છે કે દાંત જોડે બાંધી રાખો! ચળવળની સજા..." તેણે વાક્ય પૂરું ન કર્યું પણ પટ્ટે લટકાવેલા રિવોલ્વર પીળા ખોખા ઉપર થપાટ લગાવી. પછી જરાક નરમ અવાજે તેણે કહ્યું: "ધ્યાન રાખજો કે અનાજ આજે જ પહોંચાડી દેવાનું છે."

ચોકસાઈથી કહેતાં ડોસાને દહેશત તો નહોતી લાગી, પણ નિર્ણાયક અને દૃઢ અવાજે તેના મગજની રાઈ કાઢી નાખી અને તે સમજી ગયો કે બૂમો પાડવાનો ખરેખર કોઈ અર્થ નથી. તે જાણે મામલો પતી ગયો હોય એવી રીતે હાથ હલાવીને ઓટલા તરફ જવા લાગ્યો. પણ તે માંડ અડધે રસ્તે પહોંચ્યો હશે એટલામાં ઝનૂની બરાડો કાને પડ્યો:

"ક્યાં છે અનાજની જપ્તિવાળા?"

ગાવરીલા એકદમ ફરી ગયો. વાડની બીજી બાજુ એક ઘોડેસવારે ફાળ ભરતા ઘોડાને પાછલા પગને ટેકે ઊંચો કરી દીધો. ગાવરીલાને લાગ્યું કંઈક અસાધારણ બનવાનું છે. તેના ગોઠણ ધ્રૂજી ગયા. તે મોં ખોલી શકે તે પહેલાં તો ઘોડેસવારે કોઠારની બહાર ઊભેલા માણસોને જોઈને ઘોડાને તરત પાછળ સરકાવી લીધો, અને તેના હાથે અગમ્ય ઝડપી ગતિથી બંદૂક ખભા પરથી ઉતારી લીધી. બંદૂકની ગોળીબારના ધડાકાનો પડઘો ગુંજી ઊઠ્યો. આંગણામાં પળ વાર છવાઈ ગયેલી ટૂંકી નીરવતામાં બંદૂકનો ઘોડો બે વાર ટક કરતો દબાયો અને કારતૂસનાં ખોખાં ભર્રરર કરતાં ઊડ્યાં.

સ્તબ્ધતાની પહેલી ઘડી વીતી ગઈ. ઊજળા વાળવાળો માણસો બારણાના ચોકઠાને લપાઈને આંચકા ખાતા હાથ વડે પીડાકારી ધીમી ગતિએ ખોખામાંથી

રિવોલ્વર કાઢી. અધ્યક્ષ સસલાની જેમ ઠેકડા મારતો અને થંભી જતો ડદબડ ચાલે આંગણાને પાર કરતો ખાળા તરફ જવા લાગ્યો. એક જપ્તિવાળાએ એક ગોઠણને ટેકે બેસીને વાડની પાસે વારંવાર ઊંચી થતી કાળી ઘેટાની ખાલની ટોપીનું નિશાન તાકીને કારતૂસની પટ્ટી ખાલી કરી નાખી. આંગણામાં ગોળીઓની ઝડી વરસી ગઈ. ગાવરીલાએ બરફમાં ભરાયેલા પગ ખેંચી કાઢ્યા અને જોરથી ઓટલા ઉપર પછાડ્યા. તેણે આસપાસ નજર ફેરવી તો બદામી કોટવાળા ત્રણ આદમી હિમના ઢગલાઓમાં લથડિયાં ખાતા ખળા તરફ જઈ રહ્યા હતા, અને ઘોડેસવારોનું ધાડું આવકારતા ઉઘાડા ઝાંપે વાટેથી અંદર ધસી રહ્યું હતું.

કુબાન ટોપી પહેરેલો અને બદામી ઘોડા ઉપર સવાર થયેલો આગેવાન પલાણ ઉપર નમીને માથાથી ઊંચે તલવાર ફેરવી રહ્યો હતો. તેના સફેદ ટોપના ફરફરતા રૂમાલો ગાવરીલાની સામે રાજહંસની પાંખોની જેમ ઝબકી ગયા અને ઘોડાની ખરીઓથી ઊડતું હિમ બરફના કણો તેના ચહેરા પર છવાઈ ગયું.

ગાવરીલા કમજોરીમાં ઓટલામાં કોતરકામવાળા થાંભલાને અઢેલીને ફસકી પડ્યો ત્યારે તેણે જોયું કે બદામી ઘોડો વાડ ઠેકીને જવની સાંઠીઓની થોડીક વપરાઈ ગયેલી ગંજી પાસે પાછલા પગે ઊંચો થઈ ગયો, અને ઘોડેસવારે પલાણમાંથી નમીને એક ટળવળતા જપ્તિવાળાને તલવારના આડાઅવળા મારીને વાઢી નાખ્યો.

ખળામાંથી ઝપાઝપીનો અવાજ સંભળાયો અને પછી લાંબી ડૂસકાં ખાતી ચીસ કાને પડી. એક મિનિટ પછી એક ગોળીબાર રણકી ઊઠ્યો. ગોળીબારની પહેલી ઝડી પછી ફરી કોઠારના છાપરા ઉપર આવીને બેસી ગયેલાં કબૂતરો પાછાં નાની ગોળીઓની જાંબલી ઝડીની જેમ આકાશમાં ધસી ગયાં. ખળામાં ઘોડેસવારો નીચે ઊતર્યા.

દરમિયાનમાં ગામમાં જોરદાર ઘંટનાદ રણકવા લાગ્યા હતા. ગામનો ભોળિયો પાશા ઘંટના મિનારામાં ચડીને મૂર્ખાઈમાં બધા ઘંટની દોરીઓ એકીસાથે ખેંચી રહ્યો હતો, એટલે ચેતવણીનો ઘંટ વાગવાને બદલે ઈસ્ટરના તહેવારના રણકટણક રણકાર થઈ રહ્યા હતા. કુબાન ટોપી પહેરેલો આગેવાન મોટાં ડગલાં ભરતો ગાવરીલા પાસે ગયો. તેણે સફેદ ટોપ પાછળ ખભા પર સરકાવી દીધો હતો. પરસેવો ટપકાવતો તેનો ચહેરો સરકી રહ્યો હતો, અને તેના મોઢાના ઢીલા ખૂણાઓમાંથી લાળની ટપકી રહી હતી.

"જવ છે?"

ગાવરીલા ભારે મુશ્કેલીથી પગથિયા પરથી ઊભો થયો. નજર સામે જોયેલા

બનાવથી તે એટલો બધો ડઘાઈ ગયો હતો કે જીભને હલાવી જ નહોતો શકતો.

"બહેરો છો કે શું, બુઢ્ઢા શેતાન?! હું પૂછું છું જવ છે? બોરી ભરીને લઈ આવ!"

ઘોડાઓને [ગમાણ પાસે લઈ જવાનો વખત તેમને મળે તે પહેલાં તો બીજો એક ઘોડેસવાર દરવાજામાં ધસી આવ્યો.

"ઘોડે ચડી જાઓ! ટેકરી ઉપરથી પાયદળ ટુકડી આવે છે..."

સરદારે ગાળ ભાંડીને પોતાના પરસેવે રેબઝેબ અને કાયામાંથી વરાળ છોડતા ઘોડાને પાછી લગામ ભરાવી, અને પછી જમણી બાંયની પટ્ટીમાં પડેલા જાંબુડિયા-રાતા રંગના ઘેરા ડાઘ ઉપર હિમ ઘસવા જેટલી વાર થોભીને તે ઘોડા ઉપર સવાર થઈ ગયો.

પાંચેય માણસો ઘોડા દોડાવતા આંગણામાંથી નીકળી ગયા ત્યારે ગાવરીલાએ જોયું કે જપ્તિ માટે આવેલા ઊનજળા વાળવાળા આદમીનો લોહીના ડાઘાવાળો કોટ છેલ્લા ઘોડેસવારના પલાણમાં બાંધેલો હતો.

ટેકરીની પાર કાંટાળા કોતરમાં ગોળીબારના અવાજ સાંજ સુધી ચાલુ રહ્યા. નીરવતા જાણે માર ખાધેલા કૂતરાની જેમ ગામમાં લપાઈને પડી હતી. ગાવરીલાએ ખળા સુધી જવાની હિંમત કરી ત્યારે સંધ્યાના નીલા ઓળા પથરાવા લાગ્યા હતા. ખુલ્લા ઝાંપાને પાર કરીને અંદર કદમ માંડતાં જ તેણે જોયું કે અધ્યક્ષને જ્યાં ગોળી આંબી ગઈ હતી ત્યાં જ તે એક સળિયા ઉપર ફસકી પડ્યો હતો. તેના હાથ નીચે લટકી રહ્યા હતા, જાણે કેમ સળિયાની પાર ભોંયે પડી ગયેલી ટોપી લેવા નીચે લંબાયા હોય.

ગંજી નજીક હિમમાં ઘાસ પથરાઈ ગયેલું હતું. ત્રણ જપ્તિવાળાઓ ત્યાં કતારબંધ પડ્યા હતા. તેમનાં બધાંય કપડાં કાઢી લેવામાં આવ્યાં હતાં. તેમની ઉપર નજર ઠેરવતી વેળા ગાવરીલાનાં ભયભીત હૃદયમાં સવારની નફરત હવે નહોતી રહી. તેને દેખાવ અવાસ્તવિક ભયંકર સ્વપ્ના જેવો લાગ્યો. તેના પોતાના ખળામાં, જ્યાં પાડોશીઓનાં બકરાં હંમેશાં ઘાસ ખાવા તૂટી પડતાં હતાં ત્યાં, કતલ થયેલાં શરીરો પડ્યાં હતાં તેમાંથી મોત અને કોહવાટની દુર્ગંધ છૂટવા લાગી હતી, ફીણવાળા લોહીનાં અરધા જામેલાં ખાબોચિયા નજરે પડતાં હતાં.

ઊનજળા વાળવાળો માણસ માથું કઢંગી રીતે બાજુમાં ફેરવેલી દશામાં પડ્યો હતો. તેનું માથું બરફમાં મક્કમ ભરાઈ ગયેલું ન હોત તો, બહુ બેપરવાઈથી

એક પગ બીજા પગ રાખેલો જોઈને, કદાચ કોઈને એવો જ ખ્યાલ આવત કે તે આરામ કરી રહ્યો છે.

બીજો કાળી મૂછોવાળો વાંસો વાંકો વળી ગયેલી હાલતમાં પડ્યો હતો. તેના આગળના કેટલાક દાંત ગાયબ હતા. તેનું માથું ખભામાં દબાઈ ગયેલું હતું. તેના હોઠ ઝનૂનના કઠોર ઘુરકાટમાં અંદર વળી ગયેલા હતા. ત્રીજો માણસ ઘાસના ઢગલામાં ખૂંતી ગયેલો હતો, જાણે હિમમાં તરતો હોય એવા લાગતો હતો મૃત્યુથી સ્થિર થઈ ગયેલા તેના હાથના ફેલાવામાં ખૂબ તાકાત અને જહેમત વર્તાઈ આવતી હતી.

ગાવરીલા નીચે વહીને ઊજળા વાળવાળા માણસનો ફીકો ચહેરો ઝીણવટથી નિરખવા લાગ્યો અને તરત દયાની લાગણીથી ચોંકી મિત્કાર ગયો. તેની સામે કોઈ વિકરાળ, વેધક આંખોવાળો, અનાજની જપ્તિનો અમલદાર નહીં પણ ઓગણીસ વર્ષનો જુવાન પડ્યો હતો. મૂછોની પીળી રુંવાટી નીચે હોઠ ફરતે બરફની કણીઓ જામવા લાગી હતી. તેના ચહેરામાં એકમાત્ર રેખા ભમ્મર આડા કરડાકીના ઊંડા ઉદાસ ચાલની હતી.

ગાવરીલાએ કશા ખાસ ખ્યાલ વગર પોતાનો હાથ જુવાનની ઉઘાડી છાતી ઉપર પડવા દીધો, અને તરત આશ્ચર્યમાં પાછો ખેંચી લીધો. તેની હથેળીને બરફ જેવી ટાઢાશની આરપાર ઓસરતી ઉષ્મા વરતાઈ હતી...

તેની લોહીથી કાળી થઈ ગયેલી અક્કડ કાયાને પીઠે લાદીને ગાવરીલા ઊંહકારા કરતો અને લથડિયાં ખાતો ઘરમાં દાખલ થઈ ગયો ત્યારે તેની પત્ની મોં ફાડીને ક્રોસની નિશાની કરતી ભઠ્ઠી તરફ પાછળ ખસી ગઈ. તેણે શરીરને બાંકડા પર લાંબું ગોઠવ્યું, ઠંડા પાણીથી ધોઈને માફ કર્યું, અને પછી બરછટ ગરમ મોજું લઈને છાતી, હાથ, અને પગ ઉપર ઘસવા લાગ્યો. તે થાકી ગયો ત્યાં સુધી, કપાળે પરસેવો નીકળ્યો ત્યાં સુધી, ઘસતો જ રહ્યો. પછી તેણે ઘૃણાજનક ઠંડીગાર છાતી ઉપર કાન માંડ્યો તો તેને હૃદયનો રૂંધાતો અટકતો ધબકારો સાંભળવા મળ્યો.

તે ત્રણ દિવસ અને ચાર રાત તે આગળના ઓરડામાં શબ જેવી પીળી અને નિસ્તેજ હાલતમાં પડ્યો રહ્યો. તેના કપાળ અને ગાલમાં લોહીના પડવાળો જાંબલી જખમ હતો. પાટામાં સખત બંધાયેલી તેની છાતી રજાઈ નીચે ઊંચીનીચી થતી હતી, ઘુરઘુરાટનો અવાજ કરતી શ્વાસ લેતી હતી.

રોજ ગાવરીલા પોતાની તરડાઈ અને ગંઠાઈ ગયેલી આંગળી વડે તેના

હોઠ નોખા પાડતો, ભિડાઈ ગયેલા દાંતને છરીની અણી વડે ખોલતો, અને તેની પત્ની રાડાની ભૂંગળી વડે ગરમ દૂધ અને માંસનો સૂપ મોંમાં રેડતી.

ચોથે દિવસે સવારે જુવાનના ગાલમાં લાલી આવી. બપોર સુધીમાં તો તેનો ચહેરો ઠારમાં લાલઘુમ થઈ જતા હોંચોના છોડવાની જેમ જાણે ભડકે બળી રહ્યો હતો. તેનું આખું શરીર જોરથી ધ્રૂજતું હતું અને તેના ખમીસ નીચે ટાઢો ચીકણો પરસેવો ધીરે ધીરે નીકળવા લાગ્યો.

એ ઘડીથી તે સનેપાતમાં ગણગણવા પથારીમાંથી ઊઠવાની કોશિશ કરવા લાગ્યો. ગાવરીલા અને ડોશી વારાફરતી દિનરાત તેની સંભાળ લેતાં.

શિયાળાની લાંબી રાતોમાં જ્યારે દોન પારથી, પૂર્વનો પવન કાળા આકાશને ખળભળાવી નાખતો અને નીચાં ઠંડાં વાદળો ગામની ઉપર તોળાઈ રહેતાં, ત્યારે ગાવરીલા માથું બે હાથમાં દબાવીને જખમી જુવાનની પથારી પાસે બેસી રહેતો અને તેના અજબ પહોળા ઉચ્ચારમાં ગણગણાતી કોઈ અગમ્ય કહાણી સાંભળતો રહેતો. ઘરડો આદમી તેની છાતીમાં તડકાથી અંકાઈ ગયેલા ઘેરા ત્રિકોણને, તેનાં બંધ નીલાં પોપચાંને, તથા આંખો ફરતે રાખોડી રંગનાં ઘોડાની નાળ જેવા ખાડાઓને તાકી રહેતો, અને જ્યારે તેના હોઠેથી લાંબો ઊંહકારો કે ઘોઘરો હુકમ કે ગલીચ ભાંડણ રેડાવા લાગે અને પીડા તથા ક્રોધથી ચહેરો વિકૃત થઈ જાય ત્યારે ગાવરીલાને ગળામાં ઊનાં આંસુ છલકાઈ આવતાં હોય એમ લાગતું. એવી પળોએ દયા વણબોલાવી આવી જતી.

ગાવરીલાએ જોયું કે દરેક દિવસે અને દરેક નિદ્રાવિહીન રાતે માંદા માણસના ખાટલાની પાસે પત્ની વધારે ફીકી પડતી અને સુકાતી જાય છે. તેના કરચલીઓવાળા ગાલ પર વહેતાં આંસુ જોઈને તે સમજી જતો અથવા તેના હૈયામાં અણસારો આવી જતો કે મૃત દીકરા પેત્રો પ્રત્યેનો તેનો પ્રેમ, પોતે ન વહાવી શકેલાં આંસુ ભેગો અંતરના ઊંડાણમાં દટાઈને પડેલો પ્રેમ, હવે આ નિશ્ચલ, મૃત્યુએ ચૂમેલા, જુવાન ઉપર, કોઈ બીજી સ્ત્રીના પુત્ર ઉપર એક દાવાનળની જેમ ફેલાઈ ગયો હતો.

ગામાંથી પસાર થયેલી રેજીમેન્ટનો કમાંડર એક દિવસે ગાવરીલાને ઘેર આવ્યો. ઘોડો દરવાજે ઓર્ડરલી પાસે રાખીને તે તલવાર અને લોઢાની એડીઓનો ખણખણાટ કરતો દોડીને ઓટલાનાં પગથિયાં ચડી ગયો. આગળના ઓરડામાં માથેથી ટોપી ઉતારી લઈને તે પથારી પાસે કેટલીય વાર સુધી અબોલ ઊભો રહ્યો. જખમી આદમીના ચહેરા પર ફીકી છાયાઓ દેખાવા લાગી અને તાવમાં તપીને કોલસા જેવા કાળા થઈ ગયેલા હોઠેથી લોહી ટપકવા લાગ્યું. કમાંડરે

અકાળે ધોળું થઈ ગયેલું માથું હલાવ્યું, અને તે ગાવરીલાની સાથે નજર મિલાવવાનું ટાળીને તેની પાર તાકી રહ્યો.

"અમારા સાથીની સંભાળ રાખજો, બાપા!" તેણે કહ્યું.

"જરૂર રાખીશું!" ગાવરીલાએ મક્કમ અવાજે જવાબ આપ્યો.

દિવસો લંબાઈને અઠવાડિયાંઓમાં પલટાતા ગયા. ઈસુના દર્શનનો તહેવાર આવ્યો અને ગયો. સોળમે દિવસે જુવાને આંખો ખોલી, અને ગાવરીલાને તેના કરોળિયાના જાળાના તંતુ જેવો અવાજ સંભળાયો:

"તમે છો, બાપા?"

"હા, હું જ છું."

"એ લોકોએ મારો બરાબરનો દાટ વાળી નાખેલો ખરું ને?"

"ઈસુ રક્ષા કરે આપણી!"

ગાવરીલાને લાગ્યું કે તેની પારદર્શક ટૂંકી નજરમાં પોતાને સાદા નિર્દોષ વિનોદનો ચમકારો વરતાયેલો.

"બીજા જુવાનોનું શું થયું?"

"એમને... અમે ચોકમાં દફનાવ્યા."

જુવાનની આંગળીઓ રજાઈ ઉપર સરકવા લાગી, અને તેણે કશું બોલ્યા વગર નજર ફેરવીને ખરબચડાં લાકડાંની છત ઉપર ઠેરવી દીધી.

"તારું નામ શું?"

નીલી રગોવાળાં પોપચાં થાકમાં ઢળી ગયાં.

"નિકોલાઈ."

"પણ અમે તને પેત્રો કહીશું... અમારે એક દીકરો હતો, પેત્રો નામે," ગાવરીલાએ ખુલાસો કર્યો.

તે પળવાર વિચારમાં પડી ગયો અને બીજું કંઈક પૂછવા જતો હતો, પરંતુ તેને નસકોરાંમાંથી આવતો એકધારા શ્વાસનો અવાજ સંભળાયો, એટલે તે સમતુલા જાળવવા કાંડાં લંબાવીને હળવે પગલે પથારી પાસેથી ખસી ગયો.

તેની જિંદગી ધીમે ધીમે અચકાતી અચકાતી પાછી આવી બીજે મહિને તે મહેનત કરીને ઓશીકેથી માથું ઊંચું કરી શક્યો. સતત ચત્તા સૂઈ રહેવાથી તેના વાંસામાં છાલાં પડી ગયાં હતાં.

જેમ દિવસો પસાર થતા ગયા તેમ તેમ ગાવરીલાને વ્યગ્ર બનાવી દેતો ખ્યાલ આવતો ગયો કે પોતે નવા પેત્રો તરફના વહાલમાં વધુ ને વધુ બંધાતો

જાય છે, અને મનમાં પહેલા પેત્રોની, પોતાના સગા દીકરાની, પ્રતિમા ઘરની અબરખની બારીઓ ઉપર સૂર્યાસ્તના ચળકાટની જેમ ઓસરતી જાય છે, ઝાંખી પડતી જાય છે. એથી તેના દિલમાં ભડક પેસી ગઈ. તેણે પોતાની અગાઉની પીડા અને વેદનાને ફરી તાજી કરવાની કોશિશ કરી. પણ જે એક જમાનામાં બહુ નિકટનું હતું તે વધારે ને વધારે દૂર સરકી રહ્યું હતું. એથી તેને અકળામણ શરમની લાગણી થઈ. તે આંગણામાં જઈને કલાકો સુધી નકામો આડાઅવળા આંટા મારતો રહેતો, પણ પછી તેને યાદ આવતું કે તેની ઘરવાળી એ બધો થવા લાગતી. તે અંદર જઈને ઓશીકા તરફ ખાટલા પાસે મૂંગોમૂંગો ઊભો રહેતો, અક્કડ આંગળીઓ વડે ચાદર સરખી કરતો, અને ડોશીની ખીજભરી નજરનો ખ્યાલ આવી જતાં બાંકડા પર ચુપચાપ બેસી રહેતો.

ડોશી પેત્રોને ખિસકોલી જેવા માર્મટ જનાવરની ચરબી ખવડાવતી અને મે મહિનામાં પુરબહાર વસંતમાં વીણેલી જડીબુટ્ટીઓનું પાણી પિવડાવતી. કાં તો અથવા પછી જુવાનીએ રોગ પર મેળવેલા વિજયને કારણે જખમ રુઝાવા લાવ્યા, ગાલ ભરાઈ ગયા અને તાજા લોહીને કારણે રાતા થઈ ગયા. ફક્ત જમણા કાંડાનું હાડકું ભાંગી ગયું હોવાથી તે બરોબર સાજુ ન થયું, દેખાઈ આવતું હતું કે તેના કામના દિવસો પૂરા થઈ ચૂક્યા હતા.

લેન્ટના તહેવારના બીજા અઠવાડિયામાં પેત્રો મદદ વિના ખાટલામાં બેસતો થઈ ગયો. તેને પોતાની શક્તિ જોઈને નવાઈ લાગી, અને જાણે માની ન શકતો હોય એવી લાગણી ભરેલું બહોળું સ્મિત તેના ચહેરા પર ફેલાઈ ગયું.

એ રાતે ઘરડો આદમી રસોડામાં ભઠ્ઠી પાસે ઉધરસ ખાતો બોલ્યો:

"જાગે છે કે સૂઈ ગઈ?'

"શું છે?.."

"આપણો છોકરો હવે થોડા વખતમાં ઊભો થઈ જવાનો. તું કાલે સંદૂકમાંથી પેત્રોનું તંગ પાયચાઓવાળું પાટલૂન કાઢજે... પૂરો પોશાક તૈયાર કરી લેજે... છોકરા પાસે પહેરવાનું કંઈ નથી."

"ખબર છે. મેં ક્યારનું કાઢીને તૈયાર રાખ્યું છે બધું."

"ઝટપટ બધુંય કરી નાખે છે તું તો! કોટ પણ કાઢ્યો છે ને?"

"કેમ નહીં? છોકરો કંઈ ઉઘાડો બહાર ફરશે?"

ગાવરીલા ભઠ્ઠીની છત ઉપર એકબે વાર પડખું ફેરવીને નીંદરમાં પડવાની અણીએ હતો એટલામાં તેને ફરી કંઈક યાદ આવ્યું એટલે તે ફતેહની અદામાં માથું ઊંચું કરીને બોલી ઊઠ્યો.

"અને ટોપી? તું ટોપી તો ભૂલી જ ગઈ હશે, મને ખાતરી છે, સાવ
મૂરખ ક્યાંની!"
"અરે, હવે એ઼ધો મૂકો ને! ચાળીસ વાર પાસે થઈને નીકળ્યા હશો પણ
દેખાઈ જ નહીં તમને! ગઈકાલથી પેલી ખીંટીએ લટકે છે!"
ગાવરીલા મનમાં બળતો ઉધરસ ખાઈને મૂંગો પડ્યો રહ્યો. તરવરતી વસંત
ક્યારની દોનને ખળભળાવી રહી હતી. બરફ ઘેરો અને જાણે જીવડાંએ ખાધેલો
લાગતો હતો, ઊપસી આવ્યો હતો અને તેમાં કાણાં પડી ગયેલાં હતાં.
ટેકરીના ઢોળાવો સાફ થઈ ગયા હતા. હિમ વગડામાંથી ખીણો અને
નાળાંઓમાં પીછેહઠ કરી ગયું હતું. દૂરનો કાંઠો તડકામાં ચળકતા પૂરના પાણીમાં
ગરમાવો લઈ રહ્યો હતો. વગડામાંથી હવા વર્મવુડ છોડવાઓની કડવી સૌરતી
લાવી રહી હતી.
માર્ચના અંતિમ દિવસો હતા.

"બાપુ, આજે હું ઊભો થઈશ!"
આમ તો ગાવરીલાના ઘરનો ઉંબરો ઓળંગી ગયેલા બધા લાલ ફોજીઓ
તેના સફેદ વાળ જોઈને તેને બાપુ કહેતા, પણ આ અવાજમાં ગાવરીલાને ખાસ
ઉષ્મા જણાઈ. કદાચ તેને ખાલી એમ લાગ્યું જ હોય, અથવા પેત્રો ખરેખર
પિતૃપ્રેમથી એ શબ્દ બોલ્યો હોય. ગમે તેમ પણ ગાવરીલાનો ચહેરો લાલ થઈ
ગયો, તે ઉધરસ ખાવા લાગ્યો અને અકળામણભરી ખુશીને છુપાવતો બબડ્યો.
"બે મહિનાથી વધારે વખત થઈ ગયો... હવે તો વેળા પાકી ગઈ
કહેવાય, પેત્રો!"
પેત્રો અક્કડ શરીરે લંગડાતો લંગડાતો ઓટલે પહોંચ્યો અને ત્યાં પવને તેનાં
ફેફસાંમાં રેડેલી પુષ્કળ હવાથી લગભગ ગૂંગળાઈ ગયો. ગાવરીલા તેને પાછળથી
ટેકો આપતો હતો, અને તેની ઘરડી પત્ની ઓટલા ફરતે ધમાલ કરતી કરતી
થોડાંક સાવ સાધારણ આંસુઓને કામના કપડા વડે લૂછતી હતી.
વેરવિખેર પરાળના છાપરાવાળા કોઠારની પાસેથી નીકળતી વેળા તેમના
દત્તક દીકરા પેત્રોએ પૂછ્યું:
"અનાજ પહોંચાડેલું ને, આખર?"
"હા, પહોંચાડ્યું," ગાવરીલાએ કમને લૂખો જવાબ દીધો.
"સારું જ કર્યું, બાપુ."
અને ફરી એ "બાપુ" શબ્દે ગાવરીલાના હૃદયમાં ઉષ્મા રેડી દીધો. પેત્રો

રોજ લાકડીને ટેકે આંગણામાં લંગડાતો ચાલતો રહેતો. ગાવરીલા દરેક ઠેકાણેથી,
ખળામાં હોય કે છાપરીમાં હોય કે જ્યાં હોય ત્યાંથી નવા દીકરાને ચિંતાતુર આંખે
નજરે જોતો રહેતો. તેને બીક રહેતી કે પેત્રો ક્યાંક ઠોકર ખાઈને પડી જાય.
તેઓ એકબીજાની જોડે બહુ ઓછી વાતચીત કરતા, પણ તેમની વચ્ચે
સરળ હેતાળ સંબંધ બંધાતો ગયો.
પેત્રો પહેલી વાર બહાર નીકળ્યો ત્યારથી લગભગ બે દિવસ પછી સૂવાની
વેળાએ ભઠ્ઠીની છત ઉપર આરામથી લંબાવતાં ગાવરીલાએ પૂછ્યું:
"ક્યાંનો રહેવાસી છો, દીકરા?"
"ઉરાલનો..."
"ખેડૂતના ઘરનો ને, હં?"
"ના, કામદાર વર્ગનો."
"એમ કેમ? કોઈ જાતનો કામધંધો કરતો? શું કામ કરતો? મોચીનું?
કે લુહારનું, હં?"
"ના બાપુ, હું કારખાનામાં કામ કરતો. લોખંડ ઢાળવાના કારખાનામાં.
ત્યાં જ મોટો થયો."
"તો પછી કેવી રીતે અનાજ ભેગો કરતો થઈ ગયો?"
"ફોજમાંથી મોકલેલો."
"એ વખતે શું કરતો હતો? કોઈ સરદાર હતો?"
"હા, બાપુ."
આગળ પૂછવું બહુ કપરું થઈ ગયું, પણ તેને આખરે એ જ પૂછવું હતું.
"તો એ વખતેય પાર્ટીનો માણસ હતો, એમ ને?"
"હા, કોમ્યુનિસ્ટ છું," પેત્રોએ સાફ દિલે સ્મિત કરતાં જવાબ આપ્યો.
તેના ખુલ્લા નિર્દોષ સ્મિતે પારકા જેવા લાગતા "કોમ્યુનિસ્ટ" શબ્દની
બધી બીક ગાવરીલાના મનમાંથી દૂર કરી નાખી.
બોલવાના મોકાની વાટ જોતી ડોશી તરત બોલી ઊઠી.
"બેટા પેત્રો, તારે કુટુંબ?"
"મારું દુનિયામાં કોઈ જ નથી. સાવ એકલો છું, આકાશમાં ચંદ્રની જેમ!"
"માબાપ મરી પરવાર્યા છે?"
"હું નાનો હતો, લગભગ સાત વર્ષનો... બાપુ દારૂના ઘેનના ઝઘડામાં
ખતમ થઈ ગયા. મા ક્યાંક ગલીઓમાં રખડતી પેટ ભરે..."
"ઓહ! કૂતરી ક્યાંની! તને સાવ નાનકો એકલો મૂકીને ભાગી ગઈ,
એમ ને?"

"કોઈ મજૂરોના ઠેકેદાર સાથે ચાલી ગઈ, અને હું કારખાનામાં મોટો થયો."
ગાવરીલાએ ભઠ્ઠી ઉપરથી પગ નીચે લટકાવી દીધા. તે ઘણો વખત ચુપ
રહ્યો. પછી તેણે ધીમે ધીમે સાફ બોલવાનું શરૂ કર્યું:
"મારા દીકરા, તારે કોઈ સગાંસંબંધીઓ ન હોય તો અમારી સાથે જ
રહી જા... અમારો એક દીકરો હતો, એ નામ પરથી જ અમે તને પેત્રો
કહીને બોલાવીએ છીએ. પણ એ તો ઘણા વખત પહેલાંની વાત છે. હવે તો
અમે બે બુઢ્ઢાં જ એકબીજાને સોબત આપવા રહી ગયાં છીએ... અમે કેટલાય
વખત સુધી તારી જિંદગીની બીકમાં અટવાતાં રહેલાં, તારો જીવ બચાવવા
દિવસરાત એક કરી નાખ્યાં, કદાચ એટલે જ તું અમને આટલો વહાલો લાગે
છે. ભલે ને લોહી તારું પારકું હોય, પણ અમારા હૈયાં તો તને તલસે છે,
જાણે કે તુંમ અમારો પોતાનો જ હોય... જુવાન, અમારી સાથે રહી જા!
આ જમીનમાં સાથે રહીશું, દોનની જમીન સારી છે, ઉપજાઉ અને ઉદાર...
તને સરખી રીતે ગોઠવી દેશું અને પરણાવશું... મારી તો હવે જિંદગી વીતી
ગઈ, તું ખેતર સંભાળી લેજે. અમારી તો ખાલી એટલી જ માગણી છે કે
અમારા બુઢાપાની મરજાદ રાખજે, અમારું મોત આવે ત્યાં લગી રોટલાની
ના પાડતો નહીં, તારી ભેગો ખાવા દેજે... અમને બુઢ્ઢાંને છોડીને જતો નહીં,
પેત્રો..."

ભઠ્ઠીની પાછળ કોઈ જીવડો તૂટક તૂટક અને કંટાળાજનક અવાજ કરતો
રહ્યો.

બારીનાં પાટિયાં પવનમાં ઊંહકારા કરતાં હતાં.

"હું અને ડોશી તારા માટે છોકરી શોધી રહ્યાં છીએ!" ગાવરીલાએ પરાણે
ખુશી બતાવતાં મિચકારો કર્યો, પણ તેના ફરકતા હોઠ ઉપર દયાજનક મરડાતો
મલકાટ આવી ગયો.

પેત્રોએ નજર નીચે ઢાળીને છોતરાં ઊડી ગયેલા ભાંગેલા ભોંયપટ ઉપર
ઠેરવી દીધી. તે ડાબા હાથ વડે બાંકડા પર ટપટપ કરી રહ્યો હતો. થોડી થોડી
વારે મંદ અને જાણે ચિંતાતુર અવાજ આવતો હતો. ટપ-ટપ-ટપ! ટપ-ટપ-ટપ!
તે દેખીતી રીતે જ જવાબનો વિચાર કરી રહ્યો હતો. નિર્ણય લઈ લીધા
પછી તેણે ટપટપ બંધ કરી દીધું અને આંચકો મારીને માથું ઊંચું કરી દીધું.
"ભલે, બાપુ, ખુશીથી તમારે સાથે રહીશ, પણ મારાથી બહુ કામ નહીં
થાય. જમણો હાથ સરખી રીતે સાજો થતો જ નથી, કાળમુખો! પણ જેટલું
થાય એટલું કામ કરીશ. આ ઉનાળા પૂરતો રહીશ, પછી જોઈશું."

"અને પછી કદાચ તું હંમેશ માટે રહી જાય!" ગાવરીલા વાત પૂરી કરતો
બોલ્યો.

ડોશીનો પગ દબાતાં ચરખો ખુશાલ ગુંજારવ કરવા લાગ્યો અને રૂંછાદાર
ઊનના દોરાને ત્રાક ફરતે વીંટતો આનંદીથી બરબરાટી કરતો રહ્યો.

કદાચ તે હાલરડું ગાતો હોય, કે પછી સુસ્ત લયાત્મક ઘણઘણાટમાં
ભર્યાભાદર્યા જીવનનું વચન આપી રહ્યો હોય... કોને ખબર?

વસંત પછી ધખતા ધોમના દિવસો આવ્યા, સુકાઈને કોકડું થઈ જતા
અને વગડાની ભરચક ધૂળને લીધે રાખોડી બની જતા દિવસો આવ્યા. સારું
હવામાન શરૂ થઈ ગયું. હંમેશ જેવી બંડખોર દોનમાં જાણે દાંતાળાં મોજાંના
ઊંચા ડુંગરા રચાઈ ગયા હતા. પૂરે સીમની વાડીઓમાં પાણી સીંચ્યું. દૂરના
એકદમ લીલાછમ અને રાખોડી-સફેદ કાંઠાએ ખીલી ઊઠેલાં પોપલર વૃક્ષોની
મધ જેવી સુગંધ હવામાં લાદી દીધી. બીડોમાં જંગલી સફરજનનાં ફૂલોની
પાંખડીઓ છવાયેલું તળાવ પ્રાત:કાળની જેમ ગુલાબી ચમકતું હતું. રાત્રે
ઉનાળાની વીજળી આકાશમાં જાણે કોઈ બાળાની નજર જેવા ઝબકારા કરતી
હતી, રાતો વીજળીના આગઝરતા ઝબકારા જેટલી ટૂંકી હતી. લાંબા દિવસની
મહેનત પછી બળદોને થાક ઉતારવાનો પૂરો વખત નહોતો મળતો. સહિયારા
ચરાણમાં ચરતાં ઢોર દૂબળાં થઈ ગયાં હતાં અને તેમની પાતળી ચામડી
નીચે હાડકાં જણાઈ આવતાં હતાં.

ગાવરીલા અને પેત્રો વગડામાં એક અઠવાડિયું ભેગા રહ્યા. તેમણે હળ
ચલાવ્યું, કળબ ફેરવી, અને વાવણી કરી તેઓ ગાડા નીચે ઘેટાની એકની એક
ખામાં રાત ગુજારતા. પણ ગાવરીલાએ ક્યારેય ન કહ્યું કે તે પોતાના નવા દીકરા
સાથે કોઈ અદૃશ્ય દોરીથી કેવો મક્કમ બંધાઈ ગયો હતો. ઊજળા વાળવાળો,
ખુશ મિજાજ, મહેનતુ આદમીએ બીજા, મૃત, પેત્રોની છબિ ઉપર જાણે
છાયા પાથરી દીધી. તેને વિશે ગાવરીલાના વિચારો ઓછા થતા ગયા. કામની
ધમાલમાં તેને યાદો વાગોળવાની ફુરસદ પણ નહોતી મળતી.

દિવસો ચોરપગલેથી પસાર સરકતા રહ્યા. થોડા વખતમાં ઘાસ વાઢવાની
વેળા આવી ગઈ.

એક દિવસે સવારે પેત્રો વાઢવાનો સંચો લઈને લાંબા વખત સુધી કંઈક
કરતો રહ્યો. દાતરડા વડે ઘાસ તેણે કોઢમાં એવી કુશળતાથી પાનાંને ધાર કાઢી

અને જૂનાં તૂટેલાં પાંખિયાંની જગ્યાએ નવાં બનાવીને ગોઠવી દીધાં કે ગાવરીલા
ચકિત થઈ ગયો. તે સવારથી કામમાં લગી ગયો હતો. સાંજ ઢળવા લાગી
ત્યારે તે સભામાં ભાગ લેવા કાર્યવાહક સમિતિના કાર્યાલયમાં ચાલ્યો ગયો. તેની
ગેરહાજરીમાં પાણી લાવવા નીચે ગયેલી ગાવરીલાની પત્ની એક પત્ર લેતી
આવી. પરબીડિયું સાવ જૂનું અને ચીકણું થઈ ગયેલું હતું. તેમાં સરનામું
ગાવરીલાની મારફત કોમરેડ કોસિખ નિકોલાઈને હતું. ગાવરીલાને અસ્પષ્ટ
ચિંતાએ ઘેરી લીધો. તે ઘણી વાર સુધી પરબીડિયું હાથમાં ફેરવતો રહ્યો, શાહીના
ડાઘાવાળા અક્ષરોને તાકી રહ્યો.

પરબીડિયાને અજવાળા સામે રાખીને તેણે ઝીણવટથી જોયું, પણ પરબીડિયું
હઠીલાઈથી પોતાનું રહસ્ય છુપાવી રહ્યું હતું. ગાવરીલાને પોતાના મનની રોજિંદી
શાંતિમાં ભંગ પાડનારા એ પત્ર ઉપર અનાયાસે જ ગુસ્સાનો ઊભરો આવી ગયો.

તેને મન થયું કે કાગળને ફાડી નાખું, પણ પછી થોડો વિચાર કરીને તેણે
પત્ર પેત્રોને આપવાનો નિશ્ચય કર્યો. બારણા પાસે પેત્રોને મળતાં જ તેણે ખબર
આપી.

"દીકરા, તારો કાગળ આવ્યો છે."

"મારો?"

"હા. લે, વાંચ!"

અંદર બત્તી કરીને ગાવરીલા પત્ર વાંચતા પેત્રોના આનંદમય ચહેરાને
ઝીણી વેધક નજરે જોતો રહ્યો. આખરે ધીરજ ખોઈ બેસતાં તેણે પૂછ્યું:

"ક્યાંથી આવ્યો છે?"

"ઉરાલથી."

"કોનો છે?"

ડોશીએ કુતૂહલમાં પૂછ્યું:

"કારખાનાના મિત્રોનો."

ગાવરીલાએ ફરી સાવધાનીથી પૂછ્યું:

"શું લખે છે?"

પેત્રોની આંખોની ચમક ઓસરી ગઈ, અને તેણે અચકાતાં અચકાતાં
જવાબ આપ્યો:

"મને પાછો કારખાનામાં બોલાવે છે. કારખાનું ફરી ચાલુ કરવાના છે.
૧૯૧૭થી બંધ પડ્યું છે."

"પણ... તું જશે?" ગાવરીલાએ બોદા અવાજે પૂછ્યું.

"ખબર નહીં."

પેત્રો સાવ સુકલકડી થઈ ગયો અને પીળો પડી ગયો. રાત્રે ગાવરીલાને તેના
ઊંડા નિસાસાનો અને પડખાં ફરવાનો અવાજ સંભળાતો. ઘણો વખત વિચાર
કર્યા પછી તેને સમજાયું કે ગામની જિંદગી પેત્રોને ફાવે એમ નહોતી, વગડાની
કાળી જમીન ખેડવાનું કામ તેનાથી થાય એમ નહોતું. તેને ઉછેરીને મોટો કરનાર
કારખાનું વહેલું કે મોડું તેને પાછો માગી જ લેશે, અને ફરી આનંદવિહોણા
ખાલીપણાના દિવસોનું કાળું સરઘસ શરૂ થઈ જશે. ગાવરીલાને અળખામણું
પાજી કારખાનું એક એક ઈંટ ઉખેડી નાખીને જમીનદોસ્ત કરી નાખવાનું
મન થઈ આવ્યું, પછી ભલે ત્યાં નકામું ઘાસ અને કૌવચ ઊગી નીકળે અને
બીજ વેરતાં રહે.

ત્રીજા દિવસે ઘાસ વાઢવાનું પતી ગયા પછી તેઓ પાણી પીવા પડાવે પાછા
આવ્યા ત્યારે પહેલાં પેત્રો જ બોલ્યો.

"ના, બાપુ હું અહીં નહીં રહી શકું! મારે પાછું કારખાને જવું જ પડશે.
મને ખેંચે છે, મારા દિલના તારને વાળી નાખે છે."

"અહીંની જિંદગી નથી ગમતી?"

"એમ નથી... કારખાનું અમારું છે. કોલ્ચાકનો હુમલો થયો ત્યારે અમે
દસ દિવસ સુધી તેની રક્ષા કરી હતી. કોલ્ચાકના માણસોએ કબજો કરતાં વેંત
અમારા નવ માણસોને લટકાવી દીધા. હવે ફોજમાંથી પાછા આવેલા મજૂરો
ફરી કારખાનું ચાલુ કારવાની કોશિશ કરી રહ્યા છે. લગભગ ભૂખે મરે છે, તેમનાં
કુટુંબો પણ. છતાંય પોતાનાથી બને એટલું કરી રહ્યા છે... હું કેવી રીતે અહીં
રહી શકું? તમને લાગે છે કે મારો અંતરાત્મા મને અહીં રહેવા દેશે?"

"તું શું મદદ કરી શકવાનો? તારો જમણો હાથ તો સાવ નકામો છે."

"શું વાત કરો છો બાપુ! એમને તો જેટલા મળે એટલા માણસની જરૂર
છે."

"ભલે, હું તને રોકીશ નહીં. જા, જેવી તારી ઈચ્છા!" ગાવરીલાએ
ખુશીનો દેખાવ કરતાં કહ્યું. "ડોશીને એમ જ કહેજે કે તું પાછો આવવાનો
છે. કહેજે કે તારે થોડો વખત ત્યાં જઈને રહેવું છે, પછી પાછો આવી જઈશ.
નહીંતર બિચારી બેહદ સોરાતી રહેશે, તારા વિના જીવશે નહીં... તારું અમારું
તો હવે જે છે એ બધું તું જ... તને ખબર છે..."

અને પછી તે છેલ્લી આશાને વળગી રહીને, હાંફતો હાંફતો ઘોઘરા અવાજે
ધીરેથી બોલ્યો:

"કદાચ તું ખરેખર પાછો આવે, હું? અમારા બુઢાપાની દયા નહીં આવે તને?.. નહીં આવે?.."

ગાડું ચૂં-ચૂં અવાજ કરતું હતું, ગાડાને ખેંચતા બળદો પગ ઘસડતા આગળ વધતા હતા, ચગદાતા ચૂનાપથ્થરનો ચૂરો હળવો સરસર અવાજ કરતો પૈડાંમાંથી ઊડતો હતો. દોનને કાંઠેકાંઠે વાંકોચૂકો જતો ચીલો રસ્તાની કોરે એક ક્રૉસ નજીક ડાબી તરફ વળી ગયો. વળાંકેથી જીલ્લાના મથકનાં દેવળો અને ફળવાડીઓ તથા શાકભાજીનાં વાડાઓના અજબ લીલાં ધાબાં દેખાતાં હતાં.

આખી મુસાફરી દરમિયાન ગાવરીલા બોલતો રહ્યો હતો, અને ચહેરો ખુશાલ રાખવાની કોશિશ કરતો રહ્યો હતો.

"આ જગ્યાએ ત્રણ વર્ષ પહેલાં દોનમાં થોડીક છોકરીઓ ડૂબી ગઈ હતી, એટલે અહીંયાં ક્રૉસ છે." તેણે ચાબુક વડે ક્રૉસની એકલવાઈ નાનકડી છાપરી તરફ ચીંધતાં કહ્યું: "અને અહીંયાં આપણે વિદાય લેશું. રસ્તો આગળ નથી જતો. ટેકરી ઉપરથી ખડક તૂટી પડયા હતા. અહીંથી ગામ સુધી માંડ એક માઈલ હશે. તું પગપાળો પહોંચી જઈશ."

પેત્રોએ પટ્ટે લટકતી સામાનની થેલી સરખી કરી, અને તે ગાડાંમાંથી ઊતરી ગયો. મહેનત કરીને ડુસકાં ખાળતા ગાવરીલાએ ચાબુક નીચે ફેંકી દઈને ધ્રૂજતા હાથ લાંબા કર્યા.

"આવજે, મારા દીકરા! તારા વિના અમારો સૂરજ નહીં ઊગે..." તેના આંસુભીના વેદનાગ્રસ્ત ચહેરામાં ચાસ પડી ગયા અને તેણે એકાએક ઊંચા અવાજે ઘાંટો પાડયો: "તું સમોસાં તો નથી ભૂલી ગયો ને, બેટા? ડોશીએ ખાસ તારા માટે બનાવેલાં... છે ને, હું? ઠીક ત્યારે, આવજે! આવજે, દીકરા!.."

પેત્રો લંગડાતો અને સડકને સાંકડે છેડે લગભગ દોડતો રવાના થઈ ગયો.

"પાછો આવ!" ગાવરીલાએ ગાડાની એક બાજુએ વળગીને સાદ પાડયો.

"કદી નહીં આવે!" તેનાં હૃદયમાં મૂંગા બોલે ડૂસકું ખાધું.

પ્યારું ઊજળું માથું છેલ્લી વાર વળાંક પાસે દેખાયું, પેત્રોએ છેલ્લી વાર ટોપી હલાવી, અને જ્યાં તેના ડગલાં પડયાં હતાં ત્યાં પવન ધુમાડા જેવી ધોળાશ પડતી ધૂળને મૂરખની જેમ હલાવવા અને વંટોળમાં ઘૂમરીઓ ખવડાવવા લાગ્યો.

૧૯૨૬

ઇન્સાન અને નસીબ

"હું ઈચ્છું છું કે મારી રચનાઓ લોકોને બહેતર થવામાં મદદરૂપ થાય, તેમનાં હૃદયોમાં લોકો તરફ વધારે પ્રેમ ઉત્પન્ન કરે, માનવતા અને માનવીય પ્રગતિના આદર્શો ખાતર સક્રિય લડવૈયા બનવાની ઝંખના જગાવે. હું આ કાર્યમાં કંઈક અંશે સફળ થઈશ તો પોતાની જાતને સુખી માનીશ."

મિખાઈલ શોલોખોવ

સોવિયેત સંઘના સામ્યવાદી પક્ષનું
સભ્યપદ ઈ. સ. ૧૯૦૩થી આજ
પર્યંત ધરાવનાર યેવ્ગેનિયા ગ્રિગોર્યેવ્ના
લેવીત્સ્કાયાને સમર્પિત

દોન નદીના ઉપરવાસના પ્રદેશમાં લડાઈ પછીની પ્રથમ વસંત ઋતુનું આગમન અસાધારણ રૂપે જોશીલું અને વેગીલું હતું. માર્ચ મહિનાના છેલ્લા દિવસોમાં અઝોવ સમુદ્રના કાંઠેથી ઉષ્માભર્યા વા વાયા. બે જ દિવસમાં બધો બરફ ઓગળી ગયો અને નદીના ડાબા કિનારાનો રેતીનો પટ એક થઈ ગયો. ઘાસભૂમિનાં બરફથી ઠસોઠસ ભરેલાં નદીનાળાંમાં અને ખીણોમાં પાણી ઊભરાયાં. વહેણની ઉપર જામી ગયેલા બરફના પડને તોડીને ફૂટી નીકળેલાં ઝરણાંઓએ ગાંડાં પૂરનાં રૂપ લીધાં અને પરિણામે રસ્તાઓ ઓળંગવાનું લગભગ સાવ અશક્ય બની ગયું.

વરસના આવા પ્રતિકૂળ સમયે જ એવું બન્યું કે મારે બુકાનોવ્સ્કાયા જવાની જરૂર ઊભી થઈ. જીલ્લાકેંદ્ર બુકાનોવ્સ્કાયા કંઈ બહુ દૂર ન ગણાય. હશે લગભગ સાઠ કિલોમીટર. પણ એ સફર ભારે પડી. હું અને મારો મિત્ર સૂર્યોદય પહેલાં જ નીકળી પડ્યા. સારો ખોરાક પામતા બે સશક્ત ઘોડાની જોડી પટ્ટા ઉપર પૂરું જોર લગાવવા છતાં ગાડીને માંડ માંડ ખેંચી શકતી હતી. વરસેલા હિમ તથા જામેલા બરફ અને રેતીના મિશ્રણથી બનેલા ગારામાં ગાડીનાં પૈડાં ઘૂંટી જેટલાં ઊંડાં ખૂંચી જતાં હતાં. એક કલાકમાં તો ઘોડાની કેડ અને પૂંઠને ફરતા બાંધેલા પટ્ટાની નીચે ફીણનાં સફેદ દૂધ જેવાં ચગદાં દેખાવા લાગ્યાં. ઘોડાના પરસેવાની વાસ, તેમ જ ડામરમાં લથપથ સાજ તડકામાં તપેલા તેની માદક ગંધ, સવારની તાજી હવામાં ભરાઈ ગઈ.

સફર દરમિયાન ઘોડાઓને જ્યારે ખાસ વધારે ત્રાસ પડતો ત્યારે અમે ઊતરીને પગપાળા ચાલતા. કાદવ જેવા પોચો બરફ અમારા બૂટ તળે દબાઈ જતો અને આગળ ડગલાં ભરવાં ભારે પડતો. પણ રસ્તાના કિનારા જામેલા બરફનાં ચમકતાં પડથી હજુયે છવાયેલાં હતાં, અને તેની ઉપર ચાલવું વધારે

મુશ્કેલ હતું. ત્રીસ કિલોમીટરનો રસ્તો કાપીને યેલાન્કા નદીને સામે આમે ઓવારે પહોંચતાં અમને લગભગ છ કલાક લાગ્યા.

સોખોવ્સ્કોઈ ગામ પાસે આવેલી નાનકડી નદી ઉનાળામાં લગભગ સાવ સુકાઈ જતી પણ અત્યારે તેમાં પૂર છલકાયાં હતાં, અને તેનો આખા એક કિલોમીટરથી વધારે પહોળો પટ એલ્ડર વૃક્ષોથી ભરેલી ઘાસવાળી ભીની ધરતી ઉપર ફેલાઈ ગયો હતો. અમારે એ નદીને સામે કાંઠે પહોંચવા માટે એક સપાટ તળિયાવાળા નાનકડા મછવાનો ઉપયોગ કરવો પડયો. મછવામાં ત્રણ માણસ માંડ બેસી શકે એટલી જગ્યા હતી. અને વધારામાં, ફૂટેલા તળિયામાંથી પાણી અંદર આવી જતું. અમે ઘોડા પાછા મોકલી દીધા. સામે કાંઠે આવેલા સામૂહિક ખેતરમાં છાપરા નીચે એક જીપ અમારી રાહ જોતી ખડી હતી. એ જૂની અને જર્જરિત જીપ આખો શિયાળો ત્યાં જ પડી રહી હતી. હું અને જીપનો ડ્રાઈવર શંકા-આશંકાઓ સાથે એ ડગમગતી નાનકડી હોડીમાં બેઠા. મારો મિત્ર સરસામાન સાથે આ કાંઠે જ રોકાયો. અમારી જળયાત્રાનો હજી તો પ્રારંભ જ થયો હતો ત્યાં સડી ગયેલાં પાટિયાંમાંથી પાણીના નાનકડા ફુવારા ફૂટી નીકળ્યા. જે કંઈ હાથમાં આવ્યું તેનો ઉપયોગ કરીને અમે કાણાં પૂર્યાં અને સાથે સાથે હોડીમાં ભરાતું પાણી પાછું નદીમાં ફેંકતા ગયા. જેમતેમ કરીને એક કલાકે અમે સામે કાંઠે પહોંચ્યા. ડ્રાઈવર ગામમાં જઈને જીપ લઈ આવ્યો અને પાછો મછવા પાસે જઈને હાથમાં હલેસું પકડતાં બોલ્યો:

"મૃત્યુને આરે પહોંચેલા આ જરીપુરાણા હોડકાનું પાટિયે પાટિયું પાણીમાં જ નોખું નહિ થઈ જાય તો તમારા દોસ્તને લઈને બે કલાકમાં પાછો આવીશ. ઓછામાં ઓછો એટલો સમય તો લાગશે જ."

ગામ નદીથી સારી પેઠે દૂર હતું. ઉજ્જડ સ્થળોમાં પણ કેવળ શરદ ઋતુના મધ્યકાળમાં કે પછી વસંત ઋતુના આરંભના દિવસોમાં જ જોવા મળે એવી સૂમસામ નીરવતા નદીને કાંઠે છવાયેલી હતી. વહેતાં પાણી ઉપરથી સરી આવતી હવામાં ભીની સુગંધ સાથે કોહતાં એલ્ડર વૃક્ષોની ખાટી-કડવી દુર્ગંધ ભળેલી હતી. સુદૂર ઘાસભૂમિમાંથી જાંબુડિયા ધુમ્મસ સોંસરવો થઈને વાતો મૃદુ સમીર પોતાની સાથે ધરતીની શાશ્વત તારુણ્ય માણતી મીઠી સોડમ પણ લાવી રહ્યો હતો. બરફના પાશમાંથી હમણાં જ મુક્તિ પામેલી ધરતીની એ હળવી સોડમનું માત્ર આછું જ આસ્વાદન પ્રાપ્ત થતું હતું.

પાણીથી જરાક આઘે વેણુ ઉપર ડાંખળાંની એક તૂટેલી વાડ પડી હતી. તેની ઉપર બેસીને સિગારેટ પીવાના આશયે ખીસામાં હાથ નાખતાં જ મને

ઊંડી નિરાશાનો અનુભવ થયો. કોટના ખીસામાં મૂકેલું સિગારેટનું પાકિટ પાણીથી ભીંજાઈને લચપચ થઈ ગયું હતું. નદી પાર કરતાં ડગમગતી હોડીની નમેલી બાજુએથી ધસી આવતા કાદવિયા પાણીના એક મોજાએ મને કેડ સુધી તરબોળ કરી દીધો હતો. હોડીને ડૂબતી બચાવવા માટે મારે તરત જ હલેસું પડતું મૂકીને બને તેટલી ઝડપથી પાણી પાછું નદીમાં ફેંકવાના કામમાં લાગી જવું પડ્યું. એ પ્રસંગે સિગારેટનો વિચાર કરવાનો પણ સમય નહોતો. પણ અત્યારે મારી પોતાની બેદરકારી ઉપર ચિડાતાં ચિડાતાં મેં ભીંજાયેલું પાકિટ સંભાળપૂર્વક બહાર કાઢ્યું અને ભીનાશથી ભૂખરી થઈ ગયેલી સિગારેટ એક એક કરીને વાડ ઉપર સુકાવા મકી.

બપોરનો સમય હતો. સૂર્યનો પ્રકાશ મે મહિના જેટલો તેજસ્વી હતો. મને થયું સિગારેટ થોડી વારમાં જ સુકાઈ જશે. તડકો એટલો સખત હતો કે સફર માટે રૂ ભરેલાં લશ્કરી કોટ અને પાટલૂન પહેરવા બદલ મને અફસોસ થયો. આ વરસે શિયાળા પછી એ પહેલો જ ખરેખરો ગરમ દિવસ હતો. ત્યાં એકલા બેસીને મુક્ત મને સંપૂર્ણ નીરવતા અને એકલતા માણવાનું, હલેસાં મારવાના ભારે શ્રમ પછી મારી જૂની લશ્કરી ગરમ ટોપી ઉતારીને મંદ વાયુની લહરીઓમાં મારા કેશ સુકવવાનું, અને ઝાંખા ભૂરા આકાશમાં તરતાં તરતાં મોટાં ફૂલેલાં વાદળો ઉપર ખાલી મીટ માંડીને બેસી રહેવાનું મને ખૂબ ગમ્યું.

થોડી વારમાં ગામને છેડે આવેલાં ઘરોમાંથી નીકળીને એક માણસ રસ્તા ઉપર આવતો દેખાયો. તેની આંગળી પકડીને એક નાનકડો કિશોર પણ આવતો હતો. કિશોરની ઉંમર પાંચ કે છ વર્ષની હશે, એથી વધારે નહિ. બેઉ ધીરે ધીરે ઓવારા તરફ આગળ વધ્યા, પણ જીપ પાસે પહોંચીને મારી તરફ આવવા વળ્યા. માણસ ઊંચા બાંધાનો હતો પણ તેના ખભા જરાક નમેલા હતા. તે સીધો મારી પાસે આવ્યો અને પોતાના ઊંડા ભારે અવાજમાં બોલ્યો:

"નમસ્તે, ભાઈ!"

એમ કહીને તેણે મારી તરફ હાથ લંબાવ્યો.

"નમસ્તે!" મેં ઉત્તર વાળ્યો અને તેના મોટા ખરબચડા હાથમાં મારો હાથ મેળવીને હસ્તધૂનન કર્યું.

એ માણસે નીચા વળીને કિશોરને કહ્યું:

"કાકાને નમસ્તે કર, બેટા. તારા બાપુની જેમ આ ભાઈ પણ ડ્રાઈવર જ હોય એમ લાગે છે. હું અને તું તો મોટી લારી ચલાવતા, ખરું ને? ફરક એટલો જ છે કે આ ભાઈ પેલી પડી છે એ નાનકડી બસમાં ફરે છે."

બાળકે તેજસ્વી નિર્મળ આકાશ જેવી પોતાની આંખો મારી આંખોમાં પરોવી અને જરાક મલકાઈને નિર્ભયતાથી પોતાનો ગુલાબી શીતળ હાથ મારી તરફ લંબાવ્યો. મેં હળવેથી હાથ મેળવીને પૂછ્યું:

“ટાઢ વાય છે, બુઢ્ઢા બાપા? આજે આટલી સખત ગરમીમાં તારો હાથ આટલો બધો ઠંડો કેમ છે?”

હૃદયસ્પર્શી બાળસુલભ વિશ્વાસ દર્શાવતો બાળક મારા ગોઠણે લપાયો અને નાનકડાં પીળાં ભવાં આશ્ચર્યથી ચડાવીને મારી તરફ જોતાં બોલ્યો:

“પણ કાકા, હું તો બુઢ્ઢો નથી. હું તો હજી નાનકડો છોકરો જ છું. અને મને ટાઢ પણ નથી વાતી. એ તો હું બરફના દડા બનાવીને રમતો હતો એટલે મારા હાથ ઠંડા છે.”

પીઠે ભેરવેલો અરધો ખાલી સફરથેલો ઉતારીને બાળકનો બાપ ધબ દઈને મારી પાસે બેઠો અને પછી બોલ્યો:

“મારો આ નાનકડો મુસાફર સાવ જંજાળ જેવો જ છે તો! પોતેય થાકી ગયો અને મનેય થકવી દીધો. હું જરાક લાંબે ડગલે ચાલું કે ભાઈને દોડવું પડે. એના જેવા નાના પગે ચાલનારની સાથે પગલે પગલું મેળવીને ચાલો તો જ કામ ચાલે. એક ડગલાંની જરૂર હોય ત્યાં મારે ત્રણ ભરવાં પડે છે અને અમારો સંઘ ઘોડા તથા કાચબાના સંગાથની જેમ ચાલે છે. પાછળ ચાલતાં ચાલતાં ભાઈ શું કારસ્તાન કરે છે એ જોવા માટે માથાની પાછળ બીજી બે આંખ જોઈએ. મારી પીઠ ફરી કે જોઈએ. મારી પીઠ ફરી કે ભાઈ ખાબોચિયામાં દોડી જઈને છબછબ કરવા લાગે કે પછી જામેલા બરફનો કકડો તોડીને મંડે લોલીપોપની જેમ ચૂસવા. ના, ભાઈ, આવા છોકરા જોડે સફર ખેડવી એ પુરુષ માણસનું કામ નહિ, પગપાળા તો કોઈ કાળે નહિ જ.” થોડીક વાર ચુપ રહીને પછી તેણે મને પૂછ્યું: “તમારો શું વિચાર છે, ભાઈ? તમારા ઉપરીની વાટ જોશો?”

હું ડ્રાઈવર નથી એ તેને જણાવવાનું હવે મને ઠીક ન લાગ્યું, એટલે મેં જવાબ દીધો:

“લાગે છે કે વાટ જોવી જ પડશે.”

“તમારા ઉપરી સામે કાંઠેથી આવવાના છે?”

“હા, એ તરફથી જ આવશે.”

“મછવો જલદી આવવાનો છે? તમને ખબર છે?”

“લગભગ બે કલાકમાં આવશે.”

“તો તો બહુ વાર કહેવાય. ત્યાં સુધી આપણે આરામ કરીએ. મારે જરાય ઉતાવળ નથી. અહીંથી નીકળતાં તમને જોયા. મને થયું કે આપણો જ એક ડ્રાઈવર ભાઈ તડકાની મઝા લે છે તો ચાલો એની પાસે જઈને તમાકુના થોડાક ધુમાડા કાઢીએ. એકલા મરવામાં જેમ જરાય મઝા નહિ એમ જ તમાકુનું સમજવું. એકલા પીવામાં મઝા ન આવે. સિગારેટ પીઓ છો એટલે સુખી માણસ હો એમ લાગે છે. આ શું? સિગારેટ બધી ભીંજાઈ ગઈ લાગે છે! ખેર, ભાઈ, ભીની તમાકુ અને દવાદારૂ લેતો ઘોડો—બેય સરખાં. બેમાંથી એકેય મુદ્દલ કામ ન આવે. આ મારી દેશી તમાકુ જ અજમાવો ને!”

તેણે પોતાના પાતળા ખાખી પાટલૂનના ખીસામાંથી જૂની રેશમી તમાકુથેલી કાઢી. ગોળ વીંટેલી થેલીના વીંટા ખૂલતાં એક ખૂણામાં ભરેલા આ શબ્દો ઉપર મારી નજર પડી: “લેબેદ્યાન્સ્કાયા માધ્યમિક શાળાના એક વિદ્યાર્થી તરફથી આપણા એક પ્રિય સૈનિકને ભેટ.”

કડક દેશી તમાકુના દમ ખેંચતા અમે કેટલીય વાર સુધી બેસી રહ્યા અને લાંબા વખત સુધી અમારામાંથી કોઈ કંઈ બોલ્યું નહિ. બાળકને લઈને એ ક્યાં જાય છે અને આવા ખરાબ રસ્તે શા કારણે સફર ખેડે છે એવો સવાલ હું પૂછવા જ જતો હતો, ત્યાં તેણે જ મને પહેલાં પ્રશ્ન પૂછી લીધો:

“શરૂથી આખર સુધી લડાઈમાં ભાગ લીધો હશે, ખરું?”

“લગભગ એમ જ.”

“મોરચા ઉપર?”

“હા.”

“મેં પણ લડાઈને મોરચે પેટ ભરીને હેરાનગતિ ભોગવી છે, ભાઈ. ખૂબ કષ્ટ સહ્યાં છે, વધારે પડતી તકલીફ ઉઠાવી છે.”

તેણે પોતાના ઘેરા વાનના મોટા હાથ ગોઠણ પર ટેકવ્યા અને ખભા નમાવ્યા. એક બાજુથી તેની તરફ દૃષ્ટિ ફેરવતાં મારા મનમાં વિચિત્ર પ્રકારની અશાંતિ અને બેચેની ઉત્પન્ન થઈ. આંખોમાં રાખ ભભરાવી હોય તો જેવી લાગે એવી આંખો તમે ક્યારેય જોઈ છે? આંખોમાં ભરેલા ઘેરા વિષાદ અને ઊંડી ઝંખનાને કારણે દૃષ્ટિ મેળવવાનું મુશ્કેલ બની જાય એવી આંખો તમને ક્યારેય જોવા મળી છે? અકસ્માત્ જેની સાથે ઓળખાણ થઈ હતી એવા મારા આ નવા પરિચિતની આંખો એવી જ હતી.

વાડમાંથી એક વળેલી સૂકી ડાંખળી તોડીને એ થોડી વાર રેતીમાં વિચિત્ર આકૃતિઓ દોરતો રહ્યો અને પછી બોલ્યો:

"ક્યારેક ક્યારેક આખી રાત મને નીંદર નથી આવતી. હું અંધારાના ઊંડાણમાં મીટ માંડીને પડ્યો રહું છું, અને મારા મનમાં વિચાર ઊભરાય છે: 'અરે જિંદગાની, તેં આમ શા માટે કર્યું? તેં મને આમ અપંગ કેમ બનાવી દીધો? તેં મારી કાયામાંથી બધું કૌવત શા સારુ હરી લીધું?' પણ નથી ઊંડાં અંધારાં મને જવાબ આપતાં કે નથી મળતા મારા સવાલોના જવાબ ચળકતા સૂર્યના કિરણો પાસેથી... ના, મને કશા જ ઉત્તર મળતા નથી અને કદી મળશે પણ નહિ!" એટલું કહેતાં જ તેણે પાછો પોતાની ઉપર કાબૂ મેળવી લીધો અને નાનકડા દીકરાને વહાલથી ટાપલી મારીને કહ્યું: "બેટા, જા, તારે રમવું હોય તો નદીને કાંઠે જઈને રમ. મોટી નદીને કાંઠે નાના બાળકને કંઈ ને કંઈ રમવા કરવાનું હંમેશાં મળી જ રહે છે. પણ ધ્યાન રાખજે, પગ ભીના કરીશ નહિ."

અમે શાંત બેસીને ધૂમ્રપાનની મઝા લેતા હતા ત્યારે મેં ઊડતી નજરે પિતાપુત્રને જોઈ લીધા હતા. બેઉને એક સાથે જોતાં મને એક વાત વિચિત્ર લાગી. બાળકનાં કપડાં સાદાં પણ સરસ મઝાનાં અને મજબૂત હતાં. બીવરની જૂની થઈ ગયેલી રુવાંટીદાર ખાલના મુલાયમ અસ્તરવાળો ઘેરદાર કોટ તેના માપનો અને બરાબર બંધબેસતો હતો, ગરમ મોજાં પહેરેલ તેના પગ ઉપર નાનકડાં પગરખાં સરસ રીતે ફિટ થતાં હતાં, કોટની બાંય ઉપર ક્યારેક પડેલા ચીરાને સફાઈથી રફૂ કરી દેવામાં આવ્યો હતો; આ બધી નાની નાની વિગતોમાં કોઈ સ્ત્રીનો હાથ સ્પષ્ટ દેખાતો હતો, કોઈ કુશળ માતાની કાળજી સાફ વરતાઈ આવતી હતી. એથી ઊલટું, પિતાના રૂપરંગમાં જુદી જ ભાત દેખાતી હતી. તેનો રૂ ભરેલો કોટ ઠેકઠેકાણે 'ફાટી ગયો હતો, રફૂનું કામ બેદરકારીથી જેમ તેમ પતાવી દેવામાં આવ્યું હતું, તેના જૂના ખાખી પાટલૂન ઉપર લગાવવામાં આવેલું થીગડું બરાબર સિવાયું નહોતું, પુરુષના અણઘડ હાથે લગાવવામાં આવેલા મોટા મોટા બખિયા સાફ દેખાતા હતા, તેના પગમાં તદ્દન નવા લશ્કરી બૂટ હતા, પણ જાડાં ગરમ મોજાંમાં ઠેકઠેકાણે કાણાં દેખાતાં હતાં. તેના લેબાસમાં નારીના હાથનું કૌશલ્ય ક્યાંય ગોત્યું જડે તેમ નહોતું... મને લાગ્યું કે કાં તો એ ભાઈ વિધુર હશે અથવા પતિપત્નીની વચ્ચે કંઈક અણબનાવ જેવું રહેતું હશે.

નદી તરફ દોડી જતા પુત્રને પિતા થોડી વાર નીરખી રહ્યો અને ઉધરસ શમી એટલે તેણે ફરી વાતચીત શરૂ કરી. મેં સંપૂર્ણ એકાગ્રતાથી સાંભળવામાં મન પરોવ્યું.

"શરૂઆતમાં મારું જીવન સાવ સામાન્ય પ્રકારનું હતું. મારો જન્મ ૧૯૦૦ની સાલમાં વોરોનેઝ પ્રદેશમાં થયો હતો. આંતરવિગ્રહ દરમિયાન હું લાલ સેનામાં

કિકવીદ્ઝેની ડિવિઝનમાં હતો. ૧૯૨૨ના દુકાળના દિવસોમાં હું કુબાન તરફ નીકળી ગયો અને ત્યાં કુલકોને ત્યાં બળદિયાની જેમ કામમાં ડૂબી ગયો. એમ ન કર્યું હોત તો કદાચ આજનો દિવસ જોવા હું જીવતો ન રહ્યો હોત. પણ એ દરમિયાન ગામમાં મારા આખા કુટુંબના બધા માણસો—પિતા, માતા, બહેન, બધાં જ ભૂખના દુઃખે મોતનો શિકાર થઈ ગયાં. આ ભરી દુનિયામાં હું એકલો અટૂલો થઈ ગયો. સગાંસંબંધી કહેવાય એવું મારે કોઈ જ નહોતું, એક જણ નહિ. ખેર, એક વર્ષ કુબાનમાં ગાળીને હું પાછો મારે ગામ આવ્યો ઘરબાર વેચી સાટીને વોરોનેઝ પહોંચ્યો. પહેલાં થોડો વખત મેં સુતારનું કામ કર્યું અને પછી એક કારખાનામાં કામ કરીને મિકેનિકનું કામ શીખી લીધું. ત્યાર બાદ થોડા દિવસોમાં જ મેં લગ્ન કરી લીધાં. મારી વહુ બાલાશ્રમમાં ઊછરી હતી. નાનપણથી જ બીચારી અનાથ હતી. સદ્ભાગ્યે મને વહુ સારી મળી હતી. સ્વભાવે સાલસ અને આનંદી હતી અને હંમેશાં મને ખુશ રાખવા આતુર રહેતી. ચપળ અને ચતુર પણ ખરી. મારી તો તેની સાથે તુલના પણ ન થઈ શકે. ખરેખર દુઃખ કોને કહેવાય એ વાતની તેને નાનપણથી જ સ્વાનુભવે ખબર પડી ગઈ હતી. કદાચ એ અનુભવોની અસર તેના સમગ્ર વ્યક્તિત્વ અને ચારિત્ર ઉપર અંકિત થઈ ગઈ હોય. અજાણ્યા માણસની ઊડતી દૃષ્ટિએ જોઈએ તો ખાસ આકર્ષક એવું કંઈ તેનામાં નહોતું. પણ હું તો એવી દૃષ્ટિએ તેને ન જોઉં, ખરું ને? મારે તો તેના સમગ્ર વ્યક્તિત્વ સાથે રોજનો સતત સંબંધ રહેતો. મારી દૃષ્ટિએ તેના કરતાં વધારે રૂપાળી સ્ત્રી આખી દુનિયામાં બીજે ક્યાંય ગોતી જડે એમ નહોતી, અને ભવિષ્યમાં પણ ક્યારેય નહિ મળે તેની મને ખાતરી હતી.

"કામ પરથી થાક્યોપાક્યો હું ઘેર આવતો. ક્યારેક ક્યારેક ભયંકર ગુસ્સામાં મારો મિજાજ સાતમે આસમાને ચડાવીને હું ઘેર પહોંચતો. પણ એવું ક્યારેય નથી બન્યું કે મારી તોછડાઈ કે રોષનો જવાબ મને તોછડાઈ કે રોષમાં મળ્યો હોય. તેનું વર્તન હંમેશાં ખૂબ નમ્રતામય અને શાંત રહેતું. મારાં સુખસગવડ માટે અનેકવિધ ઉપાયો યોજતાં તે કદી થાકતી નહિ. ઘરમાં આવક ઓછી હોવા છતાં મને કંઈ ને કંઈ સરસ વાનગી ખવડાવવાનો પ્રયત્ન કરતી રહેતી. તેને જોતાં જ મારું મન હળવું ફૂલ જેવું થઈ જતું અને થોડી વારમાં જ તેની કેડ ફરતો હાથ વીંટાળીને હું તેને કહેતો: 'મારી વહાલુડી ઈરીના, મારી તોછડાઈ બદલ મને ખૂબ અફસોસ થાય છે, આજે કામ પર મારો આખો દિવસ બહુ જ ખરાબ વીત્યો છે?' પરિણામે અમારી વચ્ચે વળી પાછી સુલેહશાંતિ થઈ જતી

અને મારું મન શાંત થઈ જતું. અને મિત્ર, તમને કલ્પના છે કે કામ ઉપર આની શું અસર થાય છે? બંદુકની ગોળી છૂટે એટલી ઝડપથી હું સવારમાં પથારીમાંથી બહાર કૂદી પડતો અને કામ કરવા કારખાને રવાના થઈ જતો. જે કામ હું હાથમાં લેતો એ ઘડિયાળના કાંટાની જેમ એકધારું ચાલતું અને વખતસર પૂરું થઈ જતું. વહુના વહાલનો અને ચતુર મિત્રના ડહાપણનો સુમેળ એક જ વ્યક્તિમાં થાય ત્યારે જ જીવનમાં સુખ મળે.

“ક્યારેક એવું બનતું કે પગારના દિવસે હું દોસ્તો સાથે સુરાપાન કરવા બેસી જતો અને પછી નશામાં ચકચૂર થઈને પડતો આખડતો લથડિયાં ખાતો ઘર તરફ ડગલાં માંડતો. એ વખતે હું ખૂબ બિહામણો લાગતો હોઈશ. નાનકડી શેરીઓની તો વાત જ જવા દઈએ, મોટા ધોરી રસ્તાની પહોળાઈ પણ મને ચાલવા માટે ઓછી પડતી. એ દિવસોમાં હું અલમસ્ત જોરાવર જુવાનિયો હતો અને સારા પ્રમાણમાં મદિરાપાચનની શક્તિ ધરાવતો હતો. ગમે તેમ કરીને હું ઘેર તો હંમેશાં મારી મેળે એકલો જ પહોંચી જતો, પણ ઘર પાસે પહોંચતાં પહોંચતાં મારી ગતિ અત્યંત મંદ પડી જતી, અને અંતમાં બે હાથ અને બે ગોઠણના બળે ચોપગાં જાનવરની જેમ પગ ઘસડતો હું ઘરમાં પ્રવેશ કરતો. પણ મારે કદીયે ફરિયાદ કે ઠપકાનો એક શબ્દ પણ સાંભળવો પડ્યો નથી. મારી ઇરીના મને જોતાં જ હસી પડતી. એ હસતી પણ એટલી કાળજીથી કે ઘેનમાં ચકચૂર હોવા છતાં મને એથી માઠું ન લાગતું. મારા જોડા ઉતારતાં ઉતારતાં એ હળવે અવાજે કહેતી: ‘આજે તમે ભીંત તરફ સૂઈ રહો તો સારું, આન્દ્રેઈ, નહિતર ક્યાંક ઊંઘમાં ને ઊંઘમાં તમે ખાટલા પરથી નીચે ગબડી પડશો.’ હું તો તરત જ જવ ભરેલા કોથળાની જેમ ઢળી પડતો અને મારી સામે બધું ગોળાકારે ચક્કર ચક્કર ફરવા લાગતું. ધીરે ધીરે મારી આંખમાં નીંદર ઘેરાતી, મારા માથા ઉપર એના હાથનો કોમળ સ્પર્શ હું અનુભવતો, મારા કાને ધીમે ધીમે બોલાતા એના માયાળુ શબ્દો સાંભળતા, અને એ સમયે એના હૈયામાં ભરેલી મારે માટેની અનુકંપાની મને પ્રતીતિ થતી...

“સવારે કામે જવાના સમયથી લગભગ બે કલાક વહેલો મને એ ઉઠાડતી, એ આશયે કે કામ પર જતાં પહેલાં મારી સૂધબૂધ ઠેકાણે લાવવાનો મને પૂરતો વખત મળી રહે. એને ખબર હતી કે દારૂના નશા બાદ હું કંઈ ખાતો નહિ. એટલે મને એ મીઠાના પાણીમાં રાખી મૂકેલી કાકડી કે એવી જ કોઈ ચીજ ખાવા આપતી. મારા શરીરમાંથી નશાબાદની માઠી અસર દૂર કરવા માટે પ્યાલો ભરીને વોદ્કા આપતી અને કહેતી: ‘આ પી લો, આન્દ્રેઈ, પણ પ્રિયતમ, ફરી કદી

આવું કરશો નહિ, હોં કે!’ આટલો ઊંડો વિશ્વાસ રાખનાર વ્યક્તિને કોઈ માણસ કેવી રીતે નીચું જોવડાવે? હું વોદ્કા ગટગટાવી જતો, તેની આંખમાં આંખ પરોવીને અને અને એક ચૂમી લઈને નિઃશબ્દ મારા આભારની લાગણી વ્યક્ત કરતો, અને છાનોમાનો કામ પર જવા રવાના થઈ જતો. પણ નશામાં ઘેઘૂર થઈને હું ઘેર પહોંચું ત્યારે મારી વિરુદ્ધ એક શબ્દ પણ તે બોલી હોત, મને તુચ્છકાર્યો હોત કે વઢી હોત તો ફરી વાર દારૂ ઢીંચીને ઘેનમાં ઘેઘૂર હાલતમાં જ ઘેર આવ્યો હોત, હા, ઈશ્વરની સાખે સાચું કહું છું કે હું નશામાં ચકચૂર થઈને જ પાછો આવ્યો હોત. જે ઘરમાં અક્કલ વગરની વહુ હોય ત્યાં એવું જ બને છે. મેં ઘણાં એવાં કુટુંબો જોયાં છે એટલે મને એ વિશે પૂરેપૂરી ખબર છે.

“થોડા સમય બાદ અમારે ત્યાં બાળગોપાળ જનમ્યાં. પહેલાં મારો નાનકડો દીકરો આવ્યો અને પછી બે દીકરીઓ. બાળકો થયાં તે પછી મેં મારી મિત્રમંડળીનો સંગાથ તજી દીધો. મારો આખો પગાર ઘેર લાવીને હું મારી વહુને આપતો. અમારું કુટુંબ હવે ખાસું મોટું થઈ ગયું હતું અને દારૂના શોખની ગુંજાશ નહોતી રહી. રજાના દિવસે હું ફક્ત એક ગ્લાસ બીયર પી લેતો અને એટલાથી જ સંતોષ માની લેતો.

“૧૯૨૯ની સાલમાં મને મોટરગાડીઓમાં રસ જાગ્યો. મેં મોટર ચલાવતાં શીખી લીધું અને એક મોટરલારી ઉપર કામ શરૂ કરી દીધું. મારા નવા કામમાં મને ફાવટ આવી ગઈ ત્યાર પછી પાછા કારખાનામાં જઈને કામ કરવાની મને મુદ્દલ ઈચ્છા ન રહી. લારી ચલાવવાનું મને વધારે ગમતું. જીવનનાં વહેણ વહેતાં ગયાં અને દસ વર્ષ કેમ વીતી ગયાં એની ખબરેય ન પડી. જાણે એક સપનું આવ્યું અને ઊડી ગયું. પણ જીવનમાં એક દાયકો એટલે શું? ચાળીસીમાં પ્રવેશ કરી ચૂકેલા કોઈ માણસને પૂછો તો ખરા કે જિંદગીનાં આટલાં વર્ષ કેમ વીતી ગયાં એની તને ખબર છે? જવાબ મળતાં સમજાશે કે ચાર દાયકા કેમ વીતી ગયાં તેનું મુદ્દલ ધ્યાન તેને નથી રહ્યું. વહી ગયેલી જિંદગી પેલી સુદૂર ધૂંધળી દેખાતી ઘાસભૂમિ જેવી છે. આજે સવારે જ હું એ પ્રદેશમાંથી પસાર થયો ત્યારે ચોતરફ બધું સાફ હતું. વીશ કિલોમીટર દૂર આવીને અહીંથી એ તરફ નજર નાખું છું તો આખો પ્રદેશ ધુમ્મસથી ઘેરાયેલો હોય એવો ઝાંખો લાગે છે. અહીં બેઠા બેઠા ઝાડ અને ઘાસને એકબીજાથી અલગ જોઈ શકાતા નથી, કે નથી કળાતો ખડતર ભૂમિ અને ચરા વચ્ચેનો ફરક.

“એ દસ વર્ષ દરમિયાન હું રાત કે દિવસ જોયા વગર કામમાં મચ્યો રહેતો. મારી કમાણી સારી હતી અને અમારું જીવન બીજા લોકો કરતાં ઓછું સુખી

નહોતું. બાળકોનાં કલ્લોલથી અમારા મનમાં આનંદના ઓઘ ઊભરાતા. ત્રણેય બાળકો ભણવામાં હોશિયાર હતાં. સૌથી મોટો આનાતોલી તો ગણિતમાં એટલો બધો ઝળક્યો કે એક વાર મોસ્કોના છાપામાં તેનું નામ પણ છપાયું. ગણિત જેવા વિષયમાં આટલી ભારે પ્રતિભા તેને વારસામાં કોની પાસેથી મળી હશે એ હું કહી શકું તેમ નથી, ભાઈ! પણ મને એ જોઈને ખૂબ સુખ થતું અને મારા દીકરા માટેની ઊંડા ગર્વની લાગણીથી મારું હૈયું ફુલાઈ જતું.

"દસ વર્ષમાં થોડાક પૈસા ભેગા કરીને અમારે રહેવા લાયક બે ઓરડાવાળું એક નાનકડું ઘર લડાઈ શરૂ થતાં પહેલાં અમે ચણી લીધું. ઘરમાં એક કોઠારું ખડું કરી દીધું હતું. તે ઉપરાંત, આગળના ભાગમાં એક નાનકડી પરસાળ પણ બાંધી હતી. ઈરીનાએ બે બકરી વસાવી લીધી. એથી વધારે અમારે શું જોઈએ? બાળકોની ખીર માટે દૂધની સગવડ હતી, રહેવા મકાન હતું, પહેરવા કપડાં હતાં, પગમાં જોડા હતા, બસ, બધી વાતે અમને સુખસંતોષ હતાં. એક જ વાતમાં ક્યાશ રહી ગઈ. ઘર બાંધવા માટે મેં પસંદ કરેલું ઠેકાણું સારું નહોતું. મને આપવામાં આવેલી જમીન વિમાન બનાવવાના કારખાનાથી બહુ આઘી નહોતી. મારું નાનકડું ઘર કોઈ બીજે સ્થળે બાંધ્યું હોત તો સંભવ છે કે મારા જીવનના સંજોગો આજે કદાચ સાવ જુદા જ હોત...

"અને પછી લડાઈ ફાટી નીકળી. વળતે જ દિવસે મને બોલાવતા કાગળો આવી પહોંચ્યા અને ત્રીજે દિવસે આવ્યો હુકમ, 'સ્ટેશન પર હાજર થઈ જવા કૃપા કરો.' મારાં ચારેય સ્વજનોએ એક સાથે મને વિદાય આપી—ઈરીના, આનાતોલી અને મારી દીકરીઓ નાસ્તેન્કા અને ઓલ્યુશ્કા. બાળકોએ સારી હિંમત દાખવી. આંસુ ખાળવા મહેનત કરતી દીકરીઓની આંખોમાંથી એક બે ટીપાં તો ખરી જ પડ્યાં. જાણે ટાઢ વાતી હોય તેમ આનાતોલીના શરીરમાં એક હળવી ધ્રૂજારી આવી અને થમી ગઈ. એ વખતે આનાતોલી લગભગ સત્તર વર્ષનો થઈ ગયો હતો... પણ મારી ઈરીના. સત્તર વર્ષના અમારા સહજીવન દરમિયાન તેની આવી હાલત મેં ક્યારેય નહોતી જોઈ. એ રાતે મારું પહેરણ અને મારી છાતી તેનાં આંસુથી તરબોળ થઈ ગયાં હતાં. સવારે પણ એ જ હાલત હતી... અમે સ્ટેશને ગયાં. તેનું દુ:ખ જોઈને મારું મન અત્યંત ગમગીન થઈ ગયું. હું તેની સાથે નજર પણ નહોતો મેળવી શકતો. સતત વહેતાં આંસુએ તેના હોઠ સૂજવી દીધા હતા. તેણે ઓઢેલી શાલ તળેથી અવ્યવસ્થિત વાળનાં ગૂંચળાં બહાર ડોકાતાં હતાં. તેની આંખો નિસ્તેજ થઈ ગઈ હતી અને બાવરા માણસની જેમ તે ફાટેલે ડોળે જોયા કરતી હતી. અમલદારોએ મને ગાડીમાં બેસી જવાનો

હુકમ દીધો પણ તે એકદમ મારી છાતી ઉપર ઢળી પડી અને મારા ગળામાં હાથ નાખીને મને વળગી રહી. ઝાડને પાડી નાખવા તેની ઉપર કુહાડીના ઘા પડતા હોય ત્યારે આખું ઝાડ જેમ ધ્રૂજી ઊઠે તેમ ઈરીનાનું આખું શરીર ધ્રૂજી રહ્યું હતું. બાળકોએ તેને સમજાવવાનો પ્રયત્ન કર્યો, મેં પણ મારાથી બનતું કર્યું, પણ બધું વ્યર્થ ગયું. બીજી સ્ત્રીઓ પોતાના પતિ કે દીકરા સાથે વાતચીત કરતી દેખાતી હતી, પણ મારી પત્ની ડાળને જેમ પાંદડું વળગેલું રહે તેમ મને વળગેલી રહી રહી. તેના શરીરનો ધ્રૂજાટ ચાલુ જ રહ્યો અને તે એક શબ્દ પણ બોલી ન શકી. 'મન ઉપર કાબૂ રાખ અને શાંત થા, ઈરીના, મારી વહાલી... વિદાય પહેલાં વધારે નહિ તો તારાં બે વેણ તો મને સાંભળવા દે.' જવાબમાં શબ્દે શબ્દે હીબકું ભરતાં તે બોલી: 'આન્દ્રેઈ... મારા હૈયાના હાર... આપણો... આ દુનિયામાં... ફરી કદી... મેળાપ નહિ... નહિ થાય...'

"એનું દુ:ખ જોઈને હૈયું ફાટી જાય એવી વેદના હું અનુભવી રહ્યો હતો. તેમાં વળી એ મને આવા શબ્દો સંભળાવી રહી હતી. મને થયું: આ એટલું નહિ સમજતી હોય કે તેનાથી અળગા થવાનું મારે માટેય સહેલું તો નથી જ! વળી હું કંઈ સાસરે સાસુના હાથની મહેમાનગતિ માણવા તો નહોતો જઈ રહ્યો! આવો વિચાર આવતાં જ મારી ધીરજ ખૂટી ગઈ અને મને ઝાળ ચડી. મેં મારે ગળેથી તેના હાથ છૂટા કરીને હળવે ઝટકે તેને મારાથી દૂર કરી. હું તો આખલા જેવો જોરાવર હતો. મારો હળવો ધક્કોયે તેનાથી ન સહેવાયો, અને તે લથડિયાં ખાતી લગભગ ત્રણ ડગલાં દૂર જઈ પડી. જેમ તેમ ઊભી થઈને તે પાછી ધીરે પગલે મારી તરફ આવવા લાગી ત્યાં હું ગરજી ઊઠ્યો: 'આવી જ રીતે મને વિદાય આપવાની છો? મરતાં પહેલાં જ મને દફનાવી દેવો છે શું?!' પણ તેની કરુણાજનક હાલત જોઈને મારી સાન ઠેકાણે આવી અને મેં તેને મારા બાહુપાશમાં જકડી લીધી..."

તેની કહાણીની કડી અહીં અચાનક તૂટી ગઈ. તેના શબ્દોનો ધ્વનિ બંધ થતાં છવાયેલી નીરવતામાં ડૂસકાં જેવો અવાજ મારે કાને પડ્યો. અવાજ તેના ગળામાંથી આવ્યો હતો. તેના હૈયામાં જાગેલી ઊંડી લાગણીઓનો પડઘો મારા હૃદયમાં પડ્યો. મેં બાજુએથી તેની તરફ નજર ફેંકી, પણ તેની રાખોડી નિષ્પ્રાણ આંખોમાં આંસુનું એક ટીપું પણ નહોતું. ભારે હૈયે માથું આગળ નમાવીને તે બેઠો હતો. ઢીલા પડીને બટકતા તેના મોટા હાથ જરા જરા ધ્રૂજતા હતા, હડપચીમાં હળવો થરથરાટ વરતાતો હતો, અને તેના દૃઢ હોઠ પણ કંપતા હતા...

"વીતેલા જીવનને સંભારીને હતાશ ન થાઓ, ભાઈ, તેના વિચાર પણ અળગા કરો," મેં શાંત સ્વરે કહ્યું. મારા શબ્દો જાણે તેના કાન સુધી પહોંચ્યા જ નહિ. ભગીરથ પ્રયત્ને પોતાની લાગણીઓ ઉપર કાબૂ મેળવીને તે એકાએક ઘોઘરા અને વિચિત્ર રીતે બદલાયેલા અવાજે બોલ્યો:

"મારી જિંદગીના આખરી દિવસ સુધી, મોતનો સાદ પડશે ત્યાં સુધી, જીવનની અંતિમ પળો સુધી, તેને એવી રીતે ધક્કો મારીને આઘી હડસેલવા માટે હું મારી જાતને માફ નહિ કરી શકું!"

વળી પાછો તે ચુપ થઈ ગયો અને ઘણી વાર સુધી મૌન બેઠો રહ્યો. તેણે તમાકું કાઢીને સિગારેટ વાળવાનો પ્રયત્ન કર્યો પણ કાગળ તેની આંગળીઓ વચ્ચે ફાટી ગયો અને તમાકુ તેના ગોઠણ ઉપર વેરાઈ ગઈ. જેમ તેમ કરીને તેણે કાગળ અને તમાકુનો એક કઢંગો વીંટો બનાવ્યો અને ધુમાડાના બે ચાર લાંબા દમ ખેંચ્યા. પછી ગળું ખોંખારીને તેણે પોતાની વાત આગળ ચલાવી:

"મેં ઈરીનાને મારાથી અળગી કરી અને બે હાથમાં તેનું મોં લઈને મેં તેના હોઠ ચૂમ્યા. ઈરીનાના હોઠ બરફ જેવા ઠંડા હતા. બાળકોને અલવિદા કરીને હું ડબ્બા તરફ દોડ્યો. ગાડી ચાલવા લાગી હતી. કૂદીને હું ઉપર ચડી ગયો. ગાડીની ગતિ હજી સાવ ધીરી હતી. મારાં સ્વજનો ઊભાં હતાં ત્યાંથી મારો ડબ્બો પસાર થયો એટલે મને ફરી વાર એ બધાં જોવા મળ્યાં. બીચારાં અનાથ થઈ ગયેલાં મારાં નાનકડાં બાળકો, ભેગાં ઊભા રહીને હાથ હલાવતા હલાવતા મને વિદાય આપી રહ્યાં હતાં. વિદાયની વેળાએ મોઢું હસતું રાખવાના તેમના પ્રયત્નો નિષ્ફળ જતા હતા. ઈરીના બન્ને હાથે હૈયું દાબતી કંઈક ગણગણતી હતી, તેના હોઠ ચાક જેવા સફેદ થઈ ગયા હતા, ફાટેલે ડોળે તે એક નજરે કશુંક જોઈ રહી હતી અને જાણે કેમ જોરથી ફૂંકાતા પવનની સામે ચાલવાનો પ્રયત્ન કરતી હોય તેમ તેનું આખું શરીર આગળ નમેલું હતું... મારી જિંદગીના બચેલા દિવસોમાં મારા સ્મૃતિપટે અંકાયેલું તેનું આવું ચિત્ર જ મને હંમેશાં દેખાશે—છાતીએ વળગેલા હાથ, સફેદ હોઠ અને ફાટેલી આંખોમાંથી દડદડ વહેતાં આંસુ... સ્વપ્નમાં પણ મને તે લગભગ એવા જ રૂપમાં દેખાય છે... શા માટે મેં તેને ધક્કો મારીને દૂર હડસેલી દીધી? આજે પણ મને જ્યારે મારું એ કૃત્ય યાદ આવે છે ત્યારે કાળજામાં ખૂંચેલી બૂઠ્ઠી છરીને વળ દેવાતા હોય એવી વેદનાનો અનુભવ થાય છે...

"અમને ઉક્રાઈનામાં આવેલા બેલાયા ત્સેર્કોવના અમારા યુનિટમાં મોકલી દેવામાં આવ્યા. મારે હસ્તક ત્રણ ટનની એક લારી સોંપવામાં આવી. એ જ

લારીમાં હું મોરચે પહોંચ્યો. લડાઈ વિશે તમને કશું કહેવાનો કંઈ અર્થ નથી. તમે પોતે પણ લડાઈમાં ભાગ લીધો છે અને આરંભના દિવસોમાં શું હાલત હતી એ તમે સારી રીતે જાણો છો. ઘેરથી ઘણા કાગળો આવતા પણ મોરચા ઉપરથી વારંવાર વધારે કશું લખવાની ઈચ્છા થતી નહિ. ક્યારેક ક્યારેક જવાબ લખી દેતો કે અહીં બધું બરાબર છે અને દુશ્મનોની સાથે થોડીઘણી ઝપાઝપી થતી રહે છે. હાલ થોડીક પીછેહઠ કરવી પડી છે એ સાચું, પણ અમારાં શક્તિસામર્થ્ય એકત્રિત કરતાં અમને વાર નહિ લાગે, અને ત્યારે અમે જર્મનોને એવો જડબાંતોડ જવાબ દેશું કે તે વિચાર કરતા થઈ જશે. બીજું લખાય પણ શું? કપરા કાળના એ વસમા દિવસોમાં કાગળ લખવાનું જરાય મન થતું નહિ. વળી રોદણાં રોવાનું મારા સ્વભાવમાં જ નથી. કેટલાક લોકો કશા જ કારણ વગર રોજ પત્નીને કે પ્રેયસીને કાગળ લખ્યા કરતા, કાગળ ઉપર પોતાનું નાક રગડતા કે મોરચા ઉપર બહુ જ હેરાનગતિની જિંદગી જીવવી પડે છે, અરે, હર ઘડી મોતનો ભય તોળાતો હોય છે! કૂતરાની ઓલાદ જેવા એ માનવીઓની કલમ એનું એ જ ગીત ગાતી આગળ ઘસાતી જતી—ફરિયાદનાં રોદણાં રોતી, હમદર્દીની ભીખ માગતી, અને દયાની યાચના કરતી. એ પ્રકારના રડતલ લોકો તરફ જોતાં પણ મને ઘૃણા ઊપજતી. એવા માણસોને એટલું પણ ભાન નહોતું કે પેલાં બીચારાં દુ:ખી બૈરાંછોકરાં મોરચાની મુશ્કેલ હાલત જેટલા જ વસમા દિવસો ઘેર વિતાવી રહ્યાં છે. અરે, એ લોકોએ આખા દેશને પોતાના ખભા ઉપર ઉપાડી લીધો છે. આપણા દેશની સ્ત્રીઓ અને બાળકોના ખભામાં કેટલું જોર હશે કે આવો વિષમ ભાર સહેતાં પણ એ દબાઈને ચગદાઈ ન ગયાં! એ ખરેખર ચગદાઈ ન ગયાં એટલું જ નહિ, આખરી ઘડી સુધી ટટ્ટાર રહીને ઝૂઝતાં રહ્યાં! એવા સંજોગોમાં મોરચેથી કષ્ટાઈને ઊંહકારા ભરતા કોઈ માણસનો પત્ર ઘેર પહોંચે ત્યારે કામ કરીને ઘર ચલાવતી નારીના પગ નીચેથી ધરતી જ ખસી જાય ને! એવો કાગળ વાંચીને બીચારી એટલી મૂંઝવણમાં ડૂબી જાય કે પોતે શું કરે અને કામમાં કેવી રીતે મન પરોવે તેની જ ગમ ન પડે. ના, પુરુષ બધું સહી લે તો જ તે પુરુષ કહેવાય, સૈનિકની ફરજ છે કે જરૂર પડતાં ગમે તેવી પરિસ્થિતિનો સામનો કરીને હર પ્રકારની મુશ્કેલીઓ ઉઠાવે. પણ ભાઈ, તમારા સ્વભાવમાં પુરુષ કરતાં સ્ત્રીના સ્વભાવનો અંશ અધિક હોય તો બહેતર છે કે તમે ઘેરદાર ઘાઘરો પહેરીને તમારા માંસવિહીન કૂલા ઢાંકી રાખો. એથી કંઈ નહિ તો, પાછળથી તો તમે બાયડી જેવા દેખાશો. પછી જઈને બીટના છોડ સાફ કરો કે ગાયભેંસને દોહવાનું કામ કરો. તમારા જેવા માણસોની

મોરચા ઉપર જરાય જરૂર નથી. તમારા વગર પણ ત્યાં ખાસી દુર્ગંધ ફેલાયેલી છે!

"દુર્ભાગ્યે હું પૂરું એક વર્ષ પણ લડાઈમાં ભાગ ન લઈ શક્યો... હું બે વાર ઘવાયો. બેઉ વાર ઘા તો સામાન્ય જ હતા, એક વાર હાથમાં અને બીજી વાર પગમાં. પહેલી વાર વિમાનમાંથી ચલાવવામાં આવેલી ગોળીનો હું ભોગ બન્યો અને પછી ફૂટેલા બોમ્બના એક ટુકડાનો શિકાર થયો. જર્મનોએ મારી લારીના ઉપરના ભાગને તેમ જ બન્ને તરફના ભાગને વીંધીને તેમાં કાણાં પાડી દીધાં. પણ શરૂઆતમાં મારું નસીબ જોરમાં હતું, દોસ્ત. નસીબ સતત મારો સાથ દેતું રહ્યું પણ આખરે એ ફરી વળ્યું અને હું દુર્ભાગ્યના સકંજામાં સપડાઈ ગયો... ૧૯૪૨ના મે મહિનામાં લોઝોવેન્કી મુકામે દુશ્મનોના હાથમાં જીવતો ઝડપાઈને તેમનો કેદી બની ગયો. એ વખતે ખૂબ વિકટ સંજોગો ઊભા થયા હતા. જર્મનો પૂરા જોરથી હુમલો કરી રહ્યા હતા ત્યારે જ અમારી ૧૨૨ મિલિમીટરની તોપના ગોળાનો જથ્થો ખતમ થઈ ગયો. અમે મારી લારીમાં ઠસોઠસ ગોળા ભર્યા. પરસેવાથી તરબોળ થયેલું ખમીસ મારા શરીરને ચોંટી ગયું ત્યાં સુધી હું પોતે એ કામમાં જ રત રહ્યો. દુશ્મનો સમીપ આવતા જતા હતા એટલે અમારે બને તેટલા જલ્દી રવાના થવું અત્યંત આવશ્યક હતું. ડાબી બાજુથી દોડતી ટેંકોનો ધણધણાટ સંભળાતો હતો, જમણી અને સામી બાજુ બાજુએથી ગોળીઓની રમઝટ બોલતી હતી. સંજોગો બહુ સારા નહોતા...

"'આમાંથી આરપાર નીકળી શકશો, સોકોલોવ?' અમારી કંપનીના કમાન્ડરે મને પૂછ્યું. એ સવાલ પૂછવાની જરૂર જ નહોતી. મારા સાથીઓ મોતને ભેટતા હોય ત્યારે હું શું માથે હાથ દઈને બેસી રહેવાનો હતો? હું તરત જ બોલ્યો: 'કેવી વાત કરો છો તમે! મારે તો આરપાર નીકળવાનું છે એટલે બસ નીકળવાનું જ છે!' કમાન્ડરે ઝટ જવાબ દીધો: 'તો ઊપડો એકદમ, ઝપાટાબંધ જાઓ અને કરો ફતેહ!'

"અને હું ઝપાટાબંધ જ ગયો. લારીને એટલી તેજ ઝડપે મેં મારી જિંદગીમાં ક્યારેય નહોતી દોડાવી. મને ભાન હતું કે લારીમાં બટાટા નથી ભર્યા. લારીમાં ભરેલા સામાનને અત્યંત કાળજીપૂર્વક લઈ જવાનો છે એ વિશે હું સજાગ હતો. પણ જ્યારે અમારા જુવાનો ખાલી હાથે લડી રહ્યા હોય અને આખા રસ્તા ઉપર ચારે તરફથી તોપી આગ ઓકી રહી હોય, એવી હાલતમાં હું કેટલી સંભાળ રાખી શકું એમ હતો! જોતજોતામાં છ કિલીમીટરનો રસ્તો પસાર કરીને

હું મારે જે ઠેકાણે જવું હતું તેનાથી સાવ નજીક સુધી પહોંચી ગયો. ત્યાંથી વળાંક લઈને જ્યાં તોપ રાખી હતી એ ખાઈ સુધી મારે જવાનું હતું. પણ તે પહેલાં કેવું દૃશ્ય મારી નજરે પડ્યું? નિરાશાનો ઝટકો અનુભવતો હું જોઈ રહ્યો કે આપણા પાયદળના સૈનિકો સડકની બન્ને બાજુએ ખેતરોમાં નાસી રહ્યા છે. અને તેમની ચોતરફ તોપના ગોળા ફૂટી રહ્યા છે. હવે મારે શું કરવું? પાછું તો ફરાય જ નહિ ને? એટલે પછી મેં લારી પૂર ઝડપે મારી મૂકી. મેં વળાંક લઈ લીધો હતો. તોપ રાખવાની જગ્યા ફક્ત એક કિલોમીટર દૂર હતી. પણ દોસ્ત, હું ત્યાં સુધી પહોંચી જ ન શક્યો... દૂરગામી તોપ જ હશે... એક જબ્બર ગોળો સાવ લારીની પાસે જ ફૂટ્યો. મને ધડાકાનો કે બીજો કોઈ અવાજ સંભળાયો જ નહિ. એમ લાગ્યું કે મારા માથાની અંદર કંઈક ફાટી પડ્યું છે. બસ, એ પછી મને કશું જ યાદ નથી. હું કેમ કરી જીવતો રહ્યો અને ખાઈની બાજુમાં ક્યાં સુધી બેભાન પડ્યો રહ્યો એ વિશે મને મુદ્દલ ખબર નથી. મારી આંખ ઊઘડી ત્યારે મારામાં ઊભા થવાની પણ શક્તિ નહોતી, મારું માથું આંચકા ખાતું હતું અને તાવ ચડ્યો હોય તેમ મારું શરીર કંપતું હતું. મને લાગ્યું કે ચોમેર અંધકાર ફેલાયેલો છે. મારો ડાબો ખભો કોઈ વસ્તુથી છોલાતો અને ઘસાતો હતો. જાણે કેમ જે કંઈ હાથ પડ્યું તે લઈને કોઈએ બે દિવસ સુધી સતત મને ઢમઢાર્યો હોય તેમ મારા આખા શરીરમાં સખત પીડા થતી હતી, કેટલીય વાર સુધી હું ઊંધો પડીને કણસતો રહ્યો અને આખરે માંડ માંડ ઊભો થયો. એ વખતે પણ મને ભાન નહોતું કે હું ક્યાં છું અને શું થયું છે. મારી યાદશક્તિ સાવ બહેર મારી ગઈ હતી. પડ્યા રહેતાં મને અત્યંત ભય લાગ્યો. પડ્યો રહીશ તો પાછો કદી ઊભો થઈશ જ નહિ એવી બીકે હું ગભરાઈ ગયો અને એટલે ઝંઝાવાતમાં એકથી બીજી તરફ ડોલતા ચિનાર વૃક્ષની જેમ ડોલતો ત્યાં જ ઊભો રહ્યો.

"ભાનમાં આવીને આમતેમ નજર ફેરવતાં મારું હૈયું કોઈએ સાણસામાં જકડી લીધું હોય એવી લાગણી મેં અનુભવી. લારી ભરીને હું લાવ્યો હતો એ બધા ગોળા મારી આસપાસ ચારે તરફ વેરવિખેર પડ્યા હતા. પાસે જ ભાંગીને ભૂકો થઈ ગયેલી લારી ઊંધી પડી હતી. તેના પૈડાં ઉપર દેખાતાં હતાં. અને જંગ તો મારી પાછળની તરફ, હા, ભાઈ, મારી પાછળની તરફ ખેલાઈ રહ્યો હતો... પણ કેમ!

"કેમનો પૂરો અર્થ સમજાતાં જ મારા પગનું ચેતન હરાઈ ગયું અને કુહાડાનો ઘા વાગ્યો હોય એમ હું જમીન પર પછડાઈ પડ્યો, એ વાતમાં

છુપાવવા જેવું કે અચકાવા જેવું કશું જ નથી. કેમનો અર્થ દીવા જેવો સાફ
હતો કે હું ફાસિસ્ટોનો કેદી બની ગયો હતો. આવી હોય છે લડાઈ, ભાઈ...
"ના, દોસ્ત, આ વાત સમજવી સહેલી નથી. પોતાની ઈચ્છા વિરુદ્ધ
લડાઈમાં દુશ્મનના કેદી બની જવું પડે એ વાત સહેલાઈથી સમજાય એવી
નથી. આવી આપદા જેણે કદી સ્વાનુભવે જાણી ન હોય એવા માણસને
સમજાવતાં પણ વાર લાગે કે આનો શું અર્થ થાય છે.

"હું ત્યાં જ પડ્યો રહ્યો. થોડી વારમાં જ ટેન્કોનો ધણધણાટ મારે કાને
પડ્યો. તોપના ગોળા ભરીને હું જે દિશાએથી આવ્યો હતો એ તરફ જતી
મધ્યમ કદની ચાર જર્મન ટેંક મારી પાસે થઈને પૂર ઝડપે પસાર થઈ ગઈ...
મને એ વખતે કેવું લાગ્યું હશે તેનો તમને ખ્યાલ આવે છે? ટેંકની વાંસોવાંસ
નીકળ્યાં તોપ લાદેલાં ટ્રેક્ટર. તેની પાછળ ફરતું રસોઈઘર અને પછી પાયદળના
સૈનિકો. સૈનિકો બહુ વધારે નહોતા, બધા મળીને એક કંપની કરતાં વધારે નહિ
હોય. આંખને ખૂણેથી એક ત્રાંસી નજર તેમની તરફ નાખીને વળી પાછો
મારું મોઢું હું જમીનમાં દબાવી દેતો. એ લોકોને જોઈને મને ઘૃણા થઈ.
તિરસ્કારથી મારો આત્મા ઊકળી ઊઠ્યો...

"દુશ્મન સૈનિકો પસાર થઈ ગયા છે એમ માનીને મેં મારું માથું ઊંચું
કર્યું. લગભગ એક સો કદમના અંતરે છ સબમશીનગનધારી સૈનિકો માર્ચ કરતા
જઈ રહ્યા હતા. મારી નજર પડી કે તરત જ એ છ સૈનિકો રસ્તેથી વળીને
એક શબ્દ પણ બોલ્યા વગર સીધા મારી તરફ આવ્યા. મને લાગ્યું કે મારો
અંતકાળ આવી પહોંચ્યો. મારે પડ્યાં પડ્યાં મરવું નહોતું એટલે હું બેઠો થયો
અને પછી ધીરે ઊભો થયો. છમાંથી એકે મારાથી થોડેક દૂર અટકીને ખભેથી
એક ઝટકે સબમશીનગન ઉતારી. માનવપ્રકૃતિનાં પાસાં પણ કેવાં વિસ્મયકારક
હોય છે! મોત સામે ઊભું હતું પણ એ વખતે હું જરાય ભયગ્રસ્ત ન થયો,
મારે હૈયે હળવો થરથરાટ પણ ન ઊપજ્યો. હું તેની સામે જ જોઈ રહ્યો અને
મારા મનમાં તરંગ ઊઠ્યા! 'હમણા ગોળીઓ છૂટતાં જ આપણા રામ રમી
જશે. પણ પેલો નિશાન ક્યાં તાકશે? માથા ઉપર કે છાતી ઉપર?' જાણે કેમ
ગોળીઓથી મારું શરીર ક્યાં છેદાશે એની મને લગારેય પરવા હોય!

"સૈનિક જુવાન હતો. તેના શરીરનો બાંધો ખાસો ભરાઉદાર હતો અને
વાળ કાળા હતા. પણ તેના હોઠ પાતળા દોરા જેવા હતા અને એ આંખો
ચૂંચી કરીને જોતો હતો. મને ગોળીએ ઉડાવી દેતાં તેનું રુવાંટું પણ નહિ ફરકે
એમ મને લાગ્યું. અને એવા જ ઇરાદે તેણે સબમશીનગન મારી તરફ ઊંચી

કરી. મેં એક પણ શબ્દ બોલ્યા વગર સીધી નજરે તેની તરફ જોયું. એટલામાં
તેનાથી ઉંમરમાં મોટા, લગભગ આધેડ જેવા દેખાતા, તેના એક સાથીએ
ઘાંટો પાડીને કંઈક કહ્યું અને પછી પેલાને એક ધક્કે આઘો હડસેલીને તે મારી
સામે આવ્યો. એ માણસ કોર્પોરલ હશે કે પછી એવું જ કંઈ સ્થાન ધરાવતો
હશે એમ મને લાગ્યું. પોતાની ભાષામાં કંઈક બબડીને તેણે મારો જમણો
હાથ કોણીએથી વાળ્યો અને મારા સ્નાયુઓ ઉપર હાથ ફેરવીને મારી શક્તિ
ચકાસવાનો પ્રયત્ન કર્યો. મારા સશક્ત હાથ જોઈને તેના મોઢામાંથી 'આ...
આ... હ'નો ઉદ્‌ગાર નીકળી પડ્યો અને જાણે કહેવા માગતો હોય કે 'જા,
ખચ્ચર, જઈને અમારા રાઈખ (ફાસિસ્ટ જર્મન સત્તા) માટે કામ કરવા લાગી
જા!' તેમ તેણે દૂર ડૂબતા સૂર્યની દિશામાં જતી સડક તરફ આંગળી ચીંધી.
માળો ભારે કંજૂસ જાતનો આદમી હતો એ, કૂતરાની ઓલાદ નહિ તો!

"પણ કાળા વાળવાળા સૈનિકની નજર મારા બૂટ પર પડી. બૂટ સરસ
અને મજબૂત હતા. તેણે હાથના ઇશારે જ હુકમ દીધો: 'ઉતાર બૂટ!' હું
જમીન પર બેસી ગયો અને બૂટ ઉતારીને તેને આપ્યા. તેણે બૂટ મારા હાથમાંથી
ઝૂંટવી લેતો હોય તેમ લઈ લીધા. મેં મારા પગ પર વીંટાળેલી કપડાંની પટ્ટી
ઉતારીને નીચે જમીન પરથી તેની સામે જોતાં તેની તરફ લંબાવી. એ જોતાં
જ તે ઘાંટા પાડીને ગાળો બકવા લાગ્યો અને તેણે વળી પાછી સબમશીનગન
મારી તરફ ઊંચી કરી. બાકીના બધા આ જોઈને જોર જોરથી પેટ દુખે એટલું
હસ્યા અને પછી બધા ચાલતા થયા. માત્ર કાળા વાળવાળા એક સૈનિકે સડક
સુધી પહોંચતાં પહોંચતાં ત્રણ વાર મોઢું ફેરવીને મારી તરફ જોયું. તેની આંખમાં
વરુના બચ્ચાની જેમ ક્રોધના અંગારા ચમકતા હતા. તેને જોતાં કોઈ એમ જ
માને કે તેણે મારા નહિ પણ મેં તેના બૂટ લઈ લીધા હશે.

"પણ દોસ્ત, હું બીજું, કશું કરી શકું તેમ પણ નહોતો. હું સડક ઉપર
પહોંચ્યો. વોરોનેઝની ભૂંડામાં ભૂંડી અને મોટામાં મોટી ગાળ કાઢી, ને પછી
પશ્ચિમ દિશામાં પગ ઉપાડ્યા—એક કેદીના રૂપમાં!.. પણ હવે મારામાં
ચાલવાની શક્તિ રહી નહોતી. કલાકે એક કિલોમીટર ચાલી શકતો હતો, એથી
વધારે નહિ. દારૂડિયો ઘેનમાં લથડિયાં ખાય તેમ હું ચાલતો હતો. સીધા ચાલવાનો
પ્રયત્ન કરતા હો ત્યાં જ પાછળથી કોઈ ધક્કો મારીને વારંવાર તમને રસ્તાને
એક છેડેથી બીજે છેડે ધકેલતું હોય એવી રીતે જ ચલાતું હતું. હું થોડે દૂર
સુધી ચાલ્યો હોઈશ ત્યાં અમારી જ ડિવિઝનમાંથી પકડાઈ ગયેલા કેદીઓની
પાછળથી આવતી કતારે મને આંબી લીધો. લગભગ દસ સબમશીનગનધારી

સૈનિકો એ બધા કેદીઓ ઉપર ચાંપતી નજર રાખી રહ્યા હતા. સૌથી આગળ ચાલતા જર્મન સૈનિકે મારી પાસે આવીને એક શબ્દ પણ બોલ્યા વગર મારા માથા ઉપર જોરથી સબમશીનગન ફટકારી. હું જમીન પર પટકાઈ ગયો હોત તો પેલાએ ગોળીઓ છોડીને મને જમીન સાથે જ જડી દીધો હોત. પણ આપણા સાથીઓએ મને પડતાં પહેલાં જ ઝાલી લીધો અને એકદમ કતારની વચ્ચેના ભાગ સુધી પહોંચાડી દીધો. થોડેક દૂર સુધી એ મને ટેકો આપીને ચલાવતા રહ્યા. કેટલીક વારે મને શુદ્ધિ આવી ત્યારે એકે આવીને મારા કાનમાં ધીરેથી કહ્યું: 'ઈશ્વરને ખાતર પડી જતો નહિ, ભાઈ. શક્તિનો એક અંશ પણ બચે ત્યાં સુધી ચાલતો જ રહેજે, નહિતર એ લોકો તને મારી નાખશે!' મારા શરીરમાં હવે બહુ જ ઓછું જોર રહ્યું હતું, તોપણ જેમ તેમ કરીને હું ચાલતો રહ્યો.

"સૂરજ આથમ્યા પછી તરત જ જર્મનોએ પહેરેગીરોની સંખ્યામાં વધારો કર્યો. એક લારીમાં બીજા વીશ સબમશીનગનધારી સૈનિકો આવી પહોંચ્યા અને બધાએ મળીને અમને વધારે તેજ ઝડપે આગળ ચલાવ્યા. અમારામાંથી બહુ જ વધારે ઘાયલ થયેલા સાથીઓ બધાની સાથે ઝડપથી ચાલી ન શક્યા. પાછળ રહી ગયા તેને રસ્તા ઉપર જ ગોળીથી ઠાર કરવામાં આવ્યા. બે જણાએ નાસી છૂટવાનો પ્રયત્ન કર્યો. પણ એ ભૂલી ગયા કે ચાંદની રાતે ખુલી જગ્યામાં એક માઈલ દૂર સુધી પણ તમે દેખાઈ જ જવાના. અલબત્ત, એ બેઉને પણ ગોળીએ ઉડાવી દેવામાં આવ્યા. મધરાતે અમે એક ગામડામાં પહોંચ્યા. ગામડું અરધું બાળી નાખવામાં આવ્યું હતું. અમને એ લોકો એક દેવળમાં હાંકી ગયા. દેવળનો ઘુમટ ઉડાવી દેવામાં આવ્યો હતો. આખી રાત અમે દેવળમાં પથ્થરની ફરસબંધી ઉપર ગાળી. ત્યાં ઘાસનું એક તણખલું પણ નહોતું. અમારામાંથી કોઈનીય પાસે ઓવરકોટ નહોતો. બધાંએ માત્ર ટ્યૂનિક (લાંબા ઝભ્ભા જેવું વસ્ત્ર) અને પાટલૂન પહેરેલાં હતાં એટલે લાંબા થવા માટે પાથરવાનું અમારી પાસે કશું જ નહોતું. કેટલાકે તો ટ્યૂનિક પણ નહોતાં પહેર્યાં. તેમનાં શરીર ઉપર ફક્ત સુતરાઉ ગંજીફરાક હતાં. એ લોકો મોટે ભાગે નોન-કમિશન્ડ ઓફિસર હતા. સામાન્ય સૈનિકોથી એ લોકોને કોઈ જુદા તારવી ન શકે એવા ઈરાદે તેમણે પોતાનાં ટ્યૂનિક ઉતારી નાખ્યાં હતાં. તોપચીઓનાં શરીર ઉપર પણ ટ્યૂનિક નહોતાં. એ લોકો તો પોતપોતાની તોપો ઉપર કામ કરતા હતા ત્યારે અર્ધનગ્ન હાલતમાં જ ઝડપાઈ ગયા હતા.

"રાતમાં મુસળધાર વરસાદ વરસ્યો અને અમે બધા ભીંજાઈને તરબોળ થઈ ગયા. તોપના ભારે ગોળાથી કે બોમ્બ પડવાથી દેવળની અરધી છત ભાંગીને

ભૂકો થઈ ગઈ હતી. બાકીના ભાગની છતમાં ગોળાની ધાતુના ટુકડાઓથી ઊંડી તરાડો પડી ગઈ હતી. દેવળની વેદી ઉપર પણ એક તસુ જેટલીયે સૂકી જગ્યા નહોતી. અંધારા વાડામાં ઘેટાં પડયાં રહે તેમ એ દેવળમાં અમે આખી રાત કાઢી. રાતમાં કોઈએ મારા હાથને અડીને પૂછ્યું: 'તમે ઘાયલ થયા છો, સાથી?' મેં ઉત્તરમાં સામો સવાલ પૂછ્યો: 'કેમ ભાઈ, તમે શા માટે પૂછો છો?' જવાબ મળ્યો: 'હું દાકતર છું એટલે કદાચ તમને કોઈ રીતે મદદ કરી શકું.' મેં તેને કહ્યું કે મારા ડાબા ખભામાં કંઈક ઘસાતું તેવો અવાજ થાય છે, સોજો ચડી ગયો છે અને મને અસહ્ય પીડા થાય છે. તેણે તરત જ મક્કમ અવાજે કહ્યું: 'તારું ટ્યૂનિક અને ગંજીફરાક કાઢી નાખ.' મેં મારાં બન્ને કપડાં કાઢી નાખ્યાં. તેણે પોતાની પાતળી આંગળીઓ વડે અહીંતહીં દબાવીને મારા ખભાનું નિદાન કરવું શરૂ કર્યું. મારી પીડા અત્યંત વધી ગઈ. મેં દાંત પીસીને તેને કહ્યું: 'તું માણસનો નહિ, ઢોરનો દાકતર હો એમ લાગે છે. નિર્દય શયતાન ક્યાંનો, જ્યાં મને ખૂબ દુખે છે ત્યાં જ શું કરવા દબાવ્યે રાખે છે?' પણ એ તો પોતાનું નિદાનકાર્ય ચાલુ જ રાખીને બોલ્યો; 'તારું કામ ડાચું બંધ કરીને બેસી રહેવાનું છે, સમજ્યો! વધારે પડતો બકબકાટ કરે છે તું! જરા થોભી જા, એક મિનિટમાં પીડા હજી વધશે.' એટલું કહેતાં જ તેણે મારા હાથને એવો સખત આંચકો માર્યો કે મારી આંખમાંથી આગના તણખા ફૂટી પડયા.

"પાછો હોશમાં આવતાં જ મેં તેને સંભળાવી: 'તેં શું કરવા ધાર્યું છે, ફાસિસ્ટ હરામજાદા! એક તો મારા હાથના ભાંગીને કટકા થઈ ગયા છે અને પાછો ઉપરથી તેં આવો સખત આંચકો માર્યો.' તેણે હળવેથી હસીને કહ્યું: 'હું આંચકો મારવા જતો હતો ત્યારે મને બીક હતી કે તું તારા જમણા હાથે એક ધોલ મને લગાવીશ. પણ લાગે છે કે તું સ્વભાવે શાંત માણસ છે. તારો હાથ ભાંગી નહોતો ગયો, ફક્ત હાડકું ઊતરી ગયું હતું. તે મેં પાછું બેસાડી દીધું છે. કેમ લાગે છે હવે? રાહત છે કે નહિ?' અને સાચે જ મને પીડા ઓસરતી હોય એમ લાગ્યું. મારા હૈયાના ઊંડાણમાંથી મેં તેનો આભાર માન્યો. તેણે અંધારામાં ધીરે અવાજે સવાલ પૂછવાનું જારી રાખ્યું: 'બીજું કોઈ છે ઘવાયેલું આપણી ભેગું?' એ હતો સાચો દાકતર. આવી રીતે ઘોર અંધકારમાં પુરાઈને પડયો હોવા છતાં તે પોતાનું મહાન સેવાકાર્ય કર્યે જતો હતો.

"આખી રાત અમે બેચેનીમાં ગાળી. અમને પેશાબપાણી કરવા જવાની પણ છૂટ નહોતી. દેવળમાં પૂરવા બબ્બેની જોડીમાં અમને હાંકી જતા હતા

ત્યારે જ પહેરેગીરોના ઉપરીએ એ વાત સાફ કરી દીધી હતી. અને નસીબની અવળચંડાઈ તો જુઓ! અમારી સાથેના ખ્રિસ્તી ધર્મમાં માનનારા એક માણસને જ સખત હાજત લાગી. બીચારાએ ક્યાંય સુધી હાજતને દબાવી રાખી પણ આખરે એ ચોધાર આંસુએ રડી પડ્યો અને બોલ્યો: 'આ પવિત્ર સ્થળને હું કેમ કરીને અભડાવું? હું ખ્રિસ્તી છું, અને. મને ધર્મમાં શ્રદ્ધા છે. ભાઈઓ, મને સમજાવો, મારે શું કરવું?' તમે તો આપણા લોકોને જાણો જ છો. કેટલાક હસી પડ્યા, થોડાક ગાળો ભાંડવા લાગ્યા, અને વળી બીજા ભાતભાતની સલાહ આપીને તેને ચીડવવામાં પરોવાયા. અમને બધાને મઝા પડી એ ખરું, પણ અંતે તેનું પરિણામ વિપરીત જ આવ્યું. તેણે જોરથી બારણાં ઠોકવાનું શરૂ કર્યું અને બહાર નીકળવા દેવાની માગણી કરી. તેને તરત જ જવાબ મળ્યો. એક ફાસિસ્ટે પોતાની સબમશીનગન વડે દરવાજાની આરપાર ગોળીઓની રમઝટ બોલાવી દીધી. ખ્રિસ્તી ધર્મનો અનુયાયી સ્વધામ પહોંચી ગયો અને પોતાની ભેગા બીજા ત્રણ જણને લેતો ગયો. બીજો એક જણ એટલો સખત રીતે ઘાયલ થયો કે સવાર પડતાં પડતાં તેનું પ્રાણ પંખેરું ઊડી ગયું.

"અમે મુડદાંને ઢસડીને એક ખૂણામાં ભેગાં કર્યાં. પછી શાંત બેસીને મનોમન વિચાર કરવા લાગ્યા કે શરૂઆત તો બહુ સારી ન થઈ... થોડી વારમાં અમે એકબીજાના કાનમાં ધીરે અવાજે વાતચીત કરવાનું અને પૂછવાનું શરૂ કર્યું કે કોણ ક્યાંનું રહેવાસી છે અને કેવા સંજોગોમાં ઝડપાઈને કેદી બની ગયું છે. એક જ પ્લેટૂન કે કંપનીના માણસો અંધારામાં હળવે સાદે એકબીજાને બોલાવવા લાગ્યા. મારી બાજુમાં જ મેં બે અવાજને એકબીજા સાથે વાતચીત કરતા સાંભળ્યા. એક બોલ્યો: 'કાલે આપણને આગળ લઈ જતાં પહેલાં એક હરોળમાં ઊભા રાખીને પૂછવામાં આવે કે કોણ કોણ કોમિસાર, કોમ્યુનિસ્ટ અને યહૂદી છે, તો એ વખતે તારે વિશે એ લોકોને અંધારામાં રાખવાનો વ્યર્થ પ્રયત્ન કરીશ નહિ, પ્લેટૂન કમાન્ડર! તું છટકી શકે તેમ નથી. તું શું એમ માને છે કે ટ્યૂનિક કાઢી નાખ્યું છે એટલે તું સાદા સૈનિક તરીકે ગણાઈ જઈશ? ના, એવી પોલ નહિ ચાલે. તારે કારણે હું સહન કરવા મુદ્દલ તૈયાર નથી. સૌથી પહેલો હું જ તને ઉઘાડો પાડીશ. મને ખબર છે કે તું કોમ્યુનિસ્ટ છે. મને બરાબર યાદ છે કે તેં કેવી રીતે મને પાર્ટીનો સભ્ય બનાવી દેવાના પ્રયત્નો કરેલા. હવે એનો બદલો તને મળશે? આ શબ્દો મારી ડાબી બાજુએ મારી પાસે જ બેઠેલા માણસના હતા. તેની પેલી બાજુ આગળ બેઠેલા, અવાજ ઉપરથી યુવાન લાગતા માણસે જવાબ આપ્યો: 'તું તદ્દન હલકી કોટિનો માણસ

છે એવી શંકા મારા મનમાં હંમેશાં ઘોળાતી રહી છે, ક્રીઝનેવ. ખાસ કરીને તેં જ્યારે નિરક્ષર છું એવું બહાનું કાઢીને પાર્ટીમાં જોડાવા ઇનકાર કરેલો ત્યારે મારી શંકા દૃઢ થયેલી. પણ મેં નહોતું ધાર્યું કે આખરે તું દેશદ્રોહી બની જશે. તું ચૌદ વર્ષનો થયો ત્યાં સુધી નિશાળમાં ભણેલો, નહિ કે?' પહેલા માણસે બેફિકરાઈભર્યા અવાજમાં જવાબ દીધો: 'હા, ભણેલો. તેથી શું?' ઘણી વાર સુધી બન્ને મૌન બેઠા રહ્યા. પછી મેં પ્લેટૂન કમાન્ડરને—અવાજ ઉપરથી હું ઓળખી ગયો—નરમાશથી કહેતાં સાંભળ્યો: 'કોમરેડ ક્રીઝનેવ, ભાઈ, મને છતો કરીશ નહિ.' ક્રીઝનેવે ઉપહાસથી હળવું હસીને જવાબ વાળ્યો: 'તારા કોમરેડ બધા મોરચાની પેલી બાજુ રહી ગયા. હું તારો કોમરેડ—બોમરેડ નથી, એટલે મને આજીજી કરવાથી કંઈ વળશે નહિ. તું ભલેને ગમે તે કહે, હું તો તને છતો કરવાનો જ છું. હું મારા જીવની ફિકર સૌથી પહેલી કરવામાં માનું છું.'

"એ લોકોની વાતચીત બંધ થઈ. આવા વિશ્વાસઘાતી નીચ કૃત્ય વિશે વિચાર કરતાં પણ મને આખે શરીરે કંપારી આવી ગઈ. મેં મનમાં જ નક્કી કરી લીધું: 'ના, કૂતરાના પેટના, હું તને તારા કમાન્ડરનો વિશ્વાસઘાત નહિ જ કરવા દઉં. આ દેવળમાંથી તું તારા પગે ચાલીને જીવતો બહાર જ નહિ નીકળે, પહેલાં પગ અને પછી માથું, એમ તારું મડદું જ એ લોકો અહીંથી બહાર ઢસડી જશે!' એટલામાં પરોઢનું આછું અજવાળું થતાં મેં જોયું કે મારી બાજુમાં પહોળા જાડા મોઢાવાળો એક માણસ લાંબો થઈને ચત્તો સૂતો હતો. તેના બેઉ હાથ માથાની પાછળ હતા. તેની બાજુમાં જ ઉપર વળેલા ટૂંકા નાકવાળો એક દૂબળોપાતળો જુવાન છોકરો ફક્ત ગંજીફરાક પહેરીને અને પોતાના હાથ ગોઠણ ફરતા વીંટાળીને બેઠો હતો. તેનું મોં સાવ ઊતરી ગયું હતું. મને થયું: 'આવા મોટા જાડા ઢાંઢાં જેવા માણસને આ નાનકડો છોકરો કેવી રીતે પોગશે? મારે પોતે જ તેને પૂરો કરવો પડશે.'

"મેં જુવાનના હાથને અડીને એને કાનમાં પૂછ્યું: 'તું પ્લેટૂન કમાન્ડર છે?' તેણે કંઈ બોલ્યા વગર ફક્ત માથું હલાવીને હા પાડી. મેં ચત્તા સૂતેલા માણસ તરફ આંગળી ચીંધીને પૂછ્યું: 'પેલો જ છે ને, તને છતો કરવા માગે છે તે?' તેણે ફરી વાર ડોકું હલાવીને હા પાડી. 'સારું, તું એના પગ પકડ એટલે એ લાત ન મારી શકે! અને ઝટ કર, ભાઈ!' એટલું કહેતાં જ હું છલાંગ મારીને પેલાની છાતી ઉપર ચડી બેઠો, અને મારી આંગળીઓ વડે તેનું ગળું પકડીને દબાવ્યું. તેને ચીસ પાડવાનો પણ વખત ન મળ્યો. મેં થોડી

વાર એમને એમ દબાવી રાખ્યું અને પછી પકડ ઢીલી કરી. તેની જીભ તણાઈને મોઢામાંથી બહાર લટકતી હતી. એક દેશદ્રોહી ઓછો!

"એ કામ પતાવ્યા પછી મને અત્યંત સૂગ ચડી. મારા હાથ કોઈ ભયંકર ગંદી વસ્તુથી ખરડાયા હોય તેમ જલ્દી જઈને ઘસીને હાથ ધોવાનું મને મન થયું, જાણે કેમ મેં કોઈ માણસને નહિ પણ લપાતા સાપને મારા હાથ વડે મારી નાખ્યો હોય... મારી જિંદગીમાં આ પહેલી જ વાર મ કોઈનો જીવ લીધો હતો, અને તે પણ આપણા પોતાના જ એક માણસનો... આપણો પોતાનો? પણ એ તો જરાય આપણા લોકો જેવો નહોતો. એ તો દુશ્મનથી પણ બદતર હતો, એ તો દેશદ્રોહી હતો. મેં ઊભા થઈને પ્લેટૂન કમાન્ડરને કહ્યું: 'ચાલ, આપણે બીજે ઠેકાણે જઈને બેસીએ, દેવળમાં જગ્યા ઘણી છે.'

"બરાબર ક્રીઝનેવે કહ્યું હતું તેમ સવારમાં અમને બધાને દેવળની બહાર હારબંધ ખડા રાખવામાં આવ્યા. સબમશીનગનધારી સૈનિકોએ અમને ચારે તરફથી ઘેરી લીધા. ત્રણ જર્મન એસ. એસ. અમલદારોએ તેમની દૃષ્ટિએ ખતરનાક ગણાય એવા માણસોને અમારામાંથી નોખા તારવવાનું કામ શરૂ કર્યું. કોણ કોમ્યુનિસ્ટ છે, કોણ અધિકારીઓ છે, કોણ કોમિસાર છે, એવા સવાલો એ લોકોએ પૂછ્યા, પણ એવું કોઈ તેમને મળ્યું નહિ. વળી એવા માણસોને છતા કરે એવો કોઈ હલકટ માણસ પણ તેમને અમારામાંથી ન મળ્યો. અમારામાંથી લગભગ અરધા લોકો કોમ્યુનિસ્ટ હતા અને ઘણા અધિકારીઓ તથા કોમિસારો પણ હતા. લગભગ બસો માણસોમાંથી એ લોકોએ ચાર માણસને જુદા તારવ્યા. તેમાં એક યહૂદી અને ત્રણ સામાન્ય કક્ષાના રશિયન સૈનિકો હતા. જરાક ભીનો વાન અને વાંકડિયા વાળને કારણે બીચારા રશિયન સૈનિકો મુસીબતમાં સપડાઈ ગયા. જર્મન અમલદારોએ આગળ આવીને ફક્ત એટલું જ કહ્યું: 'યહૂદી?' જેને પૂછવામાં આવ્યું તે બીચારો જવાબ આપે કે હું રશિયન છું, પણ સાંભળે કોણ! હુકમ થયો: 'હરોળની બહાર આવીને ઊભો રહે!' અને બસ, એ જ આખરી ફેંસલો.

"બીચારા ચારેય કમનસીબ માણસોને ગોળીએ વીંધીને ઠાર કર્યા પછી એ લોકોએ અમને આગળ ચલાવ્યા. દેશદ્રોહી ક્રીઝનેવને ગળું દબાવીને મારી નાખવામાં જે પ્લેટૂન કમાન્ડરે મને મદદ કરી હતી તે ઠેઠ પોઝનાન સુધી મારી પાસે પાસે જ ચાલતો રહ્યો. દેવળના બનાવ પછી અમારી યાત્રાને પહેલે દિવસે એ વારંવાર મારી સાવ નિકટ આવીને મારો હાથ દબાવતો રહ્યો, અને એ

રીતે અમે આગળ વધતા ગયા. પોઝનાનમાં અમે એકબીજાથી જુદા પડ્યા. ત્યાં શું ઘટના બની તે હવે સાંભળો.

"જે ઘડીએ હું પકડાઈ ગયો ત્યારથી જ હું ભાગી છૂટવાની યુક્તિઓ મારા મનમાં ઘડતો હતો, સમજ્યો, દોસ્ત! પણ મારે એ વિશે પાકી ખાતરી કરીને પછી જ એ પગલું ઉઠાવવું હતું. ઠેઠ પોઝનાન સુધી ક્યાંય મને યોગ્ય તક ન મળી. પોઝનાનમાં અમને ખાસ બનાવવામાં આવેલા કેમ્પમાં રાખવામાં આવ્યા. પોઝનાન કેમ્પમાં મને લાગ્યું કે મારી યોજના સફળ બનાવવા માટે મારે જેવા સંજોગો જોઈએ તે અહીં મોજૂદ છે. મે મહિનાના અંતમાં અમારા ઘણા સાથીઓ મરડાના રોગનો ભોગ થઈને મૃત્યુ પામ્યા. મરી ગયેલા કેદીઓને દફનાવવા માટે એ લોકોએ અમને કેમ્પની પાસે આવેલા એક નાનકડા જંગલમાં કબરો ખોદવા મોકલ્યા. પોઝનાનની જમીનમાં ખોદતાં ખોદતાં મેં આમતેમ નજર ફેરવીને જોયું તો અમારી ઉપર ધ્યાન રાખતા ચોકીદારોમાંથી બે જણ બેઠા બેઠા કંઈક ખાવામાં મશગૂલ હતા અને ત્રીજો તડકામાં બેઠો બેઠો ઝોલાં ખાતો હતો. મેં પાવડો બાજુએ મૂક્યો અને હળવેથી સરકતો જઈને હું પાસેની એક ઝાડીની પાછળ છુપાઈ ગયો. પછી તો મેં જીવ હાથમાં લઈને દોટ મૂકી અને સીધો ઉગમણી દિશામાં દોડતો જ રહ્યો...

"મારી ગેરહાજરી ચોકીદારોના ધ્યાનમાં એકદમ નહિ આવી હોય. મારા દૂબળાપાતળા શરીરમાં એક દિવસમાં ચાળીસ કિલોમીટરનું અંતર કાપવાની શક્તિ ક્યાંથી આવી તેની મનેય ખબર નથી. પણ બધી મહેનત વ્યર્થ ગઈ. પેલા નાપાક કેમ્પથી ખૂબ દૂર સુધી પહોંચી ગયા પછી ચોથે દિવસે એ લોકોએ મને પકડી પાડ્યો. મારા સગડ ઉપર લોહી તરસ્યા શિકારી કૂતરા છૂટા મૂકવામાં આવ્યા હતા. જવના ઊભા પાકવાળા એક ખેતરમાં તે મને આંબી ગયા.

"પરોઢિયે હું એક ખુલ્લા ખેતર પાસે પહોંચ્યો. દિવસના અજવાળામાં ખેતર સોંસરવા થઈને જવામાં મને બીક લાગી. જંગલ ઓછામાં ઓછું ત્રણ કિલોમીટર દૂર હતું. એટલે દિવસ ગાળવા જવના ઊભા પાકમાં છુપાઈને હું પડ્યો રહ્યો. થોડાંક ડૂંડાં હાથમાં મસળીને મેં જવના દાણા કાઢ્યા અને ખીસામાં ભરતો હતો ત્યાં મેં કૂતરાના ભસવાનો અવાજ અને મોટરસાયકલનો ઘરઘરાટ સાંભળ્યો... મારી હૈયાનો થડકાર પળભર થંભી ગયો, કેમ કે કૂતરા મારી નજીક આવી રહ્યા હતા. હું લાંબો થઈને પડ્યો રહ્યો અને કૂતરા મારા મોંને ફાડી ન ખાય એટલા માટે મેં મારા બેઉ હાથ મેં ઉપર ઢાંકી દીધા. ખેર, કૂતરા મારી પાસે પહોંચી ગયા અને જોતજોતામાં મારાં ચીંથરેહાલ કપડાં ફાડીને ફેંકી

દીધાં. હું નવા જન્મેલા શિશુ જેવો નવસ્રો થઈ ગયો. કૂતરાઓએ મને જવના સાંઠા ઉપર આમથી તેમ ઢસડયો અને જેમ ફાવ્યું તેમ મને હેરાન કર્યો. છેલ્લે એક મોટા કૂતરાઓ મારી છાતી ઉપર આગલા બે પંજા ટેકવીને પોતાનું ડાચું વારંવાર મારા ગળા તરફ લઈ જવાનું શરૂ કર્યું, પણ સદ્ભાગ્યે તરત જ બચકું ન ભર્યું.

"થોડી વારમાં બે જર્મન સૈનિકો મોટરસાયકલ ઉપર આવી પહોંચ્યા. પહેલાં તો એ લોકોએ મને સારી પેઠે માર માર્યો અને પછી મારી ઉપર છોડી મૂકેલા કૂતરાઓએ મારા શરીરમાંથી માંસના લોચા ફાડી ખાધા. નગ્ન અને લોહીલોહાણ હાલતમાં મને એ લોકો પાછા કેમ્પમાં લઈ ગયા. નાસી જવાના ગુનાની સજા રૂપે મને એક મહિનાની એકાંતકેદ મળી પણ મારું જીવન ટકી રહ્યું.... હું ગમે તેમ કરીને જીવતો રહ્યો જ!

"ભાઈ, એ કેદી જીવન દરમિયાન મારે માથે જે વીતક વીત્યાં છે તેનું વર્ણન કહી સંભળાવવાની વાત તો બાજુએ રહી, તેની યાદ તાજી કરતાં પણ અત્યંત ત્રાસ ઊપજે છે. જર્મનીમાં અમારે સહન કરવા પડેલા અમાનુષી અત્યાચારોનું સ્મરણ થતાં, એ કેદીછાવણીઓમાં ક્રૂર રીતે મારી નાખવામાં આવેલા અમારા બધા સાથીઓને યાદ કરતાં , જીવ ગળે ભરાઈ જાય છે અને શ્વાસ રૂંધાઈ જાય છે...

"અરે, કેદના એ બે વરસ દરમિયાન અમને ઢોરની જેમ ક્યાં ક્યાં હાંક્યા છે! એક પછી એક કેદીછાવણીમાં તગડાતાં તગડાતાં મારા પગ નીચેથી જર્મનીનો અરધો પ્રદેશ પસાર થઈ ગયો હશે એમ લાગે છે. સૈકસોનીમાં સિલિકેટ પથ્થરના કારખાનામાં મેં કામ કર્યું છે, અને રૂહરની કોલસાની ખાણમાં કોયલા ખોદયા છે. બાવેરિયામાં પાવડો લઈને કામ કરતાં પરસેવે રેબઝેબ થયો છું. થુરિન્ગેનમાં મેં વેઠ કરી છે. જર્મનીનો એવો કયો પ્રદેશ હશે જેની ધરતી મારા પગ તળે ન ચંપાઈ હોય! એ દેશમાં વિધવિધ કુદરતી સૌંદર્યની રેલમછેલ જોવા મળી પણ એ લોકો કેદીઓને જે રીતે ગોળીએ ઉડાવી દેતા હતા અને આપણા જુવાનોને જે જાતનો ભયંકર માર મારતા હતા તેમાં કશે મુદ્દલ વૈવિધ્ય નહોતું. એ દૃશ્ય તો બધે એક સરખું જ રહેતું. દોઝખના સર્પ જેવા અને પારકાના લોહી ઉપર જીવતા એ નરાધમોએ અમને, કોઈ માનવી કદી ઢોરનેય ન મારે એવો ભયંકર માર માર્યો છે. તેમને હાથે અમે મુક્કાના મારનો અને લાતોના વરસાદનો ભોગ બન્યા છીએ. એ લોકોએ અમને રબરના દંડુકા વડે ઢીબ્યા છે અને હાથ પડયા તેવા લોખંડના ટુકડા લઈને અમને ફટકાર્યા છે. એ ઉપરાંત, બંદૂકના કુંદાના અને લાકડીઓના ઘોદા પડયા છે તેનો તો ઉલ્લેખ જ શો કરવો!

"અમે રશિયન હતા, આ દુનિયામાં હજી જીવંત હતા, અને એમની સારુ વેઠ કરતા હતા, એ કારણસર જ અમને એ લોકો નિર્દય રીતે મારમારતા. અમે તેમના તરફ અવળી નજરે જોયું છે, ખોટો કદમ ઉઠાવ્યો છે કે પછી તેમની ઇચ્છા પ્રમાણે પાછા વળ્યા નથી, એવાં બહાનાં કાઢીને એ લોકો અમને માર મારતા... અમને સતત માર મારવામાં તેમનો ફક્ત એક જ ઉદ્દેશ હતો કે આસ્તે અમારી જીવનદોરી તોડી નાખવી, અમારી જ લોહીથી અમારા શ્વાસ રૂંધાઈ જાય, અને માર ખાઈ ખાઈને જ અમારા પ્રાણ નીકળી જાય. મને લાગે છે કે આખા જર્મન દેશમાં અમને બધાને અંદર ધકેલીને બાળી નાખવા સારુ પૂરતી સંખ્યામાં ભઠ્ઠીઓ નહિ હોય, એટલે જ તેમણે આ ઉપાય અજમાવ્યો હશે.

અમે જ્યાં જતા ત્યાં બધે અમને ખોરાક એક સરખો જ આપવામાં આવતો! દોઢસો ગ્રામ 'ઇરસાત્ઝ' નામની લાકડાનો વહેર ભેળવેલી ડબલરોટી અને સલગમનો પાતળો પાણી જેવો સેરવો. ક્યાંક અમને પીવા ગરમ પાણી આપવામાં આવતું, પણ કેટલીક જગ્યાઓએ એ પણ ન અપાતું. ખેર, આ બધી વાતોનો શો અર્થ છે? તમે આની ઉપરથી જ અંદાજ કરો ને કે લડાઈ શરૂ થતાં પહેલાં મારું વજન ૮૬ કિલોગ્રામ હતું, પણ શરદ ઋતુ આવી ત્યારે મારું વજન ૫૦ કિલોગ્રામથી વધારે નહોતું રહી ગયું. મારા શરીરમાં ચામડી અને હાડકાં સિવાય બીજું કશું નહોતું બચ્યું અને મારામાં એ હાડકાંનો ભાર સહન કરવાની શક્તિ પણ નહોતી રહી. આવી હાલતમાં પણ કામ તો કરવું જ પડતું, અને તે પણ ચૂં કે ચાં કર્યા વગર. અમે જેટલી મહેનત કરતા એ ક્યારેક ગાડાના બેલને પણ ભારે પડી જાય એટલી હતી.

"સપ્ટેંબરની શરૂઆતમાં એ લોકોએ અમારામાંના ૧૪૨ સોવિયેત યુદ્ધ કેદીઓને કુસ્તરીનની નજીક આવેલી છાવણીમાંથી ખસેડીને ડ્રેસ્ડનની પાસે આવેલી બી-૧૪ નંબરની છાવણીમાં મોકલ્યા. એ વખતે છાવણીમાં લગભગ બે હજાર કેદીઓ હતા. અમે બધા પથ્થરની ખાણમાં કામ કરતા અને એ લોકોના જર્મન પથ્થરને હાથ વડે ખોદતા અને તોડતા. દરેક માણસને માથે એક દિવસમાં ચાર ઘનમીટર પથ્થર ખોદવાનું કામ લાદવામાં આવ્યું હતું. વિચાર તો કરો, જે માણસ મહામુશ્કેલીએ કાયામાં જીવ ટકાવી રાખતો હોય, તેને માથે આટલા કામનો ભાર! પરિણામે મોતની તાંડવલીલા શરૂ થઈ ગઈ. બે મહિના વીત્યા ત્યાં સુધીમાં એક સો ને બેતાળીસ માણસોમાંથી અમે ફક્ત સત્તાવન માણસો જીવતા રહ્યા, સમજ્યા, ભાઈ? ભારે વસમા દિવસો, નહિ? કાળનો ભોગ બની ગયેલા અમારા સાથીઓને દફનાવવાનો પણ અમને વખત નહોતો

અ વા સંભળાઈ કે જર્મનોએ સ્તાલિનગ્રાદ* ઉપર મળતો, ત્યાં છાવણીમાં અ વા સંભળાઈ કે જર્મનોએ સ્તાલિનગ્રાદ* ઉપર
કબજો કરી લીધો છે અને તે લોકો સાઈબિરિયા તરફ આગળ વધી રહ્યા છે. એક પછી એક પડતા આઘાતના ભાર તળે અમે એવા ચંપાઈ ગયા કે ધરતી ઉપરથી અમારી આંખો ઊંચી નહોતા કરી શકતા, જાણે કેમ એ જર્મન જમીનને કહેતા હોઈએ કે અમને પોતાનામાં સમાવી દે. એવા દિવસોમાં છાવણીના પહેરેગીરો દરરોજ દારૂ ઢીંચતા, ગળાં ફાડીને ગીતના રાગડા કાઢતા, અને મન ફાવે તેમ કાખલીઓ કૂટતા.

"એક દિવસ સાંજે કામ પૂરું કરીને અમે અમારી બૅરેકમાં પાછા આવ્યા. આખો દિવસ વરસાદ વરસતો રહ્યો હતો અને અમારાં ચીંથરેહાલ કપડાં ભીંજાઈને તરબોળ થઈ ગયાં હતાં. ટાઢા પવનમાં અમે થરથર ધ્રૂજતા હતા અને અમારા દાંતને કેમે કરી કકડતા અટકાવી શકતા નહોતા. કપડાં સૂકવવાની કે શરીર તાપવાની કોઈ જાતની સગવડ નહોતી. વળી ભૂખ એવી સખત લાગેલી કે જીવ નીકળો જતો હોય તેનાથીયે બૂરી દશા હતી. પણ સાંજે તો અમને કદી ખાવાનું અપાતું જ નહિ.

"ખેર, મેં મારાં ભીનાં ચીંથરાં ઉતારીને સૂવાના બાંકડા ઉપર ફેંક્યા અને પછી હું બોલ્યો: 'આ લોકો આપણી પાસે દરરોજ ચાર ઘનમીટર પથ્થર ખોદાવવા માગે છે, પણ આપણામાંથી કોઈ એકને દફનાવી દેવા માટે એક ઘનમીટર પણ બહુ થઈ પડે.' હું ફક્ત આટલું બોલ્યો, પણ તમે માનશો નહિ કે અમારા લોકોમાંથી જ એક હલકટ કૂતરાએ કૅમ્પ—કમાન્ડેન્ટ પાસે જઈને ચાડી ખાધી અને મારા કટુતાભર્યા ઉદ્‌ગાર તેને કહી સંભળાવ્યા.

"કૅમ્પ-કમાન્ડેન્ટ, કે પછી એ લોકોની ભાષામાં કહીએ તો લાગેરફ્યૂહ્‌રર, મ્યૂલ્લેર નામનો એક જર્મન હતો. બહુ ઊંચા નહિ એવા બેઠી દડીના એ જાડા માણસના વાળ શણના ગાંઠાવાળા દોરા જેવા, અને જાણે કેમ પૂરેપૂરા નિખારેલા હોય એવા હતા. તેના માથાના વાળ, આંખની પાંપણ અને કીકીઓ સુદ્ધાંનો રંગ જાણે કેમ ઝાંખો પડી ગયો હોય તેવો લાગતો હતો, અને તેની આંખો બહાર ઊપસી આવતી હોય તેવી હતી. રશિયન ભાષા એ તમારી અને મારી જેમ જ બોલતો, જાણે કેમ વોલ્ગા પ્રદેશમાં જ જન્મીને મોટો થયો હોય તેમ તેના ઉચ્ચારણ એ વિસ્તારમાં બોલાતી ભાષાને થોડા થોડા મળતા આવતા હતા. અને કેવી ગંદી ગાળો બકતો એ! એ ગાળો ભાંડતો ત્યારે ભયંકર ત્રાસ વરતી

---

*હવે એ શહેરનું નામ વોલ્ગોગ્રાદ છે.

રહેતો. મને ક્યારેક ક્યારેક વિચાર આવે છે કે એ હરામજાદો એટલી બધી ગાળો ક્યાંથી શીખી લાવ્યો હશે. એ લોકો બૅરેકને બ્લોક કહેતા. અમને બધાને બ્લોકની સામે એક હરોળમાં ખડા કરતો, અને જર્મન સૈનિકોથી ઘેરાયેલો એ કમાન્ડેન્ટ, પોતાનો જમણો હાથ સીધો રાખીને, હરોળને એક છેડેથી બીજા છેડા સુધી આંટો મારતો. હાથમાં એ ચામડાનાં મોજાં પહેરતો. આંગળીઓને સુરક્ષિત રાખવા સારુ મોજાંમાં ચામડાની નીચે સીસાની પટ્ટી રાખતો. કેદીઓની હરોળ આગળથી પસાર થતાં એક છોડીને પ્રત્યેક બીજા માણસને એવી નિર્દય રીતે એ મારતો કે બીચારા કેદીના નાકમાંથી લોહીની ધાર છૂટતી. આવા મારને એ 'ઈન્ફ્લુએન્ઝા વિરુદ્ધ રક્ષણ માટે મૂકવામાં આવતી રસી' કહેતો. દરરોજ આમ બનતું. છાવણીમાં બધા મળીને ચાર બ્લોક હતા. પહેલે દિવસે પહેલા બ્લોકના કેદીઓને 'રસી' મુકાતી, પછીને દિવસે બીજા બ્લોકના કેદીઓને, એમ એ ક્રમ ચાલતો રહેતો. એવો પાકો હરામજાદો હતો કે આ કામમાં તેણે ક્યારેય એક દિવસની પણ રજા નહોતી પાળી. એક જ વાત એ ગધેડો નહોતો સમજતો. ગસ્ત શરૂ કરતાં પહેલાં એ ત્યાં સામો ઊભો રહેતો અને સારી પેઠે આવેશમાં આવી જવ માટે ગાળો ભાંડવા લાગતો. એ ત્યાં ઊભો રહીને આવડે એટલી બધીયે ગાળો બકી નાખતો. ભાઈ, તમે કલ્પના પણ કરી શકો ખરા કે એથી અમને થોડીક રાહત મળતી. શબ્દોના ઉચ્ચાર તદ્દન આપણા જેવા જ હતા અને આપણા દેશની દિશામાંથી હવાની એક લહેર આવી ગઈ હોય એમ લાગતું, સમજ્યા, ભાઈ! મને ખાતરી છે કે તેના ગાળો બકવાથી અમને આનંદ મળતો એ વાતની જો એને ખબર હોત તો રશિયન ભાષામાં એણે ક્યારેય ગાળો ન ભાંડી હોત. એ કામ માટે એ પોતાની જ ભાષાને વળગી રહ્યો હોત. અમારામાંથી ફક્ત એક જ માણસને ગાળો સાંભળીને પેલાની ઉપર ભયંકર ગુસ્સો આવતો. એ માણસ હતો મારો મોસ્કોવાસી ભાઈબંધ. એ કહે કહેતો: 'પેલો ગાળો બકતો હોય છે ત્યારે હું આંખો બંધ કરીને કલ્પનામાં મોસ્કો પહોંચી જાઉં છું, અને મોસ્કોના એક પીઠામાં બેસીને દારૂનો એક ગ્લાસ ચડાવું છું. આવી કલ્પનાને પરિણામે બીયરનો એક ગ્લાસ પીવાની તીવ્ર ઇચ્છાથી મારી આંખો અંધારાં આવી જાય છે.'

"મેં ઘનમીટર વિશે ઉદ્‌ગાર કાઢેલા તેને બીજે દિવસે કમાન્ડેન્ટ મને તેની સમક્ષ હાજર થવા ફરમાન મોકલ્યું. એક દુભાષિયો અને બે પહેરેગીર સાંજે અમારી બૅરેકમાં આવ્યા અને અવાજ દીધો: 'સોકોલોવ આન્દ્રેઈ?' મેં આગળ આવીને જવાબ દીધો એટલે હુકમ મળ્યો: 'અમારી પાછળ

પાછળ આવ, અને ઉતાવળ કર, લાગેરફ્યૂહરર સાહેબ ખુદ તને મળવા માગે છે.' મને શા માટે બોલાવવામાં આવ્યો હતો તે મને તરત જ સમજાઈ ગયું. મને ઠાર કરવામાં આવશે એ વિશે મારા મનમાં શંકા નહોતી. મેં બધા સાથીઓને છેલ્લા સલામ કર્યા. એ બધા પણ જાણતા જ હતા કે હું મોતના મોંમાં જઈ રહ્યો છું. એક ઊંડો શ્વાસ લઈને હું પહેરેગીરોની પાછળ પાછળ ચાલ્યો. છાવણીના મેદાન વચ્ચેથી જતાં મેં ઊંચે નજર નાખીને આકાશમાં ટમટમતા તારાઓની આખરી વિદાય લીધી, અને પછી મારા મન જોડે જ વાત કરી: 'આન્દ્રેઈ સોકોલોવ, કેદી નંબર ૩૩૧, તારા ભાગનો જુલમ અને અન્યાયાર તેં પૂરેપૂરો સહી લીધો છે'. ઇરીના અને બાળકોના સ્મરણે મારું મન ગમગીન થઈ ગયું, પણ તરત જ મેં મારા મન ઉપર કાબૂ મેળવી લીધો અને જીવનનો ત્યાગ કરતાં પહેલાં મારી છેલ્લી પળો કેટલી વસમી વીતવાની છે તેનો દુશ્મનને ખ્યાલ સરખો ન આવે એટલા માટે, એક સૈનિકની જેમ મુદ્દલ થડકાટ વગર પિસ્તોલની નળી સામે ઊભા રહેવાની હિંમત હું બાંધવા લાગ્યો...

"કમાન્ડેન્ટના ખંડમાં બારીની પાળ ઉપર ફૂલ ગોઠવેલાં હતાં. આપણે ત્યાં ક્લબના કોઈ ખંડની જેમ તે સ્વચ્છ અને સુઘડ હતો. ટેબલની આસપાસ કેમ્પના બધા જ અધિકારીઓ બેઠા હતા. પાંચેપાંચ અધિકારીઓ ત્યાં બેઠા બેઠા શ્નાપ્સ દારૂ ઉડાવતા હતા અને ડુક્કરની ચરબી ચાવતા હતા. ટેબલ ઉપર દારૂની એક ઉઘાડેલી મોટી બાટલી, ડબલરોટી, ડુક્કરની ચરબી, સીરકામાં પલાળીને ખાટાં નાવેલાં સફરજન અને જાતજાતના ખોરાકના ઉઘાડેલા ડબ્બા પડ્યા હતા. આ બધા ખોરાકના ઢગલા ઉપર એક ઊડતી નજર નાખતાં જ મારા પેટમાં વમળ ઊઠ્યા અને, તમારા માન્યમાં નહિ આવે કે, મને ઊલટી આવતાં આવતાં રહી ગઈ. મારી હાલત ભૂખ્યા વરુ જેવી હતી, અને માણસનો ખોરાક કેવો દેખાય છે એ તો હું સાવ ભૂલી જ ગયેલો, સમજ્યા, ભાઈ! અને ત્યાં જુઓ તો ભાતભાતની ખાવાની ચીજો મારી સામે જ પડી હતી. જેમતેમ કરીને મેં વમન દબાવી રાખ્યું, પણ એ ટેબલ ઉપરથી મારી નજર આઘી ખસેડવામાં મને ભારે મહેનત પડી.

"બરાબર મારી સામે જ મ્યૂલ્લેર બેઠો હતો. દારૂના ઘેનમાં અરધું ભાન ખોઈ બેઠેલો મ્યૂલ્લેર, પિસ્તોલ એક હાથમાંથી બીજા હાથમાં ઉછાળીને રમત રમતો હતો. સાપની જેમ તેની નજર મારી ઉપર જ જડાયેલી હતી. ખેર, મેં મારા ફાટેલા જોડાની તૂટેલી એડીઓ ધડાક દઈને એક સાથે મેળવી, અને

લશ્કરી અદાથી ઊભા રહીને મારી હાજરી મોટે અવાજે આમ જાહેર કરી: 'યુદ્ધકેદી આન્દ્રેઈ સોકોલોવ આપની સેવામાં હાજર છે, કમાન્ડેન્ટ સાહેબ.' તે મને ઉદ્દેશીને બોલ્યો: 'તો એલા રશિયન ઇવાન, ચાર ઘનમીટર પથ્થર ખોદવાનું કામ તને વધારે પડતું લાગે છે, કેમ?' મેં જવાબ આપ્યો: 'હા, કમાન્ડેંટ સાહેબ, લાગે છે.' તેણે ફરી પૂછ્યું: 'અને એક ઘનમીટર જમીન તને દફનાવવા માટે પૂરતી છે, નહિ?' મારો જવાબ હતો: 'હા, કમાન્ડેન્ટ સાહેબ, ઘણી થઈ પડે, જરૂર કરતાં વધારે.'

"તેણે ઊભા થઈને કહ્યું: 'મેં તારું મોટું સમ્માન કરવાનું નક્કી કર્યું છે. તારા આ શબ્દોના બદલામાં હું પોતે મારા હાથે જ તને ગોળીથી ઠાર કરીશ. અહીં જ તને ગોળીએ દેવાથી આ ખંડ ગંદો થઈ જશે, એટલે બહાર નીકળીને વાડામાં આવી જા, અને ત્યાં જ તારી જિંદગીના છેલ્લા શ્વાસ લઈ લે.' મેં કહ્યું: 'જેવી આપની ઇચ્છા.' તે એક મિનિટ વિચાર કરતો ત્યાં જ ઊભો રહ્યો, અને પછી પિસ્તોલ ટેબલ ઉપર ફેંકીને તેણે એક ગ્લાસ શ્નાપ્સ દારૂથી આખો ભરી દીધો, ડબલરોટીનો એક ટુકડો લઈને તેની ઉપર થોડીક ચરબી મૂકી, અને એ બધી ચીજો મારી સામે ધરતાં કહ્યું: 'મરતાં પહેલાં જર્મનોના વિજયના નામે આ દારૂનો જામ પી લે, રશિયન ઇવાન.'

"હું દારૂનો ગ્લાસ અને ડબલરોટી તેના હાથમાંથી લેવા જ જતો હતો ત્યાં એ શબ્દો મારે કાને પડ્યા અને મને અંદર અંદર ઝાળ લાગી ગઈ. મને વિચાર આવ્યો: 'હું, એક રશિયન સૈનિક, જર્મનોના વિજયને નામે જામ પીઉં? પછી તું બીજું શું માગીશ, કમાન્ડેન્ટ સાહેબ? તું ને તારો દારૂ, જાઓ જહન્નમમાં!"

"ગ્લાસ અને ડબલલરોટી ટેબલ ઉપર મૂકીને હું બોલ્યો: 'તમારી પરોણાગત માટે આભાર, પણ હું દારૂ પીતો નથી.' તેણે જરાક મરકીને કહ્યું: 'અમારા વિજયને નામે તું નથી પીવા માગતો, એમ ને? તો પછી તારા મોતને નામે પી.' મારા મોતને નામે પીવામાં મને શો વાંધો હોય? એટલે મેં કહ્યું: 'મારા મોતને નામે અને અત્યાચારમાંથી મારી મુક્તિને નામે આ જામ!' એટલું કહીને મેં ગ્લાસ હાથમાં લીધો અને બે ઘૂંટડે બધો દારૂ હું ગટગટાવી ગયો. પણ ડબલરોટીને હું અડક્યો પણ નહિ. હળવે હાથે મારા હોઠ લૂછીને મેં કહ્યું: 'તમારા અતિથિસત્કાર માટે આભાર. હવે તમે મને ગોળીએ વીંધી દો, હું તૈયાર છું, કમાન્ડેન્ટ સાહેબ.'

"પણ તેણે તીણી નજરે મારી સામે જોઈને કહ્યું: 'મરતાં પહેલાં એક બટકું ખાઈ તો લે.' મેં જવાબ આપ્યો: 'દારૂના પહેલા ગ્લાસ પછી હું કશું

ખાતો નથી'. એટલે તેણે એક બીજો ગ્લાસ ભરીને મને આપ્યો. હું બીજો ગ્લાસ ગટગટાવી ગયો પણ તોય મેં ખોરાકને હાથ ન લગાડ્યો. હું તો મારી હિંમત ઉપર આખી બાજી લગાવી રહ્યો હતો, સમજ્યા તમે? મેં મનમાં વિચાર્યું કે મોતને ભેટવા વાડામાં જઈશ ત્યાં સુધીમાં તો હું દારૂના ઘેનમાં ચકચૂર થઈ ગયો હોઈશ. પોતાનાં ધોળાં ભવાં ઊંચા ચડાવીને કમાન્ડેન્ટે કહ્યું: 'તું ખાતો કેમ નથી, રશિયન ઇવાન? શરમાતો તો નથી ને?' હું મારી વાતને વળગી રહ્યો અને બોલ્યો: 'માફ કરજો, કમાન્ડેન્ટ સાહેબ, પણ દારૂના બીજા ગ્લાસ પછી પણ હું કશું ખાતો નથી.' પહેલાં તો તેણે ગાલ ફુલાવીને ફૂ કર્યું, અને પછી તે એકદમ જોરથી ખડખડાટ હસી પડ્યો. હસતાં હસતાં તેણે પોતાના મિત્રોને જર્મન ભાષામાં ઝડપથી કંઈક કહ્યું. કદાંચ મારા શબ્દો તેણે જર્મન ભાષામાં એ લોકોને કહી સંભળાવ્યા હશે. એ લોકો પણ હસી પડયા અને મને સરખી રીતે જોવા પોતપોતાની ખુરશીઓ ખસેડીને બધાએ શકોરાં જેવાં પહોળાં ડાચાં મારી તરફ ફેરવ્યાં. હવે એ લોકોની નજરમાં થોડોક ફેર પડ્યો હોય, તેમાં થોડીક નરમાશ આવી હોય એમ લાગ્યું.

"કમાન્ડેન્ટે મને ત્રીજો ગ્લાસ ભરીને આપ્યો. તેનું હસવાનું ચાલુ જ હતું અને એ કારણે તેના હાથ ધ્રૂજતા હતા. એ ગ્લાસ મેં ધીરે ધીરે પીધો અને ડબલરોટીનું એક બટકું ખાઈને બાકીની પાછી ટેબલ પર મૂકી દીધી. મારે એ હરામજાદાઓને બતાવી આપવું હતું કે ભૂખનો માર્યો અધમુઓ થઈ ગયો હોવા છતાં એ લોકોએ ફેંકેલા ટુકડા ખાઈને હું મારું પેટ ભરવા નહોતો માગતો મારામાં રશિયન તરીકેનાં ગૌરવ અને સ્વાભિમાન હજી જીવંત હતાં, અને એ લોકોએ ધાર્યું હતું તેમ મને જાનવર બનાવી દેવામાં એ લોકો મુદ્દલ સફળ નહોતા થયા.

"ત્યાર પછી કમાન્ડેન્ટના ચહેરામાં ગંભીરતા આવી. છાતી ઉપર લટકતા લોખંડના બે ક્રોસ સીધા કરીને તે ટેબલ પાછળથી વગર હથિયારે જ મારી કને આવ્યો અને બોલ્યો: 'સાંભળ, સોકોલોવ, તું સાચો રશિયન સૈનિક છે. તું બહાદુર સૈનિક છે. હું પણ સૈનિક છું અને બહાદુર દુશ્મન માટે માનની લાગણી ધરાવું છું. તને ગોળીએ દેવાનો નિર્ણય મેં ફેરવી નાખ્યો છે. આજે અમારાં બહાદુર સૈન્યો વોલ્ગા નદી સુધી પહોંચી ગયા છે અને તેમણે સ્તાલિનગ્રાદ શહેર સંપૂર્ણ રીતે પોતાના કબજામાં લઈ લીધું છે. આજનો દિવસ અમારે માટે મહાન ખુશી અને આનંદનો છે એટલે દયા કરીને હું તને તારા જીવનનું દાન કરું છું. જા, તારા બ્લોકમાં પાછો જા અને તારી હિંમતના પુરસ્કાર રૂપે આ

તારી સાથે લેતો જા.' એટલું કહીને તેણે ટેબલ ઉપરથી એક ડબલરોટી અને ડુક્કરની ચરબીનો લોંદો લીધાં અને માર હાથેનાં મૂક્યાં.

"એ ડબલરોટી મેં બને તેટલા જોરથી મારી છાતી સાથે દબાવીને પકડી રાખી અને ડાબા હાથમાં ચરબીનો લોંદો લીધો. ઘટનાક્રમમાં આવેલા આ અણધાર્યા વળાંકથી હું એટલો બધો ચોંકી ગયો હતો કે મને તેનો આભાર માનવાનો પણ ખ્યાલ ન રહ્યો, અને ડાબી બાજુથી ફરી જઈને હું દરવાજા તરફ ચાલ્યો. એ વખતે પગલે પગલે મારા મનમાં બીક ઘોળાતી હતી કે હમણાં પાછળથી ગોળીઓની રમઝટ મારા ખભા વીંધી નાખશે અને હું આ ખાવાની ચીજો મારા સાથીઓને કદી નહિ જ પહોંચાડી શકું. પણ ના, એવું કશું જ ન બન્યું. મોત મારી પાસે થઈને જ પસાર થઈ ગયું. અને મને ફક્ત તેના ઠંડા શ્વાસનો જ અનુભવ થયો...

"કમાન્ડેન્ટના ખંડમાંથી તો હું જરાય ડગમગ્યા વગર બહાર નીકળી આવ્યો, પણ બહાર નીકળ્યા પછી ઠેઠ બેરેક સુધી ગડથોલિયાં ખાતો ખાતો જ પહોંચ્યો. છેલ્લે ગડથોલિયે બેરેકની અંદર ઘૂસતાં જ હું લથડીને સિમેંટની ફરસબંધી ઉપર પડી ગયો અને બેભાન થઈ ગયો. મારા સાથીઓએ મને જગાડ્યો ત્યારે હજી રાતનો અંધકાર બાકી હતો. 'શું થયું એ તો કહે!' એવો એ લોકોનો સવાલ સાંભળતાં જ કમાન્ડેન્ટના ખંડમાં બન્યું હતું તે બધું મને યાદ આવ્યું અને મેં તેમને કહી સંભળાવ્યું. મારી બાજુના બાંકડા ઉપર સૂતેલા કેદીએ પૂછ્યું: 'તું ખાવાની ચીજો લાવ્યો છે તેના ભાગ આપણે કેવી રીતે પાડીશું?' તેના અવાજમાં થરથરાટ હતો. મેં જવાબ આપ્યો: 'બધાના સરખા ભાગ.' ભાગ વહેંચવા અમે અજવાળું થયું ત્યાં સુધી બેઠા રહ્યા. ડબલરોટી અને ચરબીને અમે દોરા વડે કાપીને સરખા કકડા કર્યા. ડબલરોટીનો દીવાસળીની ડબ્બી જેવડો કકડો દરેકને ભાગે આવ્યો. એક કણી પણ અમે નકામી જવા ન દીધી. ચરબી તો ફક્ત હોઠ ચીકણા થાય એટલી જ હતી. તો પણ અમે બધાએ તે બરાબર સરખે ભાગે વહેંચી લીધી.

"થોડા સમય પછી અમારામાંથી સૌથી વધારે સશક્ત એવા ત્રણસો જણને એ લોકોએ કળણજમીનમાંથી પાણી કાઢીને સાફ કરવાના કામ પર લગાવ્યા. ત્યાર બાદ અમે રૂહર પ્રદેશની ખાણોમાં કામ કરવા ગયા. ૧૯૪૪ના વર્ષ સુધી હું ત્યાં જ રહ્યો. ત્યાં સુધીમાં આપણાં સૈન્યોએ જર્મનોની સાન થોડીક ઠેકાણે આણી દીધી હતી અને ફાસિસ્ટોએ અમારી યુદ્ધકેદીઓની તરફ અપમાનભરી નજરે જોવાનું બંધ કર્યું હતું. એક દિવસે દિવસપાળીમાં કામ કરતા બધા કેદી

કેદીઓને એક હરોળમાં ખડા કરવામાં આવ્યા. ત્યાં તપાસની મુલાકાતે આવેલા એક ઓબેર-લેફ્ટનન્ટે દુભાષિયા મારફત અમને ફરમાન કર્યું: 'જે કોઈ માણસે સૈન્યમાં કે લડાઈ પહેલાં ડ્રાઈવર તરીકે કામ કર્યું હોય તે એક કદમ આગળ આવી જાય?' જેમણે ડ્રાઈવર તરીકે કામ કર્યું હતું એવા અમે લગભગ સાત જણ આગળ આવ્યા. એ લોકોએ અમને કામને સમયે ઉપર પહેરવાનાં જૂનાં કપડાં પહેરવા આપ્યાં અને ચાંપતા પહેરા તળે પોટ્સડામ રવાના કરી દીધા. ત્યાં પહોંચ્યા પછી અમને જુદે જુદે ઠેકાણે કામ કરવા મોકલી દેવામાં આવ્યા. મને 'ટોડત' સંસ્થામાં કામે વળગાડી દીધો. રસ્તાઓ બાંધવાનું અને સંરક્ષણકાર્યને લગતાં કારખાનાં વગેરેનું કામ સંભાળતી સંસ્થાને જર્મનોએ એ નામ આપ્યું છે.

"એ સંસ્થામાં હું ઈજનેરના એક જર્મન મેજરની 'ઓપેલ-એડમીરલ' નામની મોટર ચલાવતો. મેજર એટલે તદ્દન ફાસિસ્ટ ડુક્કર જોઈ લો! ઠીંગણો બાંધો અને ગોળમટોળ પેટ, જેટલો ઊંચો એટલો જ જાડો, અને પાછળનો ભાગ જુઓ તો તદ્દન જાડી બૈરીના જેવો. તેના ડાચા ઉપરથી ખમીસના કૉલર પાસે એક નહિ પણ ત્રણ ત્રણ હડપચીઓ લટકતી હતી, અને તેની ગરદનના પાછળના ભાગની ઢીલી ચામડીમાં ત્રણ વળ પડ્યા હતા. મારા ધારવા પ્રમાણે તેના શરીરમાં નહિ નહિ તોય પચાસ કિલોગ્રામ શુદ્ધ ચરબી તો હશે જ. એ ચાલતો ત્યારે વરાળથી ચાલતું એન્જિન જેમ સુસવાટા કરીને વરાળ છોડે એમ શ્વાસ છોડતો, અને ખાવા બેસે ત્યારે તો બસ! ખોરાક ચાવતો જાય અને ફ્લાસ્કમાંથી બ્રાંડીના ઘૂંટડા ભરતો જાય, બસ, એમ આખો દિવસ એનું ખાવાનું ચાલે. ક્યારેક ક્યારેક મને પણ થોડોક ભાગ મળી જતો. રસ્તામાં એકાએક મોટર રોકાવીને થોડીક સોસેજ અને થોડુંક પનીર કાપીને ખાવા માંડતો અને બ્રાંડી પીતો. ક્યારેક ખુશમિજાજમાં હોય હોય તો કૂતરાને ફેંકે તેમ એક બે ટુકડા મારી તરફ ફેંકતો. મને હાથમાં ક્યારેય ન આપતો, ના, ભાઈ, એમાં તેને નાનમ લાગતી. હશે, ભલે ગમે તેમ હોય, પણ છાવણીના જીવનની આ જીવન સાથે સરખામણી જ ન થઈ શકે. ધીરે ધીરે હું વળી પાછો માણસ જેવો દેખાવા લાગ્યો અને મારા વજનમાં પણ કંઈક વધારો થયો.

"બે અઠવાડિયાં સુધી મેં આ મેજરને પોટ્સડામથી બર્લીન લઈ જવાનું અને બર્લીનથી પોટ્સડામ પાછા લઈ આવવાનું કામ કર્યું, ત્યાર પછી એ મેજરને આપણાં સૈન્યો વિરુદ્ધ કિલ્લેબંદી ખડી કરવાના કામ માટે મોરચા ઉપર મોકલી દેવામાં આવ્યો. ત્યારથી નીંદર મારી વેરણ થઈ ગઈ. આખી રાત હું એ જ

વિચારો કર્યા કરતો કે આમાંથી કેવી રીતે છટકીને મારા દેશવાસીઓને મળું, મારી માતૃભૂમિમાં પહોંચું.

"અમે મોટરમાં પોલોત્સ્ક નગર ગયા. બે વરસમાં પહેલી વાર પરોઢિયે મેં આપણી તોપોની ગર્જના સાંભળી. એ અવાજ સાંભળીને મારું હૈયું કેવે હિલોળે ચડ્યું હશે તેની કલ્પના તમે સહેજે કરી શકશો. સંવનનના દિવસોમાં ઈરીના સાથેનાં મારાં પ્રથમ મિલનો વખતે પણ મારે હૈયે એવા ઉછાળા ક્યારેય નહોતા લીધા! પોલોત્સ્ક નગરની પૂર્વ દિશામાં લગભગ અઢાર કિલોમીટર દૂર સંગ્રામ ખેલાઈ રહ્યો હતો. શહેરમાં ઉપસ્થિત જર્મનોના મિજાજ તંગ હતા અને એ લોકોમાં ગભરાટ ફેલાઈ ગયો હતો. ગોળમટોળ પેટવાળા મારા મેજરે વધારે ને વધારે દારૂ પીવાનું શરૂ કરી દીધું હતું. દિવસે તે મોટરમાં બેસીને ચારે તરફ ફરતો અને કિલ્લેબંદીના ચણતર વિશે સૂચનાઓ આપતો. રાત પડે એટલે એકલો બેસીને દારૂ ઢીંચતો રહેતો. પરિણામે તેનું શરીર ફૂલી ગયું અને તેની આંખોની નીચે ચામડીના મોટા મોટા થેલા લટકવા લાગ્યા...

"મને થયું કે બરાબર લાગ મળી ગયો છે અને હવે જરાય મોડું કરવામાં માલ નથી. વળી મેં એમ પણ નક્કી કર્યું કે મારે એકલા જ ભાગી છૂટવું નહિ પણ મારી ભેગો પેટગાગરડી મેજરને પણ લઈ જવો. ત્યાં તેનો કંઈ ને કંઈ ઉપયોગ થશે જ!

"આસપાસના ખંડેરોમાંથી મને લોખંડનો એક વજનદાર ટુકડો મળી ગયો. મેજરને ફટકારવો પડે તો લોહી ન નીકળે એટલા માટે મેં એ લોઢાના ટુકડાની ફરતાં ચીથરાં વીંટી દીધાં. રસ્તા ઉપર પડેલો ટેલિફોનનો એક લાંબો તાર પણ મેં લઈ લીધો. મારે જોઈતી બધી ચીજો ભેગી કરીને મેં મોટરની આગલી બેઠકની નીચે સંતાડી દીધી. જર્મનોને મેં છેલ્લા રામરામ કર્યા તેની બે દિવસ અગાઉ સાંજે હું મોટરમાં પેટ્રોલ ભરાવીને પાછો ફરતો હતો ત્યાં મેં લઘુ કક્ષાના લશ્કરી હોદ્દેદાર એક જર્મનને દારૂના ઘેનમાં ચકચૂર થઈને લથડિયાં ખાતો અને ભીંતને આધારે ચાલવાની મહેનત કરતો જોયો. મોટર ઊભી રાખીને હું બહાર નીકળ્યો અને તેને દોરીને પાસેની એક તૂટેલી ઈમારતમાં લઈ ગયો. ત્યાં મેં તેના શરીર ઉપરથી ગણવેશ અને માથા ઉપરથી ટોપી ઉતારી લીધાં અને જઈને મોટરની બેઠકની નીચે છુપાવી દીધાં. હવે મારી તૈયારી સંપૂર્ણ થઈ ગઈ.

"જૂન મહિનાની ૨૯મી તારીખે સવારે મારા મેજરે મને શહેરની બહાર ત્રોસ્નીત્સાની દિશામાં તેને લઈ જવાનો હુકમ આપ્યો. ત્યાં ચાલતું સંરક્ષણ સંબંધી બાંધકામ તેને હસ્તક હતું. અમે મોટરમાં બેસીને રવાના થઈ ગયા.

મેજર પાછલી બેઠકમાં બેઠો બેઠો ઝોલાં ખાતો હતો. હું આગલી બેઠકમાં બેસીને મોટર ચલાવતો હતો પણ મારું હૈયું ઊછળી ઊછળીને મારા ગળા સુધી પહોંચી જતું હતું. પહેલાં મેં ઝડપથી મોટર ચલાવી પણ શહેરની બહાર નીકળ્યા પછી ઝડપ ઓછી કરી નાખી. પછી મોટર થોભાવીને હું બહાર નીકળ્યો અને ચારે તરફ નજર દોડાવી. અમારી પાછળ ખૂબ દૂર બે લારી ધીરે ધીરે આવતી દેખાઈ. મેં લોઢાનો ટુકડો કાઢીને હાથમાં લીધો અને પાછલી બેઠકનું બારણું પૂરેપૂરું ખોલી નાખ્યું. પેટનું માટલું લઈને મેજર આરામથી પડ્યો પડ્યો નસકોરાં બોલાવતો હતો, જાણે કેમ એની વહુ એની સોડમાં સૂતી હોય. મેં તેના ડાબા લમણા ઉપર લોઢાનો એક ફટકો લગાવ્યો. તેનું માથું છાતી ઉપર ઢળી પડ્યું. પાકી ખાતરી કરવા માટે મેં એક બીજો ફટકો લગાવ્યો, પણ મારે તેને મારી નહોતો નાખવો. હું તેને પકડીને જીવતો જ લઈ જવા માગતો હતો. આપણા સાથીઓને તેની પાસેથી ઘણી બધી ઉપયોગી માહિતી મળી શકે તેમ હતી. તેની કેડે લટકતા ચામડાના ખોખામાંથી પિસ્તોલ ખેંચી લઈને મેં મારા ખીસામાં નાખી. પછી મેં બેઠકના પાછળના ભાગમાં એક આંકડી ભરાવી, ટેલિફોનનો તાર મેજરના ગળા ફરતો વીંટીને બાંધ્યો, અને તારને આંકડીમાં ભરાવીને બાંધી દીધો, એટલે ઝડપથી દોડતી મોટરમાં હડદા ખાઈને તે એક બાજુ ગબડી પડે એવો ભય ન રહ્યો. મેં જર્મન ગણવેશ અને ટોપી પહેરી લીધાં અને મોટરને સીધી જ્યાં ધરા ધ્રૂજી રહી હતી અને સંગ્રામ ખેલાઈ રહ્યો હતો એ તરફ મારી મૂકી.

"જર્મન મોરચાની હરોળને ચીરીને હું છેલ્લી બે ભૂમિગત ચોકી વચ્ચેથી નીકળ્યો. ખાડામાં છુપાઈને બેઠેલા સબમશીનગનધારી સૈનિકોએ ઊંચા થઈને મારી ઉપર નિશાન તાક્યાં. મોટરમાં બેઠેલા મેજરને એ લોકો જોઈ શકે એ ઇરાદે મેં જાણી જોઈને ઝડપ ધીમી કરી નાખી. એ લોકોએ ઘાંટા પાડીને અને હાથ હલાવીને મને આગળ ન વધવા જણાવ્યું. પણ જાણે સમજ્યો જ ન હોઉં એવો ઢોંગ કરીને મેં મોટરને એંશી કિલોમીટરની ઝડપે આગળ દોડાવી. શું બની રહ્યું છે એનું એ લોકોને ભાન થાય અને ગોળીઓ છોડે તે પહેલાં તો ખાબડખૂબડ જમીન ઉપર સસલાની જેમ મારગ કાઢતો હું અધિકારહીન ભૂમિમાં પહોંચી ગયો.

"પાછળથી જર્મનો ગોળીઓ ચલાવતા જ હતા. તેમાં વળી આપણા સૈનિકોએ ક્રોધે ભરાઈને સામેથી ગોળીઓની એક રમઝટ બોલાવી દીધી. ચાર ગોળીઓ મોટરના આગલા ભાગમાં હવાને રોકતા કાચની આરપાર નીકળી ગઈ

અને એક ગોળીએ રેડિયેટરને વીંધી નાખ્યું... પણ પાસે જ એક સરોવરની નજીક મને એક નાનકડું જંગલ દેખાયું. આપણા સૈનિકોમાંથી કેટલાક દોડતા મોટર તરફ આવી રહ્યા હતા એટલે મેં ગાડી જંગલ તરફ વાળી, અને એક આંચકે દરવાજો ખોલીને બહાર કૂદી પડ્યો. જમીન ઉપર પડતાં જ મેં ધરતીને ચૂમી લીધી. મારો શ્વાસ રૂંધાઈ ગયો હતો અને મહામહેનતે હું શ્વાસોચ્છ્વાસ જારી રાખી શક્યો.

"મેં કદી નહિ જોયેલું એવું ખભે ખાખી પટ્ટાવાળું ટ્યૂનિક પહેરેલો એક જુવાન સૌથી પહેલો મારી પાસે પહોંચી ગયો અને મને જોઈને મોઢું મલકાવતો બોલ્યો: 'આહ! જર્મન શયતાન, રસ્તો ભૂલી ગયો લાગે છે, કેમ?' મેં મારું જર્મન ટોપી જમીન ઉપર ફેંકીને મારા પગ તળે કચરી નાખી અને પછી તેને ઉદ્દેશીને બલ્યો: 'કેવો વહાલો લાગે એવો છોકરો છે! અરે બેટા, વોરોનેઝમાં જન્મીને મોટો થયેલો હું વળી જર્મન ક્યાંનો! હું તો લડાઈમાં પકડાઈ ગયેલો કેદી છું. સમજ્યો? ચાલ, મોટરમાં બેઠેલા પેલા જાડા ડુક્કરને હવે છોડીને બહાર કાઢ, તેની કાગળો રાખવાની બેગ હાથ કરી લે, અને લઈ જા મને તારા કમાન્ડરની પાસે.' મેં મારી પિસ્તોલ તેને હવાલે કરી દીધી. હું એકથી બીજા અને બીજાથી ત્રીજા માણસ પાસે મોકલાતો રહ્યો અને છેવટે સાંજે મને મારો અહેવાલ રજૂ કરવા માટે ડિવિઝનના કમાન્ડર કર્નલ સમક્ષ હાજર થવાનું જણાવવામાં આવ્યું. દિવસ દરમિયાન મને માહિતી માટે સવાલો પૂછવામાં આવ્યા હતા અને મારી નહાવાની તથા જમવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. એ ઉપરાંત મને પહેરવા નવો ગણવેશ પણ મળ્યો હતો. એટલે હું કર્નલ પાસે ગયો ત્યારે ઉચિત હાલતમાં હતો. મારું શરીર સ્વચ્છ હતું અને મન શાંત હતું. મેં નિયમાનુસાર યોગ્ય પહેરવેશ પહેર્યો હતો. કર્નલ ઊભા થઈને મારી સામે આવ્યા અને બધા અધિકારીઓની હાજરીમાં જ મને ભેટીને બોલ્યા: 'આભાર, સૈનિક! તું અમારે માટે સરસ ભેટ લાવ્યો છે. મોરચા ઉપરથી વીશ જર્મનોને પકડીને તેમની પાસેથી જેટલી માહિતી અમે મેળવી શકીએ તેના કરતાં ઘણી વધારે માહિતી અમને તારા મેજર પાસેથી અને તેની બેગમાં ભરેલા કાગળોમાંથી મળી છે. તારું બહુમાન કરવામાં આવે અને તને ચાંદ ભેટ કરવામાં આવે એવી ભલામણ કરવાનું મેં નક્કી કર્યું છે' તેના શબ્દો સાંભળીને અને તેનું હેતભર્યું વર્તન જોઈને મારું હૈયું ભરાઈ આવ્યું, મારા હોઠને કંપતા રોકવાની મારી મહેનત વ્યર્થ ગઈ અને હું મહામુશ્કેલીએ આટલું કહી શક્યો: 'કોમરેડ કર્નલ, મને પાયદળ યુનિટમાં ભરતી કરી લેવામાં આવે એવી મારી વિનંતિ છે.'

"પણ કર્નલ હસી પડ્યા અને મારો ખભો થાબડીને બોલ્યા: 'પગ ઉપર ટટ્ટાર ઊભા રહેવાની શક્તિ તો તારામાં છે નહિ, ને લડાઈમાં લડશે કેમ કરીને, ભાઈ? હું તને સીધો દવાખાને મોકલી દેવાનો છું. ત્યાં તારી સારવાર થશે અને તને સારો ખોરાક આપીને તંદુરસ્ત બનાવવામાં આવશે. પછી તારા કુટુંબીઓને મળવા તારે એક મહિનાની રજા પર ઘેર જવાનું છે. તું પાછો આવશે ત્યારે જોઈશું તને ક્યાં ગોઠવવો તે.'

"કર્નલે અને તેની સાથેના બધા અધિકારીઓએ મારી સાથે હાથ મેળવ્યા અને મને હાર્દિક વિદાય આપી. હું બહાર નીકળ્યો ત્યારે હર્ષાવેશમાં મારું માથું ગોળ ગોળ ફરતું હોય એમ મને લાગ્યું. બે વરસના મારા કેદી જીવન દરમિયાન માણસ તરીકે ગણાવાનું અને એ પ્રકારનું વર્તન પામવાનું હું સાવ ભૂલી જ ગયેલો. અને દોસ્ત, મોટા અધિકારીઓ સાથે વાત કરવી પડે ત્યારે હમણાં જ ફટકો પડશે એવી બીકે મારું માથું ખભાની નીચે નમાવી દેવાની મારી ટેવ ભૂલતાં મને ઘણો વખત લાગ્યો. ફાસિસ્ટોની કેદીછાવણીઓના અનુભવોએ અમારી એવી દશા કરી નાખેલી...

"દવાખાનામાં ભરતી થતાં જ મેં ઈરીનાને કાગળ લખ્યો. હું કેવી રીતે કેદ પકડાઈ ગયો હતો ત્યાંથી માંડીને, જર્મન મેજરને લઈને કેવી રીતે પાછો છટકી ગયો હતો એ આખી આપવીતી, મેં તેને થોડા શબ્દોમાં લખી જણાવી. નાના છોકરાની જેમ બડાશ હાંકવાનું મને ક્યાંથી સુઝ્યું એ કહેવું મુશ્કેલ છે. અરે ભાઈ, કર્નલે મને ચાંદ આપવાની ભલામણ કરવાનું વચન આપેલું એ વાતનો ઉલ્લેખ કર્યા વગર પણ મારાથી રહેવાયું નહિ...

"બે અઠવાડિયાં સુધી તો મેં ફક્ત ખાવાનું અને સૂવાનું કામ કર્યું. મને દરેક વેળા અપાતા ખોરાકનું પ્રમાણ ઓછું હતું પણ દિવસમાં ઘણી વાર ખવડાવતા. ડાક્ટરે કહ્યું કે મારી ઈચ્છા પ્રમાણે બધો ખોરાક મને એક સાથે આપવામાં આવે તો મારો ખેલ ખલાસ થઈ જાય એવી મારી હાલત હતી. પણ બે અઠવાડિયાં વીતી ગયાં પછી મને ખોરાક જોવો પણ ન ગમતો. દરમિયાનમાં ઘેરથી કશો જવાબ નહોતો આવ્યો, અને સાચું પૂછો તો હું ખૂબ ઉદાસ થઈ ગયો. મારી ભૂખ મરી ગઈ, અને રાતે નીંદર કોઈ વાતે આવે નહિ. મારા મગજમાં હર વખત અમંગળ વિચારો ઘોળાયા કરતા... ત્રીજે અઠવાડિયે મને વોરોનેઝથી એક કાગળ મળ્યો. પણ એ કાગળ ઈરીનાનો નહોતો. અમારી પાડોશમાં રહેતા ઈવાન તિમોફેયેવિચ નામે એક સુતારનો કાગળ હતો એ. મને મળ્યો એવો કાગળ કદી કોઈને ન મળશો!.. તેના કાગળમાં લખ્યું

હતું કે જૂન ૧૯૪૨માં જર્મનોએ વિમાનના કારખાના ઉપર બોમ્બ વરસાવેલા તેમાંથી એક ભારે બોમ્બ સીધો મારા ઘર ઉપર ફૂટ્યો હતો. બોમ્બ ફૂટ્યો ત્યારે ઈરીના અને મારી દીકરીઓ ઘરમાં જ હતાં... પછી તેમના અસ્તિત્વનું નિશાન પણ નહોતું મળી શક્યું. મકાનની જગ્યાએ ફક્ત એક ઊંડો ખાડો જ દેખાતો હતો... પહેલી વાર તો હું એ કાગળ પૂરો વાંચી જ ન શક્યો. મારી આંખે અંધારાં આવ્યાં, મારું હૈયું શોષાઈ ગયું અને મને લાગ્યું કે હવે ફરી વાર એ ક્યારેય નહિ ધબકે. હું પથારીમાં સૂનમૂન પડ્યો રહ્યો. થોડી વારે કંઈક સ્વસ્થ થતાં મેં આખો કાગળ પહેલેથી છેલ્લે સુધી વાંચ્યો. મારા પાડોશીના લખવા પ્રમાણે બોમ્બ ફૂટ્યો ત્યારે આનાતોલી બહાર શહેરમાં ગયો હતો. સાંજે એ પાછો ઘેર આવ્યો પણ ઘરને ઠેકાણે બોમ્બે સર્જેલો ઊંડો ખાડો જોઈને રાતે ને રાતે પાછો શહેરમાં જતો રહ્યો. જતાં પહેલાં તેણે મારા પાડોશીને કહ્યું કે પોતે સ્વેચ્છાએ મોરચા ઉપર મોકલાવાની માગણી કરવાનો છે. બસ, કાગળમાં એટલા જ સમાચાર હતા.

"મારા હૈયાનો વિલાપ કંઈક શાંત થયો અને મારી સૂધબૂધ થોડીક ઠેકાણે આવી ત્યારે વિદાય સમયે સ્ટેશન પર ઈરીના મને કેવી રીતે વળગી પડી હતી એ પ્રસંગની યાદ મારા મનમાં તાજી થઈ. તેના સ્રીહૃદયે પહેલેથી જ ભાવિના ભણકારા સાંભળી લીધા હશે કે આ દુનિયામાં ફરી વાર અમારું મિલન થવાનું નથી. અને મેં તેને ધક્કો મારીને દૂર હડસેલી દીધી હતી... મારે સ્વજનો હતાં, મારું પોતાનું ઘર હતું. કેટલાં વર્ષ લાગ્યાં હતાં એ બધું પામતાં મને! એક ક્ષણમાં એ બધું નાશ પામ્યું અને વિશ્વમાં હું પાછો એકલો અટૂલો થઈ ગયો. મારા મનમાં તરંગ ઊઠ્યો કે મારા જીવનને બરબાદીના સકંજામાં સપડાયેલું હું સ્વપ્નમાં તો નથી જોઈ રહ્યો ને? અરે, કેદીજીવનના દિવસોમાં લગભગ દરરોજ રાતે મનમાં ને મનમાં હું ઈરીના અને બાળકો સાથે વાતો કરતો. જરૂર પાછો આવીશ એવી ખાતરી આપીને હું તેમને દુઃખી ન થવા સમજાવતો અને એ રીતે તેમનાં ચિત્ત પ્રસન્ન કરવાના પ્રયત્નો કરતો. હું કહેતો કે મારાં તન અને મન મજબૂત છે. હું બધું સહન કરી શકું તેમ છું, આપણે ભવિષ્યમાં જરૂર એક બીજાને પાછા મળશું જ.

તો શું બે વરસ સુધી હું મૃત્યુ પામેલા માણસો જોડે જ વાતો રહ્યો હતો?!."

કથની કહેતો એ માણસ એક મિનિટ મૌન રહ્યો. પછી બદલાયેલા શાંત સ્વરે એક એક શબ્દ છૂટો પાડીને બોલ્યો:

"ચાલો તમાકુ સળગાવીએ, ભાઈ. કોણ જાણે કેમ પણ મારું ગળું રૂંધાતું હોય એમ લાગે છે."

અમે ધુમાડા કાઢવાનું શરૂ કરી દીધું. પૂરના પાણીથી ભરાઈ ગયેલી વનભૂમિમાં કોઈ લક્કડખોદ પક્ષીનો ખટ્ખટ્ અવાજ ગુંજી રહ્યો હતો. ઉષ્માભર્યો વાયુ એલ્ડર વૃક્ષોના સુકાયેલાં પાંદડાને હલાવીને મર્મર ધ્વનિ ઉત્પન્ન કરી રહ્યો હતો. ભૂરા આકાશમાં ખૂબ ઊંચે, જાણે કેમ તણાયેલા સફેદ સઢ તણે ખેંચાતાં હોય તેમ, વાદળાં તરતાં તરતાં ઝડપથી પસાર થઈ રહ્યાં હતાં. ગમગીન નીરવતાની એ ક્ષણોમાં, વસંતના રંગે રંગાઈને અનેરા આનંદોલ્લાસના લહાવા લેવાની અને વિશ્વજીવનમાં જીવંત તત્ત્વના શાશ્વત પ્રતિષ્ઠાનની તૈયારી કરતું અપાર જગત મને એકદમ નિરાળું ભાસ્યું.

મૌનનો ભાર ન સહેવાતાં મેં પૂછ્યું:

"પછી શું થયું?"

આપવીતી સંભળાવનારે અનિચ્છાએ જવાબ દીધો: "પછી? પછી કર્નલ તરફથી મને એક મહિનાની રજા મળી અને એક અઠવાડિયામાં હું વોરોનેઝ પહોંચી ગયો. એક કાળે જ્યાં હું મારા કુટુંબ સાથે રહેતો હતો એ જગ્યાએ હું પગપાળો ગયો. ઊંડો ખાડો કાટવાળા પાણીથી ભરેલો હતો. ચારે બાજુ કમ્મર જેટલા ઊંચા છોડવા ઊગી નીકળ્યા હતા. ચોતરફ બધું ખાલી ખાલી અને સૂમસામ હતું અને કબ્રસ્તાન જેવી શાંતિ છવાયેલી હતી. અને શું કહું, દોસ્ત, મારું હૈયું ભરાઈ આવ્યું. ત્યાં ઊભા રહીને મેં મારા આત્માને રડવું હોય એટલું રડી લેવા દીધો અને પછી હું પાછો સ્ટેશને ગયો. મારે માટે ત્યાં એક ઘડી પણ રોકાવું અશક્ય હતું, એટલે હું તરત જ પાછો ડિવિઝનમાં પહોંચી ગયો

"પણ ત્રણેક મહિના પછી જેમ વાદળાંને ભેદીને સૂર્યનાં કિરણો ફેલાય તેમ મારા જીવનમાં ખુશીનો ચમકારો ચમકી ગયો. મને આનાતોલીના સમાચાર મળ્યા. બીજે મોરચેથી તેણે મને કાગળ લખ્યો હતો. મારું સરનામું તેને અમારા પાડોશી ઇવાન તિમોફેયેવિચ પાસેથી મળ્યું હતું. તેની પાસેથી જાણવા મળ્યું કે પહેલાં તે આર્ટિલરી કોલેજમાં દાખલ થયો હતો. ત્યાં ગણિત ઉપરનું તેનું પ્રભુત્વ તેને ખૂબ કામ આવ્યું હતું. એક વરસની તાલીમ લઈને તે ખૂબ સારા માર્કે પાસ થયો અને લડાઈમાં ભાગ લેવા મોરચે પહોંચી ગયો. તેના લખવા મુજબ હવે તેને કેપ્ટનની પદવી મળી હતી અને પોતે 'જ્યા' નામે ઓળખાતી તોપોની એક ટુકડીનો સરદાર હતો. તેણે છ ઇલ્કાબ અને ચંદ્રક મેળવ્યા હતા. એક શબ્દમાં કહીએ તો તેણે પોતાના બુઢ્ઢા બાપને ક્યાંય પાછળ રાખી દીધો

હતો. મારા મનમાં મારા દીકરા માટે સાચો ગર્વ ઉત્પન્ન થયો. તમને ગમે તેમ લાગે પણ મારો દીકરો કેપ્ટન અને તોપટુકડીનો સરદાર હતો એ મારે માટે નાનીસૂની વાત નહોતી. વળી તેણે કેટલા બધા ઇલ્કાબ અને ચંદ્રક મેળવ્યા હતા! તેનો બાપ સ્ટુડેબેકર લારીમાં બોમ્બના ગોળા અને બીજો સરસામાન લાદીને લઈ જતો તેથી શું થયું? તેના બાપના દિવસો તો વીતી ગયા હતા, પણ કેપ્ટન બનેલા એ યુવાનની સામે તો આખું ભવિષ્ય ખડું તું.

"રાતે સૂતાં સૂતાં વૃદ્ધજનો રચે તેવાં સ્વપ્નાં હું રચવા લાગ્યો. લડાઈ પૂરી થશે એટલે મારા દીકરાને હું પરણાવીશ અને પછી મારું બાકીનું જીવન એ લોકોની ભેગો રહીને વિતાવીશ. થોડુંક સુતારનું કામ કરીશ અને છોકરાં સંભાળીશ. બુઢ્ઢા માણસો કરે એવાં બધાં કામોની હું કલ્પના કર્યા કરતો. પણ મારાં એ સ્વપ્નોમાં પણ ભંગાણ પડ્યું. શિયાળામાં અને અવિરત આગેકૂચ કરતા ગયા. એક બીજાને નિયમિત કાગળો લખવાનો વખત નહોતો મળતો. અમે બર્લીનની નજીક પહોંચી ગયા હતા ત્યારે મેં આનાતોલીને કાગળ લખીને સવારના પહોરમાં રવાના કરી દીધો. બીજે જ દિવસે મને જવાબ મળ્યો. એવું બન્યું હતું કે તે અને હું જુદે જુદે માર્ગે જર્મન રાજધાની સુધી પહોંચી ગયા હતા અને હવે એક બીજાની સાવ સમીપ હતા. પછી તો મેળાપનીરાહ જોતાં એક એક પળ કાઢવી પણ મને આકરી લાગવા માંડી... ખેર, એ પળ પણ આવી પહોંચી... બરાબર નવમી મેના દિવસે, વિજયદિનની સવારે, એક જર્મન સૈનિકની ગોળીએ વીંધાઈને મારો આનાતોલી કાળના ખપ્પરમાં હોમાઈ ગયો હતો.

"બપોર પછી મને કમ્પની કમાન્ડર સમક્ષ બોલાવવામાં આવ્યો. મેં તેની સાથે તોપખાનાના એક અજાણ્યા લેફ્ટનન્ટ-કર્નલને બેઠેલો જોયો. હું કમાન્ડરના ખંડમાં દાખલ થયો કે તરત જ એ અજાણ્યો માણસ પોતાના કોઈ ઉપરીને મળવા આવતો હોય તેમ મને મળવા સામો આવ્યો. મારા કમ્પની કમાન્ડરે મને કહ્યું: 'સોકોલોવ, આ ભાઈ તમને મળવા આવ્યા છે.' એટલું કહીને તેણે મોં ફેરવી લીધું, અને બારી પાસે જઈને ઊભો રહ્યો. વીજળીનો આંચકો લાગ્યો હોય તેમ મને કંઈક થયું અને મનમાં ફાળ પડી કે કોઈ નવી આફત તૂટી પડવાની છે. લેફ્ટનન્ટ-કર્નલે મારી નિકટ આવીને મને કહ્યું: 'ધીરજ રાખો, બાપુ! તમારો પુત્ર કેપ્ટન સોકોલોવ આજે તોપખાના પર પોતાની ફરજ બજા બજાવતાં શહીદ થઈ ગયો છે. મારી સાથે આવો.'

"હું લથડતો લથડતો રહી ગયો અને જેમ તેમ કરીને મેં મારા પગ સીધા

રાખ્યા. એ લૅફ્ટનન્ટ-કર્નલની મોટી મોટરમાં બેસીને કાટરડાથી ભરેલા રસ્તા ઉપરથી અમે જે રીતે પસાર થયા હતા તેનું સ્મરણ આજે પણ એક સ્વપ્ન જેવું લાગે છે. મને ફક્ત હરોળબંધ ઊભેલા સૈનિકો અને લાલ મખમલના કપડાથી ઢંકાયેલ કફનના ઝાંખા દૃશ્યનું ધૂંધળું સ્મરણ છે. પણ તમે જેટલા સ્પષ્ટ દેખાઓ છો એટલો જ સ્પષ્ટ મારો આનાતોલી મારી નજર સમક્ષ મને દેખાય છે, ભાઈ! હું કફનની પાસે જઈને ઊભો રહ્યો. હા, ચીર નિદ્રામાં પોઢેલો એ માણસ મારો પુત્ર જ હતો, અને છતાં એ કદાચ મારો પુત્ર નહોતો. મારો પુત્ર તો જુવાન છોકરડો હતો, તેના હોઠ ઉપર હંમેશાં મલકાટ રમ્યો રહેતો, તેના ખભા ટૂંકા હતા અને તેની પાતળી ગરદનમાંથી તેનો નાનકડો કંઠમણિ બહાર દેખાઈ આવતો હતો. પણ અહીં મૃત્યુના ખોળામાં પોઢેલો જુવાન તો પહોળા ખભાવાળો, દેખાવડો અને સંપૂર્ણ વિકાસ પામેલો મોટો જણ હતો. અરધી ઉઘાડી તેની આંખો મારી પાછળ ખૂબ દૂર કંઈ અગમ્ય અંતરમાં મીટ માંડી રહી હતી. માત્ર તેના હોઠને ખૂણે મલકાટની જે છાયા હતી તે મારા દીકરાના હોઠ પર નિરંતર રમતા મલકાટ જેવી હતી, જે આનાતોલી મને યાદ હતો તેના સ્મિતનો આભાસ આપતી હતી... મેં તેને એક ચૂમી લીધી અને આઘો ખસીને ઊભો રહ્યો. લેફ્ટનન્ટ-કર્નલે થોડા શબ્દોમાં અંજલિ આપી. મારા આનાતોલીના દોસ્તો આંખોમાંથી આંસુ લૂછતા હતા, પણ મારી આંખોમાં આંસુ ન આવ્યાં. મને લાગે છે કે આંસુ મારા હૈયામાં જ સુકાઈ ગયાં હશે. એટલે જ કદાચ આજે પણ આટલી તીવ્ર વેદના થાય છે...

"મારા જીવનમાં આનંદના છેલ્લા ઝરણા સમા અને આશાના અંતિમ કિરણ સમા મારા પુત્રને મેં વિદેશી જર્મન ધરતીમાં દફનાવ્યો. તોપોએ પોતાના કમાન્ડરને આખરી લાંબી સફરના સમયે ગોળા છોડીને સલામી આપી. મારા હૈયામાં જાણે કશુંક કડાક દઈને તૂટી ગયું... મારા યુનિટમાં પાછો આવ્યો ત્યારે હું સાવ બદલાયેલો માણસ હતો. થોડા સમયમાં જ મને સૈન્યમાંથી છૂટો કરવામાં આવ્યો. પણ જાઉં ક્યાં? વોરોનેઝ? ના, ત્યાં હું કોઈ કાળે જઈ શકું તેમ નહોતો. મને મારો એક મિત્ર યાદ આવ્યો. ગત શિયાળામાં લડાઈમાં ઘવાઈને એ અપંગ થઈ ગયો હતો અને એ વખતે ઉર્યૂપિન્સ્ક નગરમાં રહેતો હતો. તેણે મને એક વાર પોતાની સાથે રહેવાનું આમંત્રણ આપ્યું હતું. એટલે હું ત્યાં જવા રવાના થઈ ગયો.

"મારો મિત્ર અને તેની પત્ની તેમના પોતાના જ ઘરમાં શહેરને એક છેડે રહેતાં હતાં. તેમને કોઈ બાળક નહોતું. મારા મિત્રને અપંગ અવસ્થાનું

પેન્શન મળતું હતું તો પણ એ લારીના ડ્રાઈવર તરીકે કામ કરતો હતો. મને પણ ત્યાં કામ મળી ગયું. હું તેમની સાથે જ રહેવા લાગ્યો. મને એ લોકો ઘરના માણસની જેમ જ રાખતા. પહેલાં અમે લારીમાં સામાન લાદીને ઉપનગરોમાં લઈ જતા. શરદ ઋતુ આવતાં અમારું કામ બદલીને અમે અનાજ પહોંચાડવાના ખાતામાં કામ કરવા જોડાયા. એ દિવસોમાં મારા નવા દીકરા જોડે મારી ઓળખાણ થઈ. પેલો રેતીમાં રમે છે એ જ છે મારો નવો દીકરો.

"લારી લઈને એક લાંબું ચક્કર લગાવ્યા પછી ડ્રાઈવર પહેલું કામ કાફેમાં જઈને કંઈક ખાવાનું કરે. થાક ઉતારવા ભેગો વોદકાનો એક ગ્લાસ તો અવબત્ત ચડાવે જ. ખરું કહું તો મને એ નુકસાનકારી ટેવ પણ રફ્તે રફ્તે ખૂબ ગમવા લાગી હતી. એક દિવસ મેં આ છોકરાને કાફેની પાસે રખડતો જોયો. બીજે દિવસે વળી પાછો મેં તેને તે જ જગ્યાએ જોયો. ફાટેલાં ચીંથરેહાલ લૂગડાં અને મેલે હાલ કેવો દેખાતો હતો બીચારો! મોઢાં ઉપર તરબૂચના રસના લપેડા, તેમાં ભળેલી રસ્તાની ધૂળ, અને માથા ઉપર વાળ આમતેમ વીખરાયેલા, પણ તેની આંખો જુઓ તો વરસાદ વરસી ગયા પછી સ્વચ્છ આકાશમાં ટમટમતા તારલિયા! તમને સાંભળીને કદાચ હસવું આવશે પણ છોકરો મને એટલો ગમી ગયો કે લાંબો વખત તેને ન જોઉં તો મને ખૂબ યાદ આવતો, અને ઝટ કાફે પર જઈને તેને જોવાને ઇરાદે હું મારું કામ ઉતાવળથી આટોપવાનો પ્રયત્ન કરતો. છોકરાને ખોરાક કાફેની આસપાસ જ મળી રહેતો. આવતા જતા લોકો જે કંઈ આપતા તે ખાઈને એ પોતાનું પેટ ભરતો.

"ચોથે દિવસે સરકારી ખેતરમાંથી મારી લારીમાં અનાજ ભરીને હું સીધો કાફે પાસે પહોંચ્યો, અને ત્યાં મેં લારી ઊભી રાખી. મારો નાનકડો દોસ્ત પગથિયા ઉપર બેઠો બઠો પગ હલાવતો હતો અને તેના મોઢા ઉપરથી લાગતું હતું કે ભાઈને કકડીને ભૂખ લાગી હશે. મેં બારીમાંથી મોઢું બહાર કાઢીને અવાજ દીધો! 'એ... વાન્યા! આવ દોડતો અને ચડી જા લારીમાં. ચાલ મારી ભેગો એલિવેટર સુધી. આપણે હમણાં જ પાછા આવશું અને પછી ભેગા જમશું.' મારો અવાજ સાંભળીને પહેલાં તો એ ચમક્યો, પણ પછી પગથિયાં ઉપરથી ઠેકડો મારીને સીધો લારીના ચડવાઉતરવાના પાટિયા ઉપર આવ્યો અને પગ ઊંચા કરીને બારીમાંથી જ ધીરેથી મને પૂછ્યું: 'તમે કેમ જાણ્યું કે મારું નામ વાન્યા છે?' અને પછી પોતાની તારલિયા જેવી આંખો પહોળી કરીને જવાબની રાહ જોતો મારી સામું જોઈ રહ્યો. મેં તેને એમ કહીને પટાવ્યો કે કેટલાક માણસો બધું જ જાણતા હોય છે અને હું તેમાંનો એક છું.

“તે ફરીને જમણી બાજુ આવ્યો. મેં બારણું ઉઘાડીને તેને અંદર લઈ લીધો અને અમે ઊપડયા. છોકરો આમ તો રમતિયાળ અને બોલકો હતો, પણ એ વખતે એકાએક શાંત થઈ ગયો અને પછી પાંપણ ઉપર ગૂંચળે વળેલા લાંબા વાળ નીચેથી મારી તરફ જોઈને થોડી વારે નિસાસા ભરવા લાગ્યો. આવડો નાનો છોકરો આ ઉંમરે જ નિસાસા નાખતાં શીખી ગયો હતો! આવડા નાના બાળકને નિસાસા ભરવા પડે તે શું ઠીક કહેવાય? મેં તેને પૂછ્યું: ‘તારા બાપુ ક્યાં છે, વાન્યા?’ તે જવાબમાં ધીમે અવાજે બોલ્યો: ‘મારા બાપુ મોરચા ઉપર મરી ગયા.’ મેં વળી પૂછ્યું: ‘અને તારી બા?’ જવાબ મળ્યો: ‘અમે રેલગાડીમાં બેસીને જતાં હતા ત્યારે એક બોમ્બ ફૂટયો અને મારી બા તેમાં મરી ગઈ.’ ‘તમે ક્યાંથી આવી રહ્યાં હતાં?’ ‘મને ખબર નથી, યાદ નથી આવતું…’ ‘તારું કુટુંબી કે સગુંસંબંધી કોઈ જ નથી શું?’ ‘ના, મારું કોઈ જ નથી.’ ‘તું રાતે સૂએ છે ક્યાં?’ ‘જ્યાં જગ્યા મળી જાય ત્યાં…’

“છોકરાની દશા જોઈને મારું હૈયું રડી ઊઠ્યું અને ગરમ ગરમ આંસુ મારે ગળે ભરાઈને શ્વાસ રૂંધતાં હોય એમ મને લાગ્યું. એ જ ક્ષણે મેં મારો નિર્ણય કરી લીધો અમારે બન્નેએ એકલા એકલા અલગ અલગ હેરાન થાતા રહેવાનો શો અર્થ? મેં એને ખોળે લઈને મારો જ દીકરો બનાવી દેવાનું નક્કી કર્યું. એથી તરત જ મારું મન હળવું થઈ ગયું અને હૈયાના અંધારા ઊંડાણમાં એકાએક જાણે એક જાતનો ઝળહળાટ ફેલાઈ ગયો હોય એમ મને લાગ્યું. મેં તેની તરફ વળીને શાંત સ્વરે પૂછ્યું: ‘વાન્યા, જાણે છે હું કોણ છું?’ તેણે ઊંડો શ્વાસ લઈને વળતો સવાલ કર્યો: ‘કોણ?’ મેં શાંત અવાજે ધીરેથી કહ્યું: ‘હું તારો બાપુ છું.’

“અને, બાપ રે! એકાએક કેવા આશ્ચર્યની વાત બની ગઈ! છોકરો ઊછળીને મારે ગળે વળગ્યો અને મને ગાલે, હોઠે, કપાળે વારંવાર બચીઓ ભરતાં ભરતાં પંખીના ગાન જેવો કલરવ કરતો બોલવા લાગ્યો! ‘મારા બાપુ! વહાલા બાપુ! મને ખબર હતી! મને ખાતરી હતી કે તમે ખોળી કાઢશો! ગમે તેમ થાય તો પણ તમે મને ગોતી જ કાઢવાના એની મને ખાતરી હતી! તમે મને ગોતી કાઢો એ ઘડીની કેટલા લાંબા કાળથી હું વાટ જોતો હતો!’ તેણે પોતાની નાનકડી કાયા મારા શરીર સાથે દબાવી. હવાનો ઝોકો આવતાં ઘાસનું તરણું જેમ થરથરી ઊઠે તેમ તેનું આખું શરીર ધ્રૂજી રહ્યું હતું. મારી આંખે આંસુનાં પડળ બાઝી ગયાં હતાં. હુંયે થરથર કાંપતો હતો અને મારા હાથ ધ્રૂજી રહ્યા હતા… એ વખતે લારીને મેં કેવી રીતે અંકુશમાં રાખી એની મને

ખબર નથી, તોપણ લારી રસ્તાની નીચે જઈને ઊભી રહી ગઈ અને એંજિન બંધ થઈ ગયું. મારી આંખે વળેલી ઝાંખપને કારણે મને બીક લાગી કે ક્યાંક રસ્તે ચાલતા કોઈ રાહદારીને હું લારીની ઝપટમાં લઈને ઈજા પહોંચાડીશ. અમે પાંચેક મિનિટ ત્યાં એમ ને એમ બેઠા રહ્યા. મારો નાનકડો દીકરો જેટલું થાય એટલું જોર કરીને હજી મને વળગી રહ્યો હતો અને કંઈ બોલ્યા વગર મૂંગો મૂંગો થરથરી રહ્યો હતો. મેં મારો જમણો હાથ તેના શરીર ફરતો વીંટાળીને તેને હળવેથી છાતી સરસો અને લારીને ડાબે હાથે વાળીને પાછી મારા ઘર તરફ હંકારી. આ બધું બન્યા પછી એલિવેટર તરફ જવાનું મને મન નહોતું.

“મેં લારી દરવાજે ઊભી રાખી અને મારા દીકરાને બાથમાં ભરાવીને ઘરમાં લઈ ગયો. તેણે પોતાના નાનકડા હાથ મારે ગળે વીંટાળ્યા અને જોરથી પકડી રાખ્યો. તેણે પોતાનો ગાલ મારી હજામત ચઢેલી દાઢી ઉપર માંડીને દબાવી રાખ્યો. એવી રીતે હું તેને ઘરમાં લઈ ગયો ત્યારે મારો મિત્ર અને તેની પત્ની બેઉ ઘરમાં જ હતાં. ઘરમાં દાખલ થતાં જ મેં મારી બન્ને આંખો મિચકારીને તેમને ઈશારે સમજાવતાં ઉલ્લાસ અને જોમભર્યા અવાજે કહ્યું: ‘આમ જુઓ, આખરે મારો નાનકડો વાન્યા મને જડી જ ગયો. હું એને સીધો અહીં જ લાવ્યો છું, ભલા દોસ્તો!’ એમને પોતાનું કોઈ સંતાન નહોતું અને એક દીકરાની બેઉને હોંશ હતી. એ લોકો તરત જ સમજી ગયા કે શું વાત છે અને છોકરાની દેખભાળ માટે આમતેમ દોડાદોડી કરવા મંડ્યા. મને મારા દીકરાથી અળગા થવાનું જરાય મન નહોતું પણ જેમતેમ કરીને મેં તેને સમજાવ્યો અને મારાથી છૂટો કર્યો. સાબુએ ઘસીને મેં તેના હાથ ધોયા અને ટેબલ પર જમવા બેસાડયો. મારા મિત્રની વહુએ તેને કટોરો ભરીને સેરવો પીરસ્યો. ભૂખ્યા બાળકને મોઢે ઘૂંટડે સેરવો પેટમાં પધરાવતો જોઈને તેની આંખમાં આંસુ ઊભરાયાં. ચૂલા પાસે ઊભી ઊભી મોઢે પોતાનું મળવસ્ત્ર રાખીને તે રડતી રહી. અને મારા વાન્યાનું શું કહેવું! તેને રડતી જોઈને દોડતોક તેની પાસે પહોંચી ગયો અને તેનો ઘાઘરો પકડીને બોલ્યો: ‘કેમ રડો છો, કાકી? બાપુએ મને કાઢે પાસેથી ગોતી કાઢયો એટલે બધા રાજી રાજી થાય એવે ટાણે તમે તો રડો છો!’ આ શબ્દો સાંભળતાં જ તેના રડવાનો વેગ એકદમ વધી ગયો અને ચોધાર વહેતાં આંસુએ તે આખી ભીંજાઈ ગઈ.

“પેટ ભરીને ખવડાવ્યા પછી હું તેને હજામની દુકાને લઈ ગયો અને તેના વાળ કપાવ્યા. પછી ઘેર લાવીને મેં તેને ટબમાં બેસાડીને મારે હાથે જ નવડાવ્યો અને ધોયેલો ઓછાડ તેના શરીર ફરતો લપેટી દીધો. મને વળગીને

મારા ખોળામાં જ એ સૂઈ ગયો. મેં તેને હળવેથી પથારીમાં સુવડાવી દીધો અને લારી લઈને એલિવેટર પર પહોંચ્યો. ત્યાં લારીમાંથી અનાજ ઉતાર્યું, લારી લઈ જઈને તેને ઠેકાણે રાખી આવ્યો અને ઊપડયો એકદમ બજારે. ત્યાંથી મારા દીકરા માટે એક ગરમ પાટલૂન, એક નાનકડું ખમીસ, એક જોડી સેન્ડલ અને સળીઓની બનાવેલી એક ટોપી એ બધું ખરીદી લાવ્યો. બધી ચીજો કાં નાની ને કાં મોટી, અને વળી હલકી કોટિની નીકળી. પાટલૂનની વાત ઉપર તો મારા મિત્રની વહુએ મને ખખડાવ્યો પણ ખરો. તે બોલી: 'ગાંડપણ આવ્યું છે કે શું? આટલી ગરમીમાં છોકરાને ગરમ પાટલૂન પહેરાવવું છે!' બીજી જ પળે તેણે સીવવાનો સંચો કાઢીને ટેબલ પર મૂક્યો, કબાટ ઉઘાડીને કોરું કાપડ ગોત્યું અને એક કલાકમાં મારા વાન્યા સારુ એક સુતરાઉ પાટલૂન અને એક નાનકડું સફેદ ખમીસ સીવીને તૈયાર કરી દીધાં. વાન્યાને મેં મારી ભેગો જ સુવડાવ્યો અને હું પોતે પણ ઘણા વખત પછી પહેલી જ વાર શાંતિથી ઘસઘસાટ સૂતો. પણ રાતમાં હું ચારેક વાર ઊઠયો ખરો, વાન્યાને જોવા. નેવા હેઠે માળામાં આરામથી ચકલી પોઢી હોય એમ વાન્યા મારી સોડમાં ભરાઈ હળવે હળવે શ્વાસ લેતો નિરાંતે સૂતો હતો. મારા મનમાં આનંદના કેવા ઓઘ ઊભરાયા તેનું વર્ણન કરી બતાવવા મને શબ્દો જડતા નથી. એની નીંદરમાં જરાય ખલેલ ન પડે એ ખાતર હું મારા શરીરને મુદ્દલ હલવા ન દેતો. પણ વારંવાર એને બરાબર જોયા વગર મને ચેન પડતું નહોતું, એટલે અવાજ કર્યા વગર હળવેથી હું ઊભો થતો અને દીવાસળી સળગાવીને ઊભો ઊભો હેતભરી નજરે તેને જોયા કરતો...

"મળસકું થવાને થોડી વાર હતી ત્યાં મારી આંખ ઊઘડી ગઈ. મને ગૂંગળામણ થતી હોય એમ લાગ્યું પણ પહેલાં તો ખબર જ ન પડી કે એમ કેમ લાગે છે. પછી જોયું તો એ મારા નાનકડા દીકરાનું કામ હતું. ભાઈ ઓછાડમાંથી નીકળી જઈને મારી છાતી ઉપર આડા થઈને પડયા હતા અને ભાઈનો એક નાનકડો પગ મારા ગળા ઉપર પડયો હતો. એને ભેગો સુવડાવવો એટલે હેરાન થવું. પથારીમાં એક ઠેકાણે સૂઈ ન રહે, આમથી તેમ થતો જ રહે, હા વળી! પણ હવે મને ટેવ પડી ગઈ છે અને એ ભેગો ન સૂતો હોય તો મને ફાવતું નથી, અને તેની યાદ આવ્યા કરે છે. રાતે પથારીમાં પડયો પડયો નીંદરને ખોળે રમતા મારા દીકરા ઉપર એક નજર ફેરવું કે પછી એના વાળની લટોને સૂંઘી લઉં એટલે મારે હૈયે ઘોળાતી વેદના ઓછી થઈ જાય છે

અને હૃદયમાં કોમળતા આવે છે. તમને શું કહું, ભાઈ, દુઃખના આઘાત ખમી ખમીને મારું હૈયું પથ્થર જેવું જડ થઈ ગયું હતું...

"પહેલાં તો લારી લઈને કામે જાઉં ત્યારે એને ભેગો જ લઈ જતો પણ પછી મને સમજાયું કે એમ કામ નહિ ચાલે. હું એકલો હોઉં ત્યારે મને વળી શેની જરૂર પડે? ડબલરોટીનો મોટો ટુકડો, ડુંગળીનો દડો અને થોડુંક મીઠું હોય તો સિપાઈનો આખો દહાડો નીકળી જાય. પણ ઊગતા બાળકની વાત જુદી છે. એને દૂધ મળવું જોઈએ, એને માટે ઈંડું બાફવું જોઈએ, અને વળી એને કંઈક ગરમ ગરમ ખાવાનું આપ્યા વગર કેમ ચાલે! પણ મારે તો કામે જવું જ પડે. એટલે પછી કાળજું કઠણ કરીને એને હું મારા મિત્રની વહુના હાથમાં સોંપીને કામે જવા લાગ્યો. પહેલી વાર તો એ આખો દિવસ રડતો રહ્યો. સાંજે મને મળવા એલિવેટર પાસે પહોંચી ગયો અને રાતે મોડે મોડે હું પહોંચ્યો ત્યાં સુધી બેઠો રહ્યો.

"વાન્યા સાથેના જીવનની શરૂઆતમાં ઘણી મુશ્કેલીઓ ઊભી થતી. એક દિવસની વાત છે. હું ખૂબ થાકી ગયો હતો એટલે દિવસનું અજવાળું હજી બાકી હતું તોય અમે સૂવા પથારીમાં પડયા. રોજ તો વાન્યા ચકલીની જેમ બોલ બોલ કર્યા જ કરતો પણ તે દિવસે કોણ જાણે કેમ એકદમ શાંત હતો. 'શું વિચારમાં પડયો છે, બેટા?' મેં પૂછ્યું. તેણે છત ઉપર નજર માંડીને મને સવાલ કર્યો: 'તમારો ચામડાનો કોટ ક્યાં ગયો, બાપુ?' મારી પાસે તો આખી જિંદગીમાં ક્યારેય ચામડાનો કોટ હતો જ નહિ ને! પણ એને તો કંઈ ને કંઈ ખુલાસો આપવો જ રહ્યો, એટલે મેં જવાબ દીધો: 'ચામડાનો કોટ તો વોરોનેઝમાં રહી ગયો, બેટા.' ત્યાં જ બીજો સવાલ છૂટયો!: 'મને ગોતતાં તમને આટલી બધી વાર કેમ લાગી?' મેં કહ્યું: 'હું તો તને જર્મનીમાં, પોલેંડમાં અને આખા બેલોરશિયામાં ગોતતો રહ્યો, બેટા, અને તું તો અહીં ઉર્યૂપિન્સ્કમાં હતો.' પછી તો સવાલોની ઝડી વરસી ગઈ. 'ઉર્યૂપિન્સ્ક જર્મની કરતાં નજીક છે? આપણા ઘરથી પોલેંડ શું બહુ દૂર છે?' એમ વાતો કરતા કરતા અમે ઊંઘી ગયા.

"પણ ભાઈ, તમે કદાચ એમ માનતા હશો કે પેલા ચામડાના કોટ બાબતના તેના સવાલ પાછળ કોઈ ખાસ કારણ નહિ હોય. ના, એ સવાલની પાછળ કારણ તો હતું જ. એ સવાલનો અર્થ જ એ હતો કે તેના સાચા પિતાએ ક્યારેક એવો કોટ પહેર્યો જ હોવો જોઈએ, અને બાળકને એ વાત યાદ આવી ગઈ. નાના બાળકની યાદદાસ્ત ઉનાળાની વીજળી જેવી હોય છે, સમજ્યા

ભાઈ! અચાનક ઝબકે, ક્ષણભર પ્રકાશના રેલા પથરાઈ જાય અને પછી વીજળી પાછી અદૃશ્ય થઈ જાય. વાન્યાની યાદદાસ્તનું પણ એમ જ સમજવું, ઉનાળાની વીજળીની જેમ ઝબકે ને અદૃશ્ય થઈ જાય.

"અમે કદાચ ઉર્યુપિન્સ્કમાં એકાદ વરસ વધારે રહી ગયા હોત પણ નવેમ્બર મહિનામાં મારી લારીને અકસ્માત થયો. એક ગામ વચ્ચે થઈને કાદવથી ભરેલા રસ્તા ઉપર હું લારી લઈને જતો હતો. અચાનક લારીનાં પૈડાં લપસ્યાં અને રસ્તામાં ઊભેલી એક ગાય લારીની હડફેટમાં આવીને પડી ગઈ. ખેર, એવે વખતે શું થાય એ તો તમે જાણો જ છો. બૈરાંઓએ ઊહાપોહ મચાવી દીધો અને લોકો રાડારાડી કરતા ભેગા થઈ ગયા. જોતજોતામાં વાહનવ્યવહારનો એક ઈન્સ્પેક્ટર પણ આવી પહોંચ્યો. મેં તેને જરાક હળવે હાથે કામ લેવા સમજાવ્યો પણ તેણે મારું લાઈસન્સ લઈ લીધું. દરમિયાનમાં ગાય ભોંય ઉપરથી ઊભી થઈ ગઈ અને પૂંછડું ઊંચું કરીને છલાંગ મારતી રસ્તે આગળ દોડી ગઈ. પણ મારું લાઈસન્સ તો ગયું જ. આખો શિખળો મેં સુતારનું કામ કરીને કાઢ્યો અને પછી મેં મારા જૂના દોસ્તને કાગળ લખ્યો. એ દોસ્ત અમારા વિસ્તારના કશારી જિલ્લામાં ડ્રાઈવરનું કામ કરે છે. તેણે મને પોતાની સાથે રહેવા બોલાવ્યો અને લખ્યું કે છ મહિના તું સુતારનું કામ કરજે અને પછી તને અમારા વિસ્તારમાં નવું લાઈસન્સ મળી જશે. એટલે હવે હું ને મારો દીકરો બેઉ કશારી જઈ રહ્યા છીએ.

"ગાય જોડે પેલો અકસ્માત ન થયો તોપણ મારે તો આમેય ઉર્યુપિન્સ્ક છોડી જ દેવું હતું. મારા હૈયાની વ્યથા મને એક જગ્યાએ ઝાઝો વખત ટકવા દેતી નથી. મારો વાન્યા મોટો થશે, એને ભણવા નિશાળે મૂકવો પડશે ત્યારે કદાચ હું પગ થંભાવીને એક ઠેકાણે ઠરીઠામ થઈને રહીશ. પણ હમણાં તો અમે બેઉ ભેગા રશિયાની ભૂમિ ઉપર રઝળતા રહીશું."

મેં પૂછ્યું: "છોકરો થાકી નથી જતો?"

"એ પોતાના પગે તો ઝાઝું ચાલતો જ નથી, મોટે ભાગે મારી ઉપર સવારી જ કરતો હોય છે. હું ખભે બેસાડીને એને લઈ જાઉં છું. પણ બેઠો બેઠો થાકી જાય અને પગ લાંબા કરવાનું મન થાય ત્યારે એ કૂદીને નીચે આવી જાય છે અને બકરીના બચ્ચાંની જેમ રસ્તાની એક કોર આમથી તેમ દોડાદોડી કરે છે. ના, એમાં કોઈ જાતનો વાંધો નહિ આવે, ભાઈ, અમારું બેઉનું ગાડું તો બરાબર ચાલશે જ. મુશ્કેલી ફક્ત એ છે કે મારા હૈયામાં ક્યાંક કંઈક ખોટકો પડ્યો છે. હૈયાના સંચામાં પિસ્ટન બદલાવવાની જરૂર છે... ક્યારેક ક્યારેક

શૂળ ભોંકાતી હોય એવો સણકો આવે છે અને એ વખતે હું શું કહું છું તેનું ભાન મને નથી રહેતું. મને બીક છે કે હું ક્યારેક પથારીમાં સૂતો સૂતો જ મરી જઈશ અને મારો નાનકડો દીકરો બીચારો છળી ઊઠશે. એક બીજી મુશ્કેલી પણ છે. મેં ગુમાવેલાં મારાં વહાલાં સ્વજનો મને લગભગ રોજ રાતે સપનામાં દેખાય છે. મોટે ભાગે હું કાંટાળા તારની વાડની અંદર પુરાયેલો હોઉં છું અને એ લોકો બધા તારની બીજી બાજુ આઝાદ હોય છે. હું ઈરીના અને બાળકો જોડે અલકમલકની વાતો કરતો રહું, પણ જે ક્ષણે હું કાંટાળા તારને તોડવાનો પ્રયત્ન કરું કે તરત જ એ લોકો બધા અદૃશ્ય થઈ જાય, જાણે મારી નજર સામે જ ઓગળી જાય... એ સપના વિશે એક બીજી પણ રમૂજી વાત છે. દિવસના ભાગમાં હું મારી પોતાની ઉપર પૂરેપૂરો કાબૂ જાળવી શકું છું. મારે ગળેથી ડૂસકું કે મારે મોઢેથી નિસાસો ક્યારેય નીકળશે નહિ. પણ ક્યારેક મધરાતે અચાનક જાગી જઈને હું જોઉં છું તો મારો તકિયો આંસુથી ભીનો થઈ ગયેલો હોય છે..."

નદી તરફથી મારા મિત્રના બોલવાનો અને પાણીમાં પડતાં હલેસાંનો છબછબ અવાજ સંભળાયો.

હવે નિકટના મિત્ર જેવા લાગતા એ અજાણ્યા માણસે પોતાનો લાકડાના ચોસલા જેવો મજબૂત અને પહોળો પંજો મારી તરફ લંબાવીને કહ્યું:

"અલવિદા, દોસ્ત, નસીબ તમને સદા યારી આપો!"

"તમે પણ નસીબની યારી પામો અને તમારી કશારીની યાત્રા સફળ થાઓ!"

"તમારો ખૂબ ખૂબ આભાર. ચાલ બેટા, આપણે હવે મછવો પકડીએ."

છોકરો દોડીને બાપની પડખે પહોંચ્યો અને મોટાં કદમ ભરતા પોતાના પિતાની ભેગો, તેના રૂ ભરેલા કોટનો ખૂણો પકડીને, નાના નાના પગલે દડદડતો હોય તેમ ચાલ્યો.

યુદ્ધના ભયંકર ઝંઝાવાતમાં સપડાઈને બે અનાથ જીવ, રેતીના બે કણ, ક્યાં ક્યાંથી ઊડીને કેવી અજાણી ભૂમિમાં ફેંકાઈ ગયા હતા! એ બે જિંદગીઓ માટે ભાવિએ પોતાના ગર્ભમાં શું ભરી રાખ્યું હશે! મારા અંતરમાં આશાના સૂર ઊઠ્યા કે રશિયન ધરતીનો આ જાયો, અદમ્ય ઈચ્છાશક્તિ ધરાવતો આ ઈન્સાન, સમયની બધી જ વિપમતાઓ ઝીલતો અણનમ ઊભો રહેશે, અને પિતાના સંસ્કારના છાંયામાં મોટો થતો આ પુત્ર, ઘડાઈને, દેશની હાકલ પડતાં જીવનનાં કઠિનતમ સંકટ સહી લેવાનું ધૈર્ય ધરાવતો, તેમ જ રાહના ગમે તેવા અવરોધોને ઠોકરે ઉડાવીને આગેકદમ કરવાનું સામર્થ્ય ધરાવતો માનવી બનશે.

તેમને જતા જોઈને મારું મન ગમગીન થઈ ગયું. વાન્યા તેની ભેગો ન હોત તો જુદા પડતી વખતે મને કદાચ આટલો શોક ન થયો હોત. બે ચાર ડગલાં ચાલીને વાન્યા પોતાના પાતળા પગના ભારે મારી તરફ ફર્યો અને નાનકડો ગુલાબી હાથ હલાવીને તેણે વિદાય લીધી. મારું હૃદય એકાએક કોમળ પણ તીણા નહોરવાળા પંજાની સખત પકડમાં ઝલાઈ ગયું હોય એવું મને લાગ્યું, અને મેં એકદમ મારું મોં ફેરવી લીધું. ના, જેના કેશ યુદ્ધના કપરા વરસોએ અકાળ ધોળા બનાવી દીધા છે એવા પ્રૌઢ જનો ફક્ત નીંદરમાં જ આંસુ વહાવે છે એવું નથી; જાગ્રત અવસ્થામાં પણ તેમની આંખો સજળ બને છે ખરી. પણ સમયસર મોં ફેરવી લેવાની સાવચેતી રાખવી એ જ મોટી વાત છે. બાળકનું કુમળું હૃદય ઘવાય નહિ, ઈન્સાનના ગાલ ઉપર ટપકતા શુષ્ક અને સળગતા અશ્રુબિંદુ ઉપર બાળકની દૃષ્ટિ ન પડે, તેમાં જ સાચું મહત્ત્વ સમાયેલું છે...

૧૯૫૬

વાચકોને

આ પ્રકાશન વિશે આપને જરૂરી લાગે તે ટીકાટીપ્પણો તથા સલાહસૂચનો આપ મોકલશો તો અમે આભારી થઈશું.

અમને આશા છે કે આપની માતૃભાષામાં રૂસી તથા સોવિયેત સાહિત્યનું વાંચન આપને અમારી જનતાની સંસ્કૃતિ અને જીવનરીતિનો વધારે ઊંડો પરિચય મેળવવામાં સહાયભૂત થશે.

'રાદુગા' પ્રકાશન
૧૭, ઝુબોવ્સ્કી બૂલવાર
મોસ્કો (સોવિયેત સંઘ)

અમારાં પ્રકાશનો

મક્સીમ ગોર્કી
મારી તાલીમ
નવલકથા

સુખ્યાત નવલકથાઓ, નવલિકાઓ, અને નાટકોના લેખક ક્લાસિકલ સોવિયેત સાહિત્યકાર મક્સીમ ગોર્કી (૧૮૬૮-૧૯૩૬) આ કૃતિનું સર્જન ૧૯૧૪માં કર્યું હતું. તેમાં તેમણે વાંચકો માટે પોતાના આરંભના જીવન તથા મુશ્કેલ સંજોગોનું ચિત્રણ કર્યું છે.

કૃતિનો નાયક આલ્યોશા પેશ્કોવ બાલ્યાવસ્થામાં હતો ત્યારે જ તેનાં માતાપિતાનું અવસાન થઈ ગયું. પછી તે "પરાયા લોકોમાં" ભટકતો રહ્યો હતો.

ઝારશાહી રશિયામાં રૂસી લોકોની કંગાલિયતની મુશ્કેલ જિંદગી આલ્યોશાએ જોઈ હતી. પરંતુ તેનું નિરીક્ષણ એ નિષ્ઠુર જીવનના કંગાલ તથા દ્વેષીલા પાસા પૂરતું જ સીમિત નહોતું રહ્યું. તેને બહુ સદ્ભાવી લોકો પણ, ખુશાલ લાગણીઓ અને નેક ખ્યાલો ધરાવતા માણસો પણ, જોવા મળ્યા હતા. એ લોકોએ તેને આસપાસની દુનિયા નીરખતાં અને પુસ્તકો તથા જ્ઞાનનું મૂલ્ય સમજતાં શીખવ્યું હતું. તેમને તેના મનમાં અભ્યાસની ઉત્સુકતા જગાવી હતી.

અમારાં પ્રકાશનો

મક્સીમ ગોર્કી
મારાં વિશ્વવિદ્યાલયો
નવલકથા

આખી દુનિયામાં પ્રખ્યાત લેખક મક્સીમ ગોર્કીએ આ કૃતિમાં પોતાના જીવનનાં સંસ્મરણોનું આલેખન કર્યું છે. તે ૧૮૮૪માં સોળ વર્ષના હતા ત્યારે વોલ્ગા કિનારે આવેલા મોટા શહેર કઝાન જવા પગપાળા નીકળી પડ્યા હતા. તેમને ત્યાં વિશ્વવિદ્યાલયમાં પ્રવેશ મેળવવાની આશા હતી. પરંતુ તેમને જીવવી પડેલી જિંદગી તો શિખાઉ કારીગરની તનતોડ મહેનતની અને ઝૂંપડપટ્ટીના રહેવાસી મુફલિસની કંગાલ હયાતીની હતી. તેમણે "મારાં વિશ્વવિદ્યાલયો" તરીકે ગણાવેલી એ જિંદગીએ જાતજાતના ગેરઇનસાફ સામે લડવાના તેમના મનોબળનું ઘડતર કર્યું હતું, અને તેમના પોતાના તથા તેમની આસપાસના લોકોના "જીવનની પુનર્ઘટના" કરવાની તેમની ઊંડી ઝંખનાનો વધારે તીવ્ર બનાવી હતી.

Михаил Шолохов

СУДЬБА ЧЕЛОВЕКА. РАССКАЗЫ

На языке гуджарати

Перевод сделан по изданию: М. Шолохов.
Собр. соч. в 8 томах. Изд-во «Правда», 1975.

ИБ № 1276

Редактор русского текста *Н. Кочарова*
Контрольный редактор *Л. Савельева*
Художник *Ю. Лютер*
Художественный редактор *М. Трубецкой*
Технический редактор *Е. Мишина*
Корректор *А. Тумина*

Сдано в набор 6.01.83. Подписано в печать 1.10.84.
Формат 84×108/32. Бумага типографская.
Гарнитура «Гуджарати». Печать высокая.
Условн. печ. л. 8,82. Усл. кр.-отт. 10,02.
Уч.-изд. л. 11,40. Тираж 2120 экз. Заказ № 185.
Цена 1 р. 29 к. Изд. № 1337.

Издательство «Радуга»
Государственного комитета СССР
по делам издательств, полиграфии
и книжной торговли.
Москва, 119859, Зубовский бульвар, 17.

Ордена Трудового Красного Знамени
Московская типография № 7 «Искра революции»
«Союзполиграфпрома» Государственного
комитета СССР по делам издательств,
полиграфии и книжной торговли.
Москва, 119021, пер. Аксакова, 13.

1 p. 29 к.



— 60

મિખાઈલ શોલોખોવ (૧૯૦૫-૧૯૮૪) ઉત્તમ નામના ધરાવનાર સોવિયેત લેખક છે, અને આ સદીના અધિક જાણીતા નવલકથાકારોમાંના એક છે. ચાર ભાગમાં લખાયેલી નવલકથા 'ધીરે વહેતી દોન', 'તેઓ માતૃભૂમિ માટે લડયા', અને 'કુંવારી ધરતી જાગી' એ તેમની મુખ્ય કૃતિઓ છે. શોલોખોવ લેનિન પારિતોષિકના વિજેતા છે. ૧૯૬૫નું સાહિત્ય માટેનું નોબેલ પારિતોષિક તેમને અપર્ણ કરવામાં આવ્યું છે. મિખાઈલ શોલોખોવની કૃતિઓ ૪૫ દેશોમાં ૪૭ ભાષાઓમાં પ્રકાશિત થઈ છે.

આંતરયુદ્ધ વખતનાં વર્ષો દરમિયાન રશિયા તથા દોનમાં જૂના રાજ્યતંત્ર માળખાનો ક્રાંતિ વડે થયેલ ભાંગણી વિશે વાચક 'દોનની વાર્તાઓ'ની માળામાં માહિતી મેળવે છે. તેમાં સહુથી વિખ્યાત વાર્તાઓ છે: 'અલ્લડ છોકરો', 'ગોવાળ', 'વછેરું', 'નીલવર્ણ વગડો', 'લાખું' અને 'પારકું લોહી'. તે જ રીતે આ સંગ્રહમાં વાર્તા 'ઈન્સાન અને નસીબ' (૧૯૫૭) પ્રકાશિત થઈ રહી છે જે રશિયન સૈનિક આન્દ્રેઈ સોકોલોવની બીજા વિશ્વયુદ્ધ વખતે વીરતા વિશે જણાવે છે.